છેલ્લા ૩૭ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું મુખપત્ર

**"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**
**શ્રી કચ્છી જૈન ભવન,**
૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૮૧૫૦૧
ફેક્સ : (૦૭૯) ૨૬૫૮૨૦૬૦
ઈ-મેઈલ : kutchi_jainamd@hotmail.com
વેબ-સાઈટ : www.kutchijainahd.org

**તંત્રીમંડળ**
અશોક મહેતા (૯૮૨૫૩ ૨૨૬૮૯) – મુખ્યતંત્રી
મનુભાઈ શાહ (૯૮૨૫૦ ૩૧૫૨૮)
સૂરજલાલ મહેતા (૦૭૯-૨૬૬૧૨૦૮૯)
દિનેશચંદ્ર રતિલાલ મહેતા (૯૯૨૪૩ ૪૨૬૨૮)

**વિવિધ વિભાગો**
**વલોવતન**
રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)
**સાર સમાચાર**
શાંતિલાલ સંઘવી
**બાલુડેં જ્યું ગાલિયું**
ગુલાબચંદ ધારશી રાંભિયા (૦૭૯-૨૫૪૬૮૧૬૦)
**સુડોકુ**
રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)
**શબ્દ રમત**
સૂરજલાલ મોતીલાલ મહેતા (૦૭૯-૨૬૬૧૨૦૮૯)
**મંગલમંદિર – પ્રશ્નો અને પ્રત્યુત્તર વિભાગ**
ચંદ્રા મહેન્દ્ર શાહ (૦૭૯ - ૨૬૭૬૦૨૬૬)

**લેખકોને નમ્ર વિનંતી**

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.*

*– મુખ્યતંત્રી*

# અનુક્રમણિકા

*લેખ* — *લેખક* — *પાના નં.*

- તંત્રી લેખ : દેશ-સેવકો અને સેવા ........ અશોક મહેતા ........ ૭

## સંસ્થા : સુવર્ણ જયંતી મહોત્સવ

- ભાવભર્યું આમંત્રણ (મુંબઈ ખાતે સંમેલન) ........ ૮
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ
  સુવર્ણ જયંતી મહોત્સવનો શુભારંભ અહેવાલ ........ ૯
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ
  સુવર્ણ જયંતી મહોત્સવ - પ્રથમ ચરણ
  શનિવાર, તા. ૧૪-૪-૨૦૧૨ મહોત્સવ સમારોહના વિવિધ કાર્યક્રમોની તસવીરી ઝલક ........ ૧૩
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ
  અભિનંદન સાથે ઋણ સ્વીકાર ........ ૨૧
- સિનિયર સિટીઝન્સ હોમ – પ્રવેશ માટે માહિતી ........ ૨૨
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : સુવર્ણ જયંતી મહોત્સવ
  બાકી રહેતા નકરાઓની વિગત ........ પ્રતાપ નારાણજી દંડ ...... ૨૩
- આગામી કાર્યક્રમો ........ ૨૪
- ઉડતી નજરે (વર્ષ ૨૦૧૧-૨૦૧૨) ........ ૨૫

*લેખ વિભાગ :*

## કચ્છ

- કચ્છ : શિક્ષણના છ દાયકા ........ હરેશ ધોળકિયા ...... ૨૭
- કચ્છ જિલ્લામાં વરસાદનું પ્રમાણ વધી શકે ........ એલ. ડી. શાહ ...... ૩૦

## વિચાર-વિમર્શ

- ધાર્યું ધણીનું થાય ........ ડૉ. આઈ.કે. વીજળીવાલા ...... ૩૧
- દુર્જન વિ. સજ્જન ........ શાંતિલાલ સંઘવી ...... ૩૩

## વિચાર મંથન

- જૂનું ઘર ખાલી કરતાં ........ ડૉ. કેશુભાઈ દેસાઈ ...... ૩૫
- કાળી કાળી વાદળીમાં વીજળી ઝબુકે ........ ડૉ. ગિરીશ વીછીવોરા ...... ૩૭
- સિલેક્ટિવ મોરાલિટી ........ મુરજી ગડા ...... ૩૮

## ઇતિહાસ

- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો ઈતિહાસ
  પ્રકરણ-૫ : શ્રી કચ્છી જૈન ભવન, પાલડી ઉદ્‌ઘાટન સમારોહ ... સંકલન : પ્રતાપ નારાણજી દંડ ...... ૪૧

## સમાજની ક્ષિતિજો

- જીવતી માનું શ્રાદ્ધ કરતો દીકરો...! ........ દિનેશ પાંચાલ ...... ૪૬
- કથા બે જુવાનિયાઓની ........ હર્ષ મંદર ...... ૪૭
- પરિવાર... એક અનોખું માનવ સર્જન ........ ગુલાબચંદ ધારશી રાંભિયા ...... ૪૯
- વેકેશનના અવસરનો ઉપયોગ કુટુંબના સંવાદ માટે કરો ........ પ્રા. પૃથ્વી શાહ ...... ૫૦

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના
**"પદાધિકારીશ્રીઓ"**

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા
ઘર : ૩૦૧૫ ૦૦૨૨, મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯

**ઉપપ્રમુખ-૧**
શ્રી કાંતિલાલ વેલજી સાવલા
ઘર : ૨૬૫૬૩૩૩૩/૨૬૪૪૯૯૪૪
મો. ૯૮૨૫૦ ૩૬૬૫૧

**ઉપપ્રમુખ-૨**
શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ
ઘર : ૨૬૪૪ ૬૪૧૩, ઓ. ૨૬૪૦ ૧૧૫૦
મો. ૯૮૨૫૦ ૩૧૫૨૮

**માનદ્ મંત્રી**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
ઘર : ૨૬૪૦૫૦૪૭, ઓ. : ૨૬૪૦૧૭૩૫/૪૨
મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**સહમંત્રી**
શ્રી હસમુખ બાબુભાઈ શાહ (ખાંડવાલા)
(ઘર) ૨૬૬૦૩૪૫૮, (ઓ) ૨૬૬૦૫૪૫૩
મો. ૯૮૨૫૦ ૪૦૬૬૬

**ખજાનચી**
શ્રી ચંદ્રકાંત દામજી શાહ (ઘર) ૨૬૬૦૫૨૨૫

**સહ ખજાનચી**
શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર
ઘર : ૨૬૬૫૦૨૯૯, મો. ૯૪૨૮૩ ૫૧૩૭૦


**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી ખનિજ વિકાસ નિગમ લિ. પ્રાયોજિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪. ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે, સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા, અમદાવાદ-૩૮૦ ૦૨૨.
ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦

*અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.*

## સંસ્થા / વ્યક્તિ વિશેષ


● ગાંધીવાદી કાર્યકર - વાલજીભાઈ ક. ઠક્કર ........ સંજય પી. ઠાકર ...... ૫૧


## તંદુરસ્તી


● મનનાં અવયવો ........ ડૉ. (પ્રો.) મણિલાલ ગડા, ડૉ. (પ્રો.) દિપ્તી શાહ ...... ૫૩


## માહિતી


● મહિલા સશક્તિકરણ અંગે ગુજરાતની યોજનાઓ ........ પ્રા. સૂર્યકાંત ભટ્ટ ...... ૫૫


## હળવાશની ક્ષણોમાં


● બાલુડેં જ્યું ગાલિયું ........ સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા ...... ૫૭


## વિશેષ અહેવાલ


● પ્રભુ મહાવીર સ્વામી : ૨૬૧૧મા જન્મ કલ્યાણકની ભવ્ય ઉજવણી ........ દિનેશ આર. મહેતા ...... ૫૯


## ફ્લેશ ચેનલ


★ ત્રણ મહિના પછી ચેક, બેંક ડ્રાફ્ટ, પે-ઑર્ડર નકામા ★ બચત ખાતામાં પોર્ટેબિલિટી ........ ૬૧
★ વિકલાંગોને શિક્ષણ - ધંધા માટે ૨૦ લાખ સુધીની લોન ★ સાચો ગુજરાતી સામ પિત્રોડાની નજરે ... ૬૧
★ ટી.વી. પ્રોગ્રામોમાં હવે અવરોધ નહીં આવે ★ યુ.પી.ની સ્કૂલોમાં જંક ફૂડ પર પ્રતિબંધ ........ ૬૧
★ ભારતમાં યુવાનો માટે વિપુલ તક ........ ૬૧


## નિયમિત વિભાગો


● આંજો કાગર ........ ૬૩
● અન્ય સંસ્થાઓના સમાચાર ........ ૭૭
● મંગલ મંદિર – પ્રશ્નો અને પ્રત્યુત્તર વિભાગ ........ સંકલન : ચંદ્રા મહેન્દ્ર શાહ ...... ૭૯
● 'મંગલ મંદિર' – પ્રાપ્ત થયેલાં લવાજમ ........ ૭૯
● એપ્રિલ-૨૦૧૨માં પૂરા થઈ ગયેલ તથા
મે-૨૦૧૨ દરમ્યાન પૂરા થઈ રહેલ લવાજમના ગ્રાહકોની યાદી ........ ૮૦
● સાર સમાચાર ........ સંકલન : શાંતિલાલ સંઘવી ...... ૮૧
● શબ્દ રમત-૭૦ ........ સંકલન : સૂરજલાલ મહેતા ...... ૮૩
● જાણવા જેવું ........ સંકલન : સૂરજલાલ મહેતા ...... ૮૫
● વલોવતન ........ સંકલન : રજનીકાંત ધરમશી પારેખ, દિનેશ આર. મહેતા ...... ૮૬
● લગ્નોત્સુક ઉમેદવારોની માહિતી ........ ૮૮
● સમાજ દર્પણ ........ ૯૩
● સંસ્થા સમાચાર ........ ૯૪
● શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ પ્રવૃત્તિઓ ........ ૯૯
● ઊડતી નજરે ........ ૧૦૦



Printed & Published by : **Mr. Ashok Mehta,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**. Printed at **Vinayak Offset,** Dudheshwar, Ahmedabad. Published at **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. Editor : **Mr. Ashok Mehta ● Yearly Subscription : Rs.150/-**

# તંત્રી લેખ

## દેશ-સેવકો અને સેવા

*— અશોક મહેતા*

એક 'પ્રાર્થના સભા'માં જવાનું થયું. અગાઉ આપણે તેને 'બેસણું' કહેતા હતા. એ અગાઉ આ પ્રથા 'સાદડી'ના નામે જાણીતી હતી. મૃત્યુ પછીની આ શોકસભા (શોક પ્રદર્શિત કરવાની રીત) ભારતભરની સવા અબજની જનતામાં સમાન સ્વરૂપે સ્થપાયેલી છે. 'રાય' હોય કે 'રંક', પરંતુ આ પ્રકારની પ્રથા - જે તે વ્યક્તિની પહોંચ પ્રમાણે સ્થાપિત થયેલી જ છે. આ માટે કોઈ કાયદાનો આશ્રય લેવામાં આવેલ નથી કે કોઈ નિયમ પણ સર્વસ્વીકૃતપણે સ્વીકારાયેલ નથી. **તેમ છતાં આ દેશની સવા અબજની જનતા એક જ વિચારસરણીની ભાવનાથી આ પ્રથાનો અમલ કરે જ છે.**

બીજો દાખલો લઈએ. લગ્ન પ્રસંગના વરઘોડાનો. લગ્ન મૂકેશ અંબાણીને ત્યાં હોય, સુધા મૂર્તિને ત્યાં હોય, મૃણાલિની સારાભાઈને ત્યાં હોય, કોઈ શહેરમાં આવાસ યોજનામાં રહેતી સામાન્ય વ્યક્તિને ત્યાં હોય કે ઝૂંપડપટ્ટીમાં રહેનાર કુટુંબને ત્યાં હોય, પરંતુ જે તે વ્યક્તિની પહોંચ પ્રમાણે વરઘોડો તો રખાય જ છે. ભારતભરની સવા અબજની જનતાની આ કારવાઈ પાછળ મુખ્ય સિદ્ધાંત કે ભાવના તો એક જ રહેલી હોય છે કે વેવાઈને ત્યાં વાજતે ગાજતે જઈ, પસંદ કરેલ સભ્ય (વર કે કન્યા)ને પોતાને ત્યાં લાવી, એક નવલું જોડકું બનાવવું. આ બાબતે ભારતભરની સવા અબજ જનતાની વિચારસરણી અથવા તો મનની ભાવના એક જ દિશા તરફ જતી ઊપસી આવે છે.

આપણે ત્યાં કેટલીક પ્રથા રાજ્ય પ્રમાણે અથવા સમગ્ર એક જાતિ પ્રમાણે શરૂથી જ અસ્તિત્વમાં આવેલ છે. દા.ત. ઉત્તરાયણ, દુર્ગા પૂજા, પોંગલ, વગેરે. જે તે ઉજવણીમાં જે તે રાજ્યની સમગ્ર પ્રજાની વિચારસરણી એક જ દિશા તરફની હોય છે. તેના અમલીકરણમાં જે તે વ્યક્તિની પહોંચ પ્રમાણે ઉત્તર - દક્ષિણનું અંતર હોય પરંતુ ઉજવણીનો સિદ્ધાંત તો એક જ રહેવા પામે છે.

એ જ રીતે કેટલીક ઉજવણીની પ્રથાઓ જ્ઞાતિ કે સંપ્રદાયના ધોરણે પણ વિકસેલ છે. જૈનોના પર્યુષણ, સિંધીઓમાં ચેટીચાંદનો તહેવાર, લોહાણામાં જલારામ જયંતી કે શીખોમાં ગુરુનાનક જયંતીની ઉજવણી હોય. આ ત્યોહારમાં સમગ્ર જ્ઞાતિની વિચારસરણી એક જ સિદ્ધાંતને આધારે રહેવા પામે છે.

આ રીતે સમગ્ર જ્ઞાતિ, સમગ્ર પ્રદેશ કે સમગ્ર દેશ પોતાની ઈચ્છાથી જે તે સમયે અથવા તો જે તે પ્રસંગે એક જ દિશા તરફ જઈ શકતા હોય તો **આપણે આ પ્રજામાં એવી ભાવના ના કેળવી શકીએ કે તેઓએ કરેલ કાર્યોથી સવા અબજની વસતિ ધરાવતો દેશ પોતાના ઉત્કર્ષ માટે એક જ દિશામાં દોડતો રહે?** અગર સવા અબજની પ્રજા દેશના વિકાસ માટે એક જ સિદ્ધાંત અનુસાર — ચાહે તે અલગ અલગ ક્ષેત્રના કે લૅવલના હોય - દોડતી રહે તો આ દેશનો વિકાસ ક્યાં પહોંચે?

આ સવા અબજની જનતામાં દેશ પ્રત્યેની ભાવના જગાવવાનું કામ દેશસેવાનું કામ કહેવાય અને **એ કાર્ય સામાન્યપણે દેશ સેવકોએ નિભાવવાનું હોય, કે જેને આપણે આજે રાજકારણનું ક્ષેત્ર કહીએ છીએ.** અગર આ રાજકારણમાં રહેતા દેશસેવકો પોતાના કાર્યક્ષેત્રમાં દેશદાઝવાળા હોત, પ્રામાણિક હોત, પ્રજાના ઉત્કર્ષની ભાવનાવાળા હોત અને કોઈ પણ રીતે નિજી લાભ માટે લલચાતા ન હોત તો **આઝાદીનાં ૬૫ વર્ષ પછી આ દેશ ક્યાંનો ક્યાં પહોંચી ગયો હોત.**

આપણને એ વાતનો રંજ છે કે આજે આપણે તે પ્રકારના દેશ સેવકો પેદા કરી શક્યા નથી. પરંતુ તેનો મતલબ એવો થતો નથી કે આવતીકાલે પણ આપણે આ બાબતે ખામી અનુભવતા રહેશું. જે રીતે આ દેશમાં મહારાણા પ્રતાપ, છત્રપતિ શિવાજી મહારાજ, ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ, બાલ ગંગાધર તિલક, સુભાષચંદ્ર બોઝ, સરદાર પટેલ કે મહાત્મા ગાંધીજી પેદા થયા એ રીતે આવતીકાલે આપણામાંથી પણ કોઈ વીર નર-નારી પેદા થશે અને **દેશની જનતા એક જ પ્રકારના નિઃસ્વાર્થ કર્મની ભાવના જાળવી રાખીને આગળ વધતી રહેશે ત્યારે આ દેશની પ્રગતિ કોઈ રોકી શકશે નહીં.** પછી ચાહે તે નાના વર્ગના ઉત્કર્ષની હોય, શિક્ષણની હોય, તબીબી ક્ષેત્રની હોય કે નવી નવી શોધખોળની દિશાની હોય.

**આપણા દેશે જે રીતે ભૂતકાળમાં વીર નરો પેદા કર્યા છે એ રીતે ધૃતરાષ્ટ્રો, અમીચંદો કે મીરજાફરો પણ પેદા કર્યા છે.** આજે ઠેર ઠેર ધૃતરાષ્ટ્રો કે અમીચંદો કે મીરજાફરો દેખાય છે પણ આવતીકાલે ઠેર ઠેર અણ્ણા હજારે જેવી વ્યક્તિ પણ પાકી નીકળશે. **સવાલ માત્ર સમયનો છે કે જેના માટે હવે આવતાં ૬૫ વર્ષ નીકળવાં મુશ્કેલ છે.**

આપણે આજથી જ સાચા દેશ સેવકના પંથે ચાલતા કેમ ના થઈએ?

*૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગ્લોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે, બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.*
*મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯ / ૯૪૨૮૦ ૪૦૨૬૧*

*સુખ એ બાળકનો હક્ક જ નહિં પરંતુ વિશેષાધિકાર છે.*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## ॥ ભાવભર્યું આમંત્રણ ॥

### ★ મુંબઈ ખાતે સંમેલન ★

**વિષય : મુંબઈ ખાતે કચ્છી જૈન સંસ્થાઓના પદાધિકારીશ્રીઓનું સંમેલન**

સવિનય જણાવવાનું કે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ, તેની કારકિર્દીનાં ૪૯ વર્ષ પૂર્ણ કરી તા. ૧૪-૪-૨૦૧૨ને શનિવારના રોજ ૫૦મા વર્ષમાં પ્રવેશે છે. સમાજનાં ટ્રસ્ટ મંડળે ૫૦મા વર્ષને **સુવર્ણ જયંતી વર્ષ** તરીકે ઊજવવાનું નક્કી કરેલ છે અને તેના અનુસંધાને વર્ષભરના કાર્યક્રમોનું આયોજન ગોઠવેલ છે.

ઉપરોક્ત **સુવર્ણ જયંતી મહોત્સવ**ના અનુસંધાને તેના દ્વિતીય મહિનાના કાર્યક્રમ અનુસાર, રવિવાર તા. ૧૩-૫-૨૦૧૨ તથા સોમવાર તા. ૧૪-૫-૨૦૧૨ એમ કુલ બે દિવસ માટે મુંબઈ (સુમતિ ગૂર્જર ભવન - ચેમ્બુર) ખાતે ભારતભરની કચ્છી જૈન સંસ્થાઓના પદાધિકારીશ્રીઓનું સંમેલન યોજવામાં આવનાર છે. આ સંમેલનમાં આપણે આપણી કર્મભૂમિમાં રહી આપણી જન્મભૂમિ તેમજ કર્મભૂમિ માટે શું કરવું જોઈએ / શું કરી શકીએ તેની નીચે જણાવેલ વિષયે, વિગતવાર ચર્ચા કરવામાં આવનાર છે.

૧. માતૃભૂમિમાં પરત ફરવા માટે હાલમાં કચ્છની ધંધાકીય પરિસ્થિતિ અને વિકાસની તકો. (ઉદ્યોગ, ખેતી અને ટુરિઝમ)

૨. હાલના કર્મભૂમિના સ્થળે રહીને માતૃભૂમિ કચ્છ માટે શું કરી શકીએ.

૩. કર્મભૂમિના સ્થળે આપણે કરવાનાં સામાજિક કાર્યો.

૪. ઉચ્ચ કક્ષાના શિક્ષણથી સમાજનાં બાળકોને ઉત્તેજન આપવા અંગે.

આ ભાવભર્યા આમંત્રણથી સર્વેને વિનંતી કરવામાં આવે છે કે આ કાર્યક્રમ ભારતભરની કોઈપણ કચ્છી જૈન સંસ્થાના પદાધિકારીશ્રીઓ માટે યોજવામાં આવેલ છે. કોઈપણ કચ્છી જૈન સંસ્થા, ઓછામાં ઓછા ૩ પ્રતિનિધિઓને આ સંમેલનમાં મોકલાવે તેવી અમારી મહેચ્છા છે.

આ પત્રિકા દ્વારા આપશ્રીને તથા આપશ્રીની સંસ્થાને **ભાવભર્યું આમંત્રણ** પાઠવીએ છીએ જેથી આપશ્રી અગાઉથી મુંબઈ આવાગમનનાં આયોજનો ગોઠવી શકો.

આપશ્રીના શહેરની તથા અન્ય કોઈપણ શહેરની કચ્છી જૈન સંસ્થાઓના હોદ્દેદારોને આ પ્રસંગે ઉપસ્થિત રહેવાનું અમારું ભાવભર્યું નિમંત્રણ છે. આપશ્રીના શહેરની અન્ય કોઈ પણ કચ્છી જૈન સંસ્થા તથા તેના પદાધિકારીશ્રીની વિગતની માહિતી જો આપશ્રી અમને મોકલી શકશો તો તે વધુ યોગ્ય રહેશે અને તેથી અમે તેઓશ્રીને આ સંમેલનમાં ઉપસ્થિત રહેવા આમંત્રણ પાઠવી શકીશું.

આપશ્રીની સંસ્થામાંથી મુંબઈ કોણ કોણ ઉપસ્થિત રહેવાના છે તેની જાણ અમને ઉપરોક્ત સરનામે શક્ય ત્વરાએ કરવા વિનંતી કે જેથી અમે એ મુજબનાં આયોજનો ગોઠવી શકીએ.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદના, અમદાવાદ-ગાંધીનગર સ્થિત પરિવારજનોને પણ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા ભાવભર્યું નિમંત્રણ પાઠવવામાં આવે છે. તેઓએ પણ પોતાનાં નામો અગાઉથી નોંધાવી દેવાં કે જેથી મુંબઈના સંમેલનમાં યોગ્ય વ્યવસ્થા થઈ શકે.

સહકારની અપેક્ષા સાથે,

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ.**

**હીરજી પાસુ શાહ - ભૂ.પૂ. મેને. ટ્રસ્ટી તથા પ્રમુખ**

**ડૉ. ચંદ્રકાંત દેઢિયા - ભૂ.પૂ. મેને. ટ્રસ્ટી તથા પ્રમુખ**

**અશોક મહેતા - મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ**

**કાંતિલાલ સાવલા - કાયમી ટ્રસ્ટી તથા ઉપપ્રમુખ**

**મનુભાઈ શાહ - ટ્રસ્ટી તથા ઉપપ્રમુખ**

**પ્રતાપ દંડ - ટ્રસ્ટી તથા માનદ્ મંત્રી**

*હાર અને નિષ્ફળતા માટે સૌથી મોટું પરિબળ શિસ્તનો અભાવ છે.*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## સુવર્ણ જયંતી મહોત્સવનો શુભારંભ અહેવાલ

"શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સામાજિક ક્ષેત્રે આટલી વિશાળ પ્રવૃત્તિઓ કરે છે તેની સમજ અમને આ અગાઉ હતી જ નહીં!" — આ શબ્દો છે વિખ્યાત સિને સંગીતકાર કલ્યાણજી આણંદજી શાહ બેલડી ગ્રૂપના શ્રી આણંદજી વીરજી શાહના. લગભગ આ જ પ્રકારના પ્રત્યાઘાત હતા વિખ્યાત ઉદ્‌ઘોષક શ્રી હરીશભાઈ ભીમાણીના અને બાળ ફિલ્મ સર્જક શ્રી વિનોદભાઈ ગણાત્રાના!

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે તેની કારકિર્દીનાં ૪૯ વર્ષ પૂર્ણ કરી તા. ૧૪-૪-૨૦૧૨ના રોજ ૫૦મા વર્ષમાં પ્રવેશ કરેલ છે. એ પ્રસંગે ઉજવાયેલ સુવર્ણ જયંતી મહોત્સવના પ્રથમ સમારોહમાં મનોરંજન ક્ષેત્રની ઉપરોક્ત ત્રણેય વિશિષ્ટ કચ્છી પ્રતિભાઓએ ઉપસ્થિત રહી સમાજના આ પ્રસંગને ગૌરવ બક્ષ્યું હતું.

સુવર્ણ જયંતી વર્ષનો પ્રથમ કાર્યક્રમ શનિવાર, તા. ૧૪-૪-૨૦૧૨ના રોજ નીચે મુજબના ૪ વિવિધ વિભાગો અંતર્ગત ઉજવાયેલ હતો.

- ★ સિનિયર સિટીઝન હોમ "મંજુલ હરખ ધામ"નું દીપ પ્રાગટ્ય દ્વારા લોકાર્પણ.
- ★ "કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ"નો ઉદ્‌ઘાટન સમારંભ યોજી તેને જાહેર જનતા માટે ખૂલ્લું જાહેર કરવામાં આવ્યું.
- ★ સુવર્ણ જયંતી વર્ષનો પ્રથમ સમારોહ.
- ★ રાત્રિના મનોરંજન કાર્યક્રમ.

### • 'મંજુલ હરખ ધામ' :

ગાંધીનગર ખાતે નવા શરૂ કરવામાં આવનાર "મંજુલ હરખ ધામ" પર બહારગામથી પધારનાર મહેમાનો, અતિથિ વિશેષશ્રીઓ, સ્થાનિકે રહેતા સભ્યો તથા શ્રી કચ્છી સમાજ - અમદાવાદના પદાધિકારીશ્રીઓના આવવાની શરૂઆત સવારના ૯ વાગ્યાથી જ થઈ ગયેલ હતી.

સૌપ્રથમ ઉપસ્થિત લોકોએ "મંજુલ હરખ ધામ"નું નિરીક્ષણ કરી પોતાનો સંતોષ વ્યક્ત કરેલ હતો. "મંજુલ હરખ ધામ" જે વાતાવરણમાં ઊભું થઈ રહેલ છે તે સ્થળ તથા તેની અંદરની સગવડ જોયા અને જાણ્યા બાદ સહુએ વડીલોના આ નિવાસ સ્થાન બાબત ખૂબ જ સારા અભિપ્રાયો ઉચ્ચારેલ હતા.

લગભગ ૯.૩૦ વાગે અહીં એક આગવા સમારંભની શરૂઆત કરવામાં આવેલ હતી. અતિથિ વિશેષશ્રીઓ શ્રી સુંદરજીભાઈ એમ. શાહ, શ્રી પન્નાલાલભાઈ છેડા, શ્રી નયનભાઈ ભેદા તથા શ્રી વાડીલાલભાઈ સાવલાની સાથે સાથે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પ્રમુખ શ્રી અશોકભાઈ મહેતા, બંને ઉપપ્રમુખશ્રીઓ શ્રી કાંતિલાલભાઈ સાવલા અને શ્રી મનુભાઈ શાહ તેમજ માનદ્ મંત્રી શ્રી પ્રતાપભાઈ દંડ સ્ટેજ પર બિરાજમાન હતા. એન્કર તરીકે શ્રી ગુલાબભાઈ દેઢિયાએ પોતાની ફરજ બજાવેલ હતી.

શ્રી પ્રતાપભાઈ દંડે સમાજ વતી સહુને આવકારેલ હતા અને "મંજુલ હરખ ધામ" વિશેની માહિતી આપેલ હતી. ત્યારબાદ અતિથિ વિશેષશ્રીઓના વરદ્ હસ્તે દીપ પ્રાગટ્ય કરાવવામાં આવેલ હતું. દીપ પ્રાગટ્ય બાદ અતિથિ વિશેષ શ્રી પન્નાલાલભાઈ છેડાએ પ્રાસંગિક પ્રવચનમાં જણાવેલ કે "ભારતભરની કચ્છી જૈનોની સંસ્થાઓમાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું કાર્ય સવિશેષ રહેવા પામેલ છે અને જે રીતે તે સમાજ કાર્ય કરી રહેલ છે તે અનન્ય છે. તેઓ રેતીમાં પણ સારી રીતે વહાણ હંકારી શકે છે." તેઓએ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનાં કાર્યોની યશગાથા ગાતાં વધુમાં જણાવેલ હતું કે "આપણે ઈચ્છીએ કે નહીં પરંતુ હવે સિનિયર સિટીઝન હોમ એ સમાજની એક જરૂરિયાત ઊભી થવા પામેલ છે અને આ સમાજે તે જરૂરિયાતને પિછાણી, તેને પોતાના કાર્યક્ષેત્રમાં આવરી લીધેલ છે." અતિથિ વિશેષ શ્રી નયનભાઈ ભેદાએ પણ પ્રસંગને અનુરૂપ પોતાની સંસ્થાનાં કાર્યોની વિગત જણાવેલ હતી.

સમારંભના અંતે સંસ્થાના સહમંત્રી શ્રી હસમુખભાઈ ખાંડવાલાએ આભારવિધિ કરેલ હતી.

આઈસ્ક્રીમની મિજબાની માણી સહુએ આજના દ્વિતીય કાર્યક્રમના સ્થળે - શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ ખાતે જવાનું શરૂ કરેલ હતું. અહીં વોલન્ટીયર ટીમની વ્યવસ્થા તથા સિનિયર સિટીઝન હોમ સમિતિની વ્યવસ્થા ઉચ્ચ કક્ષાની રહેવા પામેલ હતી.

*શિસ્ત વગરનું જીવન સઢ વગરની હોડી જેવું બની જાય છે.*

## • કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ - શાહીબાગ :

કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમનો સમારંભ શરૂ કરતાં અગાઉ અતિથિ વિશેષશ્રીઓને શ્રી કચ્છી વિશ્રામ ગૃહ દર્શાવવામાં આવેલ હતું.

ઉપસ્થિત જનસમુદાયની સંખ્યા અહીં સવિશેષ રહેવા પામેલ હતી.

અતિથિ વિશેષ શ્રી હેમરાજભાઈ શાહ, શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરી, શ્રી દીપકભાઈ ભેદા વગેરે પણ આ સમય દરમ્યાન મુંબઈથી અત્રે આવી પહોંચ્યા હતા.

શ્રી સતીષ સદાશિવન, શ્રી સમીર ભટ્ટ, આર્કિટેક્ટ શ્રી મુકુલ શેઠ, શ્રી મોહનભાઈ શાહ વગેરે આ સમારંભમાં ઉપસ્થિત રહ્યા હતા.

કચ્છથી પધારેલ ડૉ. કાંતિભાઈ ગોર, શ્રી ઊમિયાશંકર અજાણી, શ્રી નરેશભાઈ અંતાણી, શ્રી શશીકાંતભાઈ ઠક્કર, શ્રી વાડીલાલ ભીમજી દોશી, બિદડાના શ્રી કોમલભાઈ સાવલા વગેરે પ્રથમ કાર્યક્રમથી જ સાથે રહ્યા હતા.

સોલાપુરથી શ્રી કેશવજીભાઈ મૂળજી રાંભિયા તથા મધ્યપ્રદેશ કચ્છી વીસા ઓસવાળ સમાજનાં અધ્યક્ષા શ્રીમતી ગીતાબહેન પણ ઉપસ્થિતોમાં સામેલ હતા.

સુરતથી શ્રી જયેશભાઈ વીસારિયા, શ્રી રાજેશ એન. મહેતા, શ્રી કૌશિકભાઈ શાહ, શ્રી કિરણભાઈ ધરમશી પારેખ, શ્રી જગદીશ રવિલાલ શાહ વગેરે તથા વડોદરાથી શ્રી વલ્લભજીભાઈ સાવલા વગેરે કાર્યક્રમના સ્થળે સમયસર આવી ગયેલ હતા.

મુંબઈથી શ્રી મૂળજી નરશી શાહ, શ્રી બંસીલાલ મગનલાલ ગડા, શ્રી પારસભાઈ સાવલા, શ્રી દેવચંદભાઈ ગાલા વગેરે ઉપસ્થિત રહેલ હતા. બહારગામના અંદાજિત ૧૦૦ જેટલા મહેમાનોએ આ પ્રસંગે પધારી સમારંભની શાન વધારેલ હતી.

લગભગ ૧૧.૩૦ વાગે "કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ"નો ઉદ્‌ઘાટન સમારોહ શરૂ કરવામાં આવેલ હતો. મંચ પર મ્યુઝિયમના ઉદ્‌ઘાટક શ્રી સુંદરજીભાઈ એમ. શાહ, અતિથિ વિશેષ શ્રી પન્નાલાલભાઈ છેડા તેમજ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના હોદ્દેદારો બિરાજમાન હતા. સંસ્થાના ઉપપ્રમુખ શ્રી કાંતિલાલભાઈ સાવલાએ આવકાર પ્રવચન આપેલ હતું.

ત્યારબાદ શ્રી સુંદરજીભાઈ એમ. શાહના વરદ્‌ હસ્તે "કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ"નું ઉદ્‌ઘાટન કરાવવામાં આવેલ હતું. તેઓએ મ્યુઝિયમનું બારીકાઈથી નિરીક્ષણ પણ કરેલ હતું.

શ્રી પ્રતાપભાઈ દંડે પોતાના પ્રવચનમાં મ્યુઝિયમ વિશેની અનેક માહિતીઓ રજૂ કરેલ હતી અને ટૂંકા સમયમાં તેને કઈ રીતે તૈયાર કરવામાં આવ્યું તેની વિગતો આપેલ હતી. આર્કિટેક્ટ શ્રી મુકુલભાઈ શેઠ અને કચ્છ મ્યુઝિયમના તત્કાલીન ક્યુરેટર શ્રી સતીશ સદાશિવને, આ મ્યુઝિયમ તૈયાર કરવા આપેલ સહયોગ અને મહેનતની તેઓએ સરાહના કરી હતી.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદને અમદાવાદ ખાતે "કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ" ઊભું કરવાનો વિચાર કઈ રીતે આવ્યો તેની વિગતો શ્રી અશોકભાઈ મહેતાએ આ સભા સમક્ષ રજૂ કરેલ હતી. તેમણે વધુમાં જણાવેલ હતું કે આ મ્યુઝિયમની મુલાકાત લેનારને કચ્છ અંગેની માહિતી પણ મળી રહેશે અને તેના કારણે કચ્છના ટૂરિઝમ ક્ષેત્રને વેગ પ્રાપ્ત થશે.

અતિથિ વિશેષ શ્રી પન્નાલાલભાઈ છેડાએ પોતાના પ્રવચનમાં આ મ્યુઝિયમને જોવાલાયક અને ખરા અર્થમાં કચ્છ સંસ્કૃતિના સ્થળ તરીકે જણાવેલ હતું.

કાર્યક્રમના અંતે આભારવિધિ શ્રી હસમુખભાઈ ખાંડવાલાએ કરી હતી.

શરબતની મોજ માણી બપોરના ભોજન માટે સહુએ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી તરફ પ્રયાણ કર્યું હતું.

## • શ્રી કચ્છી જૈન ભવન - પાલડી પર બપોરનું ભોજન :

પ્રથમ માળના એ.સી. સાંસ્કૃતિક હોલમાં સહુએ ભોજનની લહેજત માણેલ હતી. અહીં વાતાવરણ હળવાશવાળું રહેવા પામેલ. સહુ એકબીજાને મળીને અત્યાર સુધીના કાર્યક્રમની ચર્ચા કરવામાં મશગૂલ હતા. આ હળવાશભર્યા વાતાવરણમાં "કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ"ના નકરાઓની વાત શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરી સમક્ષ ઉચ્ચારવામાં આવી. તેઓશ્રીની કુનેહભરી સમજાવટના અંતે લગભગ બધા જ નકરા નક્કી થઈ શક્યા. કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમના મુખ્ય નામનો લાભ શ્રી સુંદરજીભાઈ એમ. શાહે લીધેલ હતો. અન્ય નકરાઓનો લાભ ત્યારબાદ ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી વાડીલાલભાઈ સાવલા, શ્રી મનુભાઈ શાહ, શ્રી મહેશભાઈ કે. શાહ તથા શ્રી ભૂપેન્દ્રભાઈ કે. શાહની બંધુ બેલડી, શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરી, શ્રી ભૂપેનભાઈ છેડા, શ્રી ચંદ્રકાંત નરશી દેઢિયા (બબલા શેઠ) તથા શ્રી સોમચંદ વેલજી લોડાયાએ લીધેલ હતો. વિવિધ નકરાઓના લાભના સમાચાર કર્ણોપકર્ણ ફેલાઈ જતાં વાતાવરણ આનંદદાયક બની ગયેલ.

ત્યારબાદ સહુએ આજના મુખ્ય સમારોહમાં ઉપસ્થિત રહેવા ટાઉન હોલ તરફ પ્રયાણ કર્યું હતું.

*યોગ્ય અને ઝડપી નિર્ણય લેવાની ક્ષમતા કેળવો.*

## • સુવર્ણ જયંતી સમારોહ :

સુવર્ણ જયંતી વર્ષ નિમિત્તે આજના ૪ કાર્યક્રમો પૈકી ટાઉન હોલ ખાતે બપોરના ૩.૦૦થી ૬.૦૦નો મુખ્ય સમારોહ હતો.

બપોરના ૩.૩૦ વાગે મુખ્ય સમારંભની શાનદાર શરૂઆત કરવામાં આવેલ હતી.

શ્રી ગુલાબ દેઢિયાની હળવી અને મજાકભરી વાણી તથા સૌ. ફાલ્ગુનીના સ્વરબદ્ધ અવાજે આ સમારંભની શરૂઆતથી જ ઉપસ્થિત સહુને જકડી લીધેલ હતા.

મંચ પર સમારંભ પ્રમુખ શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરી, અતિથિ વિશેષશ્રીઓ શ્રી છોટુભાઈ ગાલા, શ્રી ભૂપેનભાઈ છેડા, શ્રી બિપિનચંદ્ર કાનજી જૈન, શ્રી હેમરાજભાઈ શાહ, શ્રી દીપકભાઈ ભેદા તથા શ્રી વાડીલાલભાઈ સાવલા બિરાજમાન હતા. સાથે સાથે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના હોદ્દેદારો શ્રી અશોકભાઈ મહેતા, શ્રી કાંતિલાલભાઈ સાવલા, શ્રી મનુભાઈ શાહ, શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી હસમુખભાઈ ખાંડવાલા, શ્રી કે.ડી. શાહ, શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર, ડૉ. ચંદ્રકાંત દેઢિયા તથા શ્રી હીરજીભાઈ પાસુ શાહ પણ ઉપસ્થિત રહ્યા હતા. શ્રી કચ્છી સમાજ - અમદાવાદના પ્રમુખ શ્રી કૈલાસદાન ગઢવી પણ મંચ પર ઉપસ્થિત હતા. ફિલ્મ અને મનોરંજન ક્ષેત્રની વિશિષ્ટ કચ્છી પ્રતિભાઓ શ્રી આણંદજી વીરજી શાહ, શ્રી હરીશભાઈ ભીમાણી તથા શ્રી વિનોદભાઈ ગણાત્રા પણ મંચ પર બિરાજમાન હતા. આ સાથે વિ-ટ્રાન્સવાળી મુંબઈના શ્રી અશોકભાઈ કુંવરજી શાહ તથા શ્રી મહેન્દ્રભાઈ કુંવરજી શાહ તથા શ્રી રાજુભાઈ વી. શાહ સભાગૃહમાં ઉપસ્થિત હતા.

સહુ પ્રથમ નવકાર મંત્રના ઓડિયો વિઝ્યુઅલ પઠન બાદ શ્રી અશોકભાઈ મહેતાએ આવકાર પ્રવચન આપેલ હતું અને સુવર્ણ જયંતી વર્ષના પ્રથમ કાર્યક્રમની વિગતો રજૂ કરેલ હતી. ત્યારબાદ ઉપસ્થિત સહુ મહેમાનોનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવેલ હતું. શ્રી છોટુભાઈ ગાલા, શ્રીમતી મધુરીબહેન ગાલા, શ્રી સંદીપ ગાલા તથા અન્ય મહેમાનો દ્વારા દીપ પ્રાગટ્ય કરી સુવર્ણ જયંતી વર્ષના સમારંભની શુભ શરૂઆત કરવામાં આવેલ હતી.

ત્યારબાદ ઓડિયો વિઝ્યુઅલ પદ્ધતિ દ્વારા શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની, વર્ષ ૧૯૬૩થી ૨૦૧૨ સુધીનાં ૪૯ વર્ષની પ્રગતિનો અહેવાલ આપવામાં આવેલ હતો. આ અહેવાલમાં વર્ષ ૧૯૬૩થી શરૂઆતની વિગતો, વર્ષ ૧૯૮૫માં ગીતા મંદિર પરના સેવા ભવનની વિગતો, ૧૯૯૭ના શ્રી કચ્છી જૈન ભવનની વિગતો, તેની સાથે સાથે તબીબી સેવા કેન્દ્ર, સાંસ્કૃતિક હોલ તથા પાલડી પરના અતિથિ ભવનની વિગતો, વર્ષ ૨૦૦૨ના શ્રી કચ્છી વિશ્રામ ગૃહની વિગતો તથા વર્ષ ૨૦૧૦ની આવાસ યોજનાની વિગતો તાદશ કરવામાં આવેલ હતી. વર્ષ ૨૦૦૧ના કચ્છના ભૂકંપ સમયની સંસ્થાની કામગીરીનો અહેવાલ આપવામાં આવેલ હતો. છેલ્લાં ૩૭ વર્ષથી પ્રસારિત કરવામાં આવતા સંસ્થાના માસિક મુખપત્ર "મંગલ મંદિર"ની પ્રગતિનો અહેવાલ પણ રજૂ કરવામાં આવેલ હતો. લગભગ ૨૦ મિનિટના આ શો દ્વારા ઉપસ્થિત સહુને શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની કામગીરીનો સર્વાંગી ખ્યાલ આવી ગયેલ હતો.

વર્ષ ૧૯૬૩ની શરૂઆતથી આજ દિન સુધી એટલે કે સતતપણે ૪૯ વર્ષ સુધી સેવા આપનાર સંસ્થાના એકમાત્ર સંન્નિષ્ઠ કાર્યકર શ્રી પોપટલાલ નેણશી ધરોડનું બહુમાન સમારંભના પ્રમુખ શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરીના વરદ્ હસ્તે કરવામાં આવેલ હતું.

"કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ"ને સ્થાપિત કરવામાં જેમની દૃષ્ટિ અને લગનની સેવાભાવી દૃષ્ટિ મળી તેવા સંન્નિષ્ઠ સહયોગી શ્રી સતીષ સદાશિવનનું બહુમાન સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ શ્રી અશોકભાઈ મહેતાના વરદ્ હસ્તે કરવામાં આવ્યું.

સુવર્ણ જયંતી મહોત્સવ પ્રસંગના અનેક લોગોમાંથી જેમના લોગોનો સ્વીકાર કરવામાં આવ્યો તેવા આ સંસ્થાના એક સમયના માનદ્ મંત્રી અને હાલે ગાંધીધામ સ્થિત શ્રી પ્રભુલાલ કપૂરચંદ સંઘવીનું બહુમાન સંસ્થાના પ્રથમ ઉપપ્રમુખ શ્રી કાંતિલાલ વેલજી સાવલાના વરદ્ હસ્તે મોમેન્ટો દ્વારા કરવામાં આવેલ હતું.

ત્યારબાદ મનોરંજન ક્ષેત્રની વિશિષ્ટ કચ્છી પ્રતિભાઓના ઍવૉર્ડ અર્પણનો અને બહુમાનનો કાર્યક્રમ હાથ પર લેવામાં આવેલ હતો.

સૌપ્રથમ શ્રી આણંદજીભાઈ વીરજી શાહનું સન્માન કરવામાં આવેલ હતું. સમારંભ પ્રમુખ શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરી દ્વારા તેમને ઍવૉર્ડ અર્પણ કરવામાં આવેલ હતો જ્યારે સમાજના પ્રમુખ શ્રી અશોકભાઈ મહેતાએ તેમને સન્માનપત્ર અર્પણ કરેલ હતું.

શ્રી હરીશભાઈ ભીમાણીને અતિથિ વિશેષ શ્રી વાડીલાલભાઈ રતનશી સાવલાએ ઍવૉર્ડ અર્પણ કરેલ હતો અને સમાજના પ્રથમ ઉપપ્રમુખ શ્રી કાંતિલાલભાઈ સાવલાએ તેમને સન્માનપત્ર અર્પણ કરેલ હતું.

શ્રી વિનોદભાઈ ગણાત્રાને અતિથિ વિશેષ શ્રી દીપકભાઈ ભેદાએ ઍવૉર્ડ અર્પણ કરેલ હતો જ્યારે સમાજના માનદ્ મંત્રી શ્રી પ્રતાપભાઈ દંડે તેમને સન્માનપત્ર અર્પણ કરેલ હતું.

શ્રીમતી ફાલ્ગુનીબહેન હીરેન શાહને અતિથિ વિશેષ શ્રી બિપિનચંદ્ર કાનજી જૈને ઍવૉર્ડ અર્પણ કરેલ હતો જ્યારે શ્રી આણંદજીભાઈ વીરજી શાહ, શ્રી હરીશભાઈ ભીમાણી તથા શ્રી વિનોદભાઈ ગણાત્રાએ તેમને સન્માનપત્ર અર્પણ કરેલ હતું.

*સપનાં જોવાના શરૂ તો કરો, તે ચોક્કસ પૂરાં થશે.*

વિશિષ્ટ કચ્છી પ્રતિભાઓનું જ્યારે સન્માન કરવામાં આવ્યું ત્યારે દરેક સમયે સભાગૃહમાં સહુએ ઊભા થઈને આ પ્રતિભાઓને ઉચિત રીતે આદરભાવ વ્યક્ત કર્યો હતો. આ સમયગાળા દરમ્યાન સમગ્ર સભાગૃહનું વાતાવરણ આહ્લાદમય અને લાગણીસભર બની જવા પામેલ હતું. સન્માનિત પ્રતિભાઓ પણ ભાવવિભોર બની ગયેલ હતી.

સન્માન પત્ર અર્પણ કરતાં અગાઉ દરેક સન્માન પત્રને જ્યારે શ્રી ગુલાબ દેઢિયાએ ઉપસ્થિત પ્રેક્ષકોને વાંચી સંભળાવેલ ત્યારે તેને સમગ્ર સભાગૃહ દ્વારા તાળીઓના ગડગડાટથી વધાવી લેવામાં આવેલ હતા.

સન્માનનો પ્રતિભાવ આપવાનું જ્યારે વિશિષ્ટ વ્યક્તિશ્રીઓને જણાવવામાં આવ્યું ત્યારે તેઓ સમગ્ર સભાગૃહના વાતાવરણથી એટલા અભિભૂત થયેલ હતા કે તેઓએ બધા જ પ્રકારની ફોર્માલિટી બાજુ પર મૂકી પોતાના કુટુંબીજનને વર્ણવતા હોય એ રીતે પોતાના ભૂતકાળના અનુભવો ખૂબજ હળવી શૈલીમાં અને આનંદમય વાતાવરણમાં વર્ણવેલ હતા. ઉપસ્થિત સહુ એકબીજાથી એકાકાર થઈ ગયેલ હતા. શ્રી આણંદજીભાઈ શાહ, શ્રી વિનોદભાઈ ગણાત્રા, શ્રી હરીશભાઈ ભીમાણી અને શ્રીમતી ફાલ્ગુની હીરેન શાહની વાતો કૌટુંબિક વાતાવરણમાં રજૂ થતી વાતો બની ગયેલ હતી. ધીર ગંભીરતાવાળા પ્રવચનને સહુએ તિલાંજલિ આપેલ હતી.

અતિથિ વિશેષ શ્રી હેમરાજભાઈ શાહને વહેલી ફ્લાઈટમાં જવાનું હોવાથી સન્માન કાર્યક્રમ અગાઉ તેમણે પ્રાસંગિક પ્રવચન કર્યું હતું. શ્રી કચ્છી સમાજ - અમદાવાદના પ્રમુખ શ્રી કૈલાસદાન ગઢવીએ ખૂબ જ ટૂંકું પણ મુદ્દાસરનું પ્રવચન કરી શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના કાર્યને બિરદાવેલ હતું.

સમારંભના અંતે સમારંભ પ્રમુખ શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરીએ આ સમાજનાં કાર્યોની સરાહના કરેલ હતી.

આભારવિધિ સંસ્થાના માનદ્ મંત્રી શ્રી પ્રતાપભાઈ નારાણજી દંડે કરેલ હતી. કાર્યક્રમ બરાબર ૬ વાગે પૂર્ણ કરવામાં આવેલ હતો.

## • સાંજનું ભોજન :

ટાઉન હોલના સમારોહની પૂર્ણતા બાદ સહુ ફરી શ્રી કચ્છી જૈન ભવન - પાલડી પર પધારેલ હતા અને સાંજના સમૂહ ભોજનને માણેલ હતું. રાત્રિના મનોરંજન કાર્યક્રમને શરૂ કરવામાં થોડો સમય બાકી રહેતો હોવાથી સહુ હળવાશના મૂડમાં હતા અને અત્યાર સુધીના આજના ત્રણેય કાર્યક્રમોની મીઠાશને મમળાવતા હતા. ત્યારબાદ સહુએ મનોરંજન કાર્યક્રમ માટે જયશંકર સુંદરી હોલ તરફ પ્રયાણ આદરેલ હતું.

## • મનોરંજન કાર્યક્રમ :

શ્રીમતી ફાલ્ગુની શાહ તથા તેના કલાકારો દ્વારા કચ્છને નજર સમક્ષ રાખીને તેના થીમ પર મનોરંજન કાર્યક્રમ તૈયાર કરવામાં આવેલ હતો.

ભરત નાટ્યમના નૃત્ય દ્વારા શરૂમાં પ્રાર્થના ગીત રજૂ કરવામાં આવેલ હતું. ત્યારબાદ કચ્છી ગાનના સહારે સમૂહ નૃત્યની રજૂઆત કરવામાં આવેલ હતી.

ઉપરોક્ત બંને નૃત્યો બાદ દીપ પ્રાગટ્યની વિધિ કરવામાં આવેલ હતી. દીપ પ્રાગટ્ય અતિથિ વિશેષશ્રીઓ શ્રી ભૂપેનભાઈ છેડા, શ્રી દીપકભાઈ ભેદા તથા શ્રી વાડીલાલભાઈ સાવલા તેમજ મહેમાનશ્રીઓ શ્રી કોમલભાઈ સાવલા અને શ્રી વાડીલાલભાઈ દોશીના વરદ્ હસ્તે કરાવવામાં આવેલ હતું.

ત્યારબાદ સુવર્ણ જયંતી મહોત્સવ ગાન, બેલે ડાન્સ અને કચ્છી નાટ્ય ભજવવામાં આવેલ હતું.

કાર્યક્રમ દરમ્યાન એક સમૂહ રજૂઆતમાં યુવાવર્ગ દ્વારા જ્યારે સમાજના લોકોની આકૃતિ ઉપસાવવામાં આવી ત્યારે સભાગૃહમાં ઉપસ્થિત સમગ્ર જનસમુદાયે તાળીઓના ગડગડાટથી તે અદ્‌ભુત રચનાની તારીફ કરી હતી.

છેલ્લે વ્રજવાણીનો ઢોલી નામે નૃત્ય નાટિકા રજૂ કરવામાં આવેલ હતી.

વ્રજવાણીના ઢોલીની રજૂઆત ખૂબજ અસરકારક રહેવા પામતાં સમગ્ર સભાગૃહે ઊભા થઈને સહુ કલાકારોને તાલીઓના ગડગડાટથી વધાવી લીધેલ હતા. બપોરના સમારંભના સમયે અને રાત્રિના મનોરંજન કાર્યક્રમના સમયે ટોટલ પાંચ વખત સમગ્ર સભાગૃહે સ્ટેજને બિરદાવેલ હોય તેવો દાખલો મેં આજ લગી જોયેલ નથી તેવું મંતવ્ય ઍન્કર શ્રી ગુલાબ દેઢિયાએ માઈક પર જ્યારે રજૂ કર્યું ત્યારે ઉપસ્થત સમુદાય ખૂબ જ આનંદમાં આવી લાગણીસભર બની ગયેલ હતો. આ કાર્યક્રમમાં ક્રિએટીવિટી અને ઈન્વોલ્વમેન્ટની કક્ષા ઉચ્ચ સ્તરે કાબિલે દાદ હતી.

સમગ્ર દિવસના ચારે કાર્યક્રમોનું એન્કરિંગ ખૂબ જ પ્રભાવિત રહેવા પામેલ હતું. મનોરંજનના કલાકારો માટે જુદી જુદી વ્યક્તિઓ દ્વારા રૂા. ૮૮,૦૦૦/-નાં ઈનામોની જાહેરાત કરવામાં આવેલ હતી.

આ રીતે સુવર્ણ જયંતી વર્ષનો પ્રથમ દિવસનો ભરચક કાર્યક્રમ ખૂબજ સફળતાપૂર્વક પાર પડતાં દરેકના મનમાં આનંદ છલકાતો હતો. ■

*તમને જે જીવન આપવામાં આવ્યું છે તે પ્રભુનું કાર્ય કરવા માટે, તેમાં સહાયભૂત થવા માટે આપ્યું છે.*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## અભિનંદન સાથે ઋણ-સ્વીકાર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદનો સુવર્ણ જયંતી વર્ષનો પ્રથમ કાર્યક્રમ શનિવાર, તા. ૧૪-૪-૨૦૧૨ના અમદાવાદ ખાતે યોજવામાં આવેલ હતો.

આ કાર્યક્રમને સફળ રીતે પાર પાડવા બદલ અમે સહુ સહયોગીઓનો આભાર માનીએ છીએ.

**શનિવાર તા. ૧૪-૪-૨૦૧૨ના સફળ કાર્યક્રમો**

★ ગાંધીનગર ખાતે સિનિયર સિટીઝન હોમ - ''મંજુલ-હરખ ધામ''નું લોકાર્પણ

★ શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ ખાતે ''કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ''ને જાહેર જનતા માટે ખૂલ્લું મૂકવામાં આવ્યું.

★ ટાઉન હોલ ખાતે સુવર્ણ જયંતી સમારોહ

★ જયશંકર સુંદરી હોલ ખાતે રાત્રે મનોરંજન કાર્યક્રમ

**અમે આભારી છીએ :-**

(૧) શ્રી સુંદરજીભાઇ એમ. શાહના કે જેઓના વરદ્ હસ્તે કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું.

(૨) શ્રી ચંદ્રકાંતભાઇ ગોગરીના કે જેઓએ સુવર્ણ જયંતી સમારોહનું અધ્યક્ષ સ્થાન શોભાવ્યું.

(૩) શ્રી છોટુભાઇ ગાલા, શ્રીમતી મધુરીબહેન ગાલા તથા શ્રી સંદીપભાઇ ગાલાના, કે જેઓના વરદ્ હસ્તે સુવર્ણ જયંતી સમારોહનું દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું.

(૪) શ્રી બિપિનચંદ્ર કાનજી જૈન, શ્રી પન્નાલાલભાઇ છેડા, શ્રી વાડીલાલભાઇ રતનશી સાવલા, શ્રી નયનભાઇ ભેદા, શ્રી હેમરાજભાઇ શાહ, શ્રી ભૂપેનભાઇ છેડા તથા શ્રી દીપકભાઇ ભેદાનાં કે જેઓએ અતિથિ વિશેષપદે બિરાજમાન થઇ અમારી શોભામાં વધારો કર્યો.

(૫) ''કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ''ના સર્વે દાતાશ્રીઓના કે જેઓએ અમે બહાર પાડેલ નકરાઓની યોજના સંપૂર્ણપણે છલકાવી દીધી.

(૬) એ મહેમાનોના કે જેઓએ કેરાલા, ભોપાલ, સોલાપુર, મુંબઇ, સુરત, વડોદરા, ભુજ, માંડવી, ગાંધીધામ, બિદડા, માધાપર વગેરે સ્થળોએથી પધારી કાર્યક્રમની શાન વધારી.

(૭) બપોરના સમારોહનું સૌજન્ય પ્રદાન કરનાર મે. દીપ ઈન્ડસ્ટ્રીઝ - અમદાવાદ તથા રાત્રિના મનોરંજન કાર્યક્રમનું સૌજન્ય પ્રદાન કરનાર શ્રી નરેન્દ્રભાઇ રામજી દેઢિયા - અમદાવાદના.

(૮) મનોરંજન ક્ષેત્રની વિવિધ વિશિષ્ટ કચ્છી વ્યક્તિઓ શ્રી આણંદજીભાઇ વીરજી શાહ, શ્રી હરીશભાઇ ભિમાણી, શ્રી વિનોદભાઇ ગણાત્રા અને શ્રીમતી ફાલ્ગુની હીરેન શાહના કે જેઓએ અમારા સન્માનનો સ્વીકાર કર્યો.

(૯) શ્રી સતિષભાઇ સદાશિવનના કે જેઓએ ''કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ''ની રચનામાં પૂરેપૂરો સહયોગ આપ્યો.

(૧૦) શ્રી પ્રભુલાલભાઇ કપૂરચંદ સંઘવીના કે જેઓએ સુવર્ણ જયંતી વર્ષનો લોગો તૈયાર કરી મોકલાવી આપ્યો.

(૧૧) એંકર શ્રી ગુલાબભાઇ દેઢિયા, શ્રીમતી ફાલ્ગુની હીરેન શાહ તથા શ્રીમતી ફાલ્ગુની જોશીનો કે જેઓએ પોતાના ભાગે આવેલ સંચાલનની જવાબદારી બખૂબીપૂર્વક શોભાવી.

(૧૨) મનોરંજન કાર્યક્રમના સહુ કલાકારોના.

(૧૩) સમાજના સર્વે પરિવારજનોનો, જેમણે દરેક કાર્યક્રમમાં સંપૂર્ણ સાથ-સહકાર આપ્યો.

*છેતરતા હૃદયને પ્રેમ કરશો નહિ અને પ્રેમાળ હૃદયને છેતરશો નહિ.*

## કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમના દાતાશ્રીઓ

| | | | |
|---|---|---|---|
| ★ | મુખ્ય નામ | :- | શ્રી સુંદરજીભાઇ એમ. શાહ (સણોસરા - મુંબઇ) |
| ★ | પૂર્વ વિંગ | :- | શ્રી મહેશ કે. શાહ તથા શ્રી ભૂપેન્દ્રભાઇ કે. શાહ (લાયજા - મુંબઇ) (શ્રી કલ્યાણજી રામજી રવજી સોજપાલ ગાલા પરિવાર) |
| ★ | પશ્ચિમ વિંગ | :- | ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા (નાની ખાખર - અમદાવાદ) |
| ★ | ઉત્તર વિંગ | :- | શ્રી વાડીલાલ રતનશી સાવલા (સુવઇ - રાપર) |
| ★ | દક્ષિણ વિંગ | :- | શ્રી ચંદ્રકાંત નરશી દેઢિયા (બાબલા શેઠ) (ભુજપુર - મુંબઇ) |
| ★ | વહાણવટા કોર્નર | :- | શ્રી મનુભાઇ ગોવિંદલાલ શાહ (ફતેહગઢ - અમદાવાદ) (ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય પરિવાર) |
| ★ | વાઇલ્ડ લાઇફ કોર્નર | :- | શ્રી સોમચંદભાઇ વેલજી લોડાયા - મુંબઇ (મા ઓમ પરિવહન) |
| ★ | ડાયરોમા - રબારી કુટુંબ | :- | શ્રી ચંદ્રકાંતભાઇ ગોગરી (નાના ભાડિયા - મુંબઇ) |
| ★ | ડાયરોમા - કોળી કુટુંબ | :- | શ્રી ચંદ્રકાંતભાઇ ગોગરી (નાના ભાડિયા - મુંબઇ) |
| ★ | ડાયરોમા - રાઇસીપોત્રા કુટુંબ | :- | શ્રી ભૂપેનભાઇ છેડા (ગોધરા - મુંબઇ) |
| ★ | ડાયરોમા - ચારણ કુટુંબ | :- | શ્રી ભૂપેનભાઇ છેડા (ગોધરા - મુંબઇ) |

*સર્વે દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર....*

ટ્રસ્ટી ગણ
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

## સિનિયર સિટીઝન્સ હોમ પ્રવેશ માટે માહિતી

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત ''સિનિયર સિટીઝન્સ હોમ'' ''મંજુલ-હરખ ધામ''ના નામથી શનિવાર, તા. ૧૪-૪-૨૦૦૧૨થી ગાંધીનગર ખાતે શરૂ થયેલ છે.

વયસ્ક ઉંમરની કોઇ પણ કચ્છી જૈન વ્યક્તિ આ હોમમાં લાંબા અથવા ટૂંકાગાળા (૧ થી ૧૨ માસ માટે પણ) પ્રવેશ પાત્ર છે.

ઉપરોક્ત ધામમાં પ્રવેશ મેળવવા માટેનું ફોર્મ અગાઉના અંકમાં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. તે સિવાય, સમાજના કાર્યાલયમાંથી પણ ફોર્મ મેળવી શકાશે. પ્રવેશ ઇચ્છનાર વ્યક્તિએ તે ફોર્મ ભરીને સમાજના સરનામે મોકલાવી આપવા વિનંતી છે. ફોર્મ મળ્યા બાદ વ્યક્તિને રૂબરૂ બોલાવવામાં આવશે અને યોગ્ય જણાશે તો તેમને પ્રવેશ આપવામાં આવશે.

''મંજુલ હરખધામ'' ગાંધીનગરની મર્યાદા માત્ર ૨૫ વ્યક્તિઓ પૂરતી જ હોવાથી વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ આપવામાં આવશે.

**ફોર્મ ભરીને મોકલવાનું સરનામું :**
**કન્વીનર, સિનિયર સિટીઝન્સ હોમ**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદ
૪૩/૪૪, શ્રી બ્રાહ્મણ મિત્ર મંડળ સોસાયટી, નવચેતન સ્કૂલ સામે, પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ - ૩૮૦ ૦૦૬.
ફોન નંબર ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૮૧૫૦૧

*માણસોના મનમાં જેવા વિચાર હોય છે તેજ તેના વર્તન અને વાણીમાં પ્રતિબિંબિત થાય છે.*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## સુવર્ણ જયંતી મહોત્સવ

## બાકી રહેતા નકરાઓની વિગત

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ તેનો સુવર્ણ જયંતી મહોત્સવ ઉજવવાનું શરૂ કરી દીધેલ છે. સુવર્ણ જયંતી મહોત્સવના કાર્યક્રમોને અનુરૂપ અત્યાર સુધી અનેક નકરાઓ આવી ચૂકેલ છે, જેની યાદી અમે અન્યત્ર પ્રગટ કરેલ છે.

હવે બાકી રહેતા નકરાઓની યાદી અત્રે રજૂ કરવામાં આવી છે.

અમદાવાદ-ગાંધીનગર સ્થિત કચ્છી જૈન સમાજ તથા ભારતભરના અન્ય જૈન સમાજોના સભ્યો પણ આ બાકી રહેતા નકરાઓના કાર્યક્રમમાં હોંશભેર ભાગ લઇ શકે તે માટે આ યાદી રજૂ કરવામાં આવી છે.

***આશા છે કે બાકી રહેતા નકરાઓ પણ દિલેર દાતાશ્રીઓ દ્વારા પૂર્ણ કરવા અમને પૂરેપૂરો સહકાર મળી રહેશે.***

- તા. ૧૩-૫-૨૦૧૨ મુંબઇ ખાતે ભારતભરની કચ્છી જૈન સંસ્થાઓના પદાધિકારીશ્રીઓનું સંમેલન .... રૂા. ૨.૫૧ લાખ
- તા. ૧૪-૫-૨૦૧૨ મુંબઇ ખાતે ભારતભરની કચ્છી જૈન સંસ્થાઓના પદાધિકારીશ્રીઓનું સંમેલન .... રૂા. ૨.૫૧ લાખ
- તા. ૨૧-૬-૨૦૧૨ અષાઢી બીજ-કચ્છી નૂતન વર્ષ-અમદાવાદ ખાતે કચ્છી ડાયરો .................. રૂા. ૧.૫૧ લાખ
- તા. ૨૨-૭-૨૦૧૨ જાથા આયોજિત 'ચમત્કારોથી ચેતો' કાર્યક્રમ .................................. રૂા. ૧.૫૧ લાખ
- તા. ૧૫-૮-૨૦૧૨ સ્વાતંત્ર્ય દિન-સરસ્વતી સન્માન કાર્યક્રમ ........................................ રૂા. ૧.૫૧ લાખ
- તા. ૯-૯-૨૦૧૨ ગુજરાત સ્થિત કચ્છી જૈન યુવાઓનું સંમેલન .................................. રૂા. ૧.૫૧ લાખ
- તા. ૨૧-૧૦-૨૦૧૨ નવરાત્રિ મહોત્સવ (છઠ્ઠું નવરાત્ર) - અન્ય ઑપન ગ્રાઉન્ડ પર ............... રૂા. ૧.૫૧ લાખ
- તા. ૨૯-૧૦-૨૦૧૨ શરદોત્સવ-દાંડિયા રાસ હરીફાઇ - શ્રી કચ્છી જૈન ભવન પર ................... રૂા. ૦.૫૧ લાખ
- તા. ૨૧-૧-૨૦૧૩ થી તા. ૨૩-૧-૨૦૧૩ કચ્છ દર્શન ................................................................ રૂા. ૧.૫૧ લાખ
- તા. ૧૭-૩-૨૦૧૩ કચ્છી નાટક ............................................................... રૂા. ૧.૫૧ લાખ

*રૂા. ૧૬.૧૦ લાખ*

**શ્રી પ્રતાપ નારાણજી દંડ**
**માનદ્‌મંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદ**

## એક સારા પિતા બનવા....

દીકરાને ઉપદેશથી મુક્ત રાખીને તમારું વર્તન એવું રાખો કે એને સારા સંસ્કાર પડે. **તમારી જ ટેવો સુધારીને અને કુટેવો છોડીને દાખલો બેસાડી શકાય.** દીકરો સારો માણસ બને એમાં તમે વચ્ચે ન આવો તો અડધું યુદ્ધ જીતી ગયા એમ કહેવાય. તમે એના સંસ્કારનો કોન્ટ્રેક્ટ નથી લીધો પણ એના સિનિયર મિત્ર બનવાનો વિશેષાધિકાર જરૂર ધરાવો છો. **માળી છોડને મોટો કરતો નથી. છોડ તો એની મેળે જ વિકસે છે.** માળી છોડના વિકાસમાં અનુકૂળતા કરી આપે છે. બીજાને જે જાણે છે એ પંડિત છે પણ પોતાને જે જાણે છે એ જ્ઞાની છે. પિતા જયારે પુત્રના ગુરુ બની એને દીક્ષા-શિક્ષા આપી અને લક્ષ્યની દિશા બતાવે છે ત્યારે જ ચમત્કાર સર્જાય છે. પિતાએ જ પોતાના સંતાન માટે દૃષ્ટાંતરૂપ બનવાનું હોય છે.

*ગુલાબચંદ ધારશી રાંભિયા*

*રાષ્ટ્ર પ્રત્યે ધ્યાન આપવું તે દરેક નાગરિકનું કર્તવ્ય છે.*

# આગામી કાર્યક્રમો

| | તારીખ – સમય | સ્થળ | કાર્યક્રમની વિગત |
|---|---|---|---|
| • | શુક્રવાર, તા. ૪-૫-૨૦૧૨<br>બપોરે ૧૨.૦૦થી ૫.૩૦ | શ્રી કચ્છી જૈન ભવન, પાલડી | મહિલા ઉત્કર્ષ સમિતિ આયોજિત<br>મધર્સ ડે.... ઓડિયો વિઝ્યૂઅલ પ્રેઝન્ટેશન દ્વારા પ્રવચન |
| • | રવિવાર, તા. ૬-૫-૨૦૧૨<br>સવારે ૯.૦૦ થી ૧૨.૦૦ | શ્રી કચ્છી જૈન ભવન, પાલડી | યુવા વિકાસ સમિતિ આયોજિત કેરમ હરીફાઈ. |
| • | રવિવાર, તા. ૬-૫-૨૦૧૨<br>બપોરે ૧૨.૦૦થી ૬.૩૦ | શ્રી કચ્છી જૈન ભવન, પાલડી | શિક્ષણ તથા ઈતર ડેવલપમેન્ટ સમિતિ આયોજિત"જીવન કૌશલ્ય"<br>વિષયે પરિસંવાદ (૧૦થી ૧૭ વર્ષના બાળકો માટે) |
| • | સોમવાર તા. ૭-૫-૨૦૧૨થી<br>શનિવાર, તા. ૧૨-૫-૨૦૧૨<br>સવારે ૯થી ૧૨ (પ્રત્યેક દિન) | શ્રી કચ્છી જૈન ભવન, પાલડી | યુવા વિકાસ સમિતિ આયોજિત<br>ચેસ - રમત માટે વર્કશોપ. |
| • | રવિવાર, તા. ૧૩-૫-૨૦૧૨<br>સવારે ૯.૦૦ | શ્રી કચ્છી જૈન ભવન, પાલડી | યુવા વિકાસ સમિતિ આયોજિત ચેસ - રમત સ્પર્ધા. |
| • | રવિવાર, તા. ૧૩-૫-૨૦૧૨ અને<br>સોમવાર, તા. ૧૪-૫-૨૦૧૨<br>સવારે ૧૦.૦૦થી ૬.૦૦ | સુમતિ ગૂર્જર ભવન, ચેમ્બુર, મુંબઈ | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના દ્વારા<br>સમગ્ર ભારતની શ્રી કચ્છી જૈન સંસ્થાઓના પદાધિકારીઓ તેમજ<br>સમાજ આગેવાનોનું બે દિવસનું સંમેલન. |
| • | શુક્રવાર, તા. ૧૮-૫-૨૦૧૨<br>બપોરે ૩.૩૦ | શ્રી કચ્છી જૈન ભવન, પાલડી | વયસ્ક સમિતિ દ્વારા સંગીત સંધ્યા કાર્યક્રમ. |
| • | રવિવાર, તા. ૨૦-૫-૨૦૧૨<br>બપોરે ૧૨.૦૦થી ૬.૩૦ | શ્રી કચ્છી જૈન ભવન, પાલડી | શિક્ષણ તથા ઈતર ડેવલપમેન્ટ સમિતિ આયોજિત "જીવન કૌશલ્ય"<br>વિષયે પરિસંવાદ (૧૮થી ૨૪ વર્ષના બાળકો માટે) |
| • | શનિવાર, તા. ૨-૬-૨૦૧૨ અને<br>રવિવાર, તા. ૩-૬-૨૦૧૨<br>સવારે ૧૦.૦૦થી ૬.૦૦ | શ્રી કચ્છી જૈન ભવન, પાલડી | યુવા વિકાસ સમિતિ દ્વારા વિદ્યાર્થીઓને<br>નોટબુક - ફૂલસ્કેપ ચોપડા વિતરણ. |
| • | મંગળવાર, તા. ૫-૬-૨૦૧૨<br>સવારે ૮.૩૦ | શ્રી કચ્છી જૈન ભવન, પાલડી<br>ભવનથી ઉપડશે. | કાંકરીયા કિડ્ઝ સિટી મુલાકાત<br>(૧૨ વર્ષથી નીચેના બાળકો માટે) |
| • | શનિવાર, તા. ૯-૬-૨૦૧૨<br>સવારથી સાંજ | શ્રી કચ્છી જૈન ભવન, પાલડી.<br>ખાતેથી ઉપડશે. | એક દિવસની મહિલા પિકનિકનો કાર્યક્રમ. |

## યુવાનો આટલું તો જરૂર કરો

૧. સાદો, સાત્વિક અને પૌષ્ટિક ખોરાક પસંદ કરો.
૨. ટાપટીપ અને કૃત્રિમ હાવભાવનો ત્યાગ કરો.
૩. જીવનમાં શુધ્ધ શાકાહારને અપનાવો અને બીડી જેવા વ્યસનોથી સદા મુક્ત રહો.
૪. માત્ર પુસ્તકીયા માહિતીને માથામાં ભરવા કરતાં માનવતાના મીઠા અનુભવોથી મગજને હંમેશાં તરબોળ રાખી તાજું રાખ્યા કરો.
૫. મહિલામાત્રમાં વાત્સલ્યમયી અને અમીભરી માતૃશક્તિને નીરખવા મથો અથવા નેત્રોને નીચા ઢાળી ચાલવાની સુટેવ પાડો.
૬. હલકું સાહિત્ય વાંચવા કરતા સારા ગૃહસ્થાશ્રમી બનવા રામાયણ વાંચો. મહાભારતના પાત્રોનો વિવેક કરી નાની-મોટી ભૂલ માત્રથી સાવધાન થાઓ. ગીતાનું આત્મવિજ્ઞાન પીધા કરો તો આપોઆપ નાટક, સિનેમા, વિકારી દશ્યો અને કુકૃત્યોનો છંદ ટળી જશે.

*– શ્રી સંતબાલજી*

*જન્મે દરેક માણસ માત્ર શુદ્ર હોય છે, પણ સંસ્કાર દ્વારા એ બ્રાહ્મણ, ક્ષત્રિય કે વૈશ્ય બને છે.*

# ઉડતી નજરે.... (વર્ષ ૨૦૧૧-૨૦૧૨)

## એપ્રિલ-૨૦૧૧ થી માર્ચ-૨૦૧૨ દરમ્યાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાઓનો લાભ લેનાર વ્યક્તિઓ

| | | એપ્રિલ ૨૦૧૧ | મે ૨૦૧૧ | જૂન ૨૦૧૧ | જુલાઈ ૨૦૧૧ | ઓગસ્ટ ૨૦૧૧ | સપ્ટે. ૨૦૧૧ | ઓક્ટો. ૨૦૧૧ | નવેમ્બર ૨૦૧૧ | ડિસેમ્બર ૨૦૧૧ | જાન્યુ. ૨૦૧૨ | ફેબ્રુ. ૨૦૧૨ | માર્ચ ૨૦૧૨ | વર્ષ દરમિયાન કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | શ્રી નવનીત મેડિકલ સેન્ટર તથા શ્રીમતી પ્રભાવતીબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર, પાલડી, અમદાવાદ. | | | | | | | | | | | | | |
| | (અ) શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વ્યક્તિઓ | ૪૩૭ | ૩૯૭ | ૪૦૭ | ૪૨૨ | ૩૭૨ | ૭૬૯ | | ૩૫૩ | ૩૩૯ | ૨૯૯ | ૪૨૭ | ૪૫૭ | ૪૬૭૯ |
| | (બ) સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબો | ૩૮ | ૭૮ | ૧૦૦ | ૨૩ | ૨૬ | ૪૮ | | ૫૦ | ૭૩ | ૫૧ | ૮૩ | ૧૦૩ | ૬૭૩ |
| | (ક) મોતિયા - આંખના ઓપરેશન | ૨૬ | ૬ | ૧૬ | ૨૫ | ૧૦ | ૪૧ | | ૨૩ | ૨૩ | ૧૮ | ૨૩ | ૨૩ | ૨૩૧ |
| | (ખ) સોનોગ્રાફી | ૬૫૦ | ૫૪૫ | ૭૨૭ | ૭૪૦ | ૬૨૪ | ૧૧૮૪ | | ૬૯૪ | ૬૯૪ | ૫૬૯ | ૬૫૮ | ૭૬૨ | ૭૮૪૭ |
| | (ગ) ટી.એમ.ટી. | ૨૩ | ૭ | ૯ | ૯ | ૧૧ | ૨૫ | | ૧૫ | ૧૧ | ૯ | ૨૭ | ૧૯ | ૧૬૫ |
| | (ઘ) બોડી ચેક-અપ | ૩૨૯ | ૨૭૮ | ૩૨૦ | ૩૦૩ | ૨૨૭ | ૪૬૪ | | ૩૧૦ | ૨૮૧ | ૨૨૪ | ૩૪૯ | ૪૧૬ | ૩૫૦૧ |
| | (ધ) અન્ય | ૭૫૬૬ | ૬૨૫૪ | ૬૯૭૬ | ૬૯૧૫ | ૩૫૬૩ | ૭૬૭૩ | | ૪૧૬૯ | ૪૧૩૪ | ૩૩૧૪ | ૩૯૫૬ | ૪૮૭૫ | ૫૯૩૯૫ |
| | મેડિકલ સેન્ટરમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ | ૯૦૬૬ | ૭૫૬૫ | ૮૫૫૫ | ૮૪૩૭ | ૪૮૩૩ | ૧૦૨૦૪ | | ૫૬૧૪ | ૫૫૫૫ | ૪૪૮૪ | ૫૫૨૩ | ૬૬૫૫ | ૭૬૪૯૧ |
| ૨. | જી.એમ.ડી.સી. પ્રાયોજિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, અમદાવાદ કુલ લાભ લેનાર વ્યક્તિઓ | ૨૯૩૨ | ૨૪૮૩ | ૨૬૨૪ | ૨૦૨૫ | ૧૯૬૯ | ૪૭૫૯ | | ૨૬૩૬ | ૨૫૪૦ | ૩૦૫૩ | ૨૪૦૩ | ૨૩૬૫ | ૨૯૭૮૯ |
| ૩. | માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) અતિથિ ભવન, પાલડી, અમદાવાદ | | | | | | | | | | | | | |
| | (અ) કુલ લાભ લેનાર વ્યક્તિઓ | ૯૪૯ | ૯૪૨ | ૯૫૯ | ૯૪૩ | ૭૧૭ | ૧૮૩૦ | | ૧૦૫૮ | ૧૧૪૧ | ૯૬૧ | ૭૯૩ | ૮૭૩ | ૧૧૧૬૬ |
| ૪. | માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, ગીતા મંદિર, અમદાવાદ | | | | | | | | | | | | | |
| | (અ) કુલ લાભ લેનાર વ્યક્તિઓ | ૬૬૮ | ૬૫૫ | ૫૬૪ | ૬૩૮ | ૫૧૮ | ૧૨૦૯ | | ૭૨૩ | ૭૦૭ | ૭૧૭ | ૫૬૦ | ૭૧૯ | ૭૬૭૮ |
| ૫. | જલારામ અન્નક્ષેત્ર, શાહીબાગ, અમદાવાદ | | | | | | | | | | | | | |
| | (અ) કુલ લાભ લેનાર વ્યક્તિઓ | ૧૭૮૨ | ૨૫૩૧ | ૨૩૧૭ | ૧૯૭૧ | ૧૬૨૩ | ૩૪૪૯ | | ૨૩૯૮ | ૨૮૪૩ | ૨૭૬૯ | ૨૪૬૦ | ૨૫૦૧ | ૨૬૬૪૨ |
| | **વર્ષ દરમ્યાન વિવિધ પ્રકારની સેવાઓનો લાભ લેનાર કુલ વ્યક્તિ** | **૧૫૩૯૭** | **૧૪૧૭૬** | **૧૫૦૧૯** | **૧૪૦૧૪** | **૯૬૬૦** | **૨૧૪૫૧** | | **૧૨૪૨૯** | **૧૨૭૮૬** | **૧૧૯૮૪** | **૧૧૭૩૯** | **૧૩૧૧૩** | **૧૫૧૭૬૮** |

# કચ્છ : શિક્ષણના છ દાયકા

• હરેશ ધોળકિયા •

## • પ્રાસ્તાવિક :

કચ્છમાં શિક્ષણની વ્યવસ્થિત શરૂઆત ઓગણીસમી સદીના ઉત્તરાર્ધમાં તત્કાલીન મહારાવ પ્રાગમલજી બીજાના સમયથી થઇ ગણાય. તેમને શિક્ષણમાં રસ હોવાથી તેમણે શાળાઓ શરૂ કરી. સમયાંતરે ગામોના મહાજનો દ્વારા ખાનગી શાળાઓ પણ શરૂ કરવામાં આવી. ક્રમશઃ હાઇસ્કૂલો પણ શરૂ થતી ગઇ. તેમના પછી આવેલ મહારાવ ખેંગારજી ત્રીજાએ પણ શિક્ષણમાં રસ લેવાનું ચાલુ રાખ્યું. તેથી આ પ્રક્રિયામાં વેગ આવતો રહ્યો. ૧૯૪૮માં કચ્છમાં રાજાશાહીનો અંત આવ્યો. તે ભારતનો એક પ્રદેશ બન્યો, ત્યારે કચ્છમાં લગભગ ૨૩૯ પ્રાથમિક શાળાઓ અને બારેક જેટલી માધ્યમિક શાળાઓ હતી. ત્યારે કચ્છમાં સાક્ષરતાનો દર ૯.૪૬ હતો.

સ્વાતંત્ર્ય બાદ કચ્છમાં રાજકીય અને વહીવટી સંદર્ભમાં ત્રણ પરિવર્તન આવ્યાં. શરૂઆતના તબક્કે કચ્છ કેન્દ્ર સરકારના 'ક' રાજ્ય તરીકે રહ્યું. ૧૯૫૫-૫૬થી ભાષાકીય રાજ્યો રચાતાં મુંબઇ દ્વિભાષી રાજ્યમાં તે એક જિલ્લો બન્યો. ૧૯૬૦માં આ દ્વિભાષી રાજ્ય મહારાષ્ટ્ર અને ગુજરાતમાં વિભાજિત થયું અને કચ્છ ગુજરાત રાજ્યનો એક જિલ્લો બન્યો.

આ બાર વર્ષ (૧૯૪૮-૬૦) દરમિયાન કચ્છમાં શિક્ષણની સ્થિતિ આવી હતી :

★ ૧૯૫૧માં ૩૯૮ પ્રાથમિક શાળાઓ હતી, જેમાં ૧૯,૪૩૮ બાળકો અભ્યાસ કરતાં હતાં. ૧૨ માધ્યમિક શાળાઓ હતી અને તેમાં ૨,૯૩૬ વિદ્યાર્થીઓ હતા. ઉચ્ચ શિક્ષણની એક પણ સંસ્થા ન હતી.

★ ૧૯૫૬માં ૪૬૨ પ્રાથમિક શાળાઓ હતી, જેમાં ૩૮,૨૧૬ બાળકો હતાં. ૧૬ માધ્યમિક શાળાઓ હતી, જેમાં ૫૩૦૩ વિદ્યાર્થીઓ હતા. એક વિનયન અને વિજ્ઞાનની (આર.આર. લાલન કૉલેજ) કૉલેજ ભુજમાં શરૂ થઇ હતી. તેમાં ૨૬૮ વિદ્યાર્થીઓ હતા.

★ ગુજરાત રાજયની શરૂઆત થઇ (૧૯૬૦-૬૧) ત્યારની વસતી ગણતરી પ્રમાણે ૨૫% લોકો કચ્છમાં સાક્ષર હતા. તેમાં ૩૩.૪૩% પુરુષો અને ૧૬.૯૦% સ્ત્રીઓ હતી.

## • છ દાયકામાં શિક્ષણનો વિકાસ :

ગુજરાત રાજ્યની સ્થાપના પછી પસાર થયેલ છ દાયકા દરમિયાનનો કચ્છનો શૈક્ષણિક વિકાસ નોંધનીય રહ્યો છે. સામાન્ય નજર કરીએ તો ૨૦૦૧ની વસતી ગણતરીના આધારે ૭૧.૪% પુરુષો (૪,૮૭,૬૨૭) અને ૪૯.૭% સ્ત્રીઓ (૩,૧૮,૭૮૯) સાક્ષર હતાં. કુલ વસતીના ૬૦.૩૬% લોકો (૮,૦૬,૪૧૬) સાક્ષર હતા.

હવે તબક્કાવાર આ વિકાસને તપાસીએઃ

## • પ્રાથમિક શિક્ષણ :

આગળ જોયું તેમ, ૧૯૪૮માં ૨૩૯ પ્રાથમિક શાળાઓ હતી, જેમાં ૧૫,૨૧૭ બાળકો ભણતાં હતાં. ત્યારે ૨૦૦૮-૦૯માં જિલ્લામાં કુલ ૧૮૩૮ પ્રાથમિક શાળાઓ છે. તેમાં ૨,૭૧,૮૭૭ બાળકો એકથી સાત ધોરણોમાં અભ્યાસ કરી રહ્યાં છે. તેમાં જિલ્લા પંચાયત સંચાલિત ૧૬૨૪ પ્રાથમિક શાળાઓ છે અને અંજાર નગરપાલિકા સંચાલિત ૨૦ પ્રાથમિક શાળાઓ છે. અન્ય ખાનગી શાળાઓ છે. પ્રાથમિક વિભાગમાં કુલ ૬૫૮૧ શિક્ષકો કામ કરે છે. જિલ્લામાં કુલ ૮૭૮૮ વર્ગખંડો છે. ૯૭૭માં વીજળીકરણ થયેલ છે. મોટાભાગની શાળાઓનું માધ્યમ ગુજરાતી છે. જો કે હવે ધીમે ધીમે અંગ્રેજી માધ્યમની પ્રાથમિક શાળાઓ વધી રહી છે. લગભગ બધાં જ ગામોમાં પ્રાથમિક શાળાઓ થઇ ગઇ છે. ભૂકંપ પછી જે શાળાઓને નુકસાન થયેલ, તેમાં મોટા ભાગની શાળાઓનાં મકાન સરકાર તથા ખાનગી સંસ્થાઓની મદદથી ફરી અદ્યતન થઇ ગયાં છે.

જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં ૭૬ કમ્પ્યુટર લેબ અને ૧૬૫ વૈકલ્પિક શિક્ષણ કેન્દ્રો છે. જિલ્લામાં શાળા છોડી જનાર બાળકોનો દર (ડ્રોપ આઉટ રેટ) ૩.૬૮ નો રહ્યો છે. તેમાં છોકરાઓનો ૩.૪૦ અને છોકરીઓનો ૪.૦૧ છે. વિવિધ પ્રકારનાં ૨૬૧૨ વિકલાંગ બાળકો અભ્યાસ કરે છે. વૈકલ્પિક કેન્દ્રોમાં ૩૬૬૧ બાળકોને સમાવાયાં છે.

'સર્વ શિક્ષા અભિયાન' તથા 'પ્રવેશોત્સવ' કાર્યક્રમોના પ્રભાવે હવે શાળાઓમાં ભણવા આવનાર બાળકોની સંખ્યા વધવા લાગી છે પ્રાથમિક શાળાનાં બાળકો માટે ભુજ, અંજાર, ભચાઉ અને રાપરમાં હોસ્ટેલો પણ છે.

પ્રાથમિક શિક્ષકને તૈયાર કરવા જિલ્લામાં ૯ પી.ટી.સી. કૉલેજો છે, જેમાં ૨૦૦૮-૦૯ના આંકડા મુજબ ૨૧૯૨ તાલીમાર્થીઓ અને ૧૩૨ પ્રાધ્યાપકો હતા. જિલ્લા મથક ભુજમાં 'જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન' (ડાયેટ) પણ આવેલ છે. તેમાં આવેલ અધ્યાપન મંદિરને બાદ કરતાં બધી જ પી.ટી.સી. કૉલેજો ખાનગી સંસ્થાઓ દ્વારા ચાલે છે.

છ દાયકામાં પ્રાથમિક શિક્ષણનો સંખ્યાત્મક રીતે તો સારો વિકાસ થયો જ છે. હવે સગવડો વગેરે વધારી ગુણાત્મક વિકાસના પ્રયત્નો પણ થઇ રહ્યા છે. **હવે તો, ખાસ કરીને ભૂકંપ પછી, સ્વૈચ્છિક સંસ્થાઓ અગરિયા, માછીમાર કે ભરવાડ જેવી**

*કપડું ધોઇએ અને એ ફરી મેલું થાય છે એને ધોતા રહેવું પડે છે એમ માનવ મનને પણ વારંવાર ધોતાં રહેવું પડે છે.*

**સતત ભટકતી કોમોનાં બાળકોને પણ શિક્ષણ મળી રહે તે માટે પ્રયાસો કરી રહેલ છે.**

- **માધ્યમિક શિક્ષણ :**

૧૯૪૮માં માધ્યમિક શાળાઓની સંખ્યા દેખાતી નથી, પણ ૧૯૪૫માં સરકારી ગેઝેટીયરમાં ૧૦ માધ્યમિક શાળાઓ બતાવે છે. ૧૯૫૧માં ૧૨ માધ્યમિક શાળાઓ અને ૨૯૩૬ વિદ્યાર્થીઓ બતાવે છે. ગુજરાત રાજ્ય અસ્તિત્વમાં આવ્યું ત્યારે ૧૯૬૧માં ૨૫ માધ્યમિક શાળાઓ જિલ્લામાં હતી.

૨૦૦૮-૦૯ના આંકડા મુજબ જિલ્લામાં ૧૫૫ માધ્યમિક શાળાઓ અને ૭૧ ઉચ્ચ માધ્યમિક શાળાઓ છે. તેમાં માધ્યમિક શાળાઓમાં ૩૭૦૬૦ છોકરાઓ અને ૧૮૫૭૩ છોકરીઓ તથા ઉચ્ચ માધ્યમિક શાળાઓમાં ૮૮૬૧ છોકરાઓ અને ૬૬૩૫ છોકરીઓ અભ્યાસ કરે છે. માધ્યમિકમાં ૧૨૯૩ અને ઉચ્ચ માધ્યમિકમાં ૧૩૧૪ શિક્ષકો કામ કરે છે.

માધ્યમિક શિક્ષણની પ્રગતિ સાઠના દાયકાથી થઇ. તેમાં 'સારસ્વતમ્' સંસ્થાએ મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. તેણે અંતરિયાળ ગામોમાં માધ્યમિક શાળાઓ શરૂ કરી. આજે વીસ જેટલાં ગામોમાં તેની શાળાઓ છે. પરિણામે જ્યાં ભણવાની જરા પણ તક ન હતી, ત્યાં બાળકો હવે આગળ વધી ગ્રેજ્યુએટ થયાં છે. **મહત્ત્વની વાત એ છે કે ગ્રામ્ય વિસ્તારની છોકરીઓ પણ ભણવા લાગી છે. આ પ્રક્રિયાએ એક શાંત ક્રાંતિ ઊભી કરી છે.**

વડાપ્રધાન રાજીવ ગાંધીના સમયમાં 'સરહદ વિકાસ વિસ્તાર યોજના' શરૂ કરવામાં આવી, જેના હેઠળ ૧૬ ગામોમાં સરકારી શાળાઓ શરૂ કરવામાં આવી હતી.

વર્તમાનમાં માધ્યમિક વિભાગ ક્ષેત્ર સરકારી શાળાઓ, ગ્રાન્ટેડ ખાનગી શાળાઓ અને સ્વનિર્ભર શાળાઓ એમ ત્રણ વિભાગોમાં વહેંચાયેલ છે. બધી મળીને લગભગ ૨૧૯ શાળાઓ છે. હવે અંગ્રેજી માધ્યમની શાળાઓ પણ વધતી જાય છે. આ બધાને કારણે ધોરણ દસ અને ધોરણ બારની પરીક્ષાઓ આપનારાઓની સંખ્યા પણ વધતી જાય છે. અલબત્ત, હજી ઉચ્ચ માધ્યમિકમાં વિજ્ઞાન પ્રવાહમાં જનારા વિદ્યાર્થીઓની સંખ્યા ઓછી રહે છે, જે ચિંતાજનક છે. પણ એકંદરે, માધ્યમિક શિક્ષણનો વિકાસ ઝડપી થતો જાય છે.

- **કૉલેજ શિક્ષણ :**

રાજાશાહી દરમિયાન ઉચ્ચ શિક્ષણ લેવા વિદ્યાર્થીઓ અમદાવાદ, વડોદરા, ભાવનગર, રાજકોટ, મુંબઇ કે પૂનાની કૉલેજોમાં જતા. હા, પ્રતિભાશાળી વિદ્યાર્થીઓ માટે કચ્છ રાજ્ય તરફથી 'પ્રાગમલજી સ્કોલરશિપ' અપાતી.

**૧૯૪૮માં કચ્છમાં કોલેજ ન હતી.**

૧૯૫૩માં ભુજમાં વિનયન અને વિજ્ઞાનનો અભ્યાસ આપતી આર.આર. લાલન કૉલેજ શરૂ થઇ. આ કોલેજને દાન તો ખાનગી વ્યક્તિ પાસેથી મળ્યું, પણ તેનો વહીવટ સરકારના હાથમાં રહ્યો. શરૂઆતનાં વર્ષોમાં તો ત્યાં સ્નાતક સુધીના અભ્યાસ ચાલતા, પણ પાછળથી આર્ટ્સમાં અનુસ્નાતક કેન્દ્ર શરૂ થયેલ. વિવિધ ક્ષેત્રોના અગ્રણીઓ આ કૉલેજના વિદ્યાર્થીઓ હતા.

૧૯૬૨માં ગાંધીધામ સંકુલના આદિપુર શહેરમાં 'તોલાણી ફાઉન્ડેશન' દ્વારા વિવિધ અભ્યાસક્રમોની કૉલેજો થવી શરૂ થઇ. આજે ત્યાં આર્ટ્સ, કોમર્સ, વિજ્ઞાન, મેનેજમેન્ટ, કાયદો, હોમ સાયંસ વગેરેની કોલેજો છે.

સમય જતાં ભુજમાં કાયદો અને કોમર્સની કૉલેજ શરૂ થઇ. 'સરહદી વિકાસ વિસ્તાર યોજના' હેઠળ ભુજમાં ઇજનેરી કૉલેજ શરૂ થઇ. છેલ્લાં થોડાં વર્ષોમાં નખત્રાણા, માંડવી, ભચાઉ, મુંદ્રા, અંજાર, દૂધઇમાં પણ વિવિધ કૉલેજો શરૂ થઇ છે. દસમાંથી સાત તાલુકામાં કૉલેજો થઇ ગઇ છે. એક મેડિકલ કૉલેજ પણ શરૂ થઇ છે.

- **કચ્છ યુનિવર્સિટી :**

શ્રી શંકરસિંહ વાઘેલા ગુજરાતના મુખ્યમંત્રી હતા, ત્યારે કચ્છના ધારાસભ્ય અને તત્કાલીન નાણાંમંત્રી શ્રી બાબુભાઇ શાહના પ્રયત્નોથી ૧૯૯૭માં કચ્છની અલગ યુનિવર્સિટી શરૂ કરવાનો નિર્ણય લેવાયો. ૨૦૦૩માં ગુજરાત વિધાનસભામાં 'કચ્છ યુનિવર્સિટી વિધેયક' પસાર કરવામાં આવ્યું. શરૂમાં એક વ્યક્તિને જવાબદારી સોંપાઇ, પછી કચ્છના કલેક્ટરશ્રીને સંચાલન સોંપાયું. ૨૦૦૪માં તેનું ભૂમિપૂજન થયું. ૨૦૦૭માં નવા મકાનનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું. અત્યારે તેમાં બીજા વાઇસ ચાન્સેલર કામ કરે છે. યુનિવર્સિટીનું નામ **'ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટી'** રાખવામાં આવ્યું છે. તે ભુજથી ચાર કિલોમીટર દૂર મુંદ્રા રોડ પર આવેલ છે. તેમાં નાનાં મોટાં ચૌદ અનુસ્નાતક ભવનો કામ કરે છે. યુનિવર્સિટી સાથે લગભગ ૪૧ કૉલેજો જોડાયેલ છે.

યુનિવર્સિટી સ્થપાવાથી હવે કૉલેજ શિક્ષણ વિસ્તરતું જાય છે. ઘણા વૈવિધ્યસભર અભ્યાસક્રમો ચાલે છે.

- **ટેકિનકલ શિક્ષણ :**

૧૯૪૮થી ગુજરાત રાજ્યની સ્થાપના થઇ ત્યાં સુધી કચ્છમાં ટેકનિકલ શિક્ષણ આપવાની કોઇ જ સંસ્થા ન હતી. છેક સિત્તેરના દાયકામાં આદિપુરમાં પ્રથમ આઇ.ટી.આઇ. શરૂ થઇ. સમય જતાં ત્યાં જ પોલિટેકનિક શરૂ થઇ. પાછળથી 'સરહદ વિસ્તાર યોજના' હેઠળ ભુજમાં પોલિટેકનિક અને ઇજનેરી કૉલેજ શરૂ થઇ. અત્યારે જિલ્લામાં ૧૨ આઇ.ટી.આઇ. છે. તેમાં ૮ સરકારી, ૨ ગ્રાન્ટેડ અને ૨ સ્વનિર્ભર છે. તેમાં ત્રણથી ચાર હજાર વિદ્યાર્થીઓ વિવિધ ટ્રેડની તાલીમ લે છે.

- **મેડિકલ શિક્ષણ :**

૨૦૦૧ના ભૂકંપમાં ભુજની સરકારી હોસ્પિટલ જમીનદોસ્ત થઇ ગઇ. ત્યારે વડાપ્રધાન શ્રી અટલબિહારી બાજપેયીએ સો કરોડના ખર્ચે અદ્યતન હોસ્પિટલ વડાપ્રધાનના ફંડમાંથી બાંધી આપી. તે એવી રીતે બાંધી કે તેમાં ભવિષ્યમાં મેડિકલ કૉલેજ શરૂ કરી શકાય. થોડાં વર્ષો તો તે માટે કોઇ પગલાં ન લેવાયાં. છેક ૨૦૦૯માં સરકારે અદાણી ફાઉન્ડેશન સાથે મળીને તેમાં મેડિકલ કૉલેજ શરૂ કરી છે.

*દુનિયામાં લોકોની પોતાની માલિકીની કોઇ ચીજ હોય તો તે શોક છે.*

● **તાલીમી કૉલેજો :**

પ્રાથમિક શિક્ષકોની તાલીમ માટે ભુજની 'ડાયેટ' સાથે ૯ પી.ટી.સી. કૉલેજો છે.

માધ્યમિક શિક્ષકોની તાલીમ માટે ૬ બી.એડ. કૉલેજો છે. તેમાં એક કૉલેજ એસ.એન.ડી.ટી. યુનિવર્સિટી સંચાલિત છે. બાકીની કચ્છ યુનિવર્સિટી સંલગ્ન છે. વિકલાંગ બાળકોના શિક્ષણની તાલીમ માટેની એક કૉલેજ છે. એક પ્રિ-પી.ટી.સી. કૉલેજ છે.

કચ્છ યુનિવર્સિટીમાં એમ.એડ. અને એમ.ફિલ.ના અભ્યાસક્રમો પણ ચાલે છે. તેમાં ડૉક્ટરેટ કરવાની પણ સગવડ છે.

● **ઑપન યુનિવર્સિટી :**

જે વિદ્યાર્થીઓ કૉલેજમાં જઇ નિયમિત રીતે શિક્ષણ નથી મેળવી શકતા, તેમના માટે કેન્દ્ર સરકાર દ્વારા 'ઇન્દિરા ગાંધી ઑપન યુનિવર્સિટી' અને રાજ્ય સરકાર દ્વારા 'ડૉ. આંબેડકર ઑપન યુનિવર્સિટી' ચલાવવામાં આવે છે. તેમાં 'ઇગ્નુ'નાં કેન્દ્ર ભુજ તથા આદિપુરમાં ચાલે છે અને આંબેડકરનાં કેન્દ્રો ભુજ, માંડવી, ગાંધીધામ અને રાપરમાં છે. તેમાં પણ અનેક અભ્યાસક્રમોની સગવડ આપવામાં આવે છે.

નજીકના ભવિષ્યમાં પણ નવી કૉલેજો શરૂ થશે તેવી જાહેરાતો થાય છે.

● **છ દાયકાનાં વલણો તથા મુદ્દાઓ:**

છ દાયકામાં જે શિક્ષણનો વિકાસ થયો છે, તેના પર નજર કરતાં કેટલાક મુદ્દાઓ નજરે પડે છે. મુખ્યત્વે આ મુદ્દાઓ છે :

★ છેલ્લાં થોડાં વર્ષોથી વાલીઓમાં શિક્ષણ બાબતે રસ વધતો જતો દેખાય છે.

★ પણ વાલીઓ બાળકોને શાળાએ મૂક્યા પછી વધારે રસ લેતા નથી દેખાતા.

★ ગામોમાં જે વાલી સમિતિઓ રચાઇ છે, તે સક્રિય નથી દેખાતી. તેની અસર શિક્ષણ પર પડે છે.

★ બહારગામથી આવતા શિક્ષકો ગામમાં નિયમિત હાજર રહેતા નથી. તેની અવળી અસર શિક્ષણ પર પડે છે.

★ સાત ધોરણ પછી પણ બાળકોને ગણન તથા વાંચન બરાબર આવડતાં નથી.

★ બહારગામથી આવતા શિક્ષકોને કચ્છની બોલી કચ્છી આવડતી નથી. સ્થાનિક લોકો અને બાળકો તેમાં જ વાતચીત કરે છે. તેથી પ્રત્યાયનમાં ખૂબ જ તકલીફ પડે છે. તે પણ શિક્ષણ પર અસર કરે છે.

★ શિક્ષકોને અપાતી તાલીમ પણ અદ્યતન નથી અને નબળી દેખાય છે.

★ શાળાકીય શિક્ષણ નબળું રહેવાથી ઉચ્ચ શિક્ષણ અને તાલીમી શિક્ષણ પણ નબળાં જ રહે છે.

★ ૨૦૦૧ના ભૂકંપ પછી કચ્છમાં ઉદ્યોગોનું આગમન થવાથી તેમાં નોકરી મેળવવા હવે શિક્ષણનું મહત્ત્વ સમજાવા લાગ્યું છે. ખાસ કરીને ટેકનિકલ શિક્ષણનું મહત્ત્વ વધતું જાય છે. તેથી આઇ.ટી.આઇ.માં પ્રવેશ લેવાનું વધતું જાય છે.

★ ઉદ્યોગો પણ શિક્ષણમાં રસ લેવા લાગ્યા છે.

★ અંગ્રેજીનો દિન પ્રતિદિન પ્રભાવ વધતો જતો હોવાથી અંગ્રેજી માધ્યમોની શાળાઓનું ચલણ વધતું દેખાય છે. પરિણામે ગુજરાતી માધ્યમની શાળાઓને તકલીફ પડવી શરૂ થઇ છે.

★ ઉદ્યોગો કે ટી.વી. કે ઇન્ટરનેટના પરિણામે ધીમે ધીમે સ્પર્ધાત્મકતાનું વાતાવરણ પણ વધતું દેખાય છે. તે સારી બાબત છે.

આ અને આવાં અનેક વલણો શિક્ષણના પ્રભાવથી જોવા મળે છે. છતાં એકંદરે કહી શકાય કે સમાજમાં સાક્ષરતા વધતી જાય છે. જાગૃતિ પણ વધતી જાય છે. ખાસ કરીને કારકિર્દી બાબતની જાગૃતિ. આશા રાખીએ કે ભવિષ્યમાં તેની વધુ સારી અસરો જોવા મળે. ગુજરાતની શતાબ્દી ઊજવાય ત્યારે આ જિલ્લો પણ વધારે 'વાઇબ્રન્ટ' હોય તેવી શ્રદ્ધા રાખીએ.

*ન્યુ મિન્ટ રોડ, ભુજ,*
*કચ્છ-૩૭૦ ૦૦૧.*
*ફોન : (૦૨૮૩૨) ૨૨૭૯૪૬*

## સંત વચનનો પ્રભાવ

શાકંભરી નગરીમાં ધનાશાહ નામે શ્રાવક રહેતા હતા. નામ ધનાશાહ પરંતુ ધનનું તો નામોનિશાન ન મળે. તેમની સ્ત્રી રેંટિયો કાંતે, સૂતર કાઢે અને ધનાશાહ તેનું કાપડ વણાવી વેચે. આમ પોતાનું ગુજરાન ચલાવતા. એક વખત ધનાશાહે પોતાના માટે જ સૂતર કંતાવી તેમાંથી ચોફાળ વણાવ્યો. જેથી શિયાળામાં ઓઢવા માટે કામ આવે.

એક દિવસ શાકંભરી નગરીમાં મહારાજા કુમારપાળના ગુરુ શ્રી હેમચંદ્રાચાર્ય પધાર્યા. એમને મન તો શ્રીમંત અને રંક સૌ સમાન હતા. આવા મહાન આચાર્યને પોતાને ત્યાં પધારેલા જોઈ ધનાશાહને ખૂબ ભાવ આવ્યો. એટલે તેણે સૂઝતો આહાર વહોરાવ્યો અને પેલો ચોફાળ પણ વહોરાવી દીધો. શ્રી હેમચંદ્રાચાર્યે તેને ગ્રહણ કર્યો.

કેટલાક દિવસે શ્રી હેમચંદ્રાચાર્ય પાટણ પધાર્યા. ત્યાં તેમનું ભવ્ય સ્વાગત થયું. સામૈયામાં મહારાજ પોતે પણ સામેલ હતા. શ્રી હેમચંદ્રાચાર્યનો ચોફાળ જોઈ રાજાએ કહ્યું, 'ભગવન! આપ તો મારા ગુરુ ગણાવ. તમે આવા જાડા ચોફાળ જેવાં કપડાં પહેરો તે જોઈ મને શરમ આવે છે.'

હેમચંદ્રાચાર્યે જવાબ આપ્યો, 'તમે રાજા છો, પણ તમારા જ સાધર્મિક ગરીબ હાલતમાં રહે છે. અમને મુનિઓને શું? અમને તો અલ્પ મૂલ્યવાન અને જીર્ણ વસ્ત્ર જ શોભે.'

આ ઉપદેશની એવી અસર થઈ કે કુમારપાળે સાધર્મિક વાત્સલ્ય પાછળ દર વર્ષે ૧ કરોડ સોનામહોર ખર્ચવાનો નિર્ણય કર્યો. આ રીતે ૧૪ વર્ષ સુધી ૧૪ કરોડ સોનામહોરનો સદવ્યય કર્યો. ઇતિહાસમાં કુમારપાળે સાધર્મિક વાત્સલ્યમાં મોખરાનું સ્થાન પ્રાપ્ત કર્યું.

ઉપદેશ કરતાં આચરણની અસર ત્વરિત થાય છે.

*સાભાર : "જીવન સુવાસ"*

*વિદ્યા એકલા ફિલસૂફોને જ નહીં સામાન્ય માણસોને પણ કુદરતી આનંદ આપે છે.*

# કચ્છ જિલ્લામાં વરસાદનું પ્રમાણ વધી શકે

• એલ. ડી. શાહ •

આપણે સૌ જાણીએ છીએ કે જ્યાં વૃક્ષોનું પ્રમાણ વધુ છે, ત્યાં સારા પ્રમાણમાં વરસાદ પડે છે.

માથેરાન, મહાબળેશ્વર તેમજ લોનાવાલા વિસ્તારમાં સરેરાશ ૨૫૦ ઇંચ વરસાદ પડે છે. મુંબઇ - દક્ષિણ ગુજરાત જેવા વિસ્તારમાં પણ ૧૦૦થી ૧૫૦ ઇંચ જેટલો વરસાદ પડે છે.

વધુ વરસાદવાળા વિસ્તારની જનતા સૂકા પ્રદેશની જનતા કરતાં બધી જ રીતે સુખી જ હોય છે.

કુદરતે સમગ્ર વિશ્વને સમતોલ અને પ્રમાણસર જંગલ વિસ્તાર આપ્યો છે. **પણ પ્રજાની અજ્ઞાનતાને કારણે ઘણાં વિસ્તારમાં જંગલોનો આડેધડ નાશ થવાથી વૃક્ષોનો વિનાશ થયો છે. એને કારણે જ આપણાં કચ્છ જેવા વિસ્તારો વર્ષોથી દુષ્કાળો અને અછતનો સામનો કરી રહ્યા છે.**

આથી આવા વિસ્તારની પ્રજા, ખેડૂતો અને પશુધન પાયમાલ થાય છે. જંગલોનાં આધારે જીવતા રાની પશુઓ તેમજ પક્ષીઓ પણ નાશ પામે છે.

આપણે અનુભવી ચૂક્યા છીએ કે કચ્છ જિલ્લામાં જંગલોનો સર્વનાશ થતાં આપણે ઘણાં વર્ષોથી દુષ્કાળ અને અછતનો સામનો કરી રહ્યા હતા. આથી કચ્છની બે ગણી વસતિ રોજીરોટી માટે કચ્છની બહાર સ્થળાંતર કરી ગઇ છે. કચ્છની પ્રજા વતન પ્રેમી હોવાથી દુષ્કાળ અને અછતનાં સમયમાં કચ્છને લાખો - કરોડોની મદદ કરતી હતી.

ધાર્મિક, આરોગ્ય અને શિક્ષણક્ષેત્રે કરોડોનાં દાન કરતા દાનવીરોને કચ્છ જિલ્લામાં દુષ્કાળને દૂર કરવાના વિચારો બહુ મોડેથી આવ્યા અને તેઓએ પ્રત્યક્ષ અનુભવ્યું કે ચોમાસામાં વરસાદી વાદળાંઓને તોફાની પવન કચ્છની ધરતી પરથી દૂર ખેંચી જાય છે, જેથી કચ્છની ધરતી વરસાદને અભાવે કાયમની તરસી રહી જાય છે. ઇલેક્ટ્રીક મોટરથી ભૂગર્ભમાંથી પાણી ખેંચાવાથી ભૂગર્ભ જળ અતિશય ઊંડાં અને ક્ષારયુક્ત થઇ જાય છે, જેને કારણે કચ્છની પ્રજા અને પશુધનને અનેક બીમારીઓનો સામનો કરવો પડે છે.

**આવી વિષમ પરિસ્થિતિઓમાંથી નીકળવા એક જ ઉપાય છે, કે કચ્છની ધરતી પર અસંખ્ય વૃક્ષો વાવીને લીલુછમ બનાવી દેવું.**

આ વાત કચ્છ જિલ્લાના પર્યાવરણ પ્રેમી લોકોના મગજમાં ધીરે ધીરે ઉતરતાં આજે આપણે જોઇ શકીએ છીએ કે છેલ્લાં કેટલાંક વર્ષોથી કચ્છમાં વૃક્ષારોપણનું કાર્ય ધીરે ધીરે વધતું જતાં વૃક્ષોનું પ્રમાણ વધતું જતું દેખાય છે, જેને કારણે છેલ્લાં આઠ વર્ષથી આપણે દુષ્કાળને વિદાય આપી શક્યા છીએ. છેલ્લા આઠ વર્ષોથી પડતા વરસાદને કારણે કચ્છની પ્રજા, ખેડૂતો અને આપણું પશુધન પાયમાલીમાંથી બચી શક્યું છે અને દુષ્કાળમાં ખર્ચાતા કરોડો રૂપિયા તેમજ આપણાં મૂલ્યવાન પશુધનને બચાવી શકાયા છે.

આપણે અનુભવી રહ્યા છીએ કે છેલ્લાં બે-ત્રણ વર્ષથી જિલ્લામાં વરસાદનું પ્રમાણ વધતું દેખાય છે. મારું માનવું છે, કે આ કારણ કચ્છમાં વધતા જતા વૃક્ષોનાં પ્રમાણને કારણે હોઇ શકે. વિજ્ઞાનીઓ પણ આ વાતને ટેકો આપી રહ્યા છે.

છેલ્લાં કેટલાંક વર્ષોથી લોકોમાં આવેલી જાગૃતિને કારણે આપણે દુષ્કાળને દૂર રાખી શક્યા છીએ, પણ હવે કચ્છ જિલ્લામાં વરસાદનું પ્રમાણ વધારવા, કચ્છમાં ચાલી રહેલી વૃક્ષારોપણની પ્રવૃત્તિને વધુ જોરદાર બનાવીએ તો આપણે પાણીની અછતને કાયમની દૂર કરી શકીએ. હાલમાં કચ્છમાં પડતો ૧૨-૧૪ ઇંચ વરસાદ કચ્છ માટે અપૂરતો છે. ખેડૂતોના મોલ છેલ્લા વરસાદની રાહ જોઇને સૂકાઇ જાય છે. આપણાં નદી, નાળાં, તળાવો અને કૂવાઓ ચોમાસાના અંતે સુક્કાભઠ થઇ જાય છે. એટલે જો વરસાદનું પ્રમાણ વધે તો જ આપણે પાણીની અછતથી દૂર રહી શકીએ. આ વર્ષે પડેલા પાછોતરા વરસાદે રંગ રાખી દીધો. આપણે ત્યાં પડેલા છેલ્લા વરસાદે આપણાં તળાવો, ડેમો અને નદીનાળાં છલોછલ ભરી દીધાં જેથી ઘણાં મોટા પ્રમાણમાં ભૂગર્ભ જળ સંગ્રહ થઇ શક્યો અને પાણીની ગુણવત્તા પણ સુધરી છે.

હવે આપણે પર્યાવરણ ક્ષેત્રે જાગ્યા છીએ, ત્યારે આ જાગૃતિનો પૂરેપૂરો લાભ મેળવીએ.

હજી પણ કચ્છની સ્થાનિક પ્રજા જે ફક્ત રોટી, કપડાં અને મકાનમાં વ્યસ્ત છે, તેમને પણ જાગૃત કરવાની જરૂર છે. જેથી તેમનાં જોડાવાથી વૃક્ષારોપણની પ્રવૃત્તિ બેવડાઇ જતાં, કચ્છની ધરતી પરથી વરસ્યા વગર વહી જતાં વાદળોને વરસવાની ફરજ પાડી શકાય અને જંગલ પ્રમાણ વધારી માથેરાન અને મહાબળેશ્વર જેવું બનાવવા વરસાદનું પ્રમાણ વધારવા અન્ય પ્રયત્નો નહિ કરવા પડે.

*જલારામ બાગ, બિદડા,*
*કચ્છ-૩૭૦ ૪૩૫.*

# ધાર્યું ધણીનું થાય!

• ડૉ. આઈ. કે. વીજળીવાલા •

'અધૂરા મહિનાનું એક બાળક લઇને એનાં સગાં આવ્યાં છે. મોકલું?' હોસ્પિટલમાં કામ કરતાં આયાબહેને કહ્યું.

કોઇ પણ સિરિયસ કે જલદીથી સારવાર માગી લેતો દર્દી આવે તો તરત મને જાણ કરવાનો મારો આદેશ હતો. મેં હકારમાં માથું હલાવીને દર્દીનાં સગાંને અંદર મોકલવાની સંમતિ આપી.

દર્દીનાં સગાં અધૂરા મહિને જન્મેલા બાળકને લીલા કપડામાં વીંટાળીને મારી ચેમ્બરમાં દાખલ થયાં. જે હોસ્પિટલમાં ડિલિવરી થઇ હશે તેનું લીલું કપડું એમજ વીંટાળેલું રાખીને એ લોકો આવી લાગ્યાં હતાં. શિયાળાની શરૂઆત હતી. ધીમે ધીમે ફરતો મારી ચેમ્બરનો પંખો પણ મેં બંધ કરી દીધો. બાળકને પોતાના ખોળામાં લઇને એનાં દાદીમા મારી બાજુમાં રાખેલ દર્દીને બેસવાના સ્ટૂલ પર બેઠાં. બાળકને ઢાંકેલું લીલું કપડું થોડુંક ખસેડીને મેં જોયું તો સાવ અધૂરા મહિનાનું એક અત્યંત નાજુક બાળક માંડ માંડ સાંભળી શકાય તેવા ધીમા અવાજે રડી રહ્યું હતું. એનું વજન કર્યું તો ૯૫૦ ગ્રામ થયું. એક કિલોમાં પણ પચાસ ગ્રામ ઓછું! એના હાથપગના છેડા ગરમ હતા તો પણ થોડાક ભૂરા દેખાતા હતા. આ સારી નિશાની ન ગણાય. એટલે તરત જ એ બાળકને ઈન્ક્યુબેટરમાં શિફ્ટ કરીને એની સારવાર અમે શરૂ કરી દીધી. એના નાજુક હાથની નસ પકડીને એને ગ્લુકોઝ આપવાનું શરૂ કરી દીધું. હૂંફ, ગરમી તેમજ ગ્લુકોઝ ત્રણેય મળવાથી બાળકને શાંતિ થઇ હોય તેવું લાગ્યું. એના ભૂરા હાથ-પગ ધીમે ધીમે લાલ થવા લાગ્યા. આવા બાળક માટેની સારવારનો જે પ્રોટોકોલ હોય છે તે પૂરો કરીને હું ફ્રી થયો પછી બાળકનાં દાદીમા મારી પાસે આવ્યાં. હવે હું એને જવાબ આપી શકું એટલો હળવો થયો છું એવું તેમને પણ લાગતાં એ બોલ્યાં, 'સાહેબ! કેવું લાગે છે? દીકરો બચી તો જાશે ને? જોજો હોં બાપા! સારવાર બરાબર કરજો. કાંઇ પણ ખામી ન રહેવા દેતા. મારો દીકરો એક જ છે અને એના ઘરે પણ ઘણા વરસે આ દીકરાનો જનમ થયો છે. અમારે તો જે ગણો એ હવે આ જ છે!'

હાથ ધોઇ ખુરશીમાં બેસતાં મેં કહ્યું, 'જુઓ માડી! તમે ચિંતા કરવાનું સાવ છોડી દો. આ બધું તો ઇશ્વરને આધીન હોય છે. આવાં બાળકોને પ્રથમ પાંચ દિવસ ખૂબ જોખમી જતા હોય છે. ત્યારબાદ થોડો કમળો થશે, પણ એ બધાનો ઉપાય છે આપણી પાસે. બસ આ પહેલા પાંચ દિવસ સુખરૂપ નીકળી જાય તે જ જોવાનું આપણે. એ પછી કંઇ મોટી તકલીફ લગભગ તો નથી થતી હોતી.'

માજીના મોઢા પર મારાં વાક્યોએ શાંતિ જરૂર પાથરી પણ વિશ્વાસ નહોતો પ્રગટાવ્યો અને એક સત્ય હકીકત છે કે કોઇ પણ વાત અંગે એક વખત જીવ ઊચક થઇ જાય પછી સારું પરિણામ ન મળે ત્યાં સુધી શાંતિ થતી હોતી નથી. એ પ્રમાણે માડીને પણ શાંતિ તો નહોતી જ થવાની. પણ એની અને અમારી પાસે આ બધાં આશ્વાસનોના સહારે રાહ જોયા સિવાય બીજો કોઇ ઉપાય પણ નહોતો.

પ્રથમ છ કલાક સુખરૂપ વીતી ગયા. સાતમા કલાકથી જ એ બાળકની શ્વાસોચ્છ્‌વાસની ગતિમાં વધારો થઇ ગયો. આ એક જ ભયજનક લક્ષણની અમને ડૉક્ટર તરીકે પણ બીક લાગતી હોય છે. અધૂરા મહિને જન્મેલ બાળકોનાં ફેફસાં નબળાં અને અપૂરતો વિકાસ પામેલાં હોય છે. એમાં રહેલું પ્રવાહી પણ સદંતર શોષાયું નથી હોતું. ઉપરાંત ફેફસાંના વાયુકોષો (જ્યાંથી પ્રાણવાયુ લોહીમાં ભળે અને અંગારવાયુ બહાર નીકળે)ને ખુલ્લાં રાખતાં પરિબળો પણ મર્યાદિત હોવાથી આ વાયુકોષો બંધ થઇ જાય છે. જેને લીધે શરીરને પૂરો પ્રાણવાયુ મળી શકતો નથી. આ પરિસ્થિતિને અમારી મેડિકલની ભાષામાં આર.ડી.એસ. એટલે કે, રેસ્પિરેટરી ડિસ્ટ્રેસ સિન્ડ્રોમ કહે છે. આ આર.ડી.એસ. નાનકડા બાળકના જીવન માટે આર.ડી.એક્સ. ન બની જાય તે માટે અમે પણ ચિંતાતુર હોઇએ છીએ. પ્રથમ છન્નુ કલાક (૯૬ કલાક) પૂરા થઇ જાય પછી આ ઉપદ્રવ ધીમે ધીમે શમતો જાય છે. આર.ડી.એસ. વાળાં બાળકનાં ફેફસાં ખૂબ જ ઝડપે ચાલતાં હોય છે. છતાં એને ઑક્સિજનની ખોટ પડતી હોય છે. આવડા આ ટબૂડિયાને પણ અમારે ઑક્સિજન શરૂ કરવો પડ્યો.

ઑક્સિજન શરૂ થવાથી બાળકને રાહત થઇ હોય તેવું લાગ્યું. પણ દાદીમાની બેચેની વધી ગઇ અને એમને ચિંતા થાય એ સ્વાભાવિક પણ હતું. એમના અસ્તિત્વનો એ અંશ હતો.

બાળકની આવી કટોકટીભરી પરિસ્થિતિ લગભગ ચાર દિવસ રહી. એ ચાર દિવસમાં પેલાં માજીએ મને ચાલીસથી વધારે વખત - 'હવે શું થશે?' એમ પૂછ્યું હશે. અને દર વખતે હું જવાબ આપતો કે, 'માડી! ભગવાને ધાર્યું હોય તે જ થતું હોય છે. અને ભગવાન આપણા માટે કાંઇ પણ ખરાબ ધારતો હોય તેવું હું તો નથી માનતો. નહીંતર આટલા બધા દિવસ આ બાળક જીવે જ શું કામ? જન્મ પછીના ૨૪ કલાકમાં ખૂબ જ તકલીફ હતી ત્યારે જ આપણને દગો દઇને જતું ન રહ્યું હોત?'

મારી આ દલીલ દાદીમાને હંમેશાં શાંતિ આપતી.

બાળકને દાખલ કર્યું તેના બીજા દિવસથી જ અમારો આ ક્રમ બની ગયો હતો. એ દાદીમા મને શું પૂછશે એ ખબર હોવા છતાં હું રોજ એમને પૂછતો કે, 'માડી! બોલો, કંઇ પૂછવું છે?' અને હું શું જવાબ આપીશ એનો શબ્દેશબ્દ જાણતાં હોવા છતાં એ માજી

*સત્તાનો સ્વભાવ માણસને ભ્રષ્ટ કરવાનો છે. પૂરી સત્તા માણસને પૂરો ભ્રષ્ટ કરે છે.*

મને પૂછતાં! પછી હંમેશની માફક હું પણ એમને કહેતો કે, **'ભગવાને જે કંઇ ધાર્યું હોય છે એ જ હંમેશાં થતું હોય છે!'**

પાંચમા દિવસે એ બાળકની હાંફણી તો શમી ગઇ પણ એને કમળો થયો. અધૂરા મહિનાના બાળકને પાંચમા દિવસથી લઇને અગિયારમા દિવસની વચ્ચે કમળો રહેતો હોય છે. આમ તો એ સામાન્ય બાબત છે. પણ જો કમળો વધારે હોય તો બાળકને ફોટોથેરાપી તરીકે ઓળખાતી ટ્યૂબલાઇટ્સની નીચે શેક આપવાની સારવાર કરવી પડતી હોય છે. અતિ વધારે કમળામાં બાળકનું લોહી પણ બદલી નાખવું પડે.

આ બાળકને થયેલા કમળાની પણ માત્રા અતિ વધારે ન હોવાથી અમે ફક્ત શેક આપવાની સારવાર શરૂ કરી. પણ આ બધી ઉપરાઉપરી બનતી ઘટનાઓ-પહેલેથી સમજાવેલી હોવા છતાં દાદીમાના ચહેરા પર ચિંતાની કરચલીઓ કોતરાતી જતી હતી. એ હવે બહુ બધું પૂછ્યા કરતાં નહોતાં પણ એમની આંખોમાં લખેલી ફિકરની દરેક લીટી હું સ્પષ્ટ વાંચી શકતો હતો. 'ભગવાને ધાર્યું હશે તેમ થશે' એ વાક્ય હવે મારા બદલે એ માજી જ બોલતાં થઇ ગયાં હતાં.

અગિયારમા દિવસથી એ બાળકનો કમળો ભયજનક લેવલથી નીચે આવી ગયો. અમે સૌ આનંદિત થઇ ગયા. બાળકને શેક બંધ કર્યો. દાદીમાના ચહેરા પરતી ચિંતાની લીટીઓ હવે ઘટવા માંડી હતી. હવે એ આનંદમાં રહેતાં હતાં. ચિંતાનું સ્થાન હાસ્યએ લઇ લીધું હતું. 'હવે શું થશે?' એવું અગિયાર દિવસ સુધી રોજ કેટલીય વાર પૂછતાં એ માજી 'હવે રજા ક્યારે મળશે?' એમ પૂછતાં થઇ ગયાં હતાં. બાળકને બે દિવસ વધારે રાખીને ૧૪મા દિવસે અમે છુટ્ટી આપી. અનિશ્ચિતતાના ઓછાયા નીચે આટલા દિવસો ગાળ્યા પછી નિશ્ચિત અને નક્કર પરિણામ સાથે ખુશીઓના મહાસાગરને બાળોતિયામાં વીંટાળીને એ લોકો ઘરે ગયા.

ત્રણ દિવસ પછી ફરીથી બતાવવા માટે આવ્યાં ત્યારે બાળકને બાકી તો કાંઇ તકલીફ નહોતી પણ એનું વજન નહોતું વધ્યું. મેં આ વાતની નોંધ લેતાં તાકીદ કરી કે રોજના ૩૦થી ૫૦ ગ્રામ વજન વધારાની જગ્યાએ આ બાળકનું વજન જરાય વધ્યું નથી એટલે એ લોકોએ રોજ સવારે વજન કરાવવા માટે બાળકને લાવવું.

એ લોકો સંમત થયાં. પછી રોજ સવારે ખૂલતા ક્લિનિકે એ લોકો હાજર જ હોય. હું વજન કરું, જરૂરી તપાસ તેમજ નોંધ કરું પછી એ લોકો ઘરે જાય. બાળક ધાવણ બરાબર લેતું હતું. પણ ગમે તે હોય, મારો વજનકાંટો પણ આ બાળકને મૂકું ત્યારે હોકાયંત્રની માફક એક જ આંકડો બતાવે. ન તો પચાસ ગ્રામ વધે કે ન ઘટે. આમ ને આમ બાળકની ઉંમર ૩૫ દિવસની થઇ ગઇ. આટલા ૨૧ દિવસમાં બાળકનું વજન એક ગ્રામનો પણ વધારો નહોતું બતાવતું. ફરી એક વખત અમારા હૈયામાં ધ્રાસકો પડ્યો. બધી જ તપાસ, સોનોગ્રાફી વગેરે નોર્મલ આવતું હતું. બાળકની માતાને ધાવણ પણ પૂરતું આવતું હતું. કોઇ છૂપાયેલો રોગ તો નહીં હોય ને? અને ભગવાને બીજું કંઇ ધાર્યું નહીં હોય ને? એવી શંકાઓ વારંવાર થતી પણ બાળકના શરીરમાં કોઇ પણ જાતની વિકૃતિ ન જોતાં થોડીક ધરપત રહેતી.

છેક ૩૭મા દિવસે અમારા ક્લિનિકમાં સોનાનો સૂરજ ઊગ્યો હોય તેવું લાગ્યું. વજનકાંટાએ આટલા દિવસોમાં પ્રથમ વખત હોકાયંત્ર મટીને પોતાનો કાંટો આગળ ધપાવ્યો હતો. બાળકનું વજન ૮૦ ગ્રામ વધી ગયું હતું. અમે બધા ખૂબ જ ખુશ હતા. દાદીમા ખુશ હોય એમાં તો કાંઇ નવાઇ જ નહોતી. હવે તો દાદીમા એને કાનુડો કહીને બોલાવતાં.

ત્યારબાદ તો જાણે પાંજરામાં પુરાયેલા હરણને કોઇએ જંગલમાં અચાનક જ છૂટ્ટું ન મૂક્યું હોય તેમ એ બાળકનું વજન વધવા માંડ્યું હતું. એ છ મહિનાનો થયો ત્યારે તો કોઇ એમ ન કહી શકે આ બાળક અધૂરા મહિને જન્મેલ અત્યંત નબળું બાળક હશે!

બાળકની ઉંમર વધતી ગઇ. સમય સરકતો ગયો. હવે તો એને ફક્ત રસી મૂકાવવા માટે જ હોસ્પિટલ લવાતો. એને કૂદકા મારતો અને હસતો રમતો જોઇને અમે સૌ ખૂબ જ આનંદ અનુભવતા. ઓરીની રસી નવ મહિનાની ઉંમરે મૂકાવ્યા પછી છ મહિના પછી એને બીજી રસી એમ.એમ.આર.ની મૂકાવવા માટે લાવ્યા ત્યારે તો એ છોકરો ચાલતાં પણ શીખી ગયેલો. એ હવે થોડું થોડું બોલી પણ શકતો હતો. એક વખત જેનું વજન ૫૦ ગ્રામ પણ નહોતું વધતું એ બાળક, એક વખતનો એ નિઃસહાય બાળક, આ વખતે મારી ચેમ્બરમાં બધું ઊથલપાથલ કરી રહ્યો હતો. રસી આપ્યા બાદ થોડી આનંદની વાતો કરી સૌ છૂટા પડ્યા.

એમ.એમ.આર.ની રસી મૂકાવ્યાના લગભગ એકાદ મહિના પછીના બપોરનો દોઢ વાગ્યો હશે. મારા ફોનની ઘંટડી રણકી. હલ્લો કહેતાં જ મને ખ્યાલ આવી ગયો કે સામા છેડે પેલાં દાદીમા જ હતાં. એમનો અવાજ ફાટી ગયો હતો. કટકે કટકે માંડ માંડ એ બોલી શકતાં હતાં, **'સાહેબ! મુન્નો નહીં... આપણો મુન્નો!... આપણો કાનુડો! આપણો ભરાડી મુનિયો... આજે બપોરે બાથરૂમમાં...' એ આગળ ન બોલી શક્યાં.**

મેં ધ્રાસકા સાથે પૂછ્યું, 'શું બાથરૂમમાં?...'

'એ સાહેબ! આપણો કાનુડો... બાથરૂમમાં અર્ધીભરેલી ડોલમાં ડૂબીને ...ડૂબીને... ખલાસ થઇ ગયો...' એમણે ફોન મૂક્યો નહીં હોય પણ એમના હાથમાંથી ફોન પડી ગયો હશે. મને ત્યાં આજુબાજુમાં ચાલતી રડારોળ સ્પષ્ટ સંભળાતી હતી.

હું ન સમજાય તેવો વલોપાત અનુભવી રહ્યો. મને સખત આઘાત લાગ્યો. ટીપું ટીપું પાણી સીંચી રાત દિવસના ઉજાગરા વેઠી ઉછરેલા છોડવાને દાતરડીના એક જ ઝાટકે કોઇ કાપી નાખે અને માળીને જેવી વેદના થાય તેવી જ વેદના મને થતી હતી. દિવસોના સંઘર્ષ પછી પણ કાળ એને અમારી પાસેથી ઝૂંટવી જ ગયો હતો. એણે એનું કામ પાર પાડ્યું હતું. **આપણે બધા કાળની ગતિ પાસે કેવા લાચાર અને વામણા છીએ તેનો અહેસાસ મને થઇ રહ્યો હતો.** વારેઘડીએ મને મારું જ કહેલું વાક્ય યાદ આવતું હતું કે, 'ભગવાને જે ધાર્યું હોય તે જ થતું હોય છે!'

'હા વળી!' હું મનોમન બોલ્યો, 'ધાર્યું તો એનું જ થાય ને? આપણે વળી કોણ? અને આપણી તે શી વિસાત?'...

*લેખકના પુસ્તક : 'સાઇલન્સ પ્લીઝ!'માંથી સાભાર*

*નથી પાપ નથી પુણ્ય, નથી દુર્ગુણ, નથી સદ્‌ગુણ, જે છે-તે કેવળ અજ્ઞાન છે.*

# દુર્જન વિ. સજજન

• શાંતિલાલ સંઘવી •

જ્યારે આપણે સજજન અને દુર્જન-દુષ્ટ માણસ વિશે વાત કરતા હોઇએ છીએ ત્યારે દુષ્ટ માણસ તરીકે રાવણ તથા દુર્યોધનનાં નામ આપીએ છીએ. પણ હકીકતમાં રાવણ તથા દુર્યોધન કેટલા પ્રમાણમાં અને કેવા દુષ્ટ હતા તે તપાસનો વિષય છે. પ્રથમ આપણે રાવણને-વાલ્મીકિ રામાયણ અનુસાર તપાસીએ :-

રાવણની બહેન શૂર્પણખા રામ-લક્ષ્મણ પાસે ગઇ. મોહિત થઇ. બાકાયદા લગ્નની માગણી કરી. **કોઇપણ સ્ત્રી લગ્નની ઇચ્છા વ્યક્ત કરે તે કોઇપણ સંજોગોમાં સજાપાત્ર ગુનો બનતો નથી.** સમજાવીને ના પાડી શકાય. છતાં ન માને તો કાઢી મૂકી શકાય. પરંતુ કોઇ સ્ત્રીની હલકી મજાક - ''પ્રથમ રામ પાસે - પછી લક્ષ્મણ પાસે ફરી રામ પાસે જા'' આવી રીતે તેને અપમાનિત કરવી અને પછી એક નિર્દોષ સ્ત્રીના નાક કાન કાપી નાખવા એ ક્ષમા ન થઇ શકે એવો અપરાધ ગણાય. જગતની કોઇપણ સ્ત્રીને પૂછશો તો જવાબ મળશે કે કોઇપણ સ્ત્રીના નાક કાન કાપી નાખવા કરતાં તેને મારી નાખવી વધારે સારી.

પોતાની બહેનના કશા અપરાધ વગર આવી દશા કરનારને રાવણ જેવો શૂરવીર અને પ્રભાવશાળી રાજા ચૂપચાપ શાંત બેસી રહે અને બદલો ન લે એ શક્ય છે? રાવણની જગાએ આપણે હોઇએ તો શું કરીએ? જો સીતાનું હરણ કરી શકાય તો બન્ને ભાઇઓ અપમાનિત થાય અને તેમની નાલેશી થાય. કોઇ પોતાની પત્નીને ઊપાડી ગયું એ હકીકત તેમના માટે ડૂબી મરવા જેવી ગણાય. તેઓ અયોધ્યા પાછા જઇને પોતાની પ્રજાને મોઢું બતાવી શકે નહીં અને રાજા તરીકે ગેરલાયક ગણાય. રાવણના મત મુજબ આટલી સજા બન્ને ભાઇઓ માટે યોગ્ય ગણાય. આપણે એ યાદ રાખવું જોઇએ કે રાવણના રાજમાં લંકાની પ્રજા દુઃખી હતી અથવા એક પણ પ્રજાજન ભૂખ્યો સૂતો હતો એ મતલબનું એકાદ વાક્ય પણ વાલ્મીકિએ લખેલ નથી. જો રાવણ દુષ્ટ હોત તો પોતાની પ્રજાને લૂંટી લૂંટીને પોતાનો એકલાનો મહેલ જ સોનાનો બનાવ્યો હોત. તો આખી લંકા સોનાની ન હોત. જે પ્રકારે આપણા રાજકારણીઓએ પ્રજાને લૂંટી લૂંટીને પોતાનાં ઘર ભર્યાં છે અને અર્ધી પ્રજા ભૂખે મરે છે એ જ હાલત લંકાની પ્રજાની હોત. લંકાની પ્રજાને રાવણ સામે એકપણ ફરિયાદ ન હતી. પ્રજા બધી રીતે સુખી હતી. પોતાની બહેનની આવી દુર્દશા કરનારની પત્ની સીતા પ્રત્યે રાવણે કશો દુરાચાર કર્યો નથી. ઘણા માને છે કે સીતાના સત્‌ના કારણે રાવણ સીતાને સ્પર્શ કરી શકે એમ ન હતો તો એ માન્યતા પણ સાચી નથી કારણકે ખુદ વાલ્મીકિએ જ લખેલ છે કે સીતાનું હરણ કરતી વખતે રાવણે બન્ને હાથ વડે સીતાને ઊંચકીને, પકડીને, રથમાં નાખીને લઇ ગયો હતો અને પોતાના મૃત્યુની છેવટની ઘડી સુધી તેણે સીતાની મર્યાદા જાળવી હતી. બીજી પણ એક વાતની નોંધ લેવી જોઇએ. હનુમાને લંકામાં પ્રવેશ કર્યો ત્યારે મધ્યરાત્રિ હતી. તે સમયે સીતાને ક્યાં શોધવી? સીતા જરૂર રાવણના અંતઃપુરમાં હશે એમ ધારીને અદશ્યરૂપ લઇ હનુમાન રાવણના અંતપુરમાં પ્રવેશી એક એક સ્ત્રીને ધારી ધારીને જુએ છે. કોઇક તંદ્રિત, તો કોઇક અર્ધતંદ્રિત, કોઇ નિંદ્રિત, કોઇ અસ્ત વ્યસ્ત અવસ્થામાં પડેલી હોય છે. આમાં તો સીતા હોઇ શકે નહિ એમ ધારે છે. સીતાની શોધ પછી સમગ્ર ઘટનાનું રામ સમક્ષ વર્ણન કરતી વખતે હનુમાન રાવણના અંતઃપુરનું શૃંગારિક વર્ણન કરે છે અને રામના પ્રશ્નના જવાબમાં હનુમાન કહે છે કે ત્યાં એક પણ સ્ત્રીને મેં દુઃખી કે અસંતુષ્ટ ન જોઇ. કોઇ સ્ત્રીને રાવણ પરાણે લાવ્યો હોય કે બળાત્કાર ગુજાર્યો હોય એવું ન લાગ્યું. બધી સ્ત્રીઓ સ્વેચ્છાએ અને રાજીખુશીથી ત્યાં આવી હોય એમ લાગી. હવે કેમ કહી શકાય કે રાવણ દુષ્ટ હતો? **જ્યારે આખી લંકા સોનાની હતી એમ કહેતી વખતે આપણે એ પણ યાદ રાખવું જોઇએ કે અયોધ્યાની પ્રજાના કોઇના ઘર ઉપરનું નળિયું પણ સોનાનું ન હતું.**

અને દુર્યોધન ભલા કેટલો દુષ્ટ હતો? હસ્તિનાપુરની પ્રજાને દુર્યોધન સામે એક પણ ફરિયાદ ન હતી હસ્તિનાપુરની પ્રજા પણ સુખી હતી અને દુર્યોધને પણ પ્રજાને લૂંટી લૂંટીને પોતાનાં ઘરો ભર્યાં ન હતાં. ઉપરાંત દુર્યોધને કદી પણ એમ કહ્યું ન હતું કે તે તો માત્ર પ્રજાની સેવા કરવા માટે જ રાજગાદી ઇચ્છે છે. તેણે નિખાલસતાથી સ્પષ્ટ કહેલું કે પોતે રાજગાદી છોડવા માગતો નથી, એક તસુ ધરતી પણ કોઇને આપવા માગતો નથી, જેને જોઇએ તે લડીને લઇ લે. આ દુર્યોધન જાહેરમાં છડેચોક કહે છે કે **''ધર્મ એટલે શું એની મને ખબર છે પણ હું તે આચરી શકતો નથી અને અધર્મ એટલે શું એની પણ મને ખબર છે પણ હું તે છોડી શકતો નથી.''**

પોતાની નબળાઇ, પોતાની ખામીની આવી નિખાલસ કબૂલાત કરનાર છે બીજો કોઇ ઇતિહાસમાં? જગતની વચ્ચે ઊભીને આ પ્રમાણે પોતાની નબળાઇનો સ્વીકાર કરનાર - એકમાત્ર ગાંધીને બાદ કરતાં-બીજો કોઇ ઇતિહાસમાં પાક્યો નથી. દુર્યોધને કહ્યું જ નથી કે એ પોતે નિઃસ્વાર્થી અને સેવાભાવી છે. આપણે આપણા વર્તમાન રાજકારણીઓ સાથે દુર્યોધનને સરખાવીએ તો છે એવો કોઇ જે પોતાની લોભ-લાલસાની જાહેર નિખાલસ કબૂલાત કરી શકે?

આપણાં શાસ્ત્રોમાં જે ખૂબ ખરાબ વ્યક્તિ હોય એને 'રાક્ષસ'નું વિશેષણ લગાડવામાં આવતું. બધાં શાસ્ત્રોમાં જેટલા રાક્ષસોનું વર્ણન છે તેની કુલ્લે સંખ્યા ૫૦-૬૦ થી વધતી નથી.

*વિલંબ કરીએ તો કામ અઘરું બને. બહુ વિલંબ કરીએ તો કામ અશક્ય બને.*

આમાંનો ખરાબમાં ખરાબ, દુષ્ટમાં દુષ્ટ, રાક્ષસ પણ કદી ગરીબોને લૂંટતો નહીં અને ગરીબોને કદી હેરાન કરતો નહીં.

હવે કોઇ કહેશો કે ખરેખરા દુષ્ટ કોણ?

ખરેખરા રાક્ષસ કોણ?

રાક્ષસો લડતા તો દેવી દેવતાઓ સામે લડતા. ભલે લડે. એમાં આપણને જરાપણ વાંધો ન હોવો જોઇએ. કારણકે આજ દિવસ સુધીમાં એકેય દેવી દેવતાએ જગતમાં ગરીબોને કશી પણ મદદ કરી નથી. કદાચ એટલે જ ઇસ્લામે તમામ દેવી દેવતાઓને કાઢી મૂક્યા છે. મારી દૃષ્ટિએ એકમાત્ર કસોટી એ છે કે માણસ હોય, દેવ હોય, દેવી હોય કે ભગવાન હોય, જે દુ:ખીને કે ગરીબને મદદ ન કરે તે બધાજ - તમામ - નકામા છે. **જે દુ:ખીઓની અને ગરીબોની સેવા કરે છે તે જ સાચા દેવ અને એજ પ્રત્યક્ષ ભગવાન, બાકીના ખોટા.**

આ મારો અંગત મત છે. કોઇની શ્રદ્ધાને ઠેસ પહોંચાડવાનો હેતુ નથી. જે આત્માઓ મોક્ષવાસી છે, વૈકુંઠવાસી છે, બ્રહ્મલોકવાસી છે, સ્વર્ગલોકવાસી છે તેમની પાછળ સમય વેડફી નાખવાનો કશો જ અર્થ નથી પરંતુ જે લોકો આપણી આંખની સામે જીવતાં જીવ પોતાના માટે નહિ પણ બીજાના સુખને માટે ભેખ ધરીને કામ કરે છે એવા લોકોને યથાશક્તિ સાથ અને સહકાર આપવામાં આવે એ જ ખરો માર્ગ છે - એ જ ખરો ધર્મ છે. જે પરોક્ષ છે તેની પાછળ પરેશાન થવું અને જે પ્રત્યક્ષ છે તેની ઉપેક્ષા કરવી એ મૂર્ખતા છે.

અને આપણે ઉત્તમકક્ષાના કોઇ સજ્જનનું નામ લેવાનું હોય ત્યારે ધર્મરાજ યુધિષ્ઠિરનું નામ લઇએ છીએ. યુધિષ્ઠિરના કાર્યને પણ તપાસવાની જરૂર છે. તેને જુગારનું આમંત્રણ મળ્યું. આમંત્રણનો સ્વીકાર કર્યો. પ્રથમ દાવમાં જ ખબર પડી ગઇ કે શકુનિ ઇમાનદારીથી રમાડતો નથી ત્યારે જ તેણે રમતનો ત્યાગ કેમ ન કર્યો? છતાં જો રમવું જ હોય તો તટસ્થ નિર્ણાયક તરીકે ભીષ્મ કે વિદુરજીને રાખવાની માગણી કેમ ન કરી? જીવતા જાગતા મનુષ્ય જેવા પોતાના ભાઇઓને દાવમાં મૂકતાં પહેલાં ભાઇઓની સંમતિ લીધી હતી? ભાઇઓ એટલે રમવાની ચીજવસ્તુ? દ્રૌપદી તો તેની માત્ર ૨૦% પત્ની હતી. આખી દ્રૌપદીને દાવમાં મૂકવાનો એને અધિકાર હતો? છતાં જો પત્નીને ચીજવસ્તુ સમજવામાં આવતી હોય તો દ્રૌપદી સિવાય યુધિષ્ઠિરની પોતાની સુવાંગ બે પત્નીઓ — એક નામે દેવિકા અને બીજી નામે યૌધેયી ને દાવમાં કેમ ન મૂકી. પણ સહિયારી પત્નીને દાવમાં કેમ મૂકી? એકવાર નહીં પણ બબ્બે વાર આવો અનૈતિક જુગાર રમવાનું તેણે કેવી રીતે કબૂલ કર્યું? ખબર જ હતી કે આ એકપક્ષીય જુગાર છે અને બધા જ દાવમાં માત્ર હારવાનું જ છે છતાં રાજપાટ-ભાઇઓ અને સૌની સહિયારી પત્નીને દાવમાં મૂકનાર માણસને આપણે કેવી રીતે ધર્મરાજ કહી શકીએ? આજની કોઇપણ સામાન્યમાં સામાન્ય સ્ત્રીને પૂછી જોજો કે તે આવા અક્કલ વગરના માણસની પત્ની બનવાનું કબૂલ કરશે?

એક પ્રશ્ન મારે ન પૂછવો જોઇએ. કદાચ એ પ્રશ્ન સભ્યતાની મર્યાદા બહારનો ગણાય પણ સારા-નરસાની વ્યાખ્યા સ્પષ્ટ કરવા ખાતર પૂછવાનું મન થાય છે કે યુધિષ્ઠિરે પોતાની માતા કુંતીને પણ દાવમાં મૂકી હોત તો? છે જવાબ? જે માણસ પોતાના ભાઇને અને સંયુક્ત પત્નીને દાવમાં મૂકી શકે છે તે માણસ પોતાની મા કે બહેનને દાવમાં નહીં જ મૂકે એની શી ખાતરી?

જગતમાં કોણ સજ્જન કોણ દુર્જન? છતાં હજુ કોઇને એમ લાગતું હોય કે દુર્યોધન મહાદુષ્ટ હતો તો આ હકીકત પર પણ ધ્યાન આપો. મહાભારતનું યુદ્ધ સમાપ્ત થઇ ચૂક્યું છે - દુર્યોધન સિવાયના તમામ કૌરવો મૃત્યુ પામ્યા છે. પાંડવો વિજયી બની ચૂક્યા છે. ત્યારે પાંડવોને ખબર પડે છે કે દુર્યોધન એક સરોવરના જળ નીચે છુપાયો છે. પાંડવો ત્યાં જઇને દુર્યોધનને બહાર આવવા લલકારે છે અને મૂર્ખ યુધિષ્ઠિર પડકાર કરે છે કે ‘‘બહાર આવી અમારા પાંચમાંથી કોઇપણ એક સાથે દ્વંદ્વ યુદ્ધ કર. જો તું તેમાં જીતીશ તો વિજય તારો. અને તું જ હસ્તિનાપુરનો સમ્રાટ, અમે હાર્યા ગણાઇશું.’’

કૃષ્ણ આ સાંભળી કપાળ કૂટે છે. તમામ મહેનત અને લાખો લોકોનાં બલિદાન પર પાણી ફરી વળે એવી વાત યુધિષ્ઠિરે કરી. પણ દુર્યોધનની સજ્જનતા-ખેલદિલી જૂઓ કે તેણે પોતાના બરોબરિયા ભીમ સાથે લડવાનું જણાવ્યું. જો તેણે બીજા ચાર પાંડવમાંથી ગમે તે એક સાથે ગદા યુદ્ધ કરવાનું જણાવ્યું હોત તો તત્ક્ષણ તે પાંડવનો પરાજય થાત અને દુર્યોધન સરળતાથી વિજયી બનીને સમ્રાટ બની શકત અને પાંડવો વનમાં જિંદગી આખી ભટક્યા કરત. ભીમ સિવાય કોઇ પાંડવ ગદાયુદ્ધના નિષ્ણાત ન હતા. ભીમ અને દુર્યોધન બન્ને બલરામના શિષ્ય.

ભીમ અને દુર્યોધન વચ્ચે ગદાયુદ્ધ શરૂ થયું. ભીમ પાસે બળ હતું તો દુર્યોધન પાસે બળ અને કળ બન્ને હતાં. કૃષ્ણે જોયું કે ભીમ જીતી નહિ શકે. આથી યુદ્ધનો નિયમ Hit not below the Beltનો ભંગ કરીને કૃષ્ણનો ઇશારો સમજીને ભીમે દુર્યોધનની જાંઘ પર પ્રહાર કરીને દુર્યોધનને હરાવ્યો. જો તે વખતે દુર્યોધને મોકો ઝડપીને ભીમ સિવાયના બીજા કોઇ પાંડવ સાથે યુદ્ધ કર્યું હોત તો? હવે કોણ કહી શકે કે દુર્યોધન મહાદુષ્ટ હતો?

હકીકતમાં મને નથી વાંધો યુધિષ્ઠિર સામે કે નથી વાંધો દુર્યોધન સામે. નથી વાંધો રામ સામે કે નથી વાંધો રાવણ સામે. આ સમગ્ર લખાણ પાછળનો મારો હેતુ એ છે કે **સજ્જન અને દુર્જનની વ્યાખ્યા હવે બદલવી જોઇએ.** કહેવાનું માત્ર એટલું જ છે કે જે માણસ ગરીબોને લૂંટે છે અને ગરીબોનાં લોહી ચૂસે છે તે દુર્જન અને જે ગરીબો અને દુ:ખીઓની યથાશક્તિ સેવા કરે છે - મદદ કરે છે તે સજ્જન.

મારો ઇરાદો કોઇને સારા કે ખરાબ સાબિત કરવાનો નથી પણ તટસ્થ મૂલ્યાંકન કરવાનો છે. બધા લોકો એક જ રીતે વિચારે તો કશું જ નવું બહાર ન આવે. પરંતુ જો જુદા જુદા લોકો જુદી જુદી રીતે વિચારે તો જરૂર કાંઇક નવું બહાર આવે.

રામાયણના વિષયમાં જે લખેલું છે તે વાલ્મીકિ રામાયણના આધારે છે. તુલસીદાસ રચિત માનસ રામાયણની વિગતો જરા જુદી છે.

**કોઇને પણ સર્વાંશે સજ્જન અથવા સર્વાંશે દુર્જન માની લેવામાં વિવેકનો અભાવ છે. દરેકનું સ્વતંત્ર મૂલ્યાંકન થવું જોઇએ.**

*આર.એચ.-૨, પુણ્યશ્રી એપાર્ટમેન્ટ,*
*કાશીરામ અગ્રવાલ હોલની પાસે,*
*અમદાવાદ-૩૮૦ ૦૧૫. ફોન : ૨૬૩૦૧૨૨૯*

*જીવનને બદલવાની જરૂર નથી, જરૂર છે કેવળ આપણો અભિગમ બદલવાની.*

# જૂનું ઘર ખાલી કરતાં

• ડૉ. કેશુભાઈ દેસાઈ •

આખરે એક દિવસ તો સેક્ટર-૯ છૂટવાનું જ હતું. મારે ન છોડવું હોય એથી શું? આ તો સરકારી મકાન. એ તમને છોડી દેતાં લગાર જેટલી શરમ ન ભરે. હોદ્દો ગયો કે માણસ કોડીનો. મડદાની જેમ એનો નિકાલ કરે ત્યારે જ એને જંપ વળે. જો કે મારો હોદ્દો હજી ચાલુ છે, એટલે હાલ પૂરતો મારો હાથ ઉપર છે. મકાન મેં છોડ્યું છે, મને મકાને જાકારો નથી આપ્યો. વધુ સારી જગ્યાએ વધારે મોટું મકાન ફાળવાયું એટલે મેં નાછૂટકે એ સ્વીકાર્યું છે. મોભાનો સવાલ હતો! આવડો મોટો માણસ થઈને હું ઓગણીસ ને બદલે નવના જંગલમાં સબડ્યા કરું એ ઘણા શુભેચ્છકોને કઠતું હતું. ખાસ તો મુખ્યમંત્રીના સચિવાલયમાં કાર્યરત અધિકારીઓને! મારું અને મુખ્યમંત્રીનું નામ મળતું આવતું હોવાથી એ બધા મારી વિશેષ દરકાર રાખતા હોવા જોઈએ! ઓગણીસમાં મારા લાયક મકાન ખાલી થાય એની જ રાહ જોતા હશે. એમને એમ બે વરસ તો પૂરાં થઈ ગયાં. હવે તો હોદ્દાની મુદત પણ કેટલી બચી હશે? એટલે એમને પણ મારા જેવા 'સારા' માણસને સમયસર 'ઑબ્લાઈજ' કરવાની ઉતાવળ હોય જ. કાલે કોઈને ટકોર કરવાની તક ન મળે! મને તો નવનું મકાન ગોઠી ગયું હતું. (કારણ કે હું તો મૂળભૂત રીતે જંગલનો જ જીવ છું.) મારી નવલકથાઓનાં નામ જુઓ : 'વન વનનાં પારેવાં', 'જોબનવન', હૃદયકથાઓ લખી તેય 'વનરાવન' શીર્ષક હેઠળ. વાંધો ઘરવાળાંને હતો. સામે જંગલ હતું. સ્ટ્રીટ લાઈટ મોટે ભાગે બંધ જ રહેતી. એટલે રાત્રે બધું ભેંકાર લાગતું. અંધારામાં સુંદરતા શોધતી મારી આંખ એવા ભયને થોડી ગણકારે? પણ ભદ્ર મહિલાને આપણે આવાં કવિત્વમય બહાનાં ગળે ઉતારવાની ફરજ તો ન જ પાડી શકીએ. અધૂરામાં પૂરું એ મકાનમાં રહેવા આવ્યાં, ત્યારે પાછળના વાડામાં કોડિયાં જ કોડિયાં રઝળતાં મળેલાં. નાડાછડીના વીંટા, નારિયેળ, કંકુપડા, ચુંદડી.... કોઈ નબળી છાતીનો માણસ હોય તો વહેમાઈ જ જાય. ઉચ્ચ અધિકારીઓ ઊંચી ગુણવત્તા સાથે સ્પર્ધાત્મક પરીક્ષાઓ પસાર કરીને ઊંચી પદવીઓ મેળવી લે એથી કંઈ 'રેશનલ' થોડા બની જાય છે? અગાઉ કોઈ જંગલ ખાતાના વરિષ્ઠ અમલદાર રહેતા હતા. એ પછી કોઈ કેન્દ્ર સરકારના અધિકારીને આ મકાન ફાળવાયેલું. સેક્ટર-૯ જેને મળ્યું એને ગમે તેવી રજવાડી સવલતો મળતી હશે તો ય બીજે નહીં ફાવે. આવો પ્રકૃતિવૈભવ બીજે ક્યાંય કલ્પી જ ન શકાય. ઘટાટોપ વનરાજિ. વૃક્ષો જ વૃક્ષો. ગરમાળો ઋતુમાં આવે છે, ત્યારે આખું સેક્ટર સોનાની લંકા બની જાય છે. સાબરનાં કોતરોમાં રઝળતાં રોઝડાં અહીં નિયમિત રીતે ભૂલાં પડે છે. આખા ગાંધીનગરના મોર 'નવ'માં રહે છે. સરિસૃપો સાથે દોસ્તી ન રાખી શકે એ સેક્ટર-૯માં એક દિવસ પણ ટકી ન શકે. ઝેરી અને બિનઝેરી - બધી જ જાતનાં એરુ અહીં સંપીને રહે છે! **બંગલામાં રહેનારા સાહેબો બદલાતા રહે છે, પણ એમનો કબજો આજીવન કે આમરણ પ્રકારનો ગણાય એવો છે!** સાપને મારવા કરતાં એની બીક છોડી દેવામાં વધારે સલામતી છે. શ્રીમતીજી નાગદેવતાને નૈવેદ્ય ધરીને માનસિક રાહત મેળવી લેતાં : એમનું સામ્રાજ્ય છે. ભલેને ચોકી કરતા ફરે. આપણે એમને ન સતાવીએ તો એ આપણને શું કામ નડે? નાગદેવતાનો દીવ ભરીને એ નિશ્ચિંત બની જતાં. એમ તો એમને પેલા રૂપના અઢળક અંબાર જેવા મોર પણ ક્યાં નહોતા ગમતા? રોજ સવારે પાંચ વાગ્યે જાગીને એ મોરલાઓને ચણ નાખતાં. બરાબર તાકડે તાકડો સાધીને સામેના બંગલાવાળો ટોની હાજર થઈ જતો. શરૂઆતના દિવસોમાં ભયંકર લાગતો ડીઆઈજીનો ડૉબરમેન પાછળથી જાણે ફેમિલી મેમ્બર બની ગયો હતો. એના માલિક કરતાં એને મારી સાથે વધારે દોસ્તી બંધાઈ ગઈ હતી. અમારું ઘર એ એનું પોતાનું ઘર હતું. ડીઆઈજીના દરવાજાની અંદર પગ નહીં મૂકનાર ટોની આરામથી અમારા બેડરૂમ અને રસોડામાં ફરતો થઈ ગયો હતો. ગળપણનો એવો શોખીન કે રોટલી નાખો તો સૂંઘવાનીય તસ્દી ન લે. સગાંવહાલાંએ અવસર પ્રસંગે મોકલાવેલા લાડુ અને મીઠાઈ અમે એને માટે અનામત રાખતાં. એવો જીભનો ચટૂકો થઈ ગયો હતો કે જે દિવસે મીઠાઈ ન મળે એ દિવસે નવી વહુની જેમ રૂસણે બેસી જતો. છેવટે એને પારલેનાં બિસ્કિટ આપીએ ત્યારે મનાય.

'નવ' છૂટતાં એ બધી માયા પણ છોડવી પડશે. સામાન ભરાતો હતો ત્યારે સાંકળે બંધાયેલો ટોની જોર જોરથી ઘુરકિયાં કરી રહ્યો હતો. આખું ઘર ઉચાળા ભરી ગયું એની તો એને પાછળથી સમજ પડી હશે. એ વખતે એ જરૂર ઉદાસ થઈ ગયો હશે. એને 'આવજે!' કહેવા જેટલી હિંમત અમારામાં નહોતી બચી. કદાચ બહુ ગુસ્સે થઈ જાય તો બચકુંયે ભરી લે. આખો દિવસ સામાનની હેરફેરમાં ગયો. ઓગણીસવાળું મકાન ખરેખર વધુ સગવડવાળું છે. પણ અહીં પેલા મોર ક્યાં જોવા મળવાના? સવારે ઘરનું બારણું ઊઘડવાની રાહ જોતો ટોની ક્યાંથી લાવશું?

*કાળો રંગ અશુભ મનાય છે, પરંતુ બ્લેક બોર્ડ વિદ્યાર્થીઓને બ્રાઈટ બનાવે છે.*

અહીં ઊંચાં આભ આંબતાં ચિનાર અને નીલગીરી છે. ત્યાં નહોતાં એવાં આસોપાલવ છે. બગીચો છે, ફૂલ છોડ છે. ચોવીસ કલાકનું પાણી છે. 'નવ' વાળા મકાનમાં નહોતી એવી સર્વન્ટ્સ ક્વાર્ટર્સની અને માળીની સગવડ છે. સામે જ પૂછપરછ કચેરી છે. ટેલિફોન કરતાંની સાથે કારીગરો અને કર્મચારીઓનું ધાડું હાજર થઇ જાય છે. ખરેખર જેમને વીઆઇપી ગણીને આપણે સલામત અંતર રાખતા ફરીએ છીએ એવા માથા ફરેલ માણસો અહીં રહે છે! અહીં રહેનારા ક્યારેક સરકારના ઊંચામાં ઊંચા હોદ્દા પર રહી ચૂક્યા છે અથવા આવનારા દિવસોમાં એવાં પદો પર પહોંચવાની રેસમાં છે. **મને આવા ખતરનાક માણસો વચ્ચે રહેવા કરતાં પેલાં વૃક્ષો અને પશુપંખીઓ સાથે રહેવું વધારે ગમે.** એ બધા કૃત્રિમ જિંદગી જીવે છે. ઠાઠમાઠ વગર એ સાવ પાંગળા લાગે. હું તો પ્રાકૃત માનવી છું. બહારના ઠાઠ કરતાં અંદરના વૈભવનો જ મહિમા કરનારો માણસ. એટલે જ મને મોટા કે સગવડવાળા મકાનમાં આવવાનો મોહ નહોતો. આ તો ઘરવાળાંને એકલું એકલું લાગતું હતું. વાહન વ્યવહાર અને સમાજ વ્યવહાર - બેઉ મુદ્દે એ જૂનું રહેઠાણ ઊણું વરતાતું હતું. એથી નવા લેબાસમાં એ તરત જ ગોઠવાઇ ગયાં. આમેય ગૃહિણીને બીજું શું જોઇએ? એમને બજાર થોડું નજીક હોય તે ગમે. 'નવ'માં એની પણ મોટી તકલીફ હતી. અહીં એ પ્રશ્ન ઊકલી જાય છે. એકવીસના ડિસ્ટ્રિક્ટ શોપિંગમાં ચાલતા જઇ શકાય.

પણ પેલું સરિતા ઉદ્યાન છેટે પડી ગયું એનું કંઇ જ નહીં? સંસ્કૃતિ કુંજ, પ્રકૃતિ ઉદ્યાન... 'નવ' ને એની આગવી ઓળખ હતી. ઓગણીસ તો અધિકારીઓની વસાહત છે. 'નવ' એરફોર્સના જવાનોની નગરી હતી. એથીય વિશેષ સરિસૃપોનું, વૃક્ષોનું, મોર અને વાંદરાનું સેક્ટર હતું. કૂતરાં તો અહીં પણ છે. પણ લાડકો ટોની ક્યાં મળવાનો? પેલી શર્માજીવાળી એલિસ હવે મોર્નિંગ વોકમાં સામી નહીં મળે. વહેલી સવારે હાજર થઇ જતા સૌંદર્યના અને સરસ્વતીના પ્રતીક સમા પરોણા બિચારા ડોક લાંબી કરી કરીને ચણ શોધતા ફરશે. થાકીને માણસ જાત પર મૂકેલા ભરોસાનો અંત આણશે. શાપ નહીં આપે તોય નિઃસાસો તો નાખશે જ. મોરના નિઃસાસા તો ગમે તેમ તોય નરના નિઃસાસા ગણાય. પેલી ગાભણી ઢેલો નિઃસાસા નાખશે, એનું પાપ કોણ ભોગવશે? એથીય વધારે ચિંતા ઉપરના કોમ્પ્યુટરખંડની અધખૂલી બારી પાસે ચકલીએ બાંધેલા માળાની છે. **ઘર છોડ્યું તે દિવસે જ ઇંડાના દરવાજા તોડી તોડીને બહાર ડોકાયેલાં ચીંચીં કરતાં બચ્ચાંની ફરિયાદ કાને પડી હતી.** નવા નિવાસી સાફસૂફીના નામે આ કુમળી જિંદગીઓના યોગક્ષેમનો વિચાર કરવાની તસ્દી લેશે ખરા? તેમને પાંખો ફૂટે ત્યાં સુધી પણ રાહ જુએ તો એ 'સાહેબ' શાના? એવું તો કદાચ ગામડિયો માણસ જ વિચારી શકે. વીઆઇપી બન્યા પછી તો મગજ પણ પ્રૉટોકૉલ મુજબ જ ચાલતું હોય છે!

*૧૩, ઐશ્વર્ય-૧, પ્લોટ નં.-૧૩૨,*
*સેક્ટર-૧૯, ગાંધીનગર-૩૮૨ ૦૨૧.*

# 'કાળી કાળી વાદળીમાં વીજળી ઝબુકે'

• ડૉ. ગિરીશ વીછીવોરા •

ગોરંભાયેલું આકાશ. કાળું ડિબાંગ, બલાહક, ઘટ્ટ ને ઘનઘોર. વર્ષા પડું પડું થઇ રહી છે. વાદળાં એટલાં નીચાં આવી ગયાં છે કે એમની હલચલ ને કોલાહલ નરી આંખે જોઇ શકાય. મોટા સેનાપતિઓ ને એમની સેના મોરચે સજ્જ ધજ્જ થઇ ઊભી છે. રણભેરી સંભળાય છે. સંગ્રામ હજી શરૂ નથી થયો. ત્યાં આભાસી સ્થિરતા છે. એમની નીચે નાના નાના વાદળિયા અહીં તહીં દોડાદોડ કરતા દેખાય છે. કોણ જાણે પેલા મોટા સેનાપતિઓના કાસદ હોય. ગગનનું અવગાહન થયું છે. બાર ફૂટ ઊંચાઇવાળી છતમાં રહેતા ભાડૂતને એકાએક નવ ફૂટની નીચાઇવાળી છતવાળા કબૂતરખાનામાં રહેવાનું આવે, આજુબાજુની દુનિયા સાવ સંકોરાઇ જાય ને તે ગુંગળાઈ ઊઠે, તેવું જ નજર પહોંચે ત્યાં સુધીના આખા પરગણામાં થયેલું દેખાય. ધોળા દિવસે આભાસી અંધકાર ઊભો થયો છે. એ અંધકારને પળવાર ઉલેચતા વીજળીના લિસોટા રોકેટની જેમ સડસડાટ પસાર થતા રહે છે. ક્ષણભરના પ્રકાશના શેરડામાં વાદળાનાં કટકની ઝાંખી થાય છે. કેવી છે એ મેઘગર્જના? એવી છે એની શક્તિ કે નરસિંહ મહેતાએ એનું વર્ણન કેવું સચોટ, ટૂંકું ને ટચ કર્યું છે. 'સહસ્ત્ર ફેણાં ફૂંફવે, જેમ ગગન ગાજે હાથિયો.' કવિએ દ્રુત લયમાં ઉપાડી ખેડૂતની બોલીમાં કહી દીધું, 'જયમ ગગન ગાજે હાથિયો - હસ્ત નક્ષત્ર'.

વાતાવરણ બંધિયાર થઇ ગયું છે. બધું શુષ્ક ભાસે છે. પ્રકૃતિનાં સર્વ ઘટક, પ્રાણીસૃષ્ટિ ને વન્યસૃષ્ટિ ચૂપચાપ સ્થિર રહી, વિસ્મિત નયને એ બધું જોઇ રહ્યાં છે. એમની આતુરતા એમની નજરમાં ખડી છે. **સાથે આશા પણ એક ખૂણામાં છતી થયેલી દેખાય છે. બંધિયાર વાતાવરણની સ્થિરતા અને ગંભીરતા ગજબની ગહનતા ઊભી કરે છે.** એ બધું પ્રકૃતિના શાશ્વત નિયમસર છે. બંધિયાર વાતાવરણમાં બધી શક્તિ બંધાયેલી રહે છે. બધું મૂંઝાયેલું રહે છે. પ્રકૃતિના કોઇપણ ઘટકને લઇએ — પછી એ ખડક, ધાતુ, લાકડું કે માટી હોય, એમાં હલચલ ને જીવન છે. એમનાં ઇલેક્ટ્રોનની હલનચલન એના ન્યુક્લિયસની આજુબાજુ થતી રહે છે. એમના પર લદાયેલા બંધિયારપણાથી આ હલચલ ઊભી થાય છે. હલચલમાંથી શક્તિ જન્મે છે. જેમ બંધન વધારે, તેમ વધુ દોડાદોડ ને વધુ શક્તિ. એ શક્તિનું સમયાંતરે રૂપાંતર ગુસ્સામાં પણ થાય. લોકશાહીમાં વાણી સ્વાતંત્ર્ય હોય, જનતા પોતાના વિચારનું વહન કરી શકે. બંધિયારપણું ન હોય. ગુસ્સો દબાયેલો ન રહે. આપખુદશાહીમાં જનતાની અવ્યક્ત લાગણી છેવટે વિપ્લવમાં પરિણમે છે. તેવું જ પ્રકૃતિમાં થાય છે. પ્રકૃતિ જ્યારે ઉન્માદમાં જાય છે, એની શક્તિનો વિસ્ફોટ થાય છે, ત્યારે તાંડવ જન્મે છે જે શિવના તાંડવ નૃત્ય જેવું હોય છે.

વીજળી ને મેઘગર્જના, એમાંથી જન્મતો ઉન્માદ, ઉચાટ ને ઉત્સુકતા પક્ષી, પ્રાણીને વિહ્વળ બનાવી દે છે. બધા આતુરતાથી વર્ષાની વાટ જોતા ગગન પર મીટ માંડી બેઠા છે.

મોર ચંચળ પક્ષી છે. મેઘગર્જના સાંભળી ચમકી જાય ને સહજ રીતે એનો ટહુકાર મહોરી ઊઠે. મોર ડુંગરાળ પ્રદેશમાં કોઇ ખડક પર યા એની બખોલમાં આશ્રય લે. કલાપીનો કેકારવ આનંદનો પણ હોય ને અચરજનો પણ હોય! એકંદરે શાંતિપ્રિય પક્ષી. વિચરે વનમાં ને વસતિમાં પણ એનો સ્થાયીભાવ માણસથી થોડા છેટે રહેવાનો. એનો ટહુકો કાવ્યમય. ટહુકામાં ચમત્કૃતિ ને જરાક ગભરાટ. ક્યારેક ગભરાટમાં અહીં તહીં દોડાદોડ પણ કરે ત્યારે ગમાર ગામડિયો લાગે. મોરનું દોડવું અણઘડ. ચિત્તા, વાઘ, હરણ જેવું કાવ્યમય નહિ. એનું કારણ છે — બે જ પગ, કાયા લાંબી, આડું ગજું નહિ ને ભાથાના તીરની જેમ પીછાંનો મોટો જથ્થો. એને બધું સંભાળવું. મેઘગર્જના સાંભળી દૂર ગયેલાં પક્ષીઓ પોતાના માળા તરફ પાછાં વળે છે. વરસાદનો અણસાર એમને આવી ગયો હોય છે. ગોરંભાયેલા આકાશ નીચે વિચરતાં પક્ષીઓ એક નવીનક્કોર ભાત ઉપસાવે છે. પ્રાણીઓ ગુફા જેવા સ્થાનમાં આશ્રય લે છે.

*'કાળી કાળી વાદળીમાં, વીજળી ઝબુકે,*
*કાળુડો ઘનઘોર, ડુંગરમાં બોલે છે મોર.'*

આ પંક્તિઓ સીમમાં ફરતાં ફરતાં ગાઇએ ત્યારે એનો અનેરો ઉઠાવ આવે છે. જાણે પ્રકૃતિએ જેની માંડણી કરી છે ને જે આપણી નજર સમક્ષ છે તેને જ આપણે આપણી ઊર્મિ દ્વારા વહાવીએ છીએ. ફળસ્વરૂપે આ ગાતાં ગાતાં કુદરત સાથે એકરૂપ થઇ જઇએ છીએ. વરસાદ પડું પડું થઇ રહ્યો હોય ત્યારની સૃષ્ટિની હાલત આ કંડિકામાં આબાદ ઝીલાઇ છે. આવી ઊર્મિસભર કંડિકા ગાતાં ગાતાં, ફરતાં ફરતાં વરસાદ પડવો શરૂ થયો કે કોઇનું શરણ કે ઓથ સ્વીકારવાનું મન નથી થતું. ભીંજાઓ, લથબથ થાઓ, નાચો, કૂદો ગાઓ પ્રકૃતિમય બની જાઓ. હરભાષામાં આવા, આ ટાણા માટેનાં ઊર્મિ ગીતો છે.

*'દુઃખ ભરે દિન બીતે રે ભૈયા,*
*અબ સુખ આયો રે,*
*અબ જીવનમેં નયા રંગ લાયો રે.'*

પદ્ય ગેપમાં ઊતરે, સહજ રીતે ગાઇ શકાય એવું સરળ ને પ્રવાહી હોય એ બહુ જ

(અનુસંધાન : જુઓ પાના નં.-૪૫ ઉપર)

*એકવાર જેણે વિશ્વાસઘાત કર્યો હોય તેનો કદી પણ વિશ્વાસ ન કરવો.*

# સિલેક્ટિવ મોરાલિટી

• મુરજી ગડા •

લેખનું શીર્ષક એક જાણીતી અંગ્રેજી ઉક્તિ છે. એનો ભાવાર્થ થાય છે, "પોતાને ફાવતી નૈતિકતા, કે "સગવડિયો ધર્મ".

થોડા સમય પહેલાં એક નૈતિક કોયડો વાંચ્યો હતો તે અહીં પ્રસ્તુત છે. એ કોયડામાં વર્ણવાયેલ શક્યતાને નજરઅંદાજ કરી આપણે માત્ર એના સંદેશને સમજીએ.

બીજા વિશ્વયુદ્ધ દરમિયાન સમાધાનની શક્યતા ઊભી થઇ છે. દુનિયાના બધાએ મત આપવાનો છે અને ત્રણ ઉમેદવારોમાંથી કોઇ એકને નવી દુનિયાનો નેતા ચૂંટવાનો છે.

પહેલો ઉમેદવાર કપટી રાજકારણીઓ સાથે ભળેલો છે. એની બે રખાતો છે. એ દારૂ પીવે છે, સિગરેટ ફૂંકે છે અને માંસાહારી છે.

બીજો ઉમેદવાર યુવાનીમાં કેફી દ્રવ્યોનો નશો કરતો હતો. એને બે વખત સત્તા છોડવી પડી હતી. એ આખી રાત જાગી બપોર સુધી સૂતો રહે છે. રોજ દારૂની આખી બોટલ ખાલી કરે છે, સતત સીગાર ફૂંકે છે અને માંસાહારી પણ છે.

ત્રીજો ઉમેદવાર સન્માનિત યુદ્ધ વિજેતા છે. એ શાકાહારી છે, દારૂ કે સિગરેટ પીતો નથી. એનો માત્ર એકજ સ્ત્રી સાથે સંબંધ છે.

આપ કોને દુનિયાના નેતા તરીકે પસંદ કરશો?

જેમણે ત્રીજા ઉમેદવારની પસંદગી કરી હોય એમણે એડોલ્ફ હિટલરના હાથમાં દુનિયા સોંપી દીધી કહેવાય. પહેલા ઉમેદવાર ત્યારના અમેરિકન પ્રમુખ ફ્રેન્કલિન રૂઝવેલ્ટ હતા અને બીજા ઉમેદવાર બ્રિટનના તત્કાલીન વડાપ્રધાન વિન્સ્ટન ચર્ચિલ હતા.

બીજા વિશ્વયુદ્ધમાં જો નાઝી જર્મનીની જીત થઇ હોત તો આજે આપણે સાવ અલગ પ્રકારની દુનિયામાં જીવતા હોત. રૂઝવેલ્ટ અને ચર્ચિલે ઇતિહાસની દિશા બદલી છે. જેમને બીજા વિશ્વ યુદ્ધ સમયના રાજકારણ અને ઇતિહાસની જાણ હોય તેઓ આ કોયડાનો મર્મ સારી રીતે સમજી ગયા હશે. ન સમજ્યા હોય તેઓ આ લેખના અંતે સમજશે.

★

પૂરી દુનિયામાં સબળો વર્ગ આદિકાળથી નબળા વર્ગનું શોષણ કરતો આવ્યો છે. ભારતીય સમાજ વ્યવસ્થામાં આનો સૌથી હીન દાખલો આભડછેટનો/અસ્પૃશ્યતાનો છે. એને નિવારવાના પ્રયાસ અવારનવાર થતા આવ્યા છે. કોઇપણ વ્યક્તિના પ્રયત્નો કરતાં શહેરીકરણને લીધે એ દિશામાં ઘણી પ્રગતિ થઇ છે. જોકે ગામડાંઓમાં હજી સારા પ્રમાણમાં આભડછેટ મોજૂદ છે.

આભડછેટમાં માનનાર અને જાહેરમાં સ્વીકારનારની વાત આપણે નથી કરવી બલકે જાહેરમાં આભડછેટને વખોડનારા વર્ગની આપણે વાત કરવી છે. આ વર્ગના વિચારોની વિશાળતા, મનની ઉદારતા, વ્યક્તિગત અને સામાજિક સ્તરે કેટલે સુધી લઇ જવાઇ છે તેમજ લઇ જઇ શકાય છે એ ચર્ચવાનો આ લેખનો ઉદ્દેશ છે.

આભડછેટ ન રાખવી એ "સર્વ માનવ સમભાવ" અને "સંપૂર્ણ માનવીય ગૌરવ" જેવા ઉમદા આદર્શની દિશામાં લીધેલું ઉત્તમ પગલું છે. આભડછેટના ઉદાહરણથી લખાયેલ આ લેખ માત્ર હરિજનો સંબંધી નથી. અન્ય જાતીય, અન્ય ધર્મીય તેમજ જનસામાન્ય દ્વારા સર્વત્ર અવગણાયેલ, તરછોડાયેલ લઘુમતીને પણ લાગુ પડે છે.

હરિજન કે પરધર્મીની આભડછેટ ન રાખતાં એમને ઘરની અંદર આવવા દેવા, એમની પાસે ઘરનું કામ કરાવવું વગેરે આપણી જરૂરિયાત મુજબ કરેલી બાંધછોડ છે. એમાં એમની ઉપયોગિતા સ્વીકારી છે. એને આપણા વિચારો કે વર્તનની ઉદારતા કહેવું વધારે પડતું ગણાશે. એનાથી એમની ગરિમા નથી જળવાતી. બહુ બહુ તો એમના પ્રત્યે સહાનુભૂતિ બતાવાઇ ગણી શકાય.

આપણા સામાજિક અને ધાર્મિક પ્રસંગોએ એમને આમંત્રણ આપી એમની સાથે એકજ પતંગમાં બેસી જમવામાં એમનું ગૌરવ જળવાય છે. આ આપણી જરૂરિયાત નહીં પણ મનની મોટાઇ છે, એમની પ્રત્યે સદ્‌ભાવ છે. **"સર્વ માનવ સમભાવ"ની દિશામાં લીધેલું આ પહેલું પગથિયું છે. વિચાર અને આચારની આવી ઉદારતા દાખવનાર અભિનંદનને પાત્ર છે.**

આપણને આમંત્રણ મળે તો તે સ્વીકારી દલિતોના સામાજિક / ધાર્મિક પ્રસંગોએ **એમની સાથે બેસી એમનું (શાકાહારી) ભોજન લેવું તે બીજું પગથિયું બને.**

આ બે પગથિયાં અગત્યનાં અને અઘરાં હોવા છતાં અંતિમ ધ્યેયથી ઘણાં દૂર છે. આટલું કરનારને અભિનંદન તો ખરા, સાથે સાથે એ માટે પોતાની પીઠ થાબડનારાઓ માટે થોડા ધારદાર પ્રશ્નો આગળ આવે છે. અત્યાર સુધીના વિચાર અને આચાર જાહેર અને સામાજિક થયા. અંગત સંબંધથી તે ઘણા અલગ છે.

કોઇ દલિત સ્વચ્છ હોય, સંસ્કારી હોય, એની સાથે આપણો વર્ષો જૂનો સંબંધ હોય, **આપણા કુટુંબીજનોની માનમર્યાદા જાળવતો હોય તો એને આમંત્રણ આપી, આપણા ઘરમાં સાથે બેસી ભોજન લેવું એ ત્રીજું પગથિયું ગણાય.**

આપણને આમંત્રણ મળે તો આ જ પ્રમાણે એમના ઘરે જઇ એમની સાથે એમનું શાકાહારી ભોજન લેવું તે ચોથું પગથિયું

*જ્યાં પરિશ્રમ થાકી જાય છે, બુદ્ધિ કામ નથી કરતી ત્યાંથીજ પ્રારબ્ધ શરૂ થાય છે.*

ગણાય. આ આપસી વ્યવહાર જો સહકુટુંબ કરવામાં આવે તો એ પાંચમું પગથિયું ગણાય અને સાથે પગથાર પણ બની જાય. (પગથાર (લોન્ડિંગ) એવું મોટું પહોળું પગથિયું છે જ્યાંથી સામાન્ય રીતે દાદરની દિશા બદલાતી હોય છે.)

સર્વ માનવ સમાનના આદર્શની નજીક પહોંચવું હોય તો આપણે હવે દિશા બદલવાની જરૂર છે. હવેનાં પગથિયાં ઘણાં ઊંચાં છે અને ચઢાણ કપરાં છે.

અન્ય ઘણી જ્ઞાતિઓ સાથે આપણો ''રોટી વ્યવહાર'' હોય છે પણ ''બેટી-વ્યવહાર'' અન્ય કોઇ જ્ઞાતિ સાથે હોતો નથી. લગ્ન સંબંધ બાંધવામાં ભાગ્યેજ કોઇ પોતાના વાડામાંથી બહાર જાય છે. અન્ય જ્ઞાતિ સાથે સહજપણે લગ્નબંધન થતાં નથી ત્યાં અન્ય વર્ણોની વાત દૂરની થઇ.

કોઇનું સંતાન પોતાની પસંદગીનું, પણ અન્ય જ્ઞાતિ, વર્ણ કે પરપ્રાંતનું પાત્ર ગોતી આવે તો મોટાભાગના વડીલોની પહેલી પ્રતિક્રિયા વિરોધની હોય છે. એમની સંમતિ વિરુદ્ધ એમનું સંતાન લગ્ન કરી લે તો કોઇ વડીલ સંતાન સાથેના સંબંધ સદંતર કાપી નાંખે છે તો કોઇ થોડા વખત પછી ક-મને સ્વીકારે છે. બહુ થોડા એમને ઉમળકાભેર આવકારતા હશે.

અત્રે એક ચોખવટ જરૂરી છે કે **કાચી વયના સંતાનોની પસંદગી હંમેશાં સારી કે સાચી હોતી નથી.** પાત્ર સુસંગત ન હોય તો વડીલોનો વિરોધ વાજબી છે. જો સંતાનની સમજ અને પરિપક્વતા પર આપણને વિશ્વાસ હોય, એમની પસંદગીનું પાત્ર આપણી બધી અપેક્ષાઓ પૂરી કરતું હોય તો આપણે તેને જ્ઞાતિ/વર્ણ/પ્રાંત બાંધ ન રાખતાં ઉમળકાભેર અપનાવવા તૈયાર થઇએ ખરા?

આપણી નજીકની ગણાતી ન હોય એવી અન્ય જ્ઞાતિના કુટુંબ સાથે આપણો વર્ષોનો સંબંધ હોય, એમના સંતાનને આપણે નાનપણથી ઓળખતા હોઇએ, આપણી બધી અપેક્ષાઓ એમાં પૂરી થતી હોય તો સામેથી એના માટે માગું લઇ જઇએ ખરા?

આવી વ્યક્તિ જો દલિત હોય, પરધર્મી હોય તો આપણું વલણ કેવું હોય?

પરજ્ઞાતિ કે પરધર્મી સાથે લગ્નસંબંધ બાંધવામાં પહેલો બાધ આપણને ખાનપાનનો નડે છે જે વાજબી પણ છે. ખાસ કરીને દીકરી આપવાની હોય ત્યારે એનું મહત્ત્વ વધી જાય છે. એ પણ સાચું છે કે લગ્ન સંબંધે બંધાવું તે માત્ર ખાનપાનની સમાનતા કરતાં ઘણી વિશાળ અને ગહન બાબત છે. ઘણા એ સ્વીકારવા લાગ્યા છે.

આવા કિસ્સામાં જો બન્ને પાત્રો પુખ્ત હોય, શિક્ષિત હોય, વૈચારિક રીતે સ્વતંત્ર હોય, આર્થિક રીતે સ્વાવલંબી હોય, દરેક પ્રશ્નની પૂરતી ચર્ચા કરી હોય તો, વડીલોએ આવા સંબંધનો વિરોધ કરવો જોઇએ? ક-મને સ્વીકારવું જોઇએ? કે સહર્ષ આવકારવું જોઇએ?

આ સ્થળેથી પહેલાં લખાયું છે કે બાળકો આપણી સંપત્તિ નહીં બલકે આપણને સોંપવામાં આવેલી અમાનત છે. આટલું ધ્યાનમાં રાખીએ તો આપણા વલણમાં કોઇ ફરક પડે ખરો?

પહેલેથી કહ્યું હતું કે ચઢાણ કપરાં છે. સંતાનો દ્વારા અન્ય વર્ણો કે ધર્મના પાત્ર પસંદગીના કિસ્સા જૂજ છે. તેમજ સામે ચાલીને આવું પાત્ર ગોતવા કોઇ જતું નથી. વાત આદર્શની હતી એટલે આગળ ચલાવી છે. આ એક બૌદ્ધિક કવાયત માત્ર હતી. કોઇને મૂલવવાનો જરા પણ આશય નથી.

સર્વ માનવ સમાન છે એમ કહેવું સહેલું છે, કરવું ખૂબ અઘરું છે. **''સર્વ માનવ સમાન''ની દિશામાં આપણે કેટલા આગળ વધ્યા છીએ** એની આ ચકાસણી છે. દરેક તબક્કાને સામે લાવ્યા વગર એ શક્ય નહોતું. બીજું કંઇ નહીં તો એક આદર્શ તરીકે સ્વીકારવાનો આપણો માનસિક અભિગમ કેવો છે એનો સાચો જવાબ જાત પાસે માગવાનો છે.

દલિત સાથેનાં લગ્ન દૂરની વાત થઇ. દલિત કિશોર અને કિશોરીને દત્તક લઇ એમની જ જ્ઞાતિમાં પરણાવવાનો દાખલો જોયો છે. એના માટે પણ ઘણી હિંમત અને માનસિક તૈયારીની જરૂર પડી હશે. એની પૂરતી સરાહના કરવી આવશ્યક છે.

એક જૈન મિત્રે કહ્યું કે આભડછેટ આપણા શાસ્ત્ર સંમત નથી એટલે તેઓ એનો વિરોધ કરે છે. ધારો કે શાસ્ત્ર સંમત હોત તો એ આજના સમયમાં ઉચિત ગણાત? મનુસ્મૃતિ વર્ણભેદનું સમર્થન કરે છે. આ કારણે સર્જાયેલી સમસ્યાઓની આકરી કિંમત હજીએ ચૂકવાઇ રહી છે. આતંકવાદીઓ અને આત્મઘાતી હુમલાખોરો પણ એમનાં કૃત્યોને ''શાસ્ત્રસંમત'' ગણે છે. શાસ્ત્રોમાં લખેલું બધુંજ સ્વીકાર્ય ન હોય. ક્યારેક આપણે સારાસારનો વિચાર કરવાનો હોય. આ વાત દરેક ધર્મનાં શાસ્ત્રોને લાગુ પડે છે.

શાસ્ત્રો સમય પ્રમાણે બદલાય છે, એમાં સુધારા - વધારા થતા રહ્યા છે. આવા ફેરફાર ધાર્મિક પંથોને એકબીજાથી અલગ પાડે છે. જોકે બધા પોતાનાં શાસ્ત્રોને અસલ ગણે છે અને એકબીજા સાથે વિવાદ કરે છે. છતાંયે શાસ્ત્રોમાં સમય પ્રમાણે યોગ્ય ફેરફાર થતા રહે એ સારું છે અને જરૂરી પણ છે.

બધા ભારતીયો માટે આજે સૌથી અગત્યનું કોઇ શાસ્ત્ર હોય તો તે દેશનું બંધારણ છે. જો બધા બંધારણને અનુસરતા થાય તો દેશના મોટા ભાગના આંતરિક પ્રશ્નો હલ થઇ જાય. (આ એક વિશફૂલ થિંકિંગ માત્ર છે.) જે દેશમાં બંધારણ કરતાં ધર્મગ્રંથને અગ્રેસર માનવામાં આવે છે એની આજે શું હાલત છે તે આપણે જાણીએ છીએ.

ખાનપાનની બાબતમાં આપણે ઘણા ચુસ્ત છીએ. એમાં ઢીલ રાખનારી અન્ય જ્ઞાતિઓ પ્રત્યે થોડો અણગમો ધરાવીએ છીએ. આપણા જ સમાજના, આપણા પરિચયમાં હોય એવા કોઇ ખાનપાન બાબતમાં ''શુદ્ધ'' ન હોય તો એમની સાથે આપણો વ્યવહાર કેવો હોય? પરનાત કે પરધર્મી પ્રત્યે માત્ર ખાનપાનને લીધે અણગમો હોય એવો અણગમો આપણા જ્ઞાતિબંધુઓ પ્રત્યે જાહેરમાં બતાવી શકીએ? **કર્મ આધારિત નહીં પણ જન્મ આધારિત આ ભેદભાવને સિલેક્ટિવ મોરાલિટી ન કહેવાય?**

*જ્યારે તમે સમસ્યા પર ધ્યાન કેન્દ્રિત કરશો તો વધુ સમસ્યા સર્જાશે. જો શક્યતા ચકાસશો તો વધુ તક મળશે.*

ઘણાને કહેતા સાંભળ્યા છે કે પૂર્વ જન્મનાં કર્મોનાં ફળ સ્વરૂપે આપણો જન્મ ઉચ્ચ કુળમાં થયો છે, એટલે કે આપણે બીજા કરતાં ઊંચા છીએ. આભડછેટમાં ન માનવા છતાં આવું ઊંચ-નીચના ભેદભાવનું વલણ ''સૌ માનવ સમાન''થી દૂર લઈ જાય છે. આપણો જન્મ અને ખાનપાન આધારિત આડંબર ઘણાને ખટકતો હશે.

મહાવીરના ઘણા આદેશોમાંનો એક આદેશ અહિંસાનો છે જે આપણે પ્રમાણમાં સારી રીતે અપનાવ્યો છે. તે સિવાયના બીજા આદેશોને આપણી સગવડે હાંસિયામાં ધકેલી દીધા છે. આવી ટૂંકાવેલ, મર્યાદિત જૈનપણાની ઓથે આપણે પોતાને વધુ પડતું મહત્ત્વ આપીએ એ પણ સિલેક્ટિવ મોરાલિટી છે.

દરેક દેશ, ધર્મ અને સમાજમાં એવા પણ થોડા લોકો મળી આવે જેઓ જ્ઞાતિભેદ, રંગભેદ, વર્ગભેદમાં માનતા નથી. **બીજાઓ સાથે છેતરપિંડી કે શોષણ કરતા નથી.** કુટુંબ, સમાજ અને દેશ પ્રત્યેની ફરજ પ્રામાણિકતાથી બજાવે છે. એમનું અંગત જીવન જે પણ હોય, એમનું છે. આપણી પરિભાષામાં એ શુદ્ધ ન પણ હોય.

દરેક ઠેકાણે બીજો એક એવો વર્ગ છે જે પોતાની ધાર્મિક માન્યતાઓનું ચુસ્તપણે પાલન કરતો હોય પણ અન્યો સાથેનું એમનું વર્તન સદ્‌ભાવપૂર્ણ ન હોય. તેઓ બીજાની મજબૂરીનો ભરપૂર લાભ લેતા હોય. વાર્તા અને ફિલ્મોમાં ખલનાયક તરીકે બતાવાતા કર્મકાંડી બ્રાહ્મણો, વ્યાજખાઉ શાહુકાર, ઢોંગી તાંત્રિક તેમજ લોકોને ઉશ્કેરતા રાજકીય, સામાજિક, ધાર્મિક નેતાઓ વગેરે આ વર્ગના થોડા દાખલા છે.

મોટાભાગનો જનસમુદાય આ બે વર્ગની વચ્ચે ક્યાંક હોય છે. એમના માટે થોડા સવાલ છે. આગલા બે વર્ગના લોકોમાંથી વધુ નૈતિક કોણ ગણાય? કોણ વધુ વિશ્વાસપાત્ર છે? આપણને કોની સાથે સંબંધ રાખવો વધુ ગમશે?

લેખની શરૂઆતમાં આપેલ કોયડાનો મૂળ વિષય સાથેનો સંબંધ હવે છતો થયો છે. માણસના સારા-ખરાબ હોવાની વ્યાખ્યા કરવી ઘણી અઘરી છે. એનું અંગત અને જાહેર જીવન ઘણું અલગ હોઈ શકે છે. શુદ્ધ કે પવિત્ર ગણાતા અંગત જીવનના જે પણ ફાયદા હોય, જાહેર જીવનનાં કાર્યોની બીજા પર થતી અસર દૂરગામી હોવાથી વધારે અગત્યની છે. જીવનભર જાતજાતના સંયમ-નિયમ પાળનાર છતાં નિષ્ક્રિય રહેતી વ્યક્તિ કરતાં લોકોની મુસીબતોમાં કામ આવતા સ્વચ્છંદીનું જીવન વધુ સાર્થક છે.

ભેદભાવ માનવ પ્રકૃતિમાં જન્મજાત છે. સદીઓથી આપણે પ્રકૃતિથી અળગા થઈ સંસ્કૃતિ તરફ વધવાની કોશિશ કરતા આવ્યા છીએ. હજી બે ડગલાં આગળ વધીએ. **જન્મ આધારિત ભેદભાવને સાચા અર્થમાં ભૂલી જઇએ અને અંગત જીવન કરતાં જાહેર જીવનને વધુ મહત્ત્વ આપીએ.**

અનેક પ્રકારની અંધશ્રદ્ધાઓથી ભરપૂર સામાન્ય ભારતીય સમાજોની સરખામણીએ આપણો સમાજ ઘણો વધુ ઉદારમતવાદી અને પ્રગતિશીલ છે. પણ આ ઠોઠ નિશાળિયાઓ વચ્ચે પહેલો નંબર લાવવા જેવું થયું. વિશ્વકક્ષાએ આગલી હરોળમાં બેસી શકાય એટલી આચાર-વિચારની વિશાળતા કેળવવાનું ધ્યેય રાખીએ તો ''સર્વ માનવ સમાન'' કહેવું સાર્થક બનશે. પછી સિલેક્ટિવ મોરાલિટીનો સવાલ નહીં રહે.

***૧, શ્યામવાટિકા સોસાયટી,***
***વાસણા રોડ, વડોદરા-૩૯૦ ૦૦૭.***

## "હું તારો દોસ્ત છું, દુશ્મન નથી"

અમેરિકાના પ્રમુખ અબ્રાહમ લિંકન વાના દર્દથી પીડાતા હતા એક એવી નાની પુસ્તિકા હાથ આવી કે જેમાં અબ્રાહમ લિંકન (દર્દી) અને દર્દ (વા) વચ્ચે રહસ્યયુક્ત સંવાદ હતો. દર્દી સવાલ પૂછતો જાય અને દર્દ ઉત્તર આપતું જાય. સમજવા જેવો આ સંવાદ ટૂંકમાં અહીં રજૂ કર્યો છે.

***સવાલ (અબ્રાહમ લિંકન) :*** તને ખબર તો હોવી જોઇએ કે હું અમેરિકાનો પ્રમુખ કોઇ મોટી જવાબદારીઓ માથે લઇને બેઠો છું અને એટલું બધું કામ કરું છું કે મને લગીરે ફુરસદ મળતી નથી. મારા જેવા માણસને પાંચ દહાડા પથારીમાં પડ્યું રહેવું ન પાલવે. મહેરબાની કરી હવે મારો પીછો છોડ.

***જવાબ ('વા') :*** હું ક્યાં વગર નોતર્યે આવું છું? હું તો તારા પોતાના જ આમંત્રણથી આવું છું.

***સવાલ (અબ્રાહમ લિંકન) :*** મેં તને ક્યારે નોતર્યું?

***જવાબ ('વા') :*** તારા પેટને તું પૂછી જો. તારી રહેણીકરણીને પૂછી જો. એ તારા પ્રતિનિધિઓ છે ને એ મને ખાસ ચાહીને બોલાવે છે ત્યારે જ હું આવું છું.

***સવાલ (અબ્રાહમ લિંકન) :*** (વિસ્મય પામી) આ વાત મારી સમજમાં કેમ આવે? જરા વિગતવાર સમજાવ.

***જવાબ ('વા') :*** ત્રણ માણસને જોઇએ એટલું તો તું એક એકલો જ ખાઇ જાય છે એ પચાવવા માટે શ્રમ કરવો જોઇએ એ તું નથી કરતો. એટલું જ નહિ, પણ બે ડગલાં ચાલતો નથી અને બધો સમય ખુરશી પર જ અટકી રહે છે. આનું પરિણામ એ જ મારા આગમનનું કારણ છે. સમજ્યો?

***સવાલ (અબ્રાહમ લિંકન) :*** મારે ખોરાક ઓછો કરવો અને પગે ચાલવાનું શરૂ કરવું એમ જ ને?

***જવાબ ('વા') :*** બરાબર છે. પણ એક બીજી વાત કહું છું તે સાંભળી લે. મારા આગમનથી તને લાભ થાય છે હાનિ નહિ, સમજ્યો?

***સવાલ (અબ્રાહમ લિંકન) :*** એ વળી શું?

***જવાબ ('વા') :*** તારા શરીરમાં એકઠું થયેલું ઝેર હું દર્દ બનીને બહાર ફેંકી દઉં છું એ ઝેર તારા હૃદય સુધી પહોંચે તો તે જ ઘડીએ તારું મૃત્યુ થાય. હું તારો દોસ્ત છું, દુશ્મન નથી.

***સાભાર : 'જીવન સુરભિ'***
***પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ***

***કપરા સમયે માત્ર બુદ્ધિ અને બહાદુરી જ કામ આવે છે.***

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો ઇતિહાસ

## પ્રકરણ-૫

• સંકલન : પ્રતાપ નારાણજી દંડ •

## શ્રી કચ્છી જૈન ભવન ઉદ્‌ઘાટન સમારોહ

એમ કહેવાય છે કે સ્વપ્નો એ માત્ર વિચારોના તરંગ છે. સ્વપ્ન સેવવામાત્રથી કોઇ ભવ્ય મહાલય ઊભા થઇ શકતા નથી. એ માત્ર હવાઇ કિલ્લા જ હોય છે. પરંતુ સ્વપ્ન સેવનારની નિષ્ઠા સાચી હોય, સમર્પણ ભાવના હોય, સમર્પિત એવા સાથી મિત્રો હોય, તો હવાઇ કિલ્લાઓને પણ નક્કર જમીન ઉપર ઊતારી સ્થિર કરી શકાય છે. એવા સેવેલાં સ્વપ્નો, એક ભવ્ય મહાલય જમીન ઉપર સ્થિર અને ધબકતું થયેલું જોઇ શકાય છે, અને તેનું ઉદાહરણ છે : "શ્રી કચ્છી જૈન ભવન"



સ્થાપના સમયથી જ અમદાવાદનો કચ્છી જૈન સેવા સમાજ એક સ્વપ્ન સેવતો હતો કે ગુજરાતના પાટનગર સમા અમદાવાદ શહેરના કોઇ કેન્દ્રીય વિસ્તારમાં પોતાનું એક આગવું મકાન હોવું જોઇએ, જેમાં સમાજોપયોગી અનેકવિધ પ્રવૃત્તિઓ ધબકતી હોય, ધમધમતી હોય, ગુંજતી હોય. એ સ્વપ્નને સાકાર કરવા માટે સમાજના અગ્રણીઓ અને કાર્યકરોએ પોતાની તમામ બુદ્ધિશક્તિ ખર્ચી દિવસ રાત જોયા વિના પુરુષાર્થ કર્યો. જેના પરિપાકરૂપે અતિ સુંદર ભવ્ય એવું સમાજનું પોતાનું મકાન ઊભું કરવા શક્તિમાન બન્યા. અનેક સમર્પિત કાર્યકરોના તન-મન-ધનના ફાળા ઉપરાંત ભારતભરમાં પથરાયેલા કચ્છી જૈન સમાજના શ્રેષ્ઠીવર્ગના સહકાર, હૂંફ અને પ્રેરણાથી સ્વપ્નને નક્કર સ્વરૂપ આપી શકાયું અને તેનાં પરિણામે અતિ સુંદર, રોમાંચક અને અભૂતપૂર્વ કહી શકાય એવા ઉદ્‌ઘાટનનો પ્રસંગ ઉજવવા અમદાવાદનો કચ્છી જૈન સમાજ ભાગ્યશાળી થયો હતો.

તા. ૨૪મી ફેબ્રુઆરી ૧૯૯૪ને ગુરુવારના શુભ દિને શુભ ચોઘડિયે એક ભવ્ય મહાલયના ખાત મુહૂર્ત - પાયાવિધિ પછી કુલ અઢી કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર થયેલ આ ભવ્ય મહાલયને પૂર્ણ કરતાં ત્રણ વરસનો સમયગાળો અનેક ઊતાર-ચઢાવ વચ્ચે પસાર થયો હતો. ભારતના ગણતંત્ર દિનની ઉજવણીની સાથે અમદાવાદમાં વસતા કચ્છી જૈન ભાઇઓને પોતાના સાંસ્કૃતિક - સામાજિક પ્રસંગો ઉજવવા માટે એક સ્વતંત્ર આગવી અને કેન્દ્ર સ્થાન સ્થિત ભવ્ય જગ્યા પ્રાપ્ત થઇ હતી.

સમાજને આ ભવનના અર્પણવિધિનો એક ભવ્ય સમારંભ **તા. ૨૫ અને ૨૬મી જાન્યુઆરી, ૧૯૯૭ના દિવસે ભવનના જ પટાંગણમાં અનેરા ઉમંગ ઉત્સાહ અને હર્ષોલ્લાસ સાથે ભવ્ય રીતે ઉજવાયો હતો.** જેમાં અમદાવાદમાં વસતા કચ્છી જૈન કુટુંબોનો ઉત્સાહ એની ચરમસીમા પર હોય તે સમજી શકાય, પરંતુ કચ્છ, મુંબઇ અને દૂર દૂરથી આવેલા મહેમાનોનો પણ ઉત્સાહ, ઉમંગ, ઉલ્લાસ અને આનંદ સમાતો ન હતો તે આ ભવ્ય કાર્યક્રમની સાર્થકતા હતી.

તા. ૨૫ અને ૨૬ના ભવ્ય કાર્યક્રમ પહેલાં તા. ૨૪મી જાન્યુઆરી ૧૯૯૭ને શુક્રવારના દિવસે અનેક અનિષ્ટોને ઓગાળીને અરિહંતપ્રભુના આશીર્વાદ મેળવવાના શુભ

*હું જ બધું કરી લઇશ એવી માનસિકતા મૂર્ખામીવાળી છે.*

આશય સાથે બપોરના ૨.૩૦ વાગ્યે કચ્છી જૈન વિધિકાર શ્રી હરિલાલભાઇ કુબડિયા અને પાર્ટીએ ભવન ખાતે પંચકલ્યાણ પૂજા વિધિપૂર્વક ભણાવી હતી એ બે દિવસના માંગલિક પ્રસંગની શુભ - મંગળ શરૂઆત કરી હતી. આ પૂજા માટેનો આર્થિક સહયોગ શ્રીમતી પ્રેમીલાબહેન ઉમરશીભાઇ જેઠાભાઇ કુરુવા પરિવારનો હતો.

શ્રી કચ્છી જૈન ભવનના ઉદ્‌ઘાટન પ્રસંગે યોજાયેલ બે દિવસના સમારંભનું ઉદ્‌ઘાટન તા. ૨૫મી જાન્યુઆરી, ૧૯૯૭ના દિવસે સમારંભ ઉદ્‌ઘાટક શ્રી મણિલાલ કુંવરજી ગોસરના હસ્તે દીપ પ્રગટાવીને વિધિવત મંગલાચરણ કરવામાં આવેલ. આ પ્રસંગે સમારંભના પ્રમુખ સ્થાને બિરાજેલા સફારી ઇન્ડસ્ટ્રીઝવાળા શ્રી સુમતિભાઇ હેમચંદ્ર મહેતાની સાથે મુખ્ય મહેમાન તરીકે ગુજરાત રાજયના નાણાં અને સાંસ્કૃતિક બાબતોના મંત્રી અને કચ્છી એવા શ્રી બાબુભાઇ મેઘજી શાહ ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે અતિથિ વિશેષ તરીકે મંચ ઉપર કચ્છ ભુજના ધારાસભ્ય શ્રી મૂકેશભાઇ ઝવેરી, ભૂતપૂર્વ ધારાસભ્ય શ્રી ચંપકલાલભાઇ શાહ ઉપરાંત શ્રી નેણશીભાઇ લધાભાઇ ગાલા, શ્રી દામજીભાઇ જાદવજી છેડા, શ્રી લક્ષ્મીચંદભાઇ ધારશી મોતા, શ્રી વલ્લભજી ખેતશી શાહ ઉપસ્થિત રહ્યા હતા. તદ્‌ઉપરાંત શ્રી ટોકરશીભાઇ શિવજી સાવલા, શ્રી બિપિનભાઇ કાનજી જૈન, શ્રી લક્ષ્મીચંદભાઇ વેરશી મસાલાવાળા અને શ્રી નવીનભાઇ ઉમરશી શાહની સભા મંચ ઉપરની ઉપસ્થિતિ પ્રસંગને ગૌરવ અપાવતી હતી. શ્રી કચ્છી જૈન સેવા સમાજ અમદાવાદના ટ્રસ્ટી મંડળના સભ્યો તેમજ કારોબારીના સભ્યો પણ મંચ ઉપર ઉપસ્થિત રહ્યા હતા.

પ્રથમ શ્રીમતી ફાલ્ગુની હીરેન શાહે પ્રાર્થના ગીત ગાયું.

સમાજના મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયાએ સૌ મહેમાનોનું સ્વાગત કર્યા બાદ પોતાના સ્વાગત પ્રવચનમાં જણાવ્યું હતું કે **“માણસ જ્યારે અપેક્ષા કરતાં કાંઇક વધુ મેળવે છે ત્યારે આનંદનો મહેરામણ છલકાય છે.** એ આનંદમાં સહભાગી થવા મિત્રો - સંબંધીઓને આમંત્રે છે. અમારા આનંદ-ઉલ્લાસના પ્રસંગે આપ સૌનું સ્વાગત કરતાં મન પુલકિત થઇ ઊઠે છે, રોમાંચિત થઇ ઊઠે છે. વર્ષ ૧૯૬૩માં થોડાક મિત્રોએ એક બી વાવેલું. એ બી માંથી આજે એક મોટું ઘેઘૂર વટવૃક્ષ ઊભું થયું છે. જેને સમાજને અર્પણ કરતાં હું આનંદ અને ગૌરવની લાગણી અનુભવું છું. આ અવસરને શોભાવવા છેલ્લા બે મહિનાથી કાર્યકરો - મિત્રો - સહયોગીઓ જહેમત ઉઠાવી રહ્યા છે, આખા સમાજનો પણ એમાં સહયોગ છે. સૌને બિરદાવું છું અને આપ સહુ માનવંતા મહેમાનોનું સ્વાગત કરતાં, આવકારતાં આનંદ અનુભવું છું. આપ સર્વે અમારા આ બે દિવસના પ્રસંગોમાં - આનંદમાં સહભાગી થશો.”

વધુમાં તેમણે જણાવ્યું કે “અમારા ભાવિ સ્વપ્નો સાકાર કરવામાં સમાજનો સાથ અને સહકાર ઊલટભેર મળી જ રહેશે એમાં મને કોઇ શંકા નથી. એ નિર્વિવાદ છે.”

તે પ્રસંગે શ્રી સુમતિભાઇ મહેતા, શ્રી બાબુભાઇ મેઘજી શાહ, શ્રી મૂકેશભાઇ ઝવેરી, શ્રી ચંપકલાલભાઇ શાહ, શ્રી નેણશીભાઇ લધાભાઇ ગાલા, શ્રી દામજીભાઇ જાદવજી છેડા, શ્રી લક્ષ્મીચંદભાઇ ધારશી મોતા, શ્રી વલ્લભજીભાઇ ખેતશી શાહ અને શ્રી મણિલાલભાઇ કુંવરજી ગોસરનું પુષ્પગુચ્છ વડે સમાજના કાર્યકરો દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ સમારંભ ઉદ્‌ઘાટક શ્રી મણિલાલ કુંવરજી ગોસરે દીપ પ્રગટાવીને સમારંભને વિધિવત ખુલ્લો મૂક્યો હતો.

સમાજના માનદ્ મંત્રી શ્રી અશોકભાઇ મહેતાએ સંસ્થા દ્વારા હાથ ધરાયેલ કામગીરીની વિસ્તૃત જાણકારી આપી હતી અને ભાવિ યોજનાઓ વિશે પણ ઉલ્લેખ કર્યો હતો.

આ તબક્કે પ્રસંગના સંભારણા જેવા સોવેનિયર - સંભારણાનું શ્રી લક્ષ્મીચંદભાઇ ધારશી મોતાના વરદ્ હસ્તે વિમોચન કરવામાં આવ્યું હતું. જ્યારે શ્રી વલ્લભજીભાઇ ખેતશી શાહે અમદાવાદ-ગાંધીનગર અને આજુબાજુના વિસ્તારોમાં વસતા કચ્છી જૈન પરિવારો અંગે વિસ્તૃત માહિતી પૂરી પાડતા વસતિ પત્રક - ૧૯૯૬નું વિમોચન કરી સમાજને અર્પણ કર્યું હતું.

શ્રી નેણશીભાઇ લધાભાઈ ગાલાએ અમદાવાદ સમાજનું આ નજરાણું સારાયે સમાજને ઉપયોગી બનશે તેવી ભાવના વ્યક્ત કરી હતી અને વધુને વધુ યોગદાન માટે હાકલ કરી હતી. શ્રી વલ્લભજીભાઇ ખેતશી શાહે પ્રાસંગિક પ્રવચનમાં કચ્છીયતની વાત પર ભાર મૂક્યો હતો. ભુજના ધારાસભ્ય શ્રી મૂકેશભાઇ ઝવેરીએ પ્રાસંગિક પ્રવચનમાં ટ્રસ્ટી - કારોબારીને ખૂબ ખૂબ અભિનંદન આપતાં વધુમાં જણાવ્યું હતું કે લઘુમતી પંચના પ્રમુખે જૈનોને લઘુમતીકોમ જાહેર કરવાની વાત કરી છે તેની સામે સજાગ થવાની જરૂર છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે સમગ્ર ભારતમાં જે દાનનો પ્રવાહ વહે છે તેમાં બાવન ટકા જૈનોનો હિસ્સો છે. શ્રી મધુભાઇ ભટ્ટે પ્રાસંગિક પ્રવચન દરમિયાન કચ્છી કાર્યકરોને બિરદાવ્યા હતા. બિદડાના ભેખધારી શ્રી લીલાધરભાઇ માણેકલાલ ગડાએ સાવધાનીનો સૂર કાઢતાં જણાવ્યું હતું કે, ભવ્ય મકાન બંધાઇ ગયા પછી તેમાં કરવાની પ્રવૃત્તિઓની જવાબદારી શરૂ થાય છે. એ પ્રવૃત્તિમાં અમદાવાદનો સમાજ પાછી પાની નહીં કરે તેવું તેમની કાર્યપદ્ધતિ જોતાં લાગે છે. શ્રી મણિલાલભાઇ કુંવરજી ગોસર, શ્રી હંસરાજભાઇ ગાલા, શ્રી દામજીભાઇ જાદવજી છેડા, શ્રી વાડીલાલભાઇ સંઘવીએ પણ પ્રાસંગિક પ્રવચન કરીને સમાજની પ્રવૃત્તિની પ્રશંસા કરી હતી : માનનીય શ્રી બાબુભાઇ મેઘજી શાહે પ્રાસંગિક પ્રવચન કરતાં સમાજના કાર્યની ખૂબ પ્રશંસા કરી જણાવ્યું કે, વ્યક્તિ એકલી કાંઇ કરી શકતી નથી, સમાજ મળીને કરે છે, કચ્છી પ્રજા દિલે - સાગર પેટી છે અને એ જ કચ્છની અસ્મિતાને જાળવી રાખે છે. હું તો પ્રાર્થું છું કે મને જન્મોજન્મ કચ્છ જ મળે, જેથી કચ્છ માટે, એના વિકાસ માટે કામ કરી શકું. નર્મદાનાં પાણી કચ્છને મળે તેના માટે

*મન સૌથી વધુ બળવાન છે. જે વ્યક્તિ મન પર કાબૂ મેળવી લે છે એ તો દેવોનો પણ દેવ છે.*

સરકારમાં રજૂઆત થવાની છે. સ્વૈચ્છિક સંસ્થાઓ પણ જો પીવાના પાણી બાબતે પોતાનો સહકાર સરકારને આપે તો કાર્ય ઘણું હળવું બની જાય, કેમ કે સરકારે ૨૦૦ કરોડની જોગવાઇ આ વરસની યોજનામાં કરી છે. એ કામ પૂરું કરવા માટે સ્વૈચ્છિક સંસ્થાઓ પણ જોતરાય તો કામ ઝડપભેર પૂરું થઇ શકે, આ કચ્છી ભવન માટે જે કાર્યકરો ભેખ-મિશન લઇને ચાલ્યા છે તેમને પોતાના તરફથી અને કચ્છની પ્રજા વતી ખૂબ ખૂબ અભિનંદન આપ્યાં હતાં.

ત્યારબાદ મહેમાનોનું શાલ ઓઢાડી, મેમેન્ટો અર્પણ કરી બહુમાન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે શ્રી બાબુભાઇ મેઘજી શાહના વરદ્ હસ્તે આર્કિટેક્ટ શ્રી મયંકભાઇ ગજ્જર, સ્ટ્રક્ચરલ ડિઝાઇનર શ્રી નરેશભાઇ શાહ, સંસ્થાના ઇજનેર શ્રી શાંતિભાઇ મિસ્ત્રી, યુવાન કોન્ટ્રેક્ટરો શ્રી અમિતભાઇ ભટ્ટ અને શ્રી પ્રજ્ઞેશભાઇ દોશી તેમજ ભૂતપૂર્વ કોન્ટ્રેક્ટર શ્રી પ્રદીપભાઇ ગુપ્તાને તેમની કામગીરીની કદર રૂપે મેમેન્ટો અર્પણ કરી બહુમાન કરવામાં આવ્યું હતું.

છેલ્લે સમારંભના પ્રમુખ શ્રી સુમતિભાઇ મહેતાએ પ્રવચન કરતાં જણાવ્યું કે બહુ ટૂંકા ગાળામાં આ ભવ્ય ઇમારત, આયોજકો ઊભી કરી શક્યા છે તે માટે તેઓ અભિનંદનના અધિકારી છે. તે ઉપરાંત તેઓ વાડામાંથી બહાર નીકળી સમગ્ર જૈન ભાઇઓનું સંગઠન કરી શક્યા છે તે વધુ અભિનંદનીય છે. આ સંસ્થા કચ્છની એક ઍમ્બેસી તરીકે કાર્ય કરી ઉત્તરોત્તર પ્રગતિ કરે તેવી અપેક્ષા વ્યક્ત કરી હતી.

સહમંત્રી શ્રી પ્રતાપભાઇ દંડે આભારવિધિ કરી હતી.

ત્યારબાદ મહેમાનો સાથેનું સમૂહ ભોજન યુવરાજ ઇન્ડસ્ટ્રીઝવાળા શ્રી વલ્લભજીભાઇ ખેતશી શાહ તરફથી યોજવામાં આવ્યું હતું.

સમૂહ ભોજન બાદ બહારગામથી આવેલા મહેમાનોને અમદાવાદ દર્શન કરાવવામાં આવ્યું હતું. સાંજના ભોજન બાદ હાસ્ય સંગીતનો એક કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં હાસ્ય કલાકારો શ્રી વસંત પરેશ, શ્રી કિરીટ વ્યાસ અને શ્રી મધુકર પી. ખરસાણીએ શ્રોતાઓનું ત્રણ કલાક ભરપૂર મનોરંજન કરાવ્યું હતું.

### બીજો દિવસ (તા. ૨૬-૧-૧૯૯૭)

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના નવનિર્મિત વિવિધલક્ષી સંકુલના ઉદ્દ્ઘાટન કાર્યક્રમના બીજા દિવસે એટલે કે પ્રજાસત્તાક દિન ૨૬મી જાન્યુઆરી, ૧૯૯૭ના રોજ અનેક મહાનુભાવો, સમાજના સભ્યો વગેરેની ભરચક હાજરીમાં મધ્ય પ્રદેશમાંથી ચૂંટાયેલા રાજયસભાના સભ્ય કચ્છી શ્રી રાઘવજીભાઇ લખમશી સાવલાએ સંકુલના પટાંગણમાં ધ્વજ વંદન રાષ્ટ્રગીતની સૂરાવલીઓ વચ્ચે કરાવ્યા બાદ પ્રસંગને અનુરૂપ પ્રવચન કર્યું હતું.

ત્યારબાદ સભા મંચ ઉપર સમારંભના પ્રમુખ શ્રી જગશીભાઇ જેઠાભાઇ છેડા ઉપરાંત રાજયસભાના સભ્ય શ્રી રાઘવજીભાઇ સાવલા, મુખ્ય મહેમાન શ્રી ટોકરશીભાઇ શિવજી સાવલા, અતિથિ વિશેષ શ્રી ભવાનજીભાઇ નરશી છેડા, શ્રી ધીરજલાલભાઇ સ્વરૂપચંદ શાહ, શ્રી બિપિનભાઇ કાનજી જૈન, શ્રી ભવાનજીભાઇ રામજી દેઢિયા, શ્રી લક્ષ્મીચંદ વેરશી મસાલાવાલા, શ્રી નવીનભાઇ ઉમરશી શાહ સાથે અમદાવાદના કચ્છી જૈન સમાજના ટ્રસ્ટી મંડળના સભ્યોએ સ્થાન લીધું હતું.

ઉદ્દ્ઘાટન કાર્યક્રમ નવકારમંત્રના પઠનથી શરૂ થયો હતો.

શરૂઆતમાં સમાજના મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ ડૉ. ચંદ્રકાંતભાઇ દેઢિયાએ જણાવ્યું કે, "અમદાવાદને આંગણે આ ભવ્ય મહાલયનું નિર્માણ શક્ય બન્યું. કારણ કે એમાં સહુનો સહિયારો સાથ મળ્યો છે. કાર્યકરો અને સાથી મિત્રોની હૂંફ મળી છે અને તેથી કાર્ય પાર પાડી શકાયું તેનો આનંદ અનેરો છે. આ ભવન નિર્માણથી અમારું કાર્ય પૂર્ણ થયું તેમ કહેવા કરતાં હવે શરૂ થાય છે તેમ કહેવું વધુ યથાર્થ રહેશે."

મંચ ઉપરનાં સર્વે મહેમાનોનું પુષ્પગુચ્છ વડે સમાજના કાર્યકરો દ્વારા સ્વાગત કરવામાં આવ્યું.

આ તબક્કે સંસ્થાના માનદ્મંત્રીશ્રી અશોકભાઇ મહેતાએ સંસ્થાની પ્રવૃત્તિઓનો અહેવાલ આપતાં જણાવ્યું હતું કે અતિથિ ભવનની પ્રવૃત્તિઓ આવતીકાલથી જ શરૂ થઈ જશે. જ્યારે મેડિકલ ચેક-અપ સેન્ટરની પ્રવૃત્તિઓ ટૂંક સમયમાં જ શરૂ થઇ જશે. તેમણે ચાલતી પ્રવૃત્તિઓ જેવી કે મંગલ મંદિર, યુવા પ્રવૃત્તિ, મહિલા ઉત્કર્ષ પ્રવૃત્તિ, સ્વામીવાત્સલ્ય, વાર્ષિક સંમેલન, શૈક્ષણિક પ્રોત્સાહન પ્રવૃત્તિ, તબીબી સહાય પ્રવૃત્તિ, ઉચ્ચ શિક્ષણ સહાય પ્રવૃત્તિ વગેરે અનેકવિધ પ્રવૃત્તિઓની જાણકારી આપી હતી. નવી શરૂ થયેલી બાલ સમૃદ્ધિ યોજનાની વિગતો પણ આપી હતી.

શ્રી બાબુભાઇ નાગડાએ પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતું કે, "રણમાં હોડી ચલાવવા જેવું કાર્ય કરનાર સમાજ ગૌરવ લઇ શકે તેમ છે. આ જમીન આવાં સામાજિક કાર્યો કરવા માટે અનુકૂળ હોવાથી આ ભગીરથ કાર્ય આપણે પરિપૂર્ણ કરી શક્યા. સૂકામાં ચલાવાયેલું વહાણ આવતીકાલથી તરતું થશે. ક્ષેત્રભાવ - દ્રવ્ય - કાળની દૃષ્ટિએ આ જમીન કર્મભૂમિ છે અને અહીંયાં કામ કરવાનો વધુ આનંદ આવશે" એવી શુભવાણી ઉચ્ચારી સમાજના કાર્યને બિરદાવ્યું હતું.

સમારંભ પ્રમુખ શ્રી જગશીભાઇ જેઠાભાઇ છેડાએ દીપ પ્રગટાવી ઉદ્દ્ઘાટન કાર્યક્રમનાં મંગલાચરણ કર્યાં હતાં. પ્રથમ શ્રી બિપિનભાઇ કાનજી જૈન એ શ્રી કચ્છી જૈન ભવનનું ઉદ્દ્ઘાટન કર્યું હતું. ત્યારબાદ શ્રી ભવાનજીભાઇ રામજી દેઢિયાએ સાંસ્કૃતિક કેન્દ્રનું ઉદ્દ્ઘાટન કર્યું હતું. મેડિકલ ચેક-અપ સેન્ટરનું ઉદ્દ્ઘાટન શ્રી લક્ષ્મીચંદભાઇ વેરશી મસાલાવાળાએ કર્યું હતું. જ્યારે સેવા ભવનનું ઉદ્દ્ઘાટન શ્રી નવીનભાઇ ઉમરશી શાહે કર્યું

*સાચી લગની લાગવી એ સફળતાની પહેલી શરત છે.*

હતું. આમ, જુદા જુદા વિભાગના ઉદ્‌ઘાટન વિધિ બાદ સમગ્ર કચ્છી જૈન ભવન સમાજના ઉપયોગ અર્થે ખુલ્લું મૂકાયેલું જાહેર થતાં સમાજે રોમાંચ અનુભવ્યો અને તાળીઓના ગડગડાટ સાથે જાહેરાતને વધાવી લીધી હતી.

ત્યારબાદ અભિનવ એવી “બાલ સમૃદ્ધિ યોજના”નું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. આ યોજનાને વિધિસર ખુલ્લી મૂકતાં મુખ્ય મહેમાન શ્રી ટોકરશીભાઇ શિવજી સાવલાએ તા. ૨૬-૧૨-૧૯૯૫ના રોજ જન્મેલા અને જેમની પહેલી વર્ષગાંઠ તા. ૨૬-૧૨-૧૯૯૬ના રોજ આવતી હતી, એવા ચિ. નિસર્ગ કમલેશ મનુભાઇ શાહ (માતા ચંદ્રિકાબહેન) ને રૂા. ૨૦૦૦/- નું યુનિટ ટ્રસ્ટનું વાઉચર અર્પણ કરીને બાલ સમૃદ્ધિ યોજનાની શુભ શરૂઆત કરી હતી. આ ગીફ્ટ વાઉચર ૨૦ વર્ષ બાદ અનેકઘણું થઇને ચિ. નિસર્ગને મળે તેવું હતું. જે તેને તેના જીવન વ્યવહારના પ્રથમ ડગ ભરવામાં સહાયરૂપ થતું હશે. તેની સામે શ્રી કમલેશભાઇએ બાલ સમૃદ્ધિ યોજના ભંડોળ માટે રૂા. ૨૦૦૦/- નો ચેક મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ ડૉ. ચંદ્રકાંતભાઇ કાનજી દેઢિયાને અર્પણ કર્યો હતો. આ યોજના માટેની મૂળ નાણાંકીય સહાય શ્રી માવજીભાઇ ધારશી ફુરિયા અને શ્રી બાબુભાઇ વી. નાગડાએ કરી હતી. આમ એક સુંદર યોજનાની શરૂઆત કરવા બદલ સમાજે તેઓને હાર્દિક અભિનંદન આપ્યાં હતાં.

ગાંધીધામ મ્યુનિસિપાલિટીના ભૂતપૂર્વ મેયર અને અમદાવાદ કચ્છી જૈન સમાજ સાથે સંકળાયેલા શ્રી ધીરજલાલ સ્વરૂપચંદ શાહે પ્રાસંગિક પ્રવચન કરતાં જણાવ્યું હતું કે કચ્છી જૈન સમાજની આ ઇમારત શાનદાર બની છે. કચ્છના દાનવીરોના દાનની ગંગા અવિરત વહેતી હોય છે, કેમ કે બીજા બધાએ વિધાતા પાસેથી સમૃદ્ધિ આરોગ્ય વગેરે માંગ્યા, પણ કચ્છીએ દાનવીરતા માંગી હતી, જેની પ્રતીતિ આપણને અનેક પ્રસંગોએ થાય છે.

મધ્ય પ્રદેશના વિદિશાથી આવેલ રાજ્યસભાના સભ્ય શ્રી રાઘવજીભાઇ સાવલાએ પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતું કે કચ્છીઓ જ્યાં કમાય છે ત્યાં સ્થાનિક લોકો સાથે હળી મળીને રહે છે. કચ્છીઓ પોતે પોતાના ઉપર ખર્ચ કરવાને બદલે સમાજને ઉપયોગી થવા માટે ખર્ચ કરવા હંમેશાં તત્પર રહે છે. તેમણે બાલ સમૃદ્ધિ યોજનાને અનુપમ યોજના ગણાવી હતી. આ યોજનાના ફળ સ્વરૂપે બાળક જ્યારે પુખ્ત વયનું થાય ત્યારે તેને પોતાના વ્યવહાર માટે કોઇની સામે હાથ ફેલાવવા નહીં પડે, એવી અભિનવ યોજના તરીકે વર્ણવી હતી.

મહેમાનોને શાલ અને મોમેન્ટો અર્પણ કરવામાં આવ્યા હતા તેની સાથે શ્રી માવજીભાઇ ધારશી ફુરિયા તરફથી દરેક મહેમાન અને ટ્રસ્ટી મંડળના સભ્યોને ચાંદીના સિક્કા અર્પણ થયા હતા. ઉપરાંત મહિલા સમાજને તેમજ યુથ એસોસિયેશન - સંકલ્પને પણ ચાંદીના સિક્કા અર્પણ થયા હતા.

શ્રી પ્રેમજીભાઇ કાનપુરિયાએ સમગ્ર સમાજના સન્માનરૂપે સંસ્થાના પ્રમુખશ્રીને શાલ ઓઢાડીને પ્રાસંગિક પ્રવચન કર્યું હતું. શ્રી કુંવરજીભાઇ નરશી લોડાયાએ મુંબઇના ભાઇઓ વતી પ્રમુખ અને માનદ્ મંત્રીશ્રીનું બહુમાન કર્યું હતું. ઉપરાંત કચ્છી ભવનના પ્રેરક દાતા શ્રી માવજીભાઇનું શાલ ઓઢાડીને અભિવાદન થયું હતું.

સમારંભના પ્રમુખ શ્રી જગશીભાઇ જેઠાભાઇ છેડાએ પ્રમુખકીય પ્રવચન કરતાં સમાજ વધુને વધુ પ્રગતિ કરે તેવી શુભેચ્છા વ્યક્ત કરી હતી.

શ્રી હીરજીભાઇ પાસુભાઇ શાહે કૂપનના વેચાણમાં અને ખરીદવામાં જેમણે સાથ અને સહકાર આપ્યો છે તે તમામનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો.

શ્રી માવજીભાઇ ફુરિયાએ સમાજના પ્રમુખ ડૉ. ચંદ્રકાંતભાઇ કાનજી દેઢિયા અને સમાજના માનદ્ મંત્રી શ્રી અશોકભાઇ મહેતાને મોમેન્ટો અર્પણ કરી તેમની કામગીરીને બિરદાવી હતી. તે જ રીતે શ્રી હીરજીભાઇ અને શ્રી મૂરજીભાઇનું સન્માન શ્રી જગશીભાઇ છેડાએ કર્યું હતું.

જ્યારે શ્રી કચ્છી જૈન સેવા સમાજના ટ્રસ્ટી મંડળના તથા કારોબારીના સર્વે સભ્યોએ સંસ્થાના પ્રમુખ ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયાને તથા માનદ્ મંત્રીશ્રી અશોકભાઇ મહેતાને સન્માન પત્ર અર્પણ કરી સમાજ પ્રત્યેની તેમની સેવાની પ્રશંસા કરી, દીર્ઘાયુની અભ્યર્થના કરી હતી. જવાબમાં ડૉ. દેઢિયાએ આ સન્માન તેમનું નહીં પણ ટીમવર્કનું સન્માન છે તેમ જણાવ્યું હતું. શ્રી અશોકભાઇએ પણ આ સન્માન સહિયારા પ્રયાસનું છે એવો અભિપ્રાય વ્યક્ત કર્યો હતું.

ત્યારબાદ કૂપનના ડ્રો અંગેની પદ્ધતિ વિશે તે સમિતિના કન્વીનર શ્રી આણંદજીભાઇ વેલજી વીરાએ સમજ આપી હતી. આવેલા મહેમાનોમાંથી શ્રી રતનશીભાઇ પ્રેમજી ગોગરી (હૈદ્રાબાદ), શ્રી ઉમરશીભાઇ પાસુભાઇ શાહે (સાંગલી) તટસ્થ નિરીક્ષક તરીકે ડ્રોની કાર્યવાહી કરી હતી. કુલ ૨૦૮૬ ભેટ કૂપનોના વિતરણના પૈસા સમાજને મળ્યા હતા. આ કૂપનનો ડ્રો કરતાં ભાગ્યશાળી કૂપન તરીકે ૧૩૭૭ નંબરની કૂપન આવેલ હતી. ભેટ કૂપન નંબર ૧૩૭૭, હોટેલ સુપ્રીમ પ્રાઇવેટ લિમિટેડ- મદુરાઇને અપાયેલ હતું. આમ મદુરાઇ સ્થિત હોટેલ સુપ્રીમના માલિક એવા કોડાયના શ્રી રવજીભાઇ મોરારજી લાલન ભાગ્યશાળી બન્યા હતા અને ડ્રો કૂપનની યોજનાના નિયમ અનુસાર તેઓશ્રી જે નામ સૂચવે તે નામ આખાય સંકુલને આપવામાં આવે તેવી એ યોજના હતી.

ત્યારબાદ મેડિકલ ચેક-અપ સેન્ટર અને અતિથિ ભવનના રૂમોની ફાળવણી માટેનો ડ્રો યોજવામાં આવ્યો હતો. મેડિકલ ચેક-અપ સેન્ટરના નાના-મોટા કુલ ૧૮ રૂમોમાં પાંચ મોટા રૂમ અને સાત નાના રૂમના ફાળા આવી ગયેલ હોવાથી તે અંગેનો કયો રૂમ કયા દાતાના નામની તકતીથી શોભશે તે નક્કી કરવા માટે ડ્રો કર્યો હતો.

તે સમયની સ્થિતિ મુજબ અતિથિ સેવા ભવનમાં કુલ ૧૯ રૂમોની વ્યવસ્થા હતી, તે પૈકી નવ મોટા રૂમ અને દસ નાના રૂમ હતા.

*જે લોકોને પોની જાત પર વિશ્વાસ નથી હોતો તેમના પર કોઇ વ્યક્તિ વિશ્વાસ નથી કરતી.*

અતિથિ ભવનના રૂમ ઉપર દાતાના નામની તકતી મૂકવા માટેનો ડ્રો પણ યોજાયો હતો. જેમાં ચાર મોટા રૂમના દાતા તથા ત્રણ નાના રૂમના દાતાના નામની તકતી કયા રૂમ નંબર ઉપર મૂકવી તે અંગે ડ્રો યોજાયેલ હતો. આ રીતે રૂમોની ફાળવણીનો કાર્યક્રમ સફળ રીતે પૂર્ણ કરવામાં આવ્યો હતો.

સભામંચનું સફળ સંચાલન કરવા બદલ શ્રી કલ્યાણજીભાઇ હીરજી સાવલા ''ઊર્મિલ''નું સમારંભ પ્રમુખ શ્રી જગશીભાઇ જેઠાભાઇ છેડાએ શાલ ઓઢાડીને બહુમાન કર્યું હતું. શ્રી ઊર્મિલભાઇએ પોતાની આગવી શૈલી અને વર્ણનકળાથી સમારંભના બન્ને દિવસનું સફળ સંચાલન કર્યું હતું. આ કારણે સમાજે પણ તેમનું અભિવાદન કર્યું હતું.

આ બન્ને દિવસોમાં દાનની ગંગા અવિરત વહેતી જ રહી હતી. જેની વિગત અન્યત્ર આપવામાં આવી છે.

શ્રી કચ્છી જૈન સેવા સમાજની યુવા પાંખ એટલે ''સંકલ્પ'' એ આ બન્ને દિવસ રસોડાની સંપૂર્ણ જવાબદારી સફળતાપૂર્વક પાર પાડી હતી. ઉપરાંત મનોરંજન કાર્યક્રમ વખતે પણ ''સંકલ્પે'' વ્યવસ્થા સંભાળી હતી. ''સંકલ્પ''ની કામગીરીની કદરરૂપે સમારંભમાં દરેક સ્વયંસેવકોને ચાંદીના સિક્કા ભેટ આપવામાં આવ્યા હતા. જ્યારે પંચકલ્યાણક પૂજાથી શરૂ કરીને મહેમાનોને ઉતારવા જવા, તેમની રહેઠાણની વ્યવસ્થા, સભા મંડપ અંદરની વ્યવસ્થા વગેરે કાર્ય માટે શ્રી કચ્છી જૈન સેવા સમાજના યુવા સ્વયંસેવકોએ ફરજ બજાવી હતી. અગ્રણીઓ અને વડીલોને વ્યવસ્થા અંગેની ચિંતાથી મુક્ત કરવા બદલ આ સર્વે યુવાવર્ગનો આભાર માનવામાં આવ્યો.

તમામ કાર્યકરોનો આભાર માની ભવ્ય કાર્યક્રમની સફળતા બાદ દરેક કર્મચારીઓને એક પગાર બોનસ તરીકે જાહેર કરી સમાજે અદનામાં અદના આદમીને યાદ કર્યો હતો.

આમ, બે દિવસનો ભવ્ય સમારંભ પૂરો જાહેર કરતાં પહેલાં શ્રી મુરજીભાઇ નરશી શાહે આભારવિધિ કરી હતી.

અંતમાં શ્રી કાંતિલાલભાઇ વેલજી સાવલા પરિવાર તરફથી સ્વામીવાત્સલ્ય ભોજન લઇ સૌ એક ચિરસ્મરણીય પ્રસંગની યાદ સાથે આનંદવિભોર વાતાવરણમાં છૂટા પડ્યા હતા.

*(ક્રમશઃ)*

*નોંધ : ઉપરોક્ત ઈતિહાસ જે તે સમયે 'મંગલ મંદિર'માં પ્રસિદ્ધ થયેલા કાર્યક્રમના અહેવાલ પર આધારિત છે. એટલે સંભવ છે કે શરતચૂકથી કોઈ વિગત તેમાં પ્રકાશિત થયેલ ના હોય અથવા તેનાં સ્વરૂપમાં ફેરફાર હોય.*

*— સંપાદક*

*નોંધ : ગત પ્રકરણ-૪, પાના નંબર-૫૩, ક્રમ-૫ ની વિગત રદ્દ થયેલ સમજવી.*

## જીવતી માં નું શ્રાદ્ધ કરતો દીકરો

**(અનુસંધાન : પાના નં.-૪૬ ઉપરથી ચાલુ)**

પોષાય આલ્સેશિયન... એક માવડી નથી પોસાતી...!'

અમારા મિત્ર બચુભાઇ કહે છે : **'આણંદના ગોટા અમદાવાદ સ્ટેશને ખાવા મળતા નથી. તેમ જુવાનીના સ્ટેશન પર ઘડપણનાં દુઃખોનો અંદાજ આવી શકતો નથી.** નર્કની પીડા આપણે અનુભવી નથી. પરંતુ નર્કની ભયાનકતાથી બચવા આપણે નિયમિત ભગવાનની ભક્તિ કરીએ છીએ, તેમ ઘડપણની યાતનાનો ખ્યાલ ભલે આજે ન આવે પણ તે દુઃખોની કલ્પના કરીને આપણે વૃદ્ધોની પ્રેમથી સાર સંભાળ રાખવી જોઇએ. માર્ગ પરથી કોઇની મૈયત જઇ રહી હોય ત્યારે ઘણા રાહદારીઓ હાથ જોડીને પગે લાગે છે. તેઓ મરનારને ઓળખતા હોતા નથી. પણ મૃત્યુની અદબ જાળવવા નમન કરતા હોય છે. **સંસારનો દરેક વૃદ્ધ આદરને પાત્ર હોય કે ન હોય પણ વૃદ્ધાવસ્થા જરૂર આદર અને સહાનુભૂતિને પાત્ર છે. કેમકે વૃદ્ધાવસ્થા એ જિંદગીનું અંતિમ જકાતનાકુ છે.** જીવનભરનાં તમામ કર્મોની ત્યાં ચૂકવણી કરીને માણસ અનંતની યાત્રાએ ઊપડી જાય છે. એથી પ્રત્યેક દીકરાએ માબાપની પૂરી કાળજી લેવી જોઇએ. લોકકવિ ભીખુદાન ગઢવી લખે છે - 'અંતવેળા જેનાં માબાપ ના ઠર્યાં... સાત જનમ તેના બૂરા ઠર્યાં...!''

*સી-૧૨, મજૂર મહાજન સોસાયટી,*
*ગણદેવી રોડ, જમાલપોર, નવસારી-૩૯૬ ૪૪૫.*
*ફોન : (૦૨૬૩૭) ૨૪૨૦૯૮, મો. ૯૪૨૮૧ ૬૦૫૦૮*

## કાળી કાળી વાદળીમાં વીજળી ઝબુકે

**(અનુસંધાન : પાના નં.-૩૭ ઉપરથી ચાલુ)**

ખુશનસીબીની બીના બની જાય છે. જ્યારે આપણે લયબધ્ધ, ઊર્મિસભર ગાયન ગાઇએ છીએ ત્યારે એ ફક્ત ગીત ન બનતાં ધ્વનિ-નાદબ્રહ્મ બની જાય છે. ધ્વનિ એ મૂળભૂત તત્ત્વ છે. એ મૂળભૂત તત્ત્વ આપણા અંગેઅંગમાં લહેરાય ત્યારે આપણા અંગમાં એક અનન્ય ઝણઝણાટી મોહરી ઊઠે છે. એ આનંદ, એ ઊર્મિ, એ લહેરી, એ ઉન્માદ ફક્ત બાહ્ય આનંદ નથી બક્ષતાં. શરીરના પ્રત્યેક કોષને એનાથી જીવનરસ મળે છે. તાજગી વર્તાય છે ને હૃદયમાં હર્ષોલ્લાસની હેલી ઊઠે છે. આવું સહજપણે ગાઇ શકનાર વ્યક્તિ બડભાગી છે. એવું કરતાં તે પ્રકૃતિસમ ઓતપ્રોત થઇ જાય છે. પ્રકૃતિ સંગ ઓતપ્રોત થવું એ સ્વને નિરખવાનું પ્રથમ ચરણ છે તે સમય પૂરતી વ્યક્તિ કુદરત સાથે એકાકાર થઇ જાય છે. સહજભાવમાં રમમાણ રહે છે. કદાચ ઊર્મિના અતિરેકમાં સ્થળ કાળનું પણ ભાન ભૂલી જાય તો એનાથી વધુ સુંદર શું? **સત્યમ્ શિવમ્ સુંદરમ્ ને પામવાના ઘણા માર્ગ છે.** આવું સહજ રીતે ગાવું, ઊર્મિમય બની સ્વમાં રમમાણ થઇ જવું ને સ્થળકાળનું ભાન ખોઇ જઇ પ્રકૃતિના એક અંગ થઇ જવું, ભક્તિનો એક અણમોલ માર્ગ છે. એ માર્ગ પામનાર પર કુદરત ફિદા થઇ શકે છે.

*૫૦/૪, રામસદન, પહેલો માળ,*
*બ્રાહ્મણવાડા ક્રોસ રોડ, માટુંગા, મુંબઈ-૪૦૦ ૦૧૯.*

*જરૂરિયાતો પૂરી થઈ શકે છે, ઈચ્છાઓ નહીં.*

# જીવતી માનું શ્રાદ્ધ કરતો દીકરો...!

● દિનેશ પાંચાલ ●

એક મિત્ર મીઠાઈની દુકાને મળી ગયા. મને કહે- 'આજે માનું શ્રાદ્ધ છે. માને લાડુ બહુ ભાવે એથી લાડુ લેવા આવ્યો છું!' મારા આશ્ચર્યનો પાર ન રહ્યો. હજી પાંચ મિનિટ પહેલાં તો હું એમની માને શાક માર્કેટમાં મળ્યો હતો. હું કાંઇ બોલું તે પહેલાં ખુદ એ માતાજી હાથમાં થેલી લઇને ત્યાં આવી પહોંચ્યાં. તેમને જોઇ મેં પૂછ્યું - 'ભલા માણસ, આ શી મજાક માંડી છે...? માજી તો આ રહ્યાં તારી બાજુમાં...!' મિત્રે માતાના ખભા પર હાથ મૂક્યો અને હસીને કહ્યું : 'દિનેશભાઇ, વાત એમ છે કે માના મર્યા બાદ ગાય-કાગડાને વાસમાં લાડુ મૂકવાને બદલે હું માના ભાણામાં લાડુ મૂકી **એમને જીવતાં જીવત જ તૃપ્ત કરવા માગું છું. હું માનું છું કે જીવતા જીવત જ માબાપને સર્વ વાતે સુખી કરો એ જ સાચું શ્રાદ્ધ ગણાય!'**

એમણે આગળ કહ્યું : 'માને ડાયાબિટીસ છે. પણ એમને સોસિયો બહુ ભાવે છે. હું એમને માટે સોસિયો હંમેશાં ફ્રિઝમાં રાખું છું. એમને ખાજલી, સફેદ જાંબુ, કેરી વગેરે બહુ ભાવે છે. તે બધું જ હું એમને ખવડાવું છું. શ્રદ્ધાળુઓ મંદિરે જઇ અગરબત્તી સળગાવે છે. હું મંદિરે જતો નથી. પણ માના સુવાના ઓરડામાં કાચબા છાપ અગરબત્તી સળગાવી આપું છું. સવારે મા ગીતા વાંચવા બેસે ત્યારે માનાં ચશ્માં જાતે સાફ કરી આપું છું. **મને લાગે છે કે ભગવાનના ફોટો કે મૂર્તિ સાફ કરવા કરતાં ઘરડી માનાં ચશ્માં સાફ કરવાથી વધુ પુણ્ય મળે છે!'**

મિત્રની વાત શ્રદ્ધાળુઓને કઠે એવી છે પણ વાતમાં વજૂદ છે. આપણે વૃદ્ધોના મૃત્યુ બાદ શ્રાદ્ધ કરીએ છીએ. જ્ઞાતિને લાડુ દૂધપાકનું જમણ જમાડીએ છીએ. રિવાજ ખાતર ભલે તેમ કરવું પડતું, પણ યાદ રહે ગાય-કાગડાને ખવડાવેલું કદી ઉપર પહોંચતું નથી. અમેરિકા અને જાપાનમાં પણ સ્વર્ગ માટેની કોઇ 'ટિફિનસેવા' હજી શરૂ થઇ નથી. માવતરને જીવતાં જીવત જ બધાં સુખો આપીએ તે ઉત્તમ શ્રાદ્ધ ગણાય.

એક સત્ય સમજી લેવા જેવું છે. દીકરાઓ ગમે તેટલા શાણા, સમજુ અને પ્રેમાળ હોય તો પણ ઘડપણની લાચારી, પીડા અને અસહાયતાનો તેમને ખ્યાલ આવી શકતો નથી. આંખે દેખાતું બંધ થયા પછી જ અંધાપાની લાચારી સમજાય છે. એ સંજોગોમાં વૃદ્ધોને પૈસા કરતાં પ્રેમની અને ટીકા કરતાં ટેકાની વધુ જરૂર પડે છે. આજના તણાવયુક્ત જીવનમાં દીકરાઓને માથે પણ તરેહ તરેહનાં ટેન્શનો અને જવાબદારીનું ભારણ હોય છે. તેઓ ઇચ્છવા છતાં માબાપની પૂરી કાળજી લઇ શકતા નથી. એવા દીકરાઓને કંઇકે માફ કરી શકાય. પરંતુ કેટલાક યુવાનો પત્ની અને સંતાનોની કાળજી લે છે તેટલી ઘરડા માબાપોની નથી લેતા. સમાજના મોટાભાગના વૃદ્ધો અનેક પ્રકારની અવહેલના ઝીલી (હોઠ ભીડીને) જીવે છે. એવા દીકરાઓ માબાપને પાશેર ખમણ ખવડાવતાં નથી અને મર્યા બાદ હજારો રૂપિયા ખર્ચીને જ્ઞાતિને જમાડે છે. બ્રાહ્મણોને દાન આપે છે. તીર્થસ્થળોએ જઇ શ્રાદ્ધ કરે છે. આ બધી નોનપ્રોડક્ટીવ એક્ટિવિટી છે. **જૂની પેઢીના લોકોની એ જર્જરિત મનોદશામાં કોઇ પરિવર્તન આવવાનું નથી. પરંતુ આજના યુવાનો એવા ખોખલા રિવાજને તિલાંજલિ આપે તે જરૂરી છે.**

હમણાં જાણીતા શાયર દેવદાસ - 'અમીર'ની એક પુસ્તિકા હાથે ચડી ગઇ. એમાં રમેશ જોષીનું એક વાક્ય વાંચવા મળ્યું - 'જ્યારે હું નાનો હતો અને આંખમાં આંસુ આવતાં ત્યારે મા યાદ આવતી. આજે મા યાદ આવે છે ત્યારે આંખમાં આંસુ આવે છે...!' સંતો કહે છે, **નાનપણમાં આપણે ચાલી નહોતા શકતા ત્યારે માબાપ આપણી આંગળી ઝાલતા. હવે તેઓ ચાલી નથી શકતા ત્યારે આપણે તેમનો હાથ ઝાલવો જોઇએ!**

વારંવાર એક વાત સમજાય છે. ઘરડા માબાપને તીર્થયાત્રા કરવા ન લઇ જાઓ તો ચાલશે, તેમનો હાથ ઝાલીને સંડાસ સુધી દોરી જાઓ તો એમાં અડસઠ તીર્થનું પુણ્ય સમાઇ જાય છે. કહે છે માબાપ બે વખત રડે છે. એક દીકરી ઘર છોડે ત્યારે... અને બીજું દીકરા તરછોડે ત્યારે. પણ માએ તો જિંદગીભર રડવાનું જ હોય છે. છોકરાં નાના હોય અને જમે નહીં એટલે મા રડે અને એ છોકરાં મોટા થઇને જમાડે નહીં ત્યારેય મા રડે છે! સંજોગની એ વિચિત્ર વિડમ્બના છે કે જે બાળકને માએ બોલતાં શીખવ્યું હોય એ દીકરો મોટો થઇને માને ચૂપ રહેવાનું કહે છે. (જોકે વ્યવહારુતા એમાં છે કે સંતાનો પૂછે નહીં ત્યાં સુધી તેમને કોઇ સલાહ ના આપવી. એમ કરવું એ ઘડપણની શોભા પણ છે અને જરૂરિયાત પણ!) માતૃપ્રેમ વિશે લોકકવિઓએ ઘણું લખ્યું છે. કવિ ધરમશીએ કહ્યું છે - 'પહેલાં રે માતા... પછી રે પિતા... પછી લેવું પ્રભુનું નામ... મારે નથી જાવું તીરથધામ...!' પણ હવે સમય અને સમાજ બન્ને બદલાયાં છે. લોકોના વાણી, વર્તન અને જીવનશૈલી પર પશ્ચિમની અસર થઇ છે. જે મા દીકરાને ગર્ભમાં રાખે છે તેને દીકરા ઘરમાં રાખવા માંગતા નથી. કવિ ગુલાબદાન કહે છે : 'ગરીબ માની ઝૂંપડીમાં 'ગુલાબદાન' કોઇ'દિ સાંકડ નહોતી થાતી... આજે પાંચ પુત્રોના પાંચ બંગલામાં એક માવડી નથી સચવાતી... તો શરમ, મરજાદ અને સંસ્કૃતિ ક્યાં ગઇ જે ગૌરવ આપણું ગણાતી...? આલીશાન બંગલામાં

**(અનુસંધાન : જુઓ પાના નં.-૪૫ ઉપર)**

*જીવન પરિવર્તનશીલ છે, જૂની વાતોને ભૂલી દરેક દિવસને નવા ઉત્સાહથી જીવો.*

# કથા બે જુવાનિયાઓની

• હર્ષ મંદર •

*આજની આર્થિક અને સામાજિક સ્થિતિમાં સામાન્ય દરજ્જાની વ્યક્તિઓ કેવી રીતે જીવન ગુજાર કરતી હશે, તેનો વિચાર માત્ર જ કંપારી ઉપજાવે તેવો છે. આ પ્રકારના વર્ગના લોકોનું જીવન-ધોરણ દરેક સ્તરે તૂટીને સાંકડું બનતું જાય છે. જ્યારે ઉચ્ચ વર્ગના લોકો મોજ-મસ્તીમાં વૈભવી જીવન ભોગવતા જોવા મળે છે. ત્યારે પ્રશ્ન ઉદ્‌ભવે છે કે, ગરીબ પ્રજાજનોનો શું વાંક-ગુનો છે - જેના પરિણામે તેઓ સુખ અને આનંદથી દૂર રહેવાની મજબૂરી ભોગવે છે. તેઓ પણ વિકાસ સાધી શકે તેવો માહોલ તેમની આસપાસ કેમ નથી? આ પ્રકારની સમાજ-રચનાને કેવા પ્રકારની લોકશાહી કહી શકાય? આ પ્રત્યે આંખ ઉઘાડી નાખે તેવી એક કથા અત્રે પુનઃ પ્રસ્તુત છે.*

*– મુખ્ય તંત્રી*

ગયા વરસે બે જુવાનિયાઓએ એમ નક્કી કર્યું કે આપણે એક મહિનો આ દેશના સરેરાશ ગરીબ માણસની જે આવક છે તેટલી આવકમાં જીવીશું. તેમાંનો એક હતો, તુષાર. હરિયાણાના એક પોલીસ અફસરનો દીકરો. તે અમેરિકામાં યુનિવર્સિટી ઓફ પેન્સિલવેનિયામાં ભણ્યો હતો અને પછી ત્યાં તેમજ સિંગાપુરમાં તેણે ત્રણ વરસ ઇન્વેસ્ટમેન્ટ બૅન્કર તરીકે કામ કરેલું. બીજો હતો, મૅટ. કિશોરાવસ્થામાં માબાપ સાથે અમેરિકા ગયેલો અને ત્યાં ભણેલો. અમેરિકામાં બંને એકમેકને ઓળખતા નહોતા. પરંતુ બંને અમેરિકા છોડીને ભારત આવ્યા હતા અને બેંગલોરમાં U & D પ્રોજેક્ટમાં જોડાયા હતા. ત્યાં બંને એક ફ્લેટમાં સાથે રહેતા અને નિકટના દોસ્ત બની ગયેલા.

એક દિવસ બંનેને એક સરખો વિચાર આવ્યો. બંને જ્યારે અમેરિકા છોડીને ભારત આવ્યા, ત્યારે બંનેના મનમાં એવું કાંઇક હતું કે અહીં પોતાના દેશને પોતે કંઇક કામમાં આવશે. પરંતુ એમને અહીંનો અને અહીંના લોકોનો ઝાઝો પરિચય નહોતો. એક દિવસ તુષારે કહ્યું, **"ચાલ, દોસ્ત! સરેરાશ ભારતીય કેવી રીતે જીવે છે, તે જાણીએ. એક મહિનો આપણે પણ તેઓ જેટલી સરેરાશ આવકમાં જીવે છે તેટલી જ આવકમાં જીવી જોઇએ."** તેના દોસ્ત મેટને આ વિચાર એકદમ બહુ ગમી ગયો. અને એમણે બંનેએ એક એવી યાત્રા શરૂ કરી, જેણે બંનેનાં જીવન સાવ પલટી નાખ્યાં.

પહેલો સવાલ થયો કે એક ભારતીયની સરેરાશ આવક કેટલી છે? એમણે ગણતરી કરી કે ભારતની એક મહિનાની સરેરાશ રાષ્ટ્રીય આવક રૂ. ૪,૫૦૦ છે, એટલે કે એક દિવસની રૂ. ૧૫૦. સામાન્ય રીતે લોકો પોતાની આવકનો ત્રીજો હિસ્સો ઘરભાડા પાછળ ખર્ચતા હોય છે. તેથી તેટલું બાદ કરતાં રોજના એકસો રૂપિયામાં આપણે જીવવું. આમ કરવાથી આપણે એકદમ ગરીબની બરાબરીના તો નહીં થઇ જઇ શકીએ, પણ એક સરેરાશ ભારતીય જેવા થઇને જીવવાનો અનુભવ મેળવી શકીશું. અલબત્ત, ૭૫ ટકા ભારતીયો તો આ સરેરાશ કરતાંયે ઓછી આવકમાં જીવે છે.

શરૂમાં તો એમનો ઘણો વખત ભોજન-વ્યવસ્થા ગોઠવવામાં ગયો. બહાર જમવાનો તો હવે સવાલ જ નહોતો. ધાબામાં જમવુંયે હવે એમને માટે બહુ ખર્ચાળ હતું. દૂધ વગેરે પણ પોષાય નહીં, એટલે બહુ થોડું લઇ શકતા. માંસાહાર કરવાની ત્રેવડ નહોતી. તૈયાર પાઉં વગેરે પણ મોંઘું પડે. માખણ કે ઘી પણ નહીં, માત્ર થોડું તેલ વાપરતા. બંને રસોઇ સારી કરી જાણતા અને બંનેને ભૂખ પણ સરસ કકડીને લાગતી. સોય નગેટ્સ (soy nuggets) એમને બહુ માફક આવી ગયા. તેની જાતજાતની વાનગી તેઓ બનાવતા. આ ખોરાક એમને પોષાય એવો હતો અને પ્રોટીનથી ભરપૂર હતો. પારલેનાં બિસ્કીટ પણ સસ્તાં પડતાં, ૨૫ પૈસામાં ૨૭ કૅલરી આપતાં! મધુરેણ સમાપયેત તરીકે કેળાંની તળેલી કાતરી લેતા. આ હતી એમની રોજની મિજબાની!

રોજના એક સો રૂપિયામાં જીવવાથી એમના જીવનનું વર્તુળ સાંકડું થતું જતું હતું. એમણે જોયું કે રોજની પાંચ કિલોમીટર કરતાં વધારે બસની મુસાફરી એમને પોષાય તેમ નથી. જો વધારે દૂર જવું હોય તો પગે ચાલીને જ જવું પડે. વીજળીનો ખર્ચ પણ રોજના પાંચ-છ કલાક જેટલો જ ભોગવી શકાય, એટલે દીવાબત્તી અને પંખા વગેરે વાપરવામાં કરકસર કરવી પડે. વળી, મોબાઇલ ને કોમ્પ્યુટર રિ-ચાર્જ કરવામાંયે વીજળી વપરાય જ. લાઇફબોય સાબુનાયે બે ટુકડા કરી સંભાળી-સંભાળીને વાપરવા પડે. બજારમાં દુકાનો પાસેથી પસાર થવાનું થાય, ત્યારે તેમાંની ચીજવસ્તુ જોઇને જ સંતોષ માની લેવો પડે, તે ખરીદવાની તો એમની ત્રેવડ નહીં. સિનેમા જોવા જવાનો મોજશોખ તો એમને પરવડે જ ક્યાંથી? અને માંદગી આવી પડે તો? તેઓ પ્રાર્થના કરતા કે પોતે માંદા પડે જ નહીં!

***શરીરમાં સૌથી વધુ તેજસ્વી અંગ છે તમારું મસ્તિષ્ક. તેને હંમેશાં ઠંડું રાખજો.***

જો કે હજી તો વધારે કસોટી એમની થવાની હતી. એમણે છાપાંમાં વાંચ્યું કે ભારતના પ્લાનિંગ કમિશને સર્વોચ્ચ અદાલતને એમ જણાવ્યું છે કે સત્તાવાર ગરીબી રેખા શહેરો માટે માથાદીઠ રોજના રૂ. ૩૨ અને ગામડાં માટે રૂ. ૨૬ ઠેરવવામાં આવી છે. શું તેઓ આટલી મર્યાદામાં જીવી શકે?

આનોયે અનુભવ તો લેવો જ જોઇએ. એમણે કેરલ જઇને મૅટના કરુકાચલ ગામે રહેવાનું નક્કી કર્યું. બસ, રોજના રૂા. ૨૬માં જીવી જોવું છે. તેઓ ઉકાળેલા ચોખા અને કંદ ખાતા. કેળું લેતા અને દૂધ વિનાની ચા પીતા. આટલી રકમમાં સંતુલિત આહાર તો શક્ય જ નહોતો. એમણે તો સ્વેચ્છાએ 'ગરીબી' સ્વીકારી લીધેલી ને! એમણે જોયું કે આખો દિવસ એમને ખાવાના જ વિચારો આવ્યા કરતા! જ્યાં જવું હોય ત્યાં તેઓ ચાલીને જ જતા તથા સાબુ બચાવવા કપડાં પણ રોજ ન ધોતા. મોબાઇલ ને ઇન્ટરનેટ વાપરવાનુંયે એમણે બંધ કરી દેવું પડ્યું. અને નસીબ જોગે માંદા પડ્યા, તો તો આવી જ બન્યું. **૨૬ વરસના આ બે જુવાનિયાઓ માટે 'સત્તાવાર ગરીબી' ભોગવવાનો આ અનુભવ ભારે કષ્ટદાયક બની રહ્યો.**

પરંતુ એક મહિના બાદ દિવાળીએ જ્યારે એમનો આ અનુભવ પૂરો થયો, ત્યારે એમણે પોતાના મિત્રોને દિલ ખોલીને લખ્યું:

"અમે તમને કહેવા માગીએ છીએ કે અમે ફરી અમારા 'નોર્મલ' જીવનમાં પાછા ફર્યા, તેની અમને ખુશી છે. અમે તમને કહેવા માગીએ છીએ કે બે દિવસ પહેલાં અમારા માનમાં જે ભપકાદાર ભોજન-સમારંભ યોજવામાં આવેલો, તે માટે પણ અમે તમારા બધાંના આભારી છીએ. અત્યાર સુધી અમે ખાધેલા ભોજનમાં એ એક ઉત્તમ ભોજન હતું, અને તેમાં તમારા બધાંનો ભરપૂર પ્રેમ ભળેલો હતો. અને તેમ છતાં અમારે કહેવું જોઇએ કે આ ભોજન ખાતાં અમને કોળિયે-કોળિયે કઠોર વાસ્તવિકતાની એવી હૃદય-વિદારક યાદ સતાવતી હતી કે આ દેશના ૪૦ કરોડ જેટલા પ્રજાજનો માટે આવું ભોજન તો સપનામાંયે સંભવ નથી. **અમે ભલે અમારા સુખસગવડભર્યા જીવનમાં પાછા ફર્યા હોઇએ, પરંતુ તેઓ તો હજી દેહ-પ્રાણને એક રાખવાના કપરા જીવન-સંઘર્ષમાં જ પડેલા છે.** કેટકેટલી વિટંબણાઓ તેઓ ભોગવી રહ્યા છે, કેટકેટલા અભાવોથી તેઓ પીડાઇ રહ્યા છે, કેટકેટલી મજબૂરીઓનો સામનો તેઓ કરી રહ્યા છે! **તેઓ એવું જીવન જીવી રહ્યા છે, જેમાં સ્વતંત્રતા ને મોકળાશ સાવ થોડી અમથી છે અને ભૂખમરો ને અભાવો અઢળક છે!"**

"અગાઉ જે ચીજવસ્તુ અમે ઝટઝટ ખરીદતા, તે ખરીદતાં આજે અમારો જીવ ચાલતો નથી. એ બધું જીવનમાં અમને હવે બેફામ ઉડાઉગીરી જેવું ને બિનજરૂરી લાગે છે. શું અમને આ જાતજાતનાં તેલ, શેમ્પુ ને સુગંધીદાર સાબુ વગેરેની ખરેખર જરૂર છે? શું શનિ-રવિની રજાઓ ઊજવવા અમને મોંઘીદાટ રેસ્ટોરાંમાં જઇને ભોજન લેવાની ખરેખર જરૂર છે? જરા વધુ વ્યાપક પરિપ્રેક્ષ્યમાં જોઇએ, તો અમને થાય છે કે અમારી આસપાસ આ બધો જે વૈભવ છે, તે ભોગવવાની અમારી લાયકાત છે? અમારું માત્ર એવું નસીબ જ ગણો કે અમે એવી પરિસ્થિતિમાં જન્મ્યા, જેણે અમને આવું સુખ-સગવડભર્યું જીવન ઊભું કરવાનો મોકો આપ્યો. **અમારા જેવા જ આ દેશના બીજા અડધોઅડધ પ્રજાજનોનો એવો તો શો વાંક કે એમને આવો મોકો ન મળ્યો?** એમને ન મળી જીવનની પ્રાથમિક ભૌતિક જરૂરિયાતો કે ન મળ્યું પોતાના વિકાસ માટે જરૂરી એવું શિક્ષણ કે ન મળી માંદે-સાજે આવશ્યક એવી આરોગ્ય-સારવાર. આવું કેમ થયું? આમાં એમનો શો વાંક? અને આપણે એવો તે શો વાઘ માર્યો કે આપણે આ બધા માટે લાયક ઠર્યા અને આપણા જ દેશના અડધોઅડધ આપણા દેશ બાંધવો આ માટે લાયક ન ઠર્યા? શા માટે? શા માટે?"

"આવા બધા અકળાવી મૂકનારા સવાલોના જવાબ અમારી પાસે નથી. પરંતુ અમને એટલી ખબર છે કે અમારા અંતરના ઊંડાણમાં હવે અમે એક અપરાધભાવ સતત અનુભવીએ છીએ. આ અપરાધભાવ વળી વધુ ઘેરો બને છે, જ્યારે અમને યાદ આવે છે કે પોતાની કંગાળ ને કષ્ટમય જિંદગી છતાં આપણા આ વંચિત બાંધવોએ અમને કેટલો બધો પ્રેમ આપ્યો છે, અમારી કેટલી બધી કાળજી લીધી છે, અમારા પ્રત્યે કેટલી બધી ઉદારતા દાખવી છે! **અમે ભલે એમને જીવનભર અમારાથી પારકા ગણ્યા હોય, પરાયા ને ત્રાહિત ગણ્યા હોય, પરંતુ એમણે અમને એવા કદી નથી ગણ્યા,** એમણે અમારી સાથે એવો વર્તન-વ્યવહાર કદી નથી કર્યો. આ યાદ આવે છે, ત્યારે અમારા અંતરમાંનો અપરાધભાવ ઘેરો, અતિ ઘેરો બની જાય છે....."

- આ તો છે આ બે જુવાનિયાઓની અંતરતમની અનુભૂતિ. તેઓ આ અનુભવમાંથી ઘણું શીખ્યા છે. આમાંથી એમને જીવનનો બહુ મોટો બોધપાઠ મળ્યો છે, જીવનને વ્યાપકપણે ગંભીરતાથી જોવાની દૃષ્ટિ મળી છે. 'ગરીબી' નો સાક્ષાત્ અનુભવ એમને થયો છે. આવી ગરીબી હરગિજ ન ખપે. વળી, **લોકશાહીમાં આવી ગરીબી કાયમ હોય, તો તે લોકશાહી કહેવડાવવાને લાયક જ નથી. મેટના શબ્દોમાં - "સર્વ જન માટે સહ-અનુભૂતિ, સમ-સંવેદના એ લોકશાહીનું હાર્દ છે, લોકશાહીનો અસલ મર્મ છે."**

*'ભૂમિપુત્ર'માંથી સાભાર*

*રજૂઆત : મગનલાલ સંઘવી, અમદાવાદ*

# પરિવાર... એક અનોખું માનવ સર્જન

• ગુલાબચંદ ધારશી રાંભિયા •

પરિવાર એ કુદરતનું નહીં પણ માનવીનું સર્જન છે. માનવજાતિ માટે એક અગત્યનું અને મહત્ત્વનું સોપાન છે. પશુ પક્ષીઓ ભેગાં થાય છે સહજ રીતે અને છૂટા પણ પડી જાય છે સહજ રીતે. આ બધા જીવોને મનુષ્યો જેટલો માતા પિતાનો લાંબો સહવાસ, વાત્સલ્ય, કાળજી, પ્રેમ, હૂંફ, સંરક્ષણ, આશ્રય અને સંસ્કાર મળતા નથી - ચકલી ચકલા કે કબૂતર કબૂતરી માળો બાંધવા એક એક તણખલુ લઇ આવે છે પણ ઇંડાં મૂકાયા બાદ કબુતર કે ચકલી ભાગ્યે જ દેખાય છે - બિલાડી કે કૂતરી પણ ગર્ભાધાન પછી એકલી જ નજરે પડે છે.

પણ માનવબાળ માટે પરિસ્થિતિ અલગ છે. માનવ બાળ જન્મે ત્યારે તેને આવકારવા માતા પિતા ઉપરાંત બીજા ઘણાં બધા રાહ જોતા ઊભા હોય છે. મનુષ્ય જાતિએ પરિવાર નામની સંસ્થાનું સર્જન કરી, તેનું સંવર્ધન કરી આજ સુધી અખંડિત રાખી છે... **પણ વર્તમાન સમયમાં પરિવારરૂપી સંસ્થાની ઇંટો વચ્ચેથી રેતી-ચૂનો-સિમેન્ટ ખરવા લાગ્યાં છે** અને આમ જ ચાલ્યા કરશે તો પરિવાર એક કલ્પના બનીને રહી જશે. આવું ન થાય એ માટે ડહાપણ દાખવવાની તાતી જરૂરિયાત પાકી ચૂકી છે.

અનેકવિધ સંબંધોનો સરવાળો એટલે માનવ જીવન. કૌટુંબિક સહજીવનમાં આ વિશેષ રીતે સમજી શકાય છે પરિવારને લીધે માનવીય સંબંધ સુંદર અને સ્નેહસભર બની શક્યો. પરસ્પર સહયોગ, કાળજી, વફાદારી, પ્રામાણિકતા, એકમેકની જવાબદારી જેવા ગુણો અહીં વિકસી શક્યા. **પરિવાર એટલે જીવન મૂલ્યોની ગુણ વિકાસ માટેની પ્રયોગશાળા, પરિવારની અનેક ઉજ્જવળ સિદ્ધિઓ છે.**

પરંતુ વર્તમાનકાળમાં આ સંબંધો તરડાઇ રહ્યા છે. **એમાં રણકાર નથી રહ્યો થોડા બોદા બની ગયા છે. સાથે જીવવાનું ભૂલાઈ રહ્યું છે.** બીજા સંબંધો તો ઠીક પતિ પત્નીનો સંબંધ જે અનન્ય સંબંધ ગણાય છે તેમાં પણ સ્વાર્થની ઊધઇ લાગી ગઇ છે... કોઇ જગ્યાએ કહેવાયું છે અમે ડ્રોઇંગ રૂમમાં હસીએ છીએ અને બેડરૂમમાં ભસીએ છીએ માણસ આજે એકલો પડી ગયો છે.

માણસને એ પ્રતીતિ કરાવવાની જરૂર છે કે એના અસ્તિત્વ સાથે અન્યોનાં સુખ દુઃખ જોડાયેલાં છે એનું સુખ તે બીજાનું સુખ છે અને તેના દુઃખથી બીજું કોઇ હૃદય પણ હિજરાય છે, માતૃત્વ આજે ઠીંગરાઇ રહ્યું છે.

પતિ પત્નીના સંબંધો પણ તરડાયા છે. સ્વતંત્ર અસ્તિત્વ અને અસ્મિતાની સભાનતા ધરાવતી પત્ની સાથે સાત પગલાં ચાલવાનું પરંપરાગત પુરુષ માટે અઘરું પડી રહ્યું છે. એના માટે જરૂર છે નવો અભિગમ વિકસાવવાની. સ્ત્રીનું સ્વાતંત્ર્ય પણ સચવાય, એની પ્રતિભા પણ ખીલે અને છતાંય બાળકો તથા વૃદ્ધ મા બાપનું હિત ન જોખમાય **તેવી સર્વાંગી નવરચના સ્ત્રી પુરુષે સાથે મળીને વિચારવી પડે એવો આ વર્તમાન યુગનો તકાદો છે.**

દાંપત્ય જીવન એ બે મુખવાળા સાપ જેવું છે. સાપનાં બે મુખ લડે ત્યારે તેની પીડા તો સાપે જ સહન કરવી પડે. એકમેકને ઇજા પમાડી પીડા પોતે જ વેઠવાની છે. સંકલ્પપૂર્વક પ્રેમની ઉપાસના થાય તો જ પતિ પત્નીનો સંબંધ શાંતિ અને કલ્યાણ સિદ્ધ કરી શકે.

*૮/૨૬, ગંગામણિ ફ્લેટ્સ,*
*વસંત નગર સોસાયટી, ગોપાલચોક,*
*મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮.*
*ફોન : ૨૫૪૬૮૧૬૦*

## વેકેશનના અવસરનો ઉપયોગ

(અનુસંધાન : પાના નં.-૫૦ ઉપરથી ચાલુ)

અસર થઇ. કાર્લાઇલ આંખમાં આંસુ સાથે બોલ્યો, **"પત્ની માટે મારા દિલમાં સાચો પ્રેમ હતો. હું તેને પ્રેમ દર્શાવી ન શક્યો. જો માત્ર પાંચ મિનિટ માટે જીવિત થઇ પાછી આવે અને મને મળી શકે તો તેને હું કેટલું ચાહતો હતો તે ખરા દિલથી કહી શકું."** અલબત્ત પત્નીએ તો માત્ર કાર્લાઇલનું ઉદ્ધત વર્તન અને ઠપકા જોયા હતા. હવે કોઇ સંજોગોમાં કાર્લાઇલના લાગણીભર્યા હાવભાવ કે શબ્દો સાંભળવા-જોવા તે પરત આવી શકવાની ન હતી. તક હાથમાં હોય ત્યારે લક્ષ ન આપીએ તો તક જતી રહે ત્યારે વડીલોએ વિલાપ કરવાનો સમય પાસે રહેશે. વેકેશનના સમયમાં વાત્સલ્ય દાખવી સંતાનને સુખી બનાવવા તમે આતુર છો એ બાબતની તેની પાસે બેસી તેને શાંતિથી સાંભળી તેને પ્રતીતિ કરાવવાની જરૂર છે.

પ્રેમ દર્શાવવાની તક સાંપડે ત્યારે દર્શાવી નહિં શકાય તો જ્યારે એ શબ્દો કહી શકવાની સ્થિતિમાં નહિ હો ત્યારે પ્રેમ દર્શાવવા અને આનંદથી જીવવાના ફાંફા પડશે. મનને નિરાશા ઘેરી વરશે. **વેકેશનમાં સંતાન ઘરમાં છે તો પ્રેમ-લાગણી વ્યક્ત થવા દો. સાચો સંવાદ સાધો.** પોતાનું પ્યારું સંતાન પાસે હોય ત્યારે તેનાથી અંતર રાખી મૂંગા બની અથવા અહંકારથી ઘેરાઇ ઘરમાં રહેવાની જરૂર નથી. સંતાનની કદર છે, તેના પ્રત્યે સાચો આદર અને લાગણી છે તે દર્શાવવાની તકનો ઉપયોગ કરો. આ તકનો ઉપયોગ કરવાથી બે પેઢી વચ્ચે શ્રદ્ધાનાં બી વાવી શકાશે. કુટુંબ ભાવનાનો વિકાસ થશે. કુટુંબભાવના જળવાશે તો ઘર તીર્થસ્થાનના દરજ્જા સમાન બની જશે.

*પ્લોટ ૫૬૨/૧/બી, સેક્ટર-૩૦, ગાંધીનગર.*
*ફોન : ૦૭૯-૨૩૨૬૧૫૭૫*

*સાચો સેવક કોઈની સેવા લેતો નથી, બીજાને આપે છે.*

# વેકેશનના અવસરનો ઉપયોગ કુટુંબમાં સંવાદ માટે કરો

• પ્રા. પૃથ્વી શાહ •

દીકરો મોટો થાય એટલે માબાપ નિશાળની કેળવણી અપાવે છે. ઘરમાં દીકરાને વાંચવાની સવલત આપે છે. તેની ઇચ્છા અનુસાર ટ્યૂશન રાખી આપે છે. પણ, ઘણાં બધાં કારણોથી દીકરાને પૂરતો સમય આપી શકતા નથી. **પરિણામે દિલથી જે સંવાદ સધાવો જોઇએ તે ઘણા ઘરમાં જોવા મળતો નથી.** પરીક્ષા પૂર્ણ થયા બાદ વેકેશન પડશે. વેકેશનને લીધે છોકરાઓ નવરા પડશે. વેકેશનનો ગાળો એવો છે જ્યારે પ્રેમભાવથી આરામની પળમાં દીકરાની પાસે બેસી શકાય છે. ઉપદેશ આપવા નહિ પરંતુ બાળકના મનને જાણવા, તેની ઇચ્છાને પામવા એક તક મળે છે. સાચો સંવાદ કેળવી શકાય છે. સંતાનને માત્ર જન્મ નથી આપ્યો પણ તેના સર્વાંગી વિકાસ માટે કાળજી લીધેલ છે, તેની પ્રતીતિ કરાવી શકાય છે. સંતાનને પ્રેમ આપી તેનામાં કુટુંબના સંસ્કારનું સિંચન થઇ શકે છે. સંતાનને પ્રેમ દર્શાવવાની આ તક ઝડપવાની જરૂર છે. સંતાન માટે લાગણીભર્યા શબ્દ તેની હાજરીમાં નહિં બોલીએ, લાગણી નહિં દર્શાવી શકીએ તો સંતાનના દિલને જે આંતરિક સંતોષ-ચાહનાની અપેક્ષા છે તેનાથી વંચિત રહેશે. **'માબાપ અમને સારી રીતે ક્યારેય ન સમજી શક્યાં'** કદાચ એવા શબ્દો તેના કાને અથડાશે અને ક્યાંક, ક્યારેક વિપરીત હૈયાવરાળ બહાર નીકળતી જોવા મળશે.

ક્યારેક પિતાને થાય છે કે સંતાન માટે નોકરી કરતો રહ્યો. ઉજાગરા કરતો રહ્યો. તેની ઇચ્છા સંતોષવા વાહન પણ ખરીદી આપ્યું. ટ્યૂશન રખાવી આપ્યું છતાં તે મોટો થયા બાદ મારું માન જાળવતો નથી. પિતા નિવૃત્ત થાય છે ત્યારે તેમને એવી લાગણી થાય છે કે પોતે નિવૃત્ત થયા એટલે હવે ઘરમાં અગત્યનું પાત્ર રહ્યા નથી. મારું વસાવેલું ઘર હવે મારું રહ્યું નથી. ઘરમાં પોતે નકામી ચીજ જેવા બની ગયા છે. પોતાનું જ વસાવેલું ઘર અને કુટુંબ છતાં મનમાં એકાકીપણાનો ભાવ! સંતાન સાથે ક્લેશનું વાતાવરણ! આત્મીયતાનો અભાવ! મનમાં ચીડ અને વસવસો. વાસ્તવમાં પિતા કેન્દ્રમાં હતા ત્યારે જે લાગણી વ્યક્ત કરવાની હતી અને ભવિષ્યમાં સંતાન મોટું થઇ કેન્દ્રસ્થાને આવવાનું છે એ બાબતની તકેદારી ઉછેર સમયે ન રખાઇ હોય તો સંવાદના અભાવે વાતાવરણ બગડવાનું જ.

ક્યાંય પણ માનવી સાથે કામ પાર પાડવાનું હોય ત્યારે આપણે યાદ રાખવાનું છે કે તર્કની મદદથી અથવા અહંકારભાવથી અન્યને અપમાનિત કરવાનો નથી. અન્ય પ્રત્યે લાગણી દર્શાવી તેને માર્ગદર્શન આપવાની જરૂર છે. **એ યાદ રાખવાની જરૂર છે કે સંતાનનું મન વડીલોના વર્તનની બધી વાત મનમાં સંઘરે છે.** વડીલો ઘણી વખત ફરિયાદના રૂપમાં કહેતા સંભળાય છે કે સંતાનને શિખામણ આપીએ છીએ, માર્ગદર્શન આપીએ છીએ. ઘરમાં કોઇ વાતે કમી રાખતા નથી. શું કરવું, કેમ વર્તવું તે જણાવીએ છીએ પણ સંતાન દિવસે દિવસે બગડી રહ્યું છે. વાસ્તવમાં સંતાનને શું કહીએ છીએ એના કરતાં તેની હાજરીમાં કેવા શબ્દોમાં વાત કરીએ છીએ એ વિચારવાની જરૂર છે. ઘરમાં વાતવાતમાં સંતાન સાચું હોય છતાં તેની વાત પ્રત્યે લક્ષ ન આપીએ કે તેને ઉતારી પાડીએ અથવા પતિ તેની પત્નીને અપમાનિત કરતો હોય, નશો કરતો હોય તો પિતાના શબ્દો સંતાનના મન પર કદાચ વિપરીત અસર કરશે. સંતાન નકારાત્મક વલણ અપનાવતું બની શકે છે. તે ઉપદેશથી સુધરવાને બદલે બગડી પણ શકે છે.

મને આ પ્રસંગે બે અમેરિકન ભાઇઓનો કિસ્સો યાદ આવે છે. એક માતાની કૂખે જન્મેલા બે ભાઇઓ સ્વભાવે સાવ ભિન્ન હતા. પહેલા ભાઇને પૂછવામાં આવ્યું કે તું નશાનો બંધાણી છે. પરિવાર સાથે મારઝૂડ કરે છે. આવું કરવા તને કોણ પ્રેરે છે? જવાબ હતો કે તેના પિતા નશાના બંધાણી હતા. દારૂના રવાડે હતા. અપશબ્દો બોલતા. પત્નીને મારઝૂડ કરતા. એ જેવા હતા એવો પોતે બન્યો હતો. **એ યાદ રાખવું જોઇએ કે સંતાનને કાન છે, આંખ છે અને તેનાથી તે વડીલના વાસ્તવિક વર્તનને જુએ છે.** સંતાનના મનથી પિતાની છબી ઊતરી ન જાય, તેના દિલને ઘા ન લાગે, તેનું સ્વમાન સચવાય તેની વડીલોએ તકેદારી રાખવી જોઇએ. સંતાન માટે કોઇની હાજરીમાં તિરસ્કારભર્યા શબ્દ પ્રયોગ કરવાની જરૂર નથી. પિતાને સંતાન માટે મનમાં લાગણી હોય પરંતુ જીભ ઉપર ખોટા શબ્દ હોય તો આપસમાં કડવાશ વધવાની. સંતાન આપણું છે. કુળદીપક છે એ ભાવથી તેની માવજત કરવી જોઇએ. સંતાન પ્રત્યે અપાર પ્રેમ છે તેની હાવભાવથી, શબ્દોથી પ્રતીતિ કરાવવી જોઇએ. વડીલોએ વર્તનમાં દોષમુક્ત રહેવું જોઇએ. માત્ર સ્વયં અહંકાર પોષી સંતાનને ઉપદેશાત્મક બોધ આપી કહેણી-કરણીમાં તફાવત રાખવાથી ક્યારેક નુકસાની ભોગવવી પડે છે.

આ પ્રસંગે અંગ્રેજ લેખક કાર્લાઇલના જીવનનો પ્રસંગ યાદ રાખવા જેવો છે. ઉગ્ર સ્વભાવના કાર્લાઇલને પત્ની પ્રત્યે અપાર પ્રેમ હતો. પરંતુ પત્ની સાથેના વર્તનમાં - વ્યવહારમાં કે વાણીથી તેણે કદી પ્રેમ ન દેખાડ્યો. પત્ની સામે મિજાજ દેખાડ્યો. પત્નીને ઠપકો આપવો એ તેનો સ્વભાવ હતો. કદી જીભથી પત્ની સાથે વહાલભર્યા શબ્દોનો ઉપયોગ ન કર્યો. પત્ની ઓચિંતી ગુજરી ગઇ. પત્ની રોજનીશી લખતી હતી એ ડાયરી કાર્લાઇલના હાથમાં આવી. પતિ તરફથી મળતા દુખ, અપમાન, અને પ્રેમ પ્રાપ્તિ વિના પસાર થતા દિવસોની તેમાં વાત હતી. આ ડાયરી વાંચવાથી કાર્લાઇલના મન પર ઘેરી

**(અનુસંધાન : જુઓ પાના નં.-૪૯ ઉપર)**

*ખુદના વ્યક્તિત્વ પર શ્રદ્ધા રાખો, નવી ક્ષમતા પેદા થશે.*

# સહકારી પ્રવૃત્તિના પ્રણેતા, જાણીતા સિક્કા-સંગ્રાહક અને ગાંધીવાદી કાર્યકર : વાલજીભાઇ ક. ઠક્કર

• સંજય પી. ઠાકર •

કચ્છમાં સહકારી સંઘના આદ્યસ્થાપક, જાણીતા ધારાશાસ્ત્રી, 'કચ્છ : ઇટ્સ કોઇન્સ એન્ડ હેરિટેજ'ના લેખક, અણુવ્રત સેવી અને કોંગ્રેસના ગાંધીવાદી અગ્રણી વાલજીભાઇ કરશનજી ઠક્કર (૧૯૧૨-૨૦૦૬)ની જન્મ-શતાબ્દીએ એક ભાવ વંદના...!

કચ્છના ગાંધીવાદી કાર્યકર, જિલ્લા સહકારી સંઘના આદ્યસ્થાપક, વરિષ્ઠ ધારાશાસ્ત્રી, જાણીતા સિક્કા-ટપાલ ટિકિટ સંગ્રાહક અને 'અણુવ્રત સેવી' વાલજીભાઇ કરશનજી ઠક્કરનો જન્મ આજથી બરાબર એકસો વર્ષ પહેલાં ૨૦મી એપ્રિલ, ૧૯૧૨ના રોજ ભુજ ખાતે થયો હતો. તેમના પિતા કરશનજી શામજી ઠક્કર શરૂમાં જૂના કંડલા બંદર ઉપર કારભારી તરીકે ને પછી ભુજની ઑલ્ફ્રેડ હાઇસ્કૂલમાં અંગ્રેજીના શિક્ષક હતા.

૧૯૨૫માં ગાંધીજીએ કચ્છનો પ્રવાસ કર્યો ત્યારે વાલજીભાઇને ૧૩ વર્ષની વયે તેમને રૂબરૂ મળવાનો મોકો મળ્યો અને મહાત્મા તેમના આદર્શ બની રહ્યા. ગાંધીજીના એક સૈનિક તરીકે વાલજીભાઇ જોડાયા એટલે આજીવન ખાદીધારી રહ્યા. ૧૯૩૭માં કરાંચીમાં કોંગ્રેસની મહાસમિતિની બેઠક હતી ત્યારે કચ્છમાંથી પુરુષોત્તમ મૂળજી શેઠની આગેવાની હેઠળ વાલજીભાઇ સહિત ઘણા યુવાનો કરાંચી ગયા હતા અને ગાંધીજીની વિચારધારામાં રંગાયા હતા. મુંબઇમાં વાલજીભાઇ વકીલાતનો અભ્યાસ કરવા ગયા ત્યારે ગાંધીજીનો ઉતારો 'મણિભવન'માં રહેતો, ત્યાં નજીકમાં જ હોસ્ટેલમાં તે રહેતા હોવાથી મણિભવન પહોંચી જતા અને સ્વાતંત્ર્ય ચળવળમાં યથાશક્તિ યોગદાન આપતા હતા.

તેમણે કાયદાનું શિક્ષણ મેળવ્યા પછી સક્રિય રાજકારણમાં ઝંપલાવ્યું. આઝાદી પૂર્વે કચ્છ પ્રજાકીય પરિષદમાં સક્રિય બન્યા, સ્વાતંત્ર્ય પછી પીઢ કોંગ્રેસી બની રહ્યા અને કચ્છ કોંગ્રેસના મંત્રી તરીકે કાર્યરત રહ્યા. અનેક ચૂંટણીઓનું સંચાલન કર્યું. કંડલા મહાબંદરના શિલારોપણ (૧૯૫૨) પ્રસંગે પં. નેહરુ સાથે, કચ્છ ભૂકંપ પછી ઝુરણ ગામે તોરણવિધિ ટાંણે (૧૯૫૬) પં. નેહરુ સાથે અને સૂરજબારી શિલારોપણ સમારંભ (૧૯૬૨) વખતે ડો. જીવરાજ મહેતા સાથે રહ્યા હતા. આમ કોંગ્રેસ અગ્રણી તરીકે કચ્છના નૂતન ઘડતરમાં તેઓ સંકળાયેલા રહ્યા હતા. ભૂકંપ પુનવર્સન પ્રશ્ને કુંદનભાઇ ધોળકિયાએ ૨૦૦૩માં અનશન આદરેલા ત્યારે વાલજીભાઇ ૯૧ વર્ષની ઉંમરે તેમના સહકારમાં દોડી ગયા હતા.

જો કે સત્તાલક્ષી રાજકારણમાં ક્યારેય ન પડ્યા અને કોઇ હોદ્દો ન લીધો પણ સહકારી પ્રવૃત્તિના પ્રણેતા બની રહ્યા અને કચ્છ જિલ્લા સહકારી સંઘ તથા કચ્છ જિલ્લા સહકારી ખરીદ-વેચાણ સંઘના સુકાની બનીને સમગ્ર કચ્છમાં સહકારી પ્રવૃત્તિઓ વિકસાવી. જિલ્લામાં સહકારી મંડળીઓની કોઇ માતૃસંસ્થા નહોતી ત્યારે અથાક પ્રયત્નોથી તેઓએ ૨૮મી માર્ચ, ૧૯૫૮ના રોજ ક. જિ. સહકારી સંઘની રચના કરી. તેઓએ સંઘના પ્રથમ અધ્યક્ષ તરીકે ૯મી મે, ૧૯૫૮થી ૧૮મી ઓક્ટો. '૬૬ સુધી કાર્યભાર સંભાળી સહકારી પ્રવૃત્તિના વિકાસમાં ઉમદા સેવા આપી હતી. તંત્રીપદ તરીકેના તેમના કાર્યકાળ દરમ્યાન તેમણે 'કચ્છ સહકારી પત્રિકા' નામે માસિકપત્ર પણ ચલાવ્યું હતું. કચ્છમાં કેન્દ્રવર્તી સહકારી બેન્કની અનિવાર્યતા સમજાતાં, કચ્છના અગ્રણીઓ સાથે સંકલન કરીને 'કચ્છ જિલ્લા સહકારી બેન્ક'ની સ્થાપના કરી અને વર્ષો સુધી વાઇસ પ્રેસીડેન્ટ તરીકે કાર્યરત રહ્યા. સૌરાષ્ટ્ર કો.ઓપ. બેન્ક લિ.ના તેઓ ડાયરેક્ટર હતા અને રેલવે એડવાઇઝરી કમિટીના સભ્ય તરીકે પણ તેમણે કામગીરી બજાવી હતી.

સક્રિય રાજકારણમાં હોવાથી પં. નેહરુ, લાલબહાદુર શાસ્ત્રી, મોરારજીભાઇ દેસાઇ, રતુભાઇ અદાણી, હિતેન્દ્રભાઇ દેસાઇ તથા અન્ય નેતાઓ સાથે સતત સ્નેહસંબંધ અને સંપર્ક રહ્યો હતો. સર્વોદય નેતા અને ભૂદાન પ્રવૃત્તિના પ્રણેતા વિનોબા ભાવે અને રવિશંકર મહારાજ કચ્છની મુલાકાતે નવેમ્બર ૧૯૫૮માં આવ્યા ત્યારે સમગ્ર પદયાત્રાનું સંકલન વાલજીભાઇએ કર્યું અને સાથે જ રહ્યા હતા. અંજારમાં ૧૯૫૬માં ભયાનક ભૂકંપ થયો ત્યારે નવા અંજારના સર્જનમાં છગનબાપા સાથે મહિનાઓ સુધી તેઓ સાથે જ રહ્યા હતા. ૧૯૫૯માં ભુજમાં પૂર પરિસ્થિતિ વખતે ગરીબ લોકોની મદદે દોડી ગયા હતા.

આધ્યાત્મિક રીતે તેઓ ચિંતક હતા અને સર્વધર્મનો તેમને ઊંડો અભ્યાસ હતો. જૈન ધર્મના તેરાપંથી સંપ્રદાયના આચાર્યશ્રી તુલસી સાથે સંસર્ગ થયો અને તેમને કચ્છ પણ લઇ આવ્યા. 'કચ્છ અણુવ્રત સંઘ'ના પ્રમુખ બન્યા. ભુજમાં તેરાપંથી સંપ્રદાયનું મકાન નહોતું ત્યારે તેમણે તેમના વિશાળ મકાનમાં ત્રણ-ત્રણ ચાતુર્માસ કરવા વ્યવસ્થા કરી આપી અને છેવટ સુધી સંબંધ જાળવી રાખ્યો. અણુવ્રત આંદોલનના પ્રવર્તક આચાર્યશ્રી તુલસીએ તેમને ૧૯૯૨માં 'અણુરત્ન' તરીકેનો ઇલકાબ આપી સમગ્ર તેરાપંથી સંપ્રદાય તરફથી અભિવાદન કર્યું હતું. જૈન શ્વેતાંબર તેરાપંથ સંઘ-ભુજ દ્વારા નવેમ્બર ૨૦૦૩માં એમનું વિશેષ સન્માન કરાયું હતું.

વ્યવસાયે વકીલ ખરા પણ સામાજિક,

*રોજનાં નાનાં નાનાં કામ રસ લઈને કરવાથી તમામ પ્રવૃત્તિ જીવંત બની જાય છે.*

આધ્યાત્મિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં તેમની અગ્રભૂમિકા સાતત્યપૂર્ણ રહી હતી. વાલજીભાઇ તેમના પરમ મિત્ર-કચ્છના સર્વમાન્ય લોકનેતા પ્રેમજીભાઇ ભ. ઠક્કરની સ્મૃતિ કચ્છમાં જળવાઇ રહે તે માટે તેમના મેમોરિયલ ટ્રસ્ટના પ્રમુખ હતા અને વિવિધ સમારંભોનું આયોજન કરતા હતા. ૫૦થી વધુ વર્ષોથી વકીલાત કરતા હોવાથી તેમનું ૨૦૦૪માં ભુજ ખાતે હાઇકોર્ટના ચીફ જસ્ટીસના હસ્તે અભિવાદન પણ કરાયું હતું. ભુજમાં લો કોલેજની સ્થાપનાની સમગ્ર પ્રક્રિયામાં તેઓ માર્ગદર્શક બની રહ્યા હતા.

સિક્કા અને પોસ્ટલ સ્ટેમ્પ વિશે તેમનો ઊંડો અભ્યાસ હતો અને તે જાતે અચ્છા સંગ્રાહક હતા. તેઓ અમેરિકન નુમિસ્ટિક એસો.ના ભારત ખાતેના પ્રતિનિધિ હતા આથી દેશ-વિદેશમાં ઘણા મિત્રો હતા. કચ્છના સિક્કા વિશે વાલજીભાઇએ ૧૯૮૫માં અભ્યાસમૂલક અંગ્રેજી પુસ્તક ‘કચ્છ : ઇટ્સ કોઇન્સ એન્ડ હેરિટેજ’ લખ્યું છે તે સંશોધકો અને સંગ્રાહકો માટે ઘરેણું બની રહ્યું છે. **ભુજમાં કચ્છ ફિલાટેલિક એસો.ના તે પ્રમુખ હતા.** એમણે અનેક પ્રદર્શનો પણ યોજયાં હતાં. કચ્છના વિષયની, કચ્છ સંગ્રહાલય અને શ્યામજી કૃષ્ણ વર્માની તથા રચનાત્મક કાર્યકર છગનબાપાની ટપાલ ટિકિટો તેમના પ્રયત્નથી જારી કરવામાં આવી હતી અને તેના વિમોચન કાર્યક્રમમાં સહભાગી બન્યા હતા.

વાલજીભાઇ ઠક્કરનું સૌમ્ય વ્યક્તિત્વ આકર્ષક હતું. એકવડા બાંધાનું તેમનું શરીર, આત્માના ઊંડાણમાં ઊતરી જતી હોય એવી સ્વપ્નદર્શી એમની આંખો, એમની વાણીનું માધુર્ય, સંવેદનશીલતા અને નમ્રતા - આ બધું પ્રથમ દૃષ્ટિએ જ આપણા મનને મોહી લે તેવું હતું. માથા પર ધોળી ટોપી, કાળી બંડી, ઝભ્ભો અને ધોતિયું, આ પોશાક તેમની આગવી ઓળખ હતી. ગુજરાત સરકાર વતીથી ૧૯૯૮ના સ્વાતંત્ર્ય દિને તત્કાલીન ઉદ્યોગમંત્રી સુરેશચંદ્ર મહેતાએ સ્વાતંત્ર્ય સૈનિક તરીકે બહુમાન કર્યું હતું. અહીં ઉલ્લેખનીય છે કે, સ્વાધીનતા સેનાની તરીકે તેમણે કોઇ લાભ લીધા નહોતા.

તેમનાં પત્ની વિજયાબહેન તેમની તમામ પ્રવૃત્તિઓના પ્રેરકબળ બની રહ્યાં અને સેવાપ્રવૃત્તિ ચલાવતાં રહ્યાં છે. સૌથી મોટા પુત્ર પ્રવીણભાઇ ‘કચ્છ મિત્ર’માં છેલ્લા ૫૦ વર્ષથી સિનેસૃષ્ટિની કટાર ચલાવે છે. બીજા પુત્ર નવીનભાઇ રાજકોટ સ્થાયી થયા છે અને ત્યાંની સામાજિક પ્રવૃત્તિઓમાં સક્રિય છે. ઘનશ્યામભાઇ પણ લેખન ક્ષેત્રે તથા સામાજિક પ્રવૃત્તિઓમાં સક્રિય છે. નાના પુત્ર વિક્રમભાઇ વકીલાત કરે છે. આમ, પ્રવીણભાઇને બાદ કરતાં ત્રણેય પુત્રો વકીલાત કરે છે અને વાલજીભાઇના સંસ્કારવારસાને આગળ ધપાવી રહ્યા છે.

કચ્છની જૂની પેઢીના લોકસેવક વાલજીભાઇ કરશનજી ઠક્કરનું ૧૨મી ડિસેમ્બર, ૨૦૦૬ના ૯૫ વર્ષની પાકટ વયે ભુજ ખાતે નિધન થયું હતું. આ ગાંધીવાદી કાર્યકરની જન્મ શતાબ્દીએ આપણા શત-શત વંદન!

*બી/૧, પ્લોટ-૧૭૨, ઓધવવિલા,*
*આઇયા નગર, મુંદ્રા રોડ,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*ફોન : (૦૨૮૩૨) ૨૩૦૧૫૩*
*મો. ૯૪૨૮૮ ૧૯૪૫૩*
*ઈ-મેઈલ : sanjaythaker01@gmail.com*

# મનનાં અવયવો

• ડૉ. (પ્રો.) મણિલાલ ગડા, ડૉ. દીપ્તિ એસ. શાહ (ગડા) •

શરીરમાં જુદા જુદા અવયવો છે જેવા કે હૃદય, ફેફસાં, સ્નાયુઓ, જઠર, આંતરડું વગેરે. આ દરેક અવયવોનાં કાર્યો અલગ અલગ છે.

તેવી જ રીતે મગજ (Brain)માં પણ જુદા જુદા ઘટકો (અવયવો) છે જેવા કે ફ્રન્ટલ લોબ, પેરાઇટલ લોબ, ટેમ્પોરલ લોબ, ઓક્સીપીટલ લોબ, સેરેબેલમ પોનસ, મેડ્યુલા ઓબલોન્ગેટા. આ દરેક ઘટકોનાં રચના તથા કાર્યો અલગ છે.

આપણી લાગણીઓ જેવી કે પ્રેમ, માની મમતા, ક્રોધ, મોહ, લોભ, આનંદ, ઉત્સાહ, આશા, નિરાશા, ધિક્કાર, દયા, નિર્દયતા ઇત્યાદિ માટે કુદરતે આપણા મગજમાં અલગ વ્યવસ્થા કરેલ છે જેને વિજ્ઞાનીઓ લિમ્બિક સિસ્ટમ (Limbic System) (સંવેદનશીલ મગજ) કહે છે. લિમ્બિક સિસ્ટમ મેડ્યુલા ઓબલોન્ગેટાની ઉપર હોય છે તથા સમગ્ર મગજના પાંચમા ભાગનો (૨૦%) વિસ્તાર ધરાવે છે.

મગજનો કોઇપણ વિભાગ, તેના ઘટકો સ્વતંત્રપણે અસ્તિત્વ ધરાવતા નથી. સમગ્ર મગજના વિભાગો, ઘટકો એકમેકની સાથે જોડાયેલા છે અને સંકલિત રીતે તેનું કાર્ય બજાવે છે. આપણા મગજમાં સૂક્ષ્મ કોશિકાઓ છે જેને ન્યુરોન (neuron) (જ્ઞાનકોષ) કહેવામાં આવે છે. આ સૂક્ષ્મ કોશિકાઓ (ન્યુરોન)ની સંખ્યાની કલ્પના પણ થઇ શકે એમ નથી. મગજમાં ચાલતી દરેક પ્રક્રિયાનું તંત્ર વ્યવસ્થિત અને સંતુલિત ક્રમમાં ચાલી રહ્યું છે. અબજો કોશિકાઓ (ન્યુરોન) કોઇનેય અવરોધ કર્યા વગર પોતપોતાનું કાર્ય તાલમય રીતે કર્યા કરે છે.

લિમ્બિક સિસ્ટમના મુખ્ય ઘટકો નીચે પ્રમાણે છે હિપ્પોકેમ્પસ, ફોર્નીક્ષ, મેમીલરી ગ્રંથિ, થેલામસ, સીન્ગુલેટ જાઇરસ, એમીગડેલા, સેપ્ટમ, બેઝલ ફોરબ્રેન. આ નામો લેટિન ભાષાના છે.

**હિપ્પોકેમ્પસ** જ્ઞાન પ્રાપ્તિનું અગત્યનું કાર્ય કરે છે. તે ટૂંકા ગાળાની સ્મરણશક્તિને લાંબા ગાળાની બનાવવામાં અગત્યનો ભાગ ભજવે છે. જ્ઞાનેન્દ્રિયો (આંખ, નાક, કાન, ત્વચા તથા જીભ) દ્વારા મળેલ તાજેતરના સંકેતોને, અગાઉ મળેલ સંકેતો કે અગાઉ અનુભવની એરણ પર ચકાસે છે અને આ ચકાસેલ સંકેતોને તેની ચકાસણીની નોંધ સાથે મગજના અન્ય ભાગોને મુખ્યત્વે મોટા મગજને પાઠવે છે.


**ડૉ. (પ્રો.) મણિલાલ ગડા**
એમ.ડી., ડી.પી.એમ., એફ.આઈ.પી.એસ.

મનોચિકિત્સક અને સ્ટ્રેસ મેનેજમેન્ટ કન્સલ્ટન્ટ,
મનોસ્મૃતિ પોલીક્લિનિક, પ્રભુકૃપા,
એલ.બી.એસ. માર્ગ, સર્વોદય હોસ્પિટલની બાજુમાં,
હોટેલ રાધાકૃષ્ણની બાજુમાં, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ-૮૬.
ફોન : ૨૫૧૪૮૮૫૯

**ડૉ. દીપ્તિ એસ. શાહ (ગડા)**
*એમ.ડી. (ગોલ્ડ મેડલ), ડી.પી.એમ.,*
*એમ.આઈ.પી.એસ., બાળ મનોચિકિત્સક*

જાગૃતિ પોલીક્લિનિક,
કામદાર હોસ્પિટલ, કિરણ નિકેતન, ભાટિયાવાડીની
બાજુમાં, તિલક રોડ, ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ-૭૭.
ફોન : ૨૫૧૨૪૪૦૪, મો. ૯૮૨૧૩ ૨૬૨૬૯


**થેલામસ** લિમ્બિક સિસ્ટમ અને મગજના અન્ય ઘટકો વચ્ચે સેતુનું કાર્ય બજાવે છે. તે સંવેદનશીલ ન્યુરોન તથા હલનચલનના ન્યુરોન તરફથી મળતી માહિતીનું પૃથક્કરણ કરે છે અને ત્યારબાદ આ માહિતી મગજના અન્ય ભાગોને પહોંચાડે છે.

**હાઇપોથેલામસ** એ થેલામસની બાજુમાં આવેલી ટચુકડી ગ્રંથિ છે. તેનું કાર્યક્ષેત્ર ગજબનું છે. અહીંથી જ આનંદ, જાતીય ઈચ્છા, ભૂખ, તરસ, અદમ્ય ગુસ્સો, આવેશ વગેરે ભાવનાઓ ઉદ્ભવે છે. હાઇપોથેલામસ શરીરના તાપમાનનું નિયમન કરે છે. ગ્લુકોઝનું પ્રમાણ જાળવે છે નમક (salt)ના વધતા-ઘટતા જથ્થાના પ્રમાણમાં તરસ જગાડે છે. હાઇપોથેલામસ ગ્રંથિમાં કોઇ ખામી ઊભી થાય તો માનવી કાં તો ખાઉધરો બની જાય અથવા તેની ભૂખ જ મરી જાય. હાઇપોથેલામસના કયા ભાગમાં આ ખામી છે તેના પર આધાર રાખે છે. હાઇપોથેલામસની અદ્ભુત કામગીરીના પ્રતાપે આપણા શરીરમાં ગ્લુકોઝ, નમક તથા પાણીનું યોગ્ય પ્રમાણ જળવાય છે.

**એમીગડેલાની** ગ્રંથિ હાઇપોથેલામસની ઉપર હોય છે. આ ગ્રંથિ ગુસ્સો તથા આક્રમક સ્વભાવનું કેન્દ્ર છે. જો આ ગ્રંથિનું ઓપરેશન કરવામાં આવે તો ઝગડાખોર માણસ નરમઘેંસ જેવો થઇ જાય છે. જો કે ગુસ્સો અને આક્રમક ભાવનાનું મૂળ ઉદ્ગમસ્થાન હાઇપોથેલામસ છે. એમીગડેલા સંજોગ પ્રમાણે આ લાગણીઓને વધુ ઉશ્કેરે છે અથવા નરમ પાડે છે (learned response).

એમીગડેલા તથા પ્રિ-ફ્રન્ટલ કોરટેક્ષ (મગજનો મહત્ત્વનો ઘટક) વચ્ચે સતત ન્યુરોન દ્વારા સંદેશાઓની આપ લે થતી હોય છે. પ્રિફ્રન્ટલ કોરટેક્ષ વહીવટીલક્ષી કાર્યોનું (પરિસ્થિતિનું પૃથક્કરણ કરી નિર્ણયો લેવાના, નિર્ણયો અમલમાં મૂકવાના, પરિણામનું પૃથક્કરણ કરવું વગેરે) સંચાલન કરે છે. પ્રિ-ફ્રન્ટલ કોરટેક્ષ તર્ક બુધ્ધિપૂર્વકના નિર્ણયો કરે છે. જો એમીગડેલા વધારે વર્ચસ્વવાળું હોય તો આ નિર્ણયો લાગણીપૂર્વક લેવાય છે નહીં કે તર્ક બુધ્ધિપૂર્વક (emotional decision rather than rational or logical decisions.).

એમીગડેલામાં વર્ષો જૂની ખાસ કરીને નકારાત્મક લાગણીવાળા પ્રસંગોની યાદો સચવાઇ રહે છે. માનસિક અજંપા કે બેચેની

*રાજા ભોગી ન હોય, જુગાર ના રમે, શિકાર ના ખેલે. તેનામાં કટુતા પણ ન હોય.*

વખતે આ નકારાત્મક યાદો તાજી થાય છે.

**સેપ્ટમ** હાઇપોથેલામસની બાજુમાં છે, જે આનંદની લાગણી જોડે સંકળાયેલ છે. સેપ્ટમમાં કોઇપણ પ્રકારની ક્ષતિ ઉદ્ભવે તો માનવીનું લાગણીતંત્ર ખોરવાઇ જાય છે.

**પિચ્યુટરી ગ્રંથિ**નું નિયંત્રણ હાઇપોથેલામસ કરે છે. આથી શારીરિક વિકાસ તથા જાતીય વર્તનનું નિયમન થાય છે હાઇપોથેલામસના આદેશ પ્રમાણે પિચ્યુટરી ગ્રંથિ લોહીમાં યોગ્ય પ્રમાણમાં તેના હોર્મોનનો સ્રાવ કરે છે. પિચ્યુટરી ગ્રંથિ સર્વે આંતરિક રસગ્રંથિઓનું (થાઇરોઇડ, પેરાથાઇરોઇડ, એડ્રીનલ, જાતીયતાની ગ્રંથિઓ વગેરેનું) યોગ્ય સંચાલન કરે છે. પિચ્યુટરીના હોર્મોન્સ શરીરનો વિકાસ કરે છે સાથે વ્યક્તિત્વ (personality)નું ઘડતર કરે છે. આમ હાઇપોથેલામસ - પિચ્યુટરી દ્વારા (H.P. Axis) શરીરનો વિકાસ, જાતીયતાનો વિકાસ તથા વ્યવહાર તથા વ્યક્તિત્વ પર અસરકારક પ્રભાવ પડે છે.

મગજ (Brain) વિવિધ પ્રકારનાં કાર્યો કરે છે. આ કાર્યો ન્યુરોન (જ્ઞાનકોષ) દ્વારા થાય છે. ન્યુરોનમાં બે પ્રકારે સંકેતો/સંદેશાઓ મોકલાય છે : (૧) ન્યુરોનના એક છેડેથી એજ ન્યુરોનના બીજા છેડે સંકેતો/સંદેશાઓ વિદ્યુત મોજાંઓ (electrical transmission) દ્વારા મોકલવામાં આવે છે. (૨) એક ન્યુરોનથી બીજા ન્યુરોનને સંકેતો/સંદેશાઓ રસાયણ (chemical transmission) - ન્યુરોટ્રાન્સમીટર (neurotransmitter) દ્વારા મોકલાય છે.

લિમ્બિક સિસ્ટમના ન્યુરોનમાં અનેક પ્રકારના ન્યુરો ટ્રાન્સમિટર્સ છે. જેમાંના મુખ્ય ન્યુરો ટ્રાન્સમીટર્સ નીચેના છે : ડોપામીન (dopamine), સીરોટોનિન (Serotonin), એડ્રિનાલીન (Adrenaline), નોરએડ્રિનાલીન (noradrenaline), એસીટાઇલ કોલીન (acetyl choline), ગાબા (GABA) વગેરે. લિમ્બિક સિસ્ટમન કાર્યો ઘટક (અવયવ) તથા ન્યુરોટ્રાન્સમીટર પર આધાર રાખે છે. એક જ ન્યુરોટ્રાન્સમીટર એક ઘટકમાં એક કાર્ય કરે છે જયારે એ જ ન્યુરોટ્રાન્સમીટર બીજા ઘટકમાં બીજું કાર્ય કરે છે.

વ્યક્તિના મનમાં ચાલતી વિચાર પ્રક્રિયા, લાગણી, વર્તણૂક વગેરે ન્યુરો ટ્રાન્સમીટરને આભારી છે. ન્યુરોલોજિસ્ટ તથા મનોચિકિત્સક સંશોધકોએ ન્યુરો ટ્રાન્સમીટરની કાર્યવાહી અંગે ઊંડું સંશોધન કરી તેની રાસાયણિક પ્રક્રિયા વિશે જરૂરી જાણકારી મેળવી છે. જયારે ન્યુરોનની પ્રક્રિયા નિયમિતપણે ચાલ્યા કરે છે ત્યારે વ્યક્તિ સ્વસ્થ અને પ્રસન્ન મુદ્રામાં રહે છે પરંતુ જયારે ન્યુરો ટ્રાંસમીટરની રાસાયણિક પ્રક્રિયામાં ગરબડ થાય છે ત્યારે ચિંતા કે હતાશા (ખિન્નતા) જન્મે છે અને શરીરમાં હાનિકારક હોર્મોનનો સ્રાવ થવા લાગે છે. પરિણામે તાણ માટે જવાબદાર કોર્ટિસોલ હોર્મોનનું પ્રમાણ વધે છે તથા વિવિધ બીમારીઓ લાગુ પડે છે.

- **મનની બીમારીઓમાં ન્યુરો ટ્રાન્સમીટર્સ :**

છેલ્લા ત્રણ દાયકામાં મનોચિકિત્સક તથા ન્યુરોલોજિસ્ટ સંશોધકોએ કરેલા સંશોધનને લીધે મનની બીમારીઓ વિષે અગત્યની જાણકારી પ્રાપ્ત થયેલ છે. મનની બીમારીઓમાં થતાં ન્યુરોટ્રાન્સમીટર્સની માત્રામાં થતા ફેરફારો વિષે ઉપયોગી જાણકારી મળી છે. દા.ત. મનોભ્રમ (schizophrenia)ની બીમારીમાં ડોપામીનની માત્રામાં ફેરફારો થાય છે, હતાશાની બીમારીમાં સીરોટોનિન, નોરએપીનેફ્રીનની માત્રામાં વધઘટ થાય છે, સ્મૃતિભ્રંશ - ડિમેનશીયા (Alzeimer's Disease) માં એસીટાઇલ કોલીનની માત્રા ઘટી જાય છે.

ઉપરોક્ત ન્યુરોટ્રાન્સમીટરમાં થતા ફેરફારોને નોર્મલ કરવા નવી નવી દવાઓ શોધાઇ છે. નવી દવાઓ વધારે અસરકારક પુરવાર થયેલ છે. આથી મનની બીમારીઓની સારવાર વધુ અસરકારક બની છે. સારવારનાં પરિણામો શારીરિક બીમારીના સારવારનાં પરિણામો જેટલાં કે ઘણી વખત એનાથી વધારે સારાં પરિણામો મળે છે. દરદી ગુણવત્તાભર્યું જીવન જીવી શકે છે. પોતાનું રોજિંદું જીવન તથા સર્વે જવાબદારીઓ (કૌટુંબિક, ધંધાકીય, સામાજિક વગેરે) વ્યવસ્થિતપણે નિભાવી શકે છે.

*(ક્રમશઃ)*

## સુડોકુ-૧૦૨૬

*એપ્રિલ-૨૦૧૨ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૦૨૬નો સાચો ઉકેલ મોકલનારની નામાવલિ*

| | |
|---|---|
| ૧. પ્રતાપ નારાણજી દંડ | - અમદાવાદ |
| ૨. અરવિંદ જે. ભટ્ટ | - અમદાવાદ |
| ૩. નયન મધુકાંત મોમાયા | - અંકલેશ્વર |
| ૪. કાંતાબહેન કાંતિલાલ લોડાયા | - અમદાવાદ |
| ૫. નિરાલી દિનેશ મૈશેરી | - અમદાવાદ |
| ૬. રોનકબહેન શેખ | - અમદાવાદ |
| ૭. અવંતી દેવેશ દંડ | - અમદાવાદ |
| ૮. દેવલ ચંદ્રકાંત મૈશેરી | - અમદાવાદ |
| ૯. ઉષાબહેન સી. મહેતા | - માંડવી |
| ૧૦. તારાચંદ ભવાનજી હેણિયા | - હૈદ્રાબાદ |
| ૧૧. પ્રભા મહેન્દ્ર શેઠિયા | - વલસાડ |
| ૧૨. મૂલચંદ હીરજી ધુલ્લા | - મુંબઈ |
| ૧૩. રેખાબહેન પ્રફુલકુમાર ઠક્કર | - અમદાવાદ |
| ૧૪. મહેન્દ્ર લવજી શાહ | - સિકંદ્રાબાદ |
| ૧૫. ધ્વનિ પાર્ષદકુમાર શાહ | - અમદાવાદ |
| ૧૬. સ્મિતા વિશાલ શાહ | - અમદાવાદ |
| ૧૭. ઉષ્મા વિશાલ શાહ | - અમદાવાદ |
| ૧૮. નયના નવીન રાંભિયા | - મુંબઈ |
| ૧૯. ચંદ્રિકા એ. શાહ | - રુરકેલા |
| ૨૦. ધનવંતી રતિલાલ છેડા | - તીથલ |
| ૨૧. કિરણ હરખચંદ ગાલા | - ઉમરગામ |
| ૨૨. કુસુમ લક્ષ્મીચંદ નાગડા | - મુંબઈ |
| ૨૩. કૃષિલ નીલેશ રાજગોર | - ભુજપુર |
| ૨૪. જ્યોતિ લક્ષ્મીચંદ શાહ | - અમદાવાદ |

### જાત ક્યારે બદલીશું?

**આપણે આપણું ઘર બદલીએ, ઘરનો રંગ બદલીએ, કપડાંની ફેશન બદલીએ, હેરસ્ટાઈલ બદલીએ, ગાડીનું મોડેલ બદલીએ, નોકરી અને ધંધો બદલીએ, લાગ આવે તો ભગવાન પણ બદલીએ, પરંતુ અફસોસ! આપણે આપણી જાતને જ ન બદલીએ!!**

*જેની પાસે ધૈર્ય છે તે મહેનતથી ગભરાતો નથી. સફળતા તેની દાસી છે.*

# મહિલા સશક્તિકરણ અંગે ગુજરાતની યોજનાઓ

• પ્રા. સૂર્યકાંત ભટ્ટ •

માનવ વિકાસનાં લક્ષ્યો મહિલાઓના વિકાસ અને સશક્તિકરણ સાથે ઘનિષ્ઠ રીતે સંકળાયેલાં જોવા મળે છે. આઝાદીની લડતમાં ગાંધીજી સાથે શિક્ષિત, અશિક્ષિત અનેક મહિલાઓએ ઝુકાવ્યું હતું. આઝાદી બાદ મહિલાઓના વિકાસાર્થે અનેક સંવૈધાનિક પ્રશાસનિક પગલાંઓ લેવાયાં. કાયદાઓ વધુ માનવીય બન્યા. સ્ત્રીઓના હિતને લક્ષ્યમાં રાખી શિક્ષણ, રોજગારી, વેતન અને આરોગ્ય જેવા પાયાના પ્રશ્નો બાબતે સઘન સરકારી પ્રયત્નો થવા પામ્યા છે.

ઈ.સ. ૧૯૭૧માં સંયુક્ત રાષ્ટ્ર મહાસભાના આગ્રહને કારણે દેશમાં મહિલાઓની સ્થિતિ સંબંધી સમિતિ, CWSIની રચના કરવામાં આવી. ઈ.સ. ૧૯૭૫માં આ સમિતિએ Towards Equality 'ટુવર્ડઝ ઈક્વલીટી'ના નામે અહેવાલ રજૂ કર્યો. પરિણામે સમગ્ર દેશમાં અને ગુજરાત રાજ્યમાં નારી વિશે વિશેષ ચેતના ઊભી થવા પામી. મહિલાઓને કલ્યાણકારી કામોના રૂપમાં નિરખવા ઉપરાંત રાષ્ટ્ર વિકાસના મહત્ત્વના ઉત્પાદક તરીકે નિરખવાનું શરૂ થયું.

મહિલા વિકાસાર્થે મહાત્મા ગાંધીજીએ વર્ણવ્યું કે, "હું સ્ત્રીઓના હક્કોની બાબતમાં હઠધર્મી છું. મારા અભિપ્રાયોમાં તેણીને એવી કોઈપણ કાનૂની અયોગ્યતા ન અવરોધે જે પુરુષોને ન નડતી હોય. સંપૂર્ણ સમાનતાના આદરે અને આધારે જ મારે દીકરાઓ અને દીકરીઓ સાથે વ્યવહાર કરવો જોઈએ. એક દીકરીનો ભાગ, એક દીકરાના ભાગ જેટલો જ સમાન હોવો જોઈએ." ગુજરાત સરકારે ગાંધીજીની આ નારી વિકાસ અને કલ્યાણની વાતને પ્રાધાન્ય પાઠવી ઇ.સ. ૨૦૦૬માં "નારી ગૌરવનીતિ" જાહેર કરી છે. આ નીતિ મહિલાઓને પ્રત્યેક ક્ષેત્રમાં સમાન તક અને સશક્તિકરણને લક્ષમાં રાખી ઘડવામાં આવી છે.

નારી ગૌરવ નીતિમાં શિક્ષણ, આર્થિક પર્યાવરણ, સંચાલન અને નિર્ણય પ્રક્રિયા, આરોગ્ય અને જીવનની ગુણવત્તા, કાયદાકીય પર્યાવરણ, કુદરતી સંસાધન અને વ્યવસ્થાપન, હિમાયત અને ક્ષમતા ઘડતર સમાવિષ્ટ છે. ગુજરાત રાજ્યમાં છેલ્લા એક દાયકાથી નારી શક્તિના ઉત્થાન માટે તબક્કાવાર નવતર પહેલ કરવામાં આવી છે. તા. ૭ ઓક્ટોબર, ૨૦૦૧ના રોજ શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાજ્યની શાસનધુરા સંભાળી. ઇ.સ. ૨૦૦૨માં રાજ્ય સરકારમાં અલાયદા અને સ્વાયત્ત એવા 'મહિલા અને બાળ વિકાસ' વિભાગની રચના કરી. મહિલા અને બાળ વિકાસ અંતર્ગત ગુજરાત રાજ્યમાં મહિલાઓના સશક્તિકરણ અર્થે અનેક વિકાસ યોજનાઓ આવકાર્ય બની છે. જેનાં કેટલાંક દૃષ્ટાંતો આપણે મેળવી શકીએ છીએ.

## • વિધવા સહાય અને રોજગારલક્ષી તાલીમ :

વર્ષ ૨૦૦૩માં નિરાધાર વિધવા મહિલાઓને આર્થિક લાભ આપવાની પદ્ધતિમાં થોડો ફેરફાર કરી આ લાભ તેમના પોસ્ટ ખાતામાં સીધો જમા કરાવવાનો મહત્ત્વનો નિર્ણય લેવાયો. અમલ પણ શરૂ થયો. ૧૮ વર્ષથી ૪૦ વર્ષની વિધવા મહિલાઓને આર્થિક રીતે સ્વાવલંબી બનવા તેમને વ્યવસાયિક વિકાસની તાલીમ આપવા માટેની કાર્યવાહી શરૂ કરવામાં આવી. વર્ષ ૨૦૦૧માં ૧,૦૦,૮૮૯ વિધવાઓને આ યોજનાનો લાભ મળેલો. જે વધીને વર્ષ ૨૦૧૦-૧૧માં ૧,૨૩,૬૩૮ થયો. આ યોજના પાછળ ૨૦૦૧માં ૪૫૮૫.૫૪ લાખ રૂપિયા ખર્ચ થયો. જયારે વર્ષ ૨૦૧૦-૧૧માં રૂા. ૯૪૨૫.૩૩ લાખનો ખર્ચ થયો. નિરાધાર વિધવા મહિલાઓને આકસ્મિક બીમારીમાં રૂા. ૫૦૦/- પ્રતિવર્ષ આપવા વિચારાય છે.

## • કન્યા શિક્ષણ ક્ષેત્રે વિકાસ :

કન્યા કેળવણી અર્થે ગુજરાત સરકારે કમર કસી છે. શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી રથયાત્રાનાં વિશાળ આયોજનો હાથ ધરવામાં આવ્યાં છે. ૨૦૦૧માં કન્યા સાક્ષરતા દર વધારવા પ્રયત્નો હાથ ધરાયા. આ સમયે મહિલા સાક્ષરતા દર ગુજરાતમાં ૫૭.૮૦ ટકા હતો જે વધીને ૨૦૧૧માં ૭૦.૭૩ ટકા થવા પામ્યો છે.

મુખ્યમંત્રીશ્રીના કન્યા કેળવણી નિધિમાં રૂા. ૪૮.૮૭ કરોડ જેટલી માતબર રકમ એકત્રિત થવા પામી છે. જેમાંથી કન્યાઓને ફી માફી, કમ્પ્યુટર ખરીદી, સાઈકલ ખરીદી આદિ માટે તથા પુસ્તકો, મૅપ, નોટબુક, કંપાસ આદિની પણ આર્થિક સહાય અચૂક આપવામાં આવે છે. રાજ્ય સરકાર દ્વારા પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા બી.પી.એલ. કુટુંબની દીકરીના નામે રૂા. ૧૦૦/- તેમજ માધ્યમિક માટે રૂા. ૨,૦૦૦/-ના બોન્ડ લેવામાં આવે છે. બોન્ડની રકમ વિદ્યાર્થીની ધોરણ-૭ (પ્રાથમિક) તેમજ ધોરણ-૧૦ (માધ્યમિક)નો અભ્યાસ પૂરો કરે ત્યારે વ્યાજ સહિત ચૂકવાય છે. પ્રાથમિક શાળાની ૧૧,૫૪,૮૪૫ વિદ્યાર્થિનીઓને તથા માધ્યમિક શાળાની ૧૪,૯૪૦ વિદ્યાર્થિનીઓને રૂા. ૩૦૦ લાખની બોન્ડની રકમ ચૂકવવામાં આવી છે.

## • ઔદ્યોગિક ક્ષેત્રે પહેલ :

મહિલાઓ ઔદ્યોગિક ક્ષેત્રે વિકાસ સાધી

*સાચો સમાજ સેવક સમાજનું ભલું પહેલાં વિચારે છે.*

શકે તે માટે અમદાવાદ નજીક સાણંદ ઔદ્યોગિક વસાહતમાં ''વિમેન ઈકોનોમિક ઝોન'' સ્થાપવા સરકારે મહત્ત્વનો નિર્ણય લીધો છે. ગુજરાત ચેમ્બર ઑફ કોમર્સની મહિલા પાંખ દ્વારા સરકારી વહીવટી ક્ષેત્રે એમ.ઓ.યુ. થયા છે. લગભગ ૯૦ હજાર ચો.મી.ની ફાળવણી કરી શકાય એવું આ ક્ષેત્ર છે. આ મહિલા સાહસિકો ફુડ પ્રોડક્ટ્સ યુનિટ, હર્બલ કોસ્મેટીક્સ, એન્જિનિયરિંગ યુનિટ, ગારમેન્ટ મેન્યુફેક્ચરીંગ જેવા ઉદ્યોગો સ્થાપવાની ઈચ્છા ધરાવી રહ્યા છે. આ મહિલા સ્પેશિયલ ઈકોનોમિક ઝોનને ૩૮ જેટલી મહિલા ઉદ્યોગકારોની અરજી પ્રાપ્ત થયેલી છે. જેમણે ઉદ્યોગ અર્થે ૨૦૦૦થી ૪૭૦૦ ચો.મી. પ્લોટ ફાળવવા માંગણી કરી છે.

- **મહિલા સંરક્ષણ અને નારી અદાલતો :**

પોલીસ સ્ટેશનોમાં મહિલાઓની ફરિયાદો ઝડપથી ઉકેલાય એ માટે મહિલાઓ જ પોલીસ અધિકારીઓ હોય, તેવા, ગુજરાત રાજ્યમાં ૩૧ મહિલા પોલીસ સ્ટેશનો મંજૂર કરાયાં છે. નાયબ પોલીસ અધીક્ષકની ૨૪૩ જગ્યામાંથી હાલે ચાર મહિલા અધિકારી ફરજ બજાવે છે. જ્યારે ૨૪ મહિલા અધિકારી તાલીમ લઈ રહ્યા છે. ઉપરાંત મહિલા પોલીસ સબ ઈન્સ્પેક્ટર, મહિલા પોલીસ ઈન્સ્પેક્ટર, મહિલા એ.એસ.આઈ., મહિલા પોલીસ કોન્સ્ટેબલ આદિની ૧૫૫૦ જગ્યા ઊભી કરવામાં આવેલી છે. મહિલાઓના કેસોનું ઝડપી નિરાકરણ કરવા ગુજરાતમાં નારી અદાલતોનો પ્રારંભ કરાયો છે. દુઃખિયારી બહેનોને વિના મૂલ્યે ન્યાય મળે તે હેતુથી જ સ્તુત્ય કાર્ય કરવામાં આવી રહ્યું છે. ૩૫ જેટલી નારી અદાલતો અત્રે ગુજરાતમાં કાર્યરત છે.

- **આરોગ્ય અને પોષણ :**

ગુજરાત સરકારે 'ચિરંજીવી યોજના' અંતર્ગત ખાનગી સ્ત્રીરોગ નિષ્ણાતો દ્વારા ૧,૫૦,૯૭૯ પ્રસૂતાઓને લાભ આપ્યો છે. તાકીદની ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાઓ કે જેની સંખ્યા ૫૦૬ છે તેમાં ૮.૨૬ લાખ પ્રસૂતિ સારવાર અપાઈ છે. ૨૦૧૨-૧૩ના વર્ષમાં વધુ ૫૦ એમ્બ્યુલન્સો માટે રૂા. ૭.૫૦ કરોડ ફાળવવામાં આવ્યા છે. બાળ મૃત્યુદર ઘટાડવા ''બાળ સખા યોજના'' અંતર્ગત ૧૦ લાખ શિશુઓને સારવાર અપાઈ છે. 'રેડી ટુ કૂક' યોજના હેઠળ ૪૪.૬૧ લાખ બાળકો, કિશોરીઓ અને સગર્ભા માતાઓનું પોષણ સ્તર સુધારવા પૂરક પોષણ આહાર અપાયા છે.

- **રાજકીય સશક્તિકરણ :**

સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓમાં મહિલાઓ માટે ૩૩ ટકા બેઠકો અનામત અને મહિલાઓને ૫૦ ટકા પ્રતિનિધિત્વ માટે વિધેયક પસાર કરાયું છે. ૨૫૧ મહિલા સમરસ ગ્રામ પંચાયતોને પ્રોત્સાહન માટે રૂા. ૭.૫૬ કરોડનું પ્રોત્સાહક અનુદાન અપાઈ રહ્યું છે. સમરસ ગ્રામ પંચાયતોની ૮૩૧ જેટલી મહિલા સરપંચોને રૂા. ૨૨.૫૦ કરોડના પુરસ્કાર અપાયા.

- **મિશન મંગલમ્ :**

મિશન મંગલમનો મૂળ હેતુ ગુજરાતનાં ગરીબ પરિવારોને કૌશલ્યવર્ધક ટેકનોલોજીની મફત તાલીમ આપવી. સ્વરોજગારી માટે નાણાંકીય ફાળવણી કરી આપી, ઉત્પાદિત માલ યોગ્ય બજારમાં વેચી તેમને પગભર બનાવવા. આજે મિશન મંગલમ થકી ૨ લાખ સખી મંડળો ગુજરાતમાં કાર્યરત છે. ૨૫ લાખ કરતાં વધારે ગ્રામીણ મહિલાઓ આ સખી મંડળોમાં સક્રિય છે.

- **ઈ.સ. ૨૦૧૨-૧૩ના બજેટમાં મહિલા સશક્તિકરણ :**

સંપૂર્ણપણે મહિલાઓ દ્વારા સંચાલિત દૂધ મંડળીઓને જરૂરી માળખાકીય સવલતો પૂરી પાડવા આયોજન કરવામાં આવ્યું છે. કૃષિ કૌશલ્ય વર્ધન કાર્યક્રમ હેઠળ મહિલા ખેડૂતોની તાલીમ માટે રૂા. ૫.૩૭ કરોડની ફાળવણી કરાઈ છે. મહિલા સશક્તિકરણ કેન્દ્ર - અમદાવાદના બાંધકામ માટે રૂા. ૧ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. પાંચ નવી આઈ.ટી.આઈ. માટે રૂા. ૧.૨૫ કરોડની સૂચિત જોગવાઈ છે. ૧૨,૫૦૦ અનુસૂચિત જાતિની કન્યાઓને પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિમાં વધુ લાભ મળે તે માટે રૂા. ૮ કરોડની સૂચિત જોગવાઈ કરવામાં આવી છે.

- **ઉપસંહાર :**

સ્ત્રીઓની ભાગીદારી આજે તમામ ક્ષેત્રોમાં જણાય છે. કૃષિ, પશુપાલન, આરોગ્ય, શિક્ષણ, સંરક્ષણ, ઉદ્યોગ સાહસિક, નૂતન ટેકનોલોજી અને રિસર્ચ ક્ષેત્રે સફળ થયેલી બહેનો માત્ર શહેરોમાં નહિ ગામડાંઓમાં પણ ઠેરઠેર કાર્યરત છે. સ્વાતંત્ર્ય પ્રાપ્તિ બાદ ગુજરાત રાજ્યની સ્થાપના પછી રાજ્ય સરકાર દ્વારા પ્રથમવાર ''વનરક્ષક'' સહાયકો તરીકે મહિલાઓની થયેલી ભરતી રંગ લાવી છે. ૧૮૮૨.૬ ચોર મીટર ગીરના કુલ ગીરવન વિસ્તારમાં ૭૦ જેટલા ફોરેસ્ટ ગાર્ડ તરીકે મહિલાઓની નિમણૂક કરી મહિલા સશક્તિકરણ ક્ષેત્રે એક આગવી પહેલ કરી છે. જ્યાં ૪૧૧ જેટલા સાવજ, ૩૦૦થી વધુ દીપડા, ૫૦,૦૦૦ જેટલા ચિત્તલ, ૪૦૦૦ જેટલા સાબર તથા અન્ય પ્રાણીઓ વિદ્યમાન છે. આવા અતિ ખૂંખાર પ્રાણીઓ વચ્ચે પોતાની જાનની ચિંતા કર્યા વિના પોતાની ફરજ બજાવી રહેલ તમામ બહેનો અતિ આદર અને સન્માનને પાત્ર બની છે.

*''સહજાનંદ'', ૬-એ, લીમડા લેન,*
*શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય રોડ,*
*સંસ્કાર નગર, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*મો. ૯૮૨૫૨ ૩૪૩૪૬*




સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા

## બચુડો

અધા : પુત્તર બચુડા?

બચુડો : કો અધા કુરો કમ આય?

અધા : પાંજે ફલેટ જે નીચેજે ફલેટમેં જુકો જડીબેન ને જુઠાલાલ રેંતા અનીંજે વચમેં વડે પાઈયે ઝઘડો કુરેલા થ્યો વો ને પોય જડીબેન મોં ચડાય ને માઠ કેને કુલા વઠા પ્યા અંઈ સે જરા તપાસ ત કર.

બચુડો : (તપાસ કે ને ચેં) જડીબેન જુઠાલાલ ગીયા ૧૦ હજાર રૂપિયા મંગ્યા ને ચ્યાં કે અજને અજ આંઉ ૫૦-૬૦ સાડીયું ગેને અચીંધીયા. તડે જુઠાલાલ ચ્યાં ૧૦ હજારમેં ૫૦-૬૦ સાડીયું ન અચેં... તું ચરઈ મ થી. તડેં જડીબેન ચ્યાં આંઈ મું ભેરા હલો આંઉ આંકે દુકાન વતાઈયાં અન દુકાનતે બોર્ડ લગો આય બનારસી જરી સાડી... ૪૦ રૂ., રેશમી સાડી ૨૫ રૂ., અવરગંડી સાડી ૧૦ રૂ., બાંધણી... ૧૫ રૂ., સુતરાઉ સાડી ૫ રૂ. અતરે આંઉ તા સાડીયું ગેનેવારી જ અંઈયા. જુઠાલાલ જડીબેન ભેરા દુકાન તે વ્યા ને દુકાન જો બોર્ડ નેરે ને ચ્યા, ચરઈ હી સાડીયેંજા ભાવ નંઈ.... હી તા ઈસ્ત્રી કરેજી દુકાન આય ને જુદી જુદી જાતજી સાડીયેંકે ઈસ્ત્રી કરેજા ભાવ લખેમેં આવ્યા અંઈ તેં પુઆ જડીબેન ઝઘડો કેજો બંધ ક્યાં ને મોં ચડાયને માઠ કેને બાંકડે તે વઠા પ્યા અંઇ.

## ખિલજા મ ભલા

બંટી : યાર ચીન્ટુ, તારી પાસે મોબાઈલ હોવા છતાં તેં મને લેટર કેમ લખ્યો?

ચીન્ટુ : યાર બંટી, મેં તને ત્રણેકવાર મોબાઈલ લગાવ્યો પણ અંદરથી એમજ અવાજ આવ્યો કે 'પ્લીઝ ટ્રાય લેટર...' એટલે પછી મેં લેટર લખ્યો.

☺ ☺ ☺ ☺ ☺

ટીના : (પતિ સોહનને) મેં તમને કેટલી વાર કહ્યું કે તમારે મને નોકર અને રસોઈયાના દેખતાં ડાર્લિંગ કહીને ન બોલાવવી.

સોહન : પણ એમાં વાંધો શું છે?

ટીના : આ બંને જણા મારું નામ ડાર્લિંગ સમજી બેઠા છે. આજે સવારે જ મને રસોઈયો પૂછતો હતો કે બપોરના જમવામાં શું બનાવું ડાર્લિંગ?

☺ ☺ ☺ ☺ ☺

પેસેન્જર : (રેલવે અધિકારીને) સાહેબ, ટ્રેનો સમયસર જ ન આવતી હોય પછી સમય-પત્રકનો શો અર્થ અને એનાથી ફાયદો શું?

રેલવે અધિકારી : સમયપત્રક વગર ખબર કેવી રીતે પડે કે ટ્રેનો મોડી આવે છે અને એનાથી છાપનાર તેમજ છપાવનારને તો ફાયદો થતો જ હોય છે. કેટલી ટ્રેનો છે, એનાં નામોની ખબર પડે છે. ક્યાં ક્યાં જાય છે, ક્યારે ઊપડે છે, ક્યારે પહોંચે છે એ પણ સાચી ખોટી ખબર તો પડે જ છે ને.

☺ ☺ ☺ ☺ ☺

ઝરીના : તું આટલી બધી ગોરી છે... તો એના માટે તું કઈ ક્રીમ વાપરે છે?

ફરીના : ફેર એન્ડ લવલી... પણ તું એવી તો કઈ ક્રીમ વાપરે છે કે જેના કારણે તારો રંગ જરા પણ ઊઘડતો નથી.

ઝરીના : ચેરી બ્લોઝમ.

☺ ☺ ☺ ☺ ☺

ગમનલાલ : અલ્યા બંટી, તારા હાથમાં આ સો રૂપિયાની નોટ ક્યાંથી આવી, સાચું બોલજે...

બંટી : મને બાજુની ગલીના નાકા પરથી જડી છે. અને ખાતરી કરવી હોય તો ત્યાં જોઈને આવો.. જેની ખોવાઈ છે, તે હજુ ત્યાં શોધ્યા કરે છે.

☺ ☺ ☺ ☺ ☺

ચીન્ટુ : અરે કનુકાકા, આ કૂતરાએ તમને બચકું ભર્યું તો પણ તમે કેમ હસ્યા કરો છો?

કનુકાકા : કૂતરું સાવ બોખું હતું. મોંમાં એક પણ દાંત જ નહોતો.

☺ ☺ ☺ ☺ ☺

ભોગીભાઈ : અન્ના હજારેની રાહબરી નીચે હવે આપણી આઝાદીની બીજી લડાઈ ચાલુ થઈ રહી છે ત્યારે જેમણે જેમણે બ્રિટીશરો સામે ભોગ આપ્યો છે, ઝઝુમ્યા છે તેઓને અવશ્ય યાદ કરવા જોઈએ.

જોગીભાઈ : એ બધાની સાથે સાથે હમણાં તાજેતરમાં જ બ્રિટીશરો સામે ખૂબ ઝઝુમનાર પણ અંતે હારનાર ધોની, સહેવાગ, ગંભીર, યુવરાજ, હરભજન, તેંદુલકર, ઈશાંત શર્મા વગેરેને પણ યાદ કરવા જોઈએ.

*૮/૨૬, ગંગામણિ ફ્લેટ્સ, વસંત નગર સોસાયટી, ગોપાલચોક, મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮. ફોન : ૨૫૪૬૮૧૬૦*

*ક્રોધ જેવી કોઈ હાનિકારક વસ્તુ નથી અને ક્ષમા જેવી કોઈ ગુણકારક બાબત નથી.*

વિશેષ અહેવાલ

# પ્રભુ મહાવીર સ્વામી ૨૬૧૧મા જન્મ કલ્યાણકની ભવ્ય ઉજવણી

• દિનેશ આર. મહેતા •

સમગ્ર વિશ્વમાં અહિંસા, સહિષ્ણુતા અને માનવધર્મનો દિવ્ય માર્ગ ચીંધનાર ભગવાન મહાવીર સ્વામીના અતિ પવિત્ર જન્મ કલ્યાણક પર્વની ખૂબજ ભક્તિભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. અમદાવાદમાં રંગસાગર જૈન દેરાસરથી તેમજ સાબરમતી રામનગર જૈન સંઘ ખાતેથી રથયાત્રા - શોભાયાત્રાનું આયોજન થયું હતું. તે સાથે ગુણાનુવાદ સભાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. શહેરમાં અનેક દેરાસરોમાં પ્રભુજીની ભવ્યાતિભવ્ય રીતે અંગ રચના કરવામાં આવી હતી. જેમાં ઝવેરીવાડની લહેરીયાની પોળમાં ૪૦૦ વર્ષ પ્રાચીન દેરાસર, સંભવનાથની ખડકીના ૫૦૦ વર્ષ જૂના જૈન દેરાસર, ઝવેરીની પોળના ૩૦૦ વર્ષ જૂના જિનાલયમાં પ્રતિમાજી પર ભક્તિ અને કલાના સંગમથી અદ્ભુત આંગીની રચના કરવામાં આવી હતી.



પ્રભુ મહાવીરના જન્મ કલ્યાણથી વિશ્વના તમામ જીવો સુખ શાંતિનો અનુભવ કરે તે ભાવનાથી 'જીતો' સંસ્થાના સહયોગથી કેટલાક જૈન ફિરકાઓ સાથે અહિંસા, અનેકાંતવાદ, જીવદયા અને વિશ્વ શાંતિનો સંદેશ આપતા પ્રભુ મહાવીર જન્મ કલ્યાણક પર્વ નિમિત્તે બુધવાર, તા. ૪-૪-૨૦૧૨ના રોજ એક વિરાટ રથયાત્રા અને ત્યારબાદ ધર્મસભાનું અમદાવાદ ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. રથયાત્રાના માર્ગમાં ઠેરઠેર ભવ્ય સ્વાગત કરવામાં આવતાં સમગ્ર વાતાવરણ ખૂબજ ભાવાત્મક બન્યું હતું.

આ રથયાત્રામાં મહાવીર સ્વામીના જન્મ કલ્યાણકથી નિર્વાણ સુધીનાં દશ્યોની ઝાંખી કરાવવામાં આવી હતી. તે સાથે વિવિધ બેન્ડ પાર્ટીઓ, નૃત્ય મંડળી, હાથી, ઘોડા, બગી, ઊંટગાડી, બળદગાડાં, રથ વગેરે સામેલ હતાં. રથયાત્રાની લાંબી મંજિલમાં હજારો જૈન-જૈનેતરોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. પૂ. સાધુ-સાધ્વીજી ઉપરાંત શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ટ્રસ્ટી મંડળ, કારોબારી સમિતિના સભ્યો તેમજ સમાજ પરિવારજનોની હાજરી સારી માત્રામાં હતી. તે સિવાય 'જીતો' સંસ્થાના હોદ્દેદારો, કાર્યકરો સાથે અનેક સમાજ આગેવાનો પણ હતા. "જૈનમ્ જયતિ શાસનમ્"ના નાદથી સમગ્ર વાતાવરણ હર્ષોલ્લાસભર્યું બન્યું હતું. સવારે વિકાસગૃહ રોડથી સમયસર પ્રયાણ કરીને નવરંગપુરા ખાતે રથયાત્રા પૂર્ણ થઈ હતી. ત્યાં બસ સ્ટેન્ડની પાછળના મેદાનમાં ધર્મસભાનું આયોજન થયું હતું. જેમાં 'જીતો' તેમજ અન્ય સંસ્થાઓના અગ્રણીઓ તેમજ ભગવંતોએ ભગવાન મહાવીરના ઉપદેશને જીવનમાં ઉતારવાની રજૂઆત કરી હતી. આ પ્રસંગે જીવદયાનો ફાળો એકત્ર કરવામાં આવ્યો હતો અને બુંદીના લાડુ તેમજ ફરસાણના પેકેટની પ્રભાવના કરવામાં આવી હતી.

વિવિધ જૈન સંઘો, સમાજ પરિવારો તેમજ 'જીતો' સંસ્થાએ સમગ્ર આયોજનને સફળ બનાવવા માટે અથાગ પરિશ્રમ કર્યો હતો.

શ્રી કચ્છી જૈન ભવનના સંકુલ પાસેથી શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા ઉપરોક્ત રથયાત્રા તેમજ ત્યાં એકત્રિત થયેલા વિવિધ સમાજના ધર્મગુરુઓ, હોદ્દેદારો તેમજ અગ્રિમ મહાનુભાવોનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યાં પૂ. સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબોની હાજરી ખાસ ધ્યાન કેન્દ્રિત કરતી હતી. ઉપસ્થિત તમામ જૈન - જૈનેતર લોકોએ રથયાત્રા અને પૂ. સાધુ-સાધ્વીજીના દર્શનનો અમૂલ્ય લાભ ઊઠાવ્યો હતો. આ પ્રસંગે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા ઠંડા પીણા અને શરબતની વિતરણ વ્યવસ્થા ભાવિકો માટે ખૂબ રાહતરૂપ જણાઈ હતી.

આ પ્રસંગે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા તેના પાલડી મધ્યેના સંકુલની બહાર તૈયાર કરેલ એક ભવ્ય શમિયાનામાં અનેક મહાનુભાવો સાથે વિવિધ ધર્મ અને જ્ઞાતિ સંપ્રદાયોના મહાત્માઓ પણ બિરાજમાન હતા. સમગ્ર રથયાત્રાનું વિહંગાવલોકન કરીને તેની વ્યવસ્થા અને આયોજનથી તેઓ સર્વે ખૂબજ પ્રભાવિત થયા હતા.

આ રથયાત્રા પાલડીથી તેનાં નિશ્ચિત માર્ગમાં આગળ વધતાં સર્વે મહાનુભાવો અને ધાર્મિક આગેવાનો શ્રી કચ્છી જૈન ભવન, પાલડીના સાંસ્કૃતિક હોલમાં સમાજના હોદ્દેદારો અને પરિવારજનોની સાથે એકત્ર થયા હતા. જેમાં ભારતી આશ્રમના મહામંડલેશ્વર પૂ.સ્વામી

*સ્વર્ગ ડરપોકોની પરીકથાથી વિશેષ કંઈ નથી.*



શ્રી વિશ્વંભર ભારતીજી મહારાજ, શાહપુર બહાઈ સેન્ટરના શ્રીસુફી મોહમ્મદ હમીર સાહેબ, એસ.જી. હાઈવે સ્થિત ગુરુદ્વારાના મુખગામી રતનસિંગજી સાહેબ અને ખ્રિસ્તી સમાજના બિશપ થોમસ મેકવાન સ્ટેજ પર બિરાજમાન થયા હતા. તે સિવાય બ્રહ્માકુમારી સંસ્થાના બે મહિલા પ્રતિનિધિઓ પણ ઉપસ્થિત હતા. આ વિવિધ ધાર્મિક મહાત્માઓ અને આગેવાનોએ પોતાના ટૂંક વક્તવ્યમાં જૈન ધર્મ અને મહાવીર સ્વામીના સિદ્ધાંતો વિશે ઉલ્લેખ કરીને તેમની મહાનતાને બિરદાવેલ હતી. તેઓશ્રી પૈકી કેટલાક ધાર્મિક આગેવાનોએ કચ્છ, કચ્છી પ્રજાની ખાસિયત અને શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની સામાજિક પ્રવૃત્તિઓનો ખાસ ઉલ્લેખ કરીને તેની સરાહના કરી હતી.

તેઓશ્રીના પ્રવચન બાદ મંચસ્થ દરેક ધર્મગુરુ, મહાત્માઓનું શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા ઉચિત સ્વાગત - સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જૈન શ્રેષ્ઠી શ્રી શ્રેણિકભાઈ શાહ, શ્રી ગિરિશભાઈ શાહ, શ્રી શાંતિલાલભાઈ ગાલા સહિત 'જીતો' સંસ્થાના પ્રમુખશ્રી અને અન્ય કાર્યકરોની હાજરી ખાસ ધ્યાનાકર્ષક રહી હતી.

રથયાત્રા તેમજ ઉપરોક્ત સન્માન કાર્યક્રમના આયોજનમાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના આગેવાન અને હોદ્દેદારો શ્રી કાંતિલાલભાઈ સાવલા, શ્રી નરેન્દ્રભાઈ શાહ, શ્રી હસમુખભાઈ ખાંડવાલા, શ્રી હસમુખભાઈ ગઢેચા તેમજ શ્રી જશવંત કોઠારીનું પ્રદાન અગ્ર સ્તરે હતું.

★★★

એમ કહેવાય છે કે, વૈદિક, જૈન અને બૌધ્ધ એ ત્રણ ધર્મો ભારતીય સંસ્કૃતિમાં મુખ્ય અંગો છે.

ચૈત્ર સુદ તેરસ એટલે ભગવાન મહાવીર સ્વામીની જન્મ જયંતી. ભગવાન મહાવીર જૈન ધર્મના સ્થાપક ન હતા પરંતુ તેના ચોવીસમા તીર્થંકર હતા. ઈ.સ. ૫૯૮માં બિહારના પટણાથી દૂર કુંડિનપુર નગરના રાજકુટુંબમાં તેમનો જન્મ થયો. તેમના પિતાનું નામ સિદ્ધાર્થ અને માતાનું નામ ત્રિશલાદેવી હતું. તેમનું બાળપણનું નામ વર્ધમાન હતું. માતાના આગ્રહથી તેઓ રાજકુમારી યશોધરા દેવીને પરણ્યા હતા. જેનાથી તેમને પ્રિયદર્શના નામે કન્યાનો જન્મ થયો.

ત્રીસમા વર્ષે તેમણે ગૃહત્યાગ કરી દીક્ષા ગ્રહણ કરી હતી. મન પર વિજય પ્રાપ્ત કરવા બાર વર્ષ સુધી અઢાઈ તપ કર્યું હતું. તે સમયે મનુષ્ય, પશુ, પ્રકૃતિ તથા દેવોએ અનેક મુશ્કેલીઓ ઊભી કરી પરંતુ તેઓ અડગ રહ્યા. આ કારણે તેઓ મહાવીર કહેવાયા અને આગળ જતાં ધર્મપ્રચારક બન્યા. તેમણે સામાન્ય લોકોની ભાષામાં ઉપદેશ આપ્યો અને સામાન્ય પ્રજાનું હૃદય જીતી લીધું.

સૌ જાણે છે તેમ, ભગવાન મહાવીરે દર્શન, જ્ઞાન અને ચારિત્ર્ય પર ખૂબ ભાર મૂક્યો છે અને એજ મોક્ષનો માર્ગ છે. તેમણે પાંચ મહાવ્રતો આપ્યાં : અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ. તેમણે કહ્યું : "દુઃખથી બચવા દુઃખ આપવાનું બંધ કરો." ઈ.પૂ. ૫૬૬માં બોંત્તેર વર્ષની વયે તેઓ પાવાપુરીમાં નિર્વાણ પામ્યા.

જૈનમ્ જયતિ શાસનમ્.

*સી/૪૦૨, પ્રેસ્ટીજ ટાવર,*
*ચીફ જસ્ટિસના બંગલા પાસે,*
*જજીસ બંગલા રોડ, બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.*

## સુંદર રીતભાત એ ઉત્તમ જીવનનો ભાગ છે

**ઉત્તમ શબ્દ 'ઉત્' અને 'તમ'નો સમાસ છે. જે તમોગુણથી ઊંચે ઊઠ્યા છે તે ઉત્તમ.**

**તમો ગુણના કેન્દ્રમાં 'સ્વ' છે, જ્યારે એથી ઊંચે ઊઠ્યા તેના કેન્દ્રમાં બીજાનો વિચાર છે.**

**બીજાનો વિચાર આવતાંની સાથે જ સ્વયંની રીતભાતમાં આપોઆપ સુંદરતા આવે છે. શ્રમણ ભગવાન મહાવીર મહારાજા જ્યારે, પારણાના દિવસે ગ્રામ નગરમાં પધારતા ત્યારે જે શેરીમાં ઘરના બારણે કોઈ ભિક્ષુને ઊભેલા જુએ તો પણ તેઓ તે શેરીમાં ન જતા. ત્યાંથી પાછા વળે તે તો બરાબર, પણ કોઈ કબૂતરને ચણ ચણતાં જુએ કે કોઈ ખીસકોલીને પાણી પીતી જુએ, તો પણ એ શેરીમાં ન જાય!**

**આટલી કાળજી અન્ય જીવોની તેઓ રાખતા! કેવું ઔચિત્ય!**

**આપણે ત્યાં આવેલી એક વ્યક્તિ જ્યારે જાય તે પછી આપણને તે વ્યક્તિ દેખાતી બંધ થાય, પછી જ ઘરનાં કમાડ વાસીએ. તેમાં તે વ્યક્તિ પ્રત્યેનો આદર છે. આમ કરવાથી તે વ્યક્તિને કેવું ગમશે! – એ વિચાર આવા વર્તનનો પ્રાણ છે. શોભા તો આપણી જ વધે છે, સાથે શુભ સંસ્કાર પણ પ્રબળ બને છે.**

**આ મુદ્દો બધે જ મહત્ત્વનો છે. સભામાં બેસવાની રીત કે જમણવારમાં બેસતી વખતે કે મંદિરમાં પ્રવેશતાં પહેલાં પગરખાં ઉતારતી વખતે આ જ ખ્યાલ રાખવાનો છે : 'અહીં વચ્ચે ઉતારવાથી બીજાને અગવડ પડશે. માટે જરા દૂર, ભીંત પાસે ઉતારીએ.'**

**આવી ઝીણી ઝીણી વાતો ઉત્તમ જીવનનો એક ભાગ છે. આવી સારી વર્તણુંકથી ઉત્તમ જીવનનું ઘડતર અને ચણતર થાય છે.**

**આપણો જન્મ ઉત્તમ થવા માટે થયો છે એ સદા યાદ રાખીએ.**

*સાભાર : "પહેલું પાનું"*

# ફ્લેશ ચેનલ

## ત્રણ મહિના પછી બેંક ડ્રાફ્ટ, પે-ઓર્ડર નકામા

અગાઉ ભારતીય રિઝર્વ બેંક દ્વારા જાહેર કરાયેલો ચેક, બેંક ડ્રાફ્ટ, પે-ઓર્ડરની માન્યતાનો ગાળો ઘટાડવાનો નિર્ણય તા. ૧-૪-૨૦૧૨થી અમલી બની ચૂક્યો છે. અત્યાર સુધી ચેક વગેરે છ મહિના સુધી માન્ય રહેતા હતા તે હવે ફક્ત ત્રણ મહિના સુધી જ માન્ય રહેશે. ત્રણ માસના સમયગાળા પછી રજૂ કરાતા ચેક, બેંક ડ્રાફ્ટ, પે-ઓર્ડર સામે બેંકો ચૂકવણું કરશે નહીં!

★

## બચત ખાતામાં પોર્ટેબિલિટી

ગ્રાહકો હવે ટૂંક સમયમાં જ બેંકના બચત ખાતાના નંબર બદલ્યા વિના બેંક બદલી શકશે.

આ પ્રક્રિયામાં બચત ખાતા પોર્ટેબિલિટી ખૂબજ સરળ હશે. ખાતા ધારકોએ એક પત્ર પોતાની વર્તમાન બેંક અને બીજો પત્ર પોતાને અનુકૂળ હોય તે બેંકને લખવાની જરૂર રહેશે. આ માટે કોઈપણ કાગળ કે દસ્તાવેજની જરૂર પડશે નહીં.

આ રીતે બેંકો ગ્રાહકોને આકર્ષિત કરવા માટે બીજી કેટલીક યોજનાઓ પણ લાવી શકે છે.

★

## વિકલાંગોને શિક્ષણ ધંધા માટે ૨૦ લાખ સુધીની લોન

ગુજરાત અલ્પ સંખ્યક નાણાં અને વિકાસ નિગમે કોઈપણ જ્ઞાતિના ૪૦ ટકાથી વધુ વિકલાંગતા ધરાવનારને દેશ-વિદેશમાં ઉચ્ચ અભ્યાસ માટે ૧૦થી ૨૦ લાખની લોન આપવાનું નક્કી કર્યું છે. તે ઉપરાંત ૩૫ જેટલા ધંધા રોજગાર માટે પણ લોન અપાશે. જેમાં વિકલાંગ બહેન માટે વ્યાજ દર ઓછો રહેશે.

★

## સાચો ગુજરાતી - ડૉ. સામ પિત્રોડાની નજરે...

અમેરિકા અને ચીન જેવી દુનિયાની મહાસત્તાઓ સામે ભારત આવનારાં વર્ષોમાં મહાસત્તા બનવા જઈ રહ્યો છે ત્યારે ભારત દેશના ૫.૫૦ બિલીયન યુવાનો કે જેને દેશનું ગ્રોથ એન્જિન ગણવામાં આવે છે તેમના માટે સારા શિક્ષણની સાથે દર મહિને ૫૦ હજારથી પણ વધારે જોબની જરૂરિયાત છે. પરંતુ કોઈપણ સરકાર યુવાનોની આ જરૂરિયાત પૂરી કરી શકે તેમ નથી. ત્યારે યુવાનોએ જાતે જ જોબ ક્રિએશન કરવું પડશે. એટલું જ નહીં, મગજમાં આવેલા સારા વિચારને બિઝનેસમાં ફેરવી દેવાની ગુજરાતીની આવડતને દેશના દરેક યુવાનોએ અપનાવવાની જરૂર છે તેમ વડાપ્રધાનના સલાહકાર ડૉ. સામ પિત્રોડાએ ગાંધીનગર ખાતે આવેલી ઈ.ડી.આઈ.ના ૧૩મા પદવીદાન સમારોહ પ્રસંગે તાજેતરમાં કહ્યું હતું.

★

## ટી.વી. પ્રોગ્રામમાં હવે અવરોધ નહીં આવે

ટી.વી. પ્રોગ્રામ, ફિલ્મ કે મેચ જોવાના સમયે અચાનક વચ્ચે લાંબા સમય સુધી આવતી જાહેરાતો પર ધ ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયા (ટ્રાઈ)એ મહત્તમ સંખ્યાની મર્યાદા બાંધવાનો નિર્ણય કર્યો છે. ટીવી ચેનલ્સ પરની જાહેરખબરોમાં હિત ધરાવતી વિવિધ સંસ્થાઓ સાથે બ્રોડકાસ્ટ રેગ્યુલેટરી ઓથોરિટીએ ચર્ચા વિચારણા શરૂ કરી હોવાનું સુમાહિતગાર વર્તુળોએ કહ્યું હતું.

★

## યુ.પી.ની સ્કૂલોમાં જંક ફૂડ પર પ્રતિબંધ

પિઝા, બર્ગર, મૅગી, નુડલ્સ, કોલા વગેરે બાળકોના આરોગ્યને હાનિકર્તા છે. એનાથી ડાયાબિટીસ, હાઈ બ્લડ પ્રેશર અને કોલેસ્ટેરોલ વધવા જેવી તકલીફો સર્જાતી હોવાના કારણે ઉત્તર પ્રદેશની રાજ્ય સરકારે સ્કૂલોની કેન્ટિનમાં અથવા સ્કૂલોની બહાર આવા જંક ફૂડ વેચવા પર તાજેતરમાં પ્રતિબંધ મૂક્યો છે.

★

## ભારતમાં યુવાનો માટે વિપુલ તક

ભારત ખૂબજ મજબૂત દેશ છે અને ભારતના અર્બન ઈન્ફ્રાસ્ટ્રક્ચર, પાવર, ઍરપોર્ટ તેમજ પોર્ટસ જેવાં ક્ષેત્રોમાં વિકાસની વિપુલ તક યુવાનો માટે છે. ભારત ચાઈનાથી સાત વર્ષ જ પાછળ છે તેમ અમદાવાદ ખાતે આઈ.આઈ.એમ.-એ ના પદવીદાન સમારોહ સમયે મુખ્ય મહેમાન તરીકે આવેલા આઈ.સી.આઈ.સી.આઈ. બેંક અને ઈન્ફોસીસ ટેક્નોલોજીસ લિ.ના **ચેરમેન શ્રી કે.વી. કામથે** જણાવ્યું હતું. છેલ્લા બે દાયકામાં ભારતે જબરદસ્ત પ્રગતિ કરી છે. વર્ષ ૧૯૯૦માં આર્થિક સુધારા આવ્યા બાદ સીનારીયો બદલાઈ ગયો

*જિંદગી એવી નદી છે જેમા વસંતે ફૂલ અને શિયાળામાં બરફ તરે છે.*

છે. **ભારતમાં ઈન્ફોર્મેશન ટેકનોલોજી અને બાયો ટેકનોલોજી જેવી નવી ઈન્ડસ્ટ્રીઝમાં ગ્રોથ વધ્યો છે.** તે સાથે ફાર્મા અને ઓટોમોબાઈલ્સ જેવાં ક્ષેત્રો પણ હવે વૈશ્વિક હરીફાઈ કરતાં થયાં છે. આ બે દાયકામાં ભારતની માથાદીઠ આવકમાં પણ વધારો થયો છે. જે દર્શાવે છે કે ભારતની વપરાશની માંગ ખૂબ જ વધી ગઈ છે અને તે રીતે સેવિંગ ગ્રોથમાં વધારો થયો છે, તેમ શ્રી કે.વી. કામથે વધુમાં જણાવ્યું હતું.

**તેઓએ કહ્યું કે, ભારતના અર્થતંત્રમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્ર, એ વિકાસ માટે મુખ્ય ચાવીરૂપ છે. તેમાં ખૂબજ તકો રહેલી છે.** ખાસ કરીને હાઈવે, પોર્ટસ, એરપોર્ટ, ટેલિકોમ, અર્બન ઈન્ફ્રાસ્ટ્રક્ચર, પાવર, રેલવે અને ઓઈલ એન્ડ ગેસ ક્ષેત્રમાં યુવાનો ઘણું કરી શકે છે. શ્રી કામથે વધુમાં જણાવ્યું હતું કે રૂરલ ઈન્ડિયામાં ઘણો વિકાસ થયો છે તેમજ હજુ પણ વિકાસની ઘણી તકો રહેલી છે. ખાસ કરીને વેલ્યુ એડેડ, એગ્રીકલ્ચરમાં હજુ ઘણું કરવાનું બાકી છે. ભારતમાં જે અદ્‌ભુત રીતે ડેવલપમેન્ટ થઈ રહ્યું છે તે અંગે તેઓએ કહ્યું કે, **ભારત વિશ્વમાં ઈન્ટરનેટનો સૌથી વધુ વપરાશ કરનારો ત્રીજા નંબરનો દેશ છે.** આજ રીતે વિશ્વમાં મોબાઈલ ફોનનો ઉપયોગ કરનારા દેશમાં પણ ભારત બીજા ક્રમે આવે છે.

ભારતમાં મોબાઈલ ફોન, કોમ્પ્યુટર, લેપટોપ વગેરેના કારણે વધુ ઝડપથી બદલાઈ રહ્યું છે. છેલ્લા બે દાયકામાં ભારતની બેંકોએ સાધેલો વિકાસ અનન્ય છે. આ ક્ષેત્રમાં ધરખમ ફેરફારો આવ્યા છે. ડેબીટ અને ક્રેડિટ કાર્ડ ઉપરાંત હવે લોકો ધીમે ધીમે નેટ બેન્કિંગનો વધુને વધુ ઉપયોગ કરી રહ્યા છે. પેમેન્ટ ચૂકવવાની પદ્ધતિ પણ બદલાઈ ગઈ છે, તેમ તેઓએ વધુમાં ઉમેર્યું હતું.

આ પ્રસંગે આઈ.આઈ.એમ.ના ચેરમેન ડૉ. સિંઘાનિયાએ કહ્યું હતું કે ભારતમાં ટોચના લોકો ભ્રષ્ટાચાર કરી રહ્યા છે, તેને અટકાવવો જરૂરી છે. **માત્ર પૈસા પાછળ પોતાનાં સંતાનો ન દોડે એ બાબત માતા-પિતાએ યુવાનોને સમજાવવી પડશે, તે તરફ તેમણે લાલબત્તી ધરી હતી.**

*સમાચારપત્રોના વૃત્તાંતમાંથી*

## અસર સંસ્કારોની...

**વરસોથી સટ્ટાના ધંધામાં પડેલા સટોડિયાને સખત તાવ આવ્યો... થર્મોમીટર કાઢી સટોડિયાનો તાવ માપ્યો.**

**'કેમ, કેટલો તાવ છે?' પત્નીએ ડોક્ટરને પૂછ્યું.**

**'૧૦૪ ડિગ્રી છે.'**

**આ સાંભળતા વેંત જ સટોડિયો બોલ્યો, '૧૦૫ થાય એટલે વેચી નાખજો.'**

**૧૦૪ ડિગ્રી તાવમાં પણ જો ધંધાના સંસ્કારો અનાયાસે પ્રગટ થઈ જતા હોય તો પછી ધર્મના સંસ્કારોની તાકાત પણ ક્યાં ઓછી છે? ધર્મનો જો ભારે રસ ઊભો કરી દેવામાં આવે તો ભયંકર પ્રતિકૂળતામાં પણ એના સંસ્કારો આગળ આવ્યા વિના નહીં રહે.**

**હતાશ ન થાઓ... ઉત્સાહ સાથે ધર્મની આરાધના ચાલુ રાખો.**

## દરેક મહાન ન બની શકે, સજ્જન તો બની શકે

૧. કોઈને ત્યાં જાઓ ત્યારે બૂટ-ચંપલ યોગ્ય જગ્યાએ ઉતારીને દાખલ થાઓ.

૨. ઘરનો કચરો પડોશીના ઘર પાસે ઠાલવવાને બદલે, કચરા પેટીમાં જ નાખવાની કાળજી રાખો.

૩. ટ્રેન કે બસમાં તમારી બાજુમાં અશક્ત વ્યક્તિ ઊભી હોય તો તમે ઊભા થઈને, તમારી જગ્યાએ તેને બેસાડો.

૪. નાનામાં નાના માણસને પણ "તુંકારા" થી બોલાવો નહિ. માનભર્યા શબ્દોની કિંમત આપવી પડતી નથી. માનભર્યા શબ્દો તેમના હૃદયમાં તમારા પ્રત્યે માન ઉપજાવે છે.

૫. બીજાના સદ્‌ગુણોનું યથાયોગ્ય મૂલ્યાંકન કરો. બીજાના સદ્‌ગુણોનું અવમૂલ્યન કરનાર પોતાના, ઈર્ષાળુ સ્વભાવનું પ્રદર્શન કરે છે.

૬. કોઈની નાની સરખી પ્રેમપૂર્વકની ભેટને તેટલાં જ આદરપૂર્વક સ્વીકારવાનું વલણ કેળવો.

૭. કોઈને સમય આપેલ હોય તેનું પાલન કરવામાં ચોકસાઈ રાખો : તેથી તમારા તથા સામા માણસનો સમય વેડફાતો બચી જાય છે. તમારી ઉમદા છાપ પણ પડે છે.

૮. રસ્તા ઉપર કે ખૂણામાં કે કઠેરામાંથી આંખો મીંચીને પાનની/પાન મસાલાની પિચકારી મારો નહિ.

૯. ચોમાસામાં બાજુમાંથી પસાર થતા રાહદારીને છાંટા ઊડે અને તેનાં કપડા બગડે તેટલી ઝડપથી વાહન હંકારો નહિ.

૧૦. ફ્લેટ કે મકાનમાંથી કોઈને બોલાવવા જોરજોરથી હોર્ન માર્યા કરો નહિ.

૧૧. કોઈની વસ્તુ માગીને લાવ્યા હો તો તે કામ પૂરું થયે તુરત જ તેને પાછી આપી દો. તે માંગવા આવે અને માંગેલી વસ્તુ પાછી આપવી પડે તે તેમનો તમારા પ્રત્યેનો આદર ઓછો કરે છે.

૧૨. તમારી પ્રશંસા તમારી જાતે કરો નહિ. બીજા કોઈ તમારી ગેરહાજરીમાં તમારી પ્રશંસા કરે તે જ સાચી પ્રશંસા છે. તે પ્રશંસા જ તમારી શોભા વધારનારી છે.

૧૩. કોઈ તમારું કામ કરી આપે ત્યારે તેનો આભાર માનવાથી, કામ કરનારનો ઉત્સાહ વધે છે. તમારી ગણના કદરદાન તરીકે થવા પામે છે.

૧૪. કપડાં પરથી કે દેખાવ પરથી કોઈનું મૂલ્યાંકન કરો નહિ, ખરું મૂલ્યાંકન પરિચય કેળવવાથી જ થવા પામે છે.

આવી નાની નાની બાબતો સંસ્કારી સજ્જન તરીકેની છાપ ઊભી કરે છે. દરેક વ્યક્તિ મહાન બની શકતી નથી, પરંતુ જે કોઈ ઈચ્છે તે સજ્જન બની શકે છે. સજ્જન બનવા માટે એક પૈસાનો ખર્ચ થતો નથી. માત્ર વાણી, વિચાર અને વર્તનને સંસ્કારી બનાવવાથી સજ્જન બની શકાય છે.

બધા ઈલકાબ કરતાં "સજ્જનતા" ની છાપ વધુ ચડિયાતી છે.

*સાભાર : જીવન મંજરી*

*પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ*

*ધોળા વાળ એ ઉંમરની નિશાની છે, ડહાપણની નહીં.*

### આનંદની અનુભૂતિ

આપના સમાજનું મુખપત્ર 'મંગલ મંદિર' અમે નિયમિત વાંચીએ છીએ **અને તેનાં લેખ, માહિતી અને અન્ય વિગતોથી આનંદ અનુભવીએ છીએ.** આ માટે સમાજને તેમજ 'મંગલ મંદિર'ની પૂરી ટીમને ખૂબ ખૂબ અભિનંદન પાઠવીએ છીએ.

*વિજય દેઢિયા - બેંગ્લોર*

• • • • •


### ખૂબ સુંદર અને સાહિત્યિક

**આપના સંપાદન હેઠળ 'મંગલ મંદિર'ના લેખોનું ચયન અને અન્ય સામગ્રી ખૂબ સુંદર અને સાહિત્યિક હોય છે.** છાપકામ પણ અત્યંત સ્વચ્છ, સુઘડ અને મુદ્રણદોષ રહિત હોય છે તે માટે આપને વિશેષ અભિનંદન.

*દિનેશ પાંચાલ (જર્નાલિસ્ટ) - નવસારી*

• • • • •

મંગલ મંદિરના એપ્રિલ અંકમાં શ્રી મૂરજીભાઇ ગડાનો પત્ર છપાયો છે જેમાં એવા વિષયની ચર્ચા છે જે અંગે કલાકો સુધી વાત કરી શકાય અને લાંબો લેખ અલગથી લખી શકાય. મારા વિચારો શ્રી મૂરજીભાઇના વિચારો સાથે ૯૯ ટકા મળતા છે. પત્રમાં છેલ્લે તેમણે લખેલ છે કે 'ધાર્મિક માન્યતાઓમાં એવી બેહૂદી વાતો છે જે લોકલાગણીને ધ્યાનમાં રાખીને છાપી શકાય એવી નથી.




મારે પૂછવું છે કે કેટલા સૈકાઓ સુધી આપણે એવી બેહૂદી માન્યતાઓને જાળવી રાખીશું? ક્યારે મુક્ત થઇશું? જો એવી બેહૂદી વાતોને કદી પણ પ્રગટ કરવામાં આવે જ નહીં તો લોકોને એની જાણકારી શી રીતે મળશે? જોખમ તો છે જ. લોકો નારાજ થવાના જ.

આશરે પચાસેક વર્ષો પૂર્વે હું વિદ્વાન જૈન મહારાજશ્રીઓ સાથે આવી કેટલીક બેહૂદી માન્યતાઓ બાબતે ઘણી દલીલો કરતો. તેઓ મૌન રહેતા. જવાબ જ આપતા નહીં અથવા કહેતા કે 'શાસ્ત્રોમાં લખ્યું તે સાચું.'

એક ખરેખરા વિદ્વાન ઉપરાંત બુદ્ધિશાળી (કોઇ વિદ્વાન હોય એટલે બુદ્ધિશાળી પણ હોય જ એમ માનવું નહીં) મહારાજશ્રી સાથે દલીલો કરેલી. તીર્થંકર મહાવીરના ગર્ભહરણની વાત સત્ય નથી પણ બનાવટ છે એમ તેમણે સ્વીકાર્યું. પછી મેં તેમને કહેલું કે 'તમે જાણો પણ છો અને સ્વીકારો પણ છો તો જાહેરમાં શ્રાવકોને સ્પષ્ટ કહેતા કેમ નથી?' મહારાજશ્રીએ મને કહ્યું "જરા ઓરા આવો." પછી કાન પાસે મુખ રાખીને મને કહ્યું કે "પછી અમારે ભોજન-પાણી વહોરવા તો તમારા સૌ પાસે જ આવવું પડે છે એની તો તમને ખબર છે ને? જો અમે આવી બાબતો ભાવિક લોકોને કહીએ તો અમને જ મિથ્યાત્વી ગણીને ઉપાશ્રયથી બહાર કાઢે ઉપરાંત અમે ઇચ્છતા નથી કે જૈન સમાજમાં વિવાદ જાગે. તમારે પણ મારું નામ ક્યાંય આપવાનું નથી."

સ્વ. શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહ, મુંબઇના પ્રખર સોલિસિટર, બંધારણ સભાના સભ્ય અને 'પ્રબુદ્ધ જીવન' માસિકના વર્ષો સુધી રહેલા તંત્રીશ્રી.

તેમણે પોતાની લખેલી ('ભગવાન મહાવીર' લે. મી.ચ. શાહ, પરિચય પુસ્તિકા નંબર ૩૭૨, પાના નં. ૪ અને ૫)માં ગર્ભહરણની ઘટનાને- 'અસંભવ ઘટના' કહીને માત્ર બે જ શબ્દોમાં સાચો જવાબ જણાવી દીધો છે.

**તો જૈનો કેમ સત્યથી ડરે છે? શા માટે તેમની લાગણી દુભાય છે?** ઇતિહાસમાં તો સેંકડો ઘટનાઓ છે જે આપણને ન ગમે અથવા માન્ય ન હોય પણ તેમાં કોઇની અંગત લાગણી દુભાવાનો સવાલ જ પેદા થતો નથી.

બધા જ જાણે છે કે ઇન્દ્ર નામનો કોઇ દેહધારી દેવ હતો નહીં અને છે પણ નહીં છતાં આવી કથાઓ આજ સુધી ચાલ્યા કરે છે કોઇ પ્રશ્ન પૂછતા નથી, વિરોધ કરતા નથી.

અને આવી તો બીજી ઘણી ઘટનાઓ છે જે સત્ય નથી.

*શાંતિલાલ સંઘવી - અમદાવાદ*

• • • • •

### શ્રી કચ્છી અચલગચ્છ જૈન સંઘ-વડોદરા

સંઘ દ્વારા નીચે મુજબની સુવિધાઓ ઉપલબ્ધ છે...

(૧) અદ્યતન સગવડ સાથેનું અતિથિ ભવન

વડોદરા શહેરના હાર્દસમા વિસ્તારમાં સ્ટેશનથી ૨ કિ.મી.ના અંતરે નવું બાંધકામ, આધુનિક સગવડ સાથે સુપર ડીલક્ષ એ.સી./નોન એ.સી., ડોરમેટરી, જિનાલય, જૈન ભોજનશાળા સાથેની સુવિધા છે.

★

(૨) વડોદરા વિદ્યાર્થી ભવન (હોસ્ટેલ)

બહારગામથી વડોદરા ભણવા આવતા વિદ્યાર્થીઓ માટે વડોદરા સ્ટેશનથી ૨ કિ.મી.ના અંતરે અતિથિ ભવનની બાજુમાં વિદ્યાર્થી ભવન (હોસ્ટેલ)ની ભોજનશાળાની સુવિધા સાથે મર્યાદિત સંખ્યા હોવાથી જરૂરિયાતવાળાઓને વહેલા તે પહેલાં, સંસ્થાના

*જેની આશા આપણે રાખી હોય તેના કરતાં જેની બીક રાખી હોય તે બનાવ જલદી બને છે.*

નિયમોને આધીન ફાળવવામાં આવશે.

પ્રતાપ રોડ, ભાલેરાવ ટેકરી, રાવપુરા, વડોદરા.
ફોન : ૦૨૬૫-૨૪૩૨૮૫૮, ૨૪૧૭૪૪૮

● ● ● ● ●

## લેખ વિશે પ્રતિભાવ

'મંગલ મંદિર'ના માર્ચ અંકમાં શ્રી કીર્તિભાઇના પ્રતિભાવરૂપે એપ્રિલ અંકમાં શ્રી મૂળજીભાઇ તથા શ્રી શાંતિભાઇ સંઘવી અને શ્રી શાંતિભાઇ શાહના પત્રોથી છેલ્લા ૨-૩ માસથી શુષ્ક રહેલો પત્ર વિભાગ જીવંત થઇ ગયો.

શ્રી મૂળજીભાઇનાં લખાણો ઉપર ટીકાઓ અપેક્ષિત હોય જ. દલીલયુક્ત ટીકાઓ આવકાર્ય ગણાય, પણ રૂઢિગત ટીકાઓનો શું જવાબ હોય? આમ, છતાં શ્રી મૂળજીભાઇએ રૂઢિગત દલીલોનો પણ પ્રતીતિજનક જવાબ આપેલ છે.

મતભેદને આવકાશ હોય જ, પણ અમે જ સાચા અને બાકી બધા ખોટા એમ અનેકાંતવાદી જૈન તો ન જ કહી શકાય.

ભારતીય ધર્મો અને વિશ્વના અન્ય પ્રમુખ ધર્મો (ઇસ્લામ તથા ખ્રિસ્તી)માં મૂળભૂત ફરક છે. ભારતીય ધર્મો વૈદિક, બૌદ્ધ, જૈન વગેરે દર્શનો (Philosophy) છે જ્યારે અન્ય ધર્મો એકજ ધર્મ પુસ્તક આધારિત સંપ્રદાયમૂલક છે. **ભારતમાં અન્ય (ન્યાય, વૈશેષિક વગેરે) દર્શનો પણ છે. આ બધાંજ ચિંતન આધારિત છે અને તેમાંથી અનેક અર્થ-માન્યતાઓનું વિશ્લેષણ થયા જ કરે છે.** તેને વિજ્ઞાન સાથે કાંઇ જ સંબંધ નથી, એ સનાતન સત્ય તરીકે સ્વીકારી શકાય જ નહિ. અનુયાયીઓ ભલે તેમ માને.

ઇશ્વરની વ્યાખ્યા પણ દરેક ધર્મ કે સંપ્રદાયમાં એક જ નથી. જૈનો મોક્ષને અંતિમ અવસ્થા માને છે એને ઇશ્વર કહી શકાય. કોઇ મહાપુરુષ (જેમ કે તીર્થંકર)માં ઇશ્વરત્વનું આરોપણ કરી પૂજી શકાય, એને શ્રદ્ધા કહો કે ભક્તિ. જો શ્રદ્ધા કે ભક્તિ નિષ્કામ હોય તો વ્યક્તિને માનસિક શાંતિ કે બળ આપી શકે. પણ અહીં તો અનેક બાબાઓ, બાપુઓ તાંત્રિકો, યાંત્રિકો, ભુવાઓ વગેરે શ્રદ્ધાને નામે લોકોને ધૂતી ખાય છે.

સાથે જૈનો અને બૌદ્ધોનો ઇનકાર એ ઇશ્વર જેવી કોઇ હસ્તીના સર્જનત્વ અને કર્તૃત્વનો ઇનકાર છે. થોડા વખત પહેલાં જ આ સદીના મહાન વૈજ્ઞાનિક સ્ટિફન હોકિંગ્સે આ જ વાત કહી હતી કે "ઇશ્વર જેવી કાંઇ હસ્તી હોય તો પણ બ્રહ્માંડના સર્જનમાં તેની કોઇ ભૂમિકા નથી."

મોટાભાગની બાબતોમાં શ્રદ્ધાની દુહાઇ આપવામાં આવે છે. શ્રદ્ધાની સ્પષ્ટ વ્યાખ્યા કરીએ તો **"જે બાબત અન્ય કોઇ રીતે પુરવાર ન થઇ શકે તેને દ્રઢતાપૂર્વક માનવી એ શ્રદ્ધા."** આ રીતે શ્રદ્ધામાત્ર છેવટે તો અંધશ્રદ્ધા જ છે. પાણી એ હાઇડ્રોજનના ૨ અને ઓક્સિજનના ૧ અણુનું ($H_2O$) સંયોજન છે એ માનવા કાંઇ - શ્રદ્ધાની જરૂર નથી. કેટલીય બાબતો એવી છે કે પુરવાર ન થઇ શકે છતાં માનવામાં આવે છે પણ તેને સનાતન સત્ય ન જ કહેવાય. અન્ય પત્રમાં શ્રી શાંતિભાઇ શાહનો બળાપો પણ વાજબી છે. નવી પેઢી જ આ બાબતોમાં ઉદાસીન છે. સામાજિક સુધારાનો અભિગમ બહુ ઓછો છે. પરંપરાગત લગ્નોમાં વડીલો કુંડળી માંગે તો વિરોધ થતો નથી. લખલૂટ ખર્ચાઓનો વિરોધ પણ બહુ ઓછો થાય છે. વર્તમાન શિક્ષણમાં આવી બાબતોને સ્થાન જ નથી. આમ છતાં એક વાત જરૂર છે કે ભૂતકાળમાં રૂઢિ રિવાજો પાળવાનું ફરજિયાત જેવું હતું તે આજે નથી. કોઇપણ યુગલ ઇચ્છે તો સાદાઇથી લગ્ન કરી શકે છે અને થોડા પછાત રૂઢિચુસ્ત લોકોને બાદ કરતાં આંતરજ્ઞાતિય કે આંતરપ્રાંતીય લગ્નોને પણ કોઇ અટકાવતું નથી, ખાસ કરીને આપણા સમાજમાં.

એટલે નિરાશ થવાનું કોઇ કારણ નથી. સામાજિક સુધારાઓ આવે છે ધીરે ધીરે, પણ આવે છે જરૂર. રજિસ્ટર્ડ લગ્નો ધીરે ધીરે વધી રહ્યાં છે. સમૂહલગ્નો પણ ઘણાં થાય છે. કમૂરતાના દિવસોમાં પણ લગ્નો (ખાસ કરીને એન.આર.આઇ.ના) થાય છે, પ્રેમ લગ્નો પણ થાય છે તેમાં કોઇ કુંડળી જોતું નથી. એટલે આપણાં લખાણોને અરણ્યરુદન માની લેવાની જરૂર નથી, **દુઃખી થવાની પણ જરૂર નથી. બસ "કર્મણ્યે વાધિકારસ્તે" સમજીને 'લગે રહો!'**

*મગનલાલ સંઘવી - અમદાવાદ*

● ● ● ● ●

મંગલ મંદિરના એપ્રિલ અંકમાં પૂર્વ રેલવે પ્રધાન શ્રી દિનેશ ત્રિવેદીનો પરિચય લેખ છપાયો છે.

આ લેખમાં તેમની સંગીત વિષયક માહિતી આપતું માત્ર એકજ વાક્ય છે કે "તેઓ સિતાર વગાડતાં પણ શીખ્યા."

પરંતુ આટલો જ પરિચય પૂરતો નથી. નવેમ્બર ૨૦૧૧માં કલકત્તાના એક સંગીત કાર્યક્રમમાં પંડિત જશરાજ પણ ગાવાના હતા. અચાનક જ જશરાજજીએ દિનેશભાઇને એક 'ઠુમરી' ગાવાની ફરમાઇશ કરી. સહેજ આનાકાની પછી, કશી જ પૂર્વ તૈયારી વગર, તેમણે સંગીતજ્ઞ શ્રોતાઓ સમક્ષ શાસ્ત્રીય રાગમાં ઠુમરી ગાઇ સૌ શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા.

દિનેશભાઇએ સિતારવાદનની તાલીમ મશહૂર સિતારવાદક ઉસ્તાદ વિલાયતખાંની શિષ્ય કલ્યાણી રોય પાસેથી લીધેલી. પંડિત જસરાજ ઉપરાંત તેમના જેવાજ અન્ય ઉત્તમ કોટિના શાસ્ત્રીય સંગીતજ્ઞ ઉસ્તાદ રાશીદખાં પણ દિનેશભાઇના મિત્ર છે. પ્રખ્યાત સરોદવાદક પંડિત તેજેન્દ્ર નારાયણ મજુમદાર પણ તેમના મિત્ર છે. **દિનેશભાઇ પ્રશિક્ષિત શાસ્ત્રીય સંગીતજ્ઞ છે.** મંત્રીઓ પાસેથી જો કે કલાસૂઝની અપેક્ષા રાખી ન શકાય.

*શાંતિલાલ સંઘવી - અમદાવાદ*

● ● ● ● ●

*પરિસ્થિતિ કેવી હશે તે આપણા હાથમાં નથી, પણ પરિસ્થિતિનો સામનો કરવો એ આપણા હાથમાં છે.*

## નિયમિત વિભાગોના કટાર લેખકોને સલામ...!

'મંગલ મંદિર'માં 'આંજો કાગર' વિભાગમાં લગભગ દરેક અંકે છેલ્લા અંકના સારા લેખો વિષે વાંચકો અચૂક લખે છે. કદરદાનીની આ વાત સરાહનીય છે. ક્યારેક એવા પ્રતિભાવો વાંચીને મૂળ લેખ વાંચવાનો રહી ગયાનો વસવસો થાય. ટૂંકમાં, વાંચવા જેવા સરસ લેખો-વાર્તાઓ-માહિતીની કદર વાચકવર્ગ કરે જ છે.

પણ આલોચના કરતા આ પ્રતિભાવો બાબતે નવાઇ લાગે તેવું એ છે કે આ પત્રોમાં નિયમિત અને સતત હાજર રહેતા કલમવીરોનો ઉલ્લેખ નથી થતો હોતો અથવા ઓછો થાય છે. **કોઇ સારો લેખ લખવો, તેને મઠારવો, ફરી ફરીને લખવો એ અઘરું તો છે જ, પણ કોઇ વિષય પર સતત અને ચોકસાઇપૂર્વક નિયમિત રીતે લખવું એ સહેલું નથી. આ નિયમિત વિભાગો સંભાળતું વૃંદ જે કામગીરી સંભાળે છે, તે કાબિલેદાદ છે.** 'મંગલ મંદિર'ની સફળતાના શ્રેયમાં એમનો ફાળો મોટો છે. આવો, એમને બિરદાવીએ.

આ કટાર લેખકોનાં નામો ગણાવીએ તો **સર્વશ્રી ગુલાબચંદભાઇ રાંભિયા** (બાલુડે જયું ગાલ્યું), **સૂરજલાલ મહેતા** (શબ્દરમત અને જાણવા જેવું), **રજનીકાંત પારેખ** (સુડોકુ), **દિનેશભાઇ મહેતા** (વલોવતન). ઘણા લાંબા સમય સુધી આજ 'વલોવતન' સુપેરે સંભાળ્યું તે **પોપટભાઇ ધરોડ**, સ્વાસ્થ્યની અમૂલ્ય વાતો કરતાં **ડો. ગડા અને ડો. દીપિબહેન**, પ્રશ્ન અને પ્રત્યુત્તર વિભાગ સંભાળતાં **સુશ્રી ચંદ્રાબહેન** અને છેલ્લે 'સાર સમાચાર'ને નામે થોડા સમયથી પણ ઘણી રસપ્રદ, ક્યારેક ચોંકાવનારી માહિતી આપતા **મુ. શાંતિભાઇ સંઘવી.** વળી સમાજની દરેક પ્રવૃત્તિઓનું સંકલન કરીને સર્વાંગી રજૂઆત કરતા જાણીતા અને માનીતા **પ્રતાપભાઇ દંડ.** આ દરેક કટાર લેખકે ચીવટ સાથે નિયમિત રીતે દાદ માંગી લે તેવી કામગીરી બજાવી છે, તેમાં બેમત નથી.

એક બીજી વાત પણ નોંધવા જેવી છે. કારણવશાત એકની કોલમ બીજાએ સંભાળવી પડી હોય તેવું પણ બન્યું છે! **પણ એ કામ એવી સિફતથી થયું છે કે વાચકને અણસાર સુદ્ધાં ન આવે.**

આ બધી વાતોની પાછળ છે : મુખ્યમંત્રી જેવા મુખ્ય તંત્રીશ્રી! આવા ચુનંદા લેખક મિત્રોને સાથે રાખીને, જાણે કે તંત્રીશ્રીનું એક જ ધ્યેય છે : **મંગલ મંદિર અને સમાજ આખો પ્રગતિ કરે સમૃદ્ધ બને. આ ટીમે ક્યાંય કચાશ રાખી નથી, કે નથી રાખ્યું કાંઇ બોલવા જેવું, સિવાય કે "વાહ વાહ!!"**

*શાંતિલાલ વ. શાહ - અમદાવાદ*

● ● ● ● ●

## "સેવા ભવન"

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા સંચાલિત એસ.ટી. સ્ટેન્ડ પાસેના સેવા ભવનમાં બહારગામથી આવતી વ્યક્તિને મીઠો આવકાર અપાય છે. સ્ટાફની સેવા સુંદર છે. કેન્ટીનને થોડી આધુનિક સગવડો મળી રહે તેવી ગોઠવણ કરવી જરૂરી. બાકી સ્વચ્છતાનું ધોરણ સારું છે. રૂમમાં સગવડ સારી છે. નાની જગ્યામાં સુંદર વ્યવસ્થા છે.

આયોજકો - સંચાલકોને હાર્દિક અભિનંદન.

*કુલીનકાંત લુઠિયા - મુંબઈ*

● ● ● ● ●

## 'સેવા ભવન - આનંદદાયક'

અમો તાજેતરમાં એસ.ટી. સ્ટેન્ડ પાસેના આપના સમાજ સંચાલિત સેવા ભવનમાં રોકાયા હતા. ત્યાંની વ્યવસ્થા સારી છે અને પ્રવાસીઓ સાથે ત્યાંના સ્ટાફનો વર્તાવ પણ સારો હતો. આ માટે આપના સમાજ, તમામ કાર્યકર્તાઓ અને સ્ટાફવર્ગને અભિનંદન.

*પ્રફુલ એસ. દોશી - ભુજ (મો. ૯૪૨૯૦ ૮૩૬૮૭)*

● ● ● ● ●

## સુવર્ણ જયંતી મહોત્સવ – બેનમૂન કાર્યક્રમો

શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદના સુવર્ણ જયંતી મહોત્સવ નિમિત્તે ટાઉનહોલ ખાતે તા. ૧૪-૪-૨૦૧૨ના કાર્યક્રમની આ વાત છે. કોઇપણ શુભ પ્રસંગની જેમ ત્યાં પણ મંચ પર ઉપસ્થિત મુખ્ય આગેવાન વ્યક્તિઓ દ્વારા દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું. ત્યારે એક વસ્તુ તરફ ધ્યાન આકર્ષિત થયું. તેમાં એક વિશિષ્ટ વ્યક્તિ **પદ્મશ્રી આણંદજીભાઇ શાહે પગમાંથી બૂટ ઊતારીને તે વિધિમાં ભાગ લીધો હતો.** આ પ્રકારની સંસ્કૃતિના દર્શનથી તેમનો વર્ષો જૂનો એક અન્ય પ્રસંગ આંખ સામે આવ્યો. તે વખતે નરોડામાં રહેતા હતા. વર્ષો અગાઉની વાત છે. શ્રી આણંદજીભાઇના સાળા શ્રી નાગજીભાઈનો ફોન આવ્યો અને કહ્યું કે "શ્રી આણંદજીભાઇ અને તેમની ટીમને અમદાવાદમાં પ્લેન બદલાવવાનું હોવાથી તેઓ અઢી કલાક રોકાવાના છે અને તેમની ટીમમાં ઘણાં કલાકારો પાન-સીગારેટના બંધાણી હોવાથી મંગાવેલ છે. અગર આવી શકાય તો સાથે જઇએ." તે સમયે અમદાવાદ ખાતે એરપોર્ટ ખૂબ નાનું અને ખાસ કાંઇ સગવડ પણ ન હતી. દિવસ દરમિયાન એકાદ-બે પ્લેન આવતાં-જતાં અને રાત્રિ ઉતરાણની સગવડ ન હતી.

અમે પાન વગેરે લઇને ગયા હતા. શ્રી આણંદજીભાઇને ચા પીવા માટે વિવેક કર્યો. તે સમયે ત્યાં એક નાની કેન્ટીન હતી, ત્યાં ચા પીવા માટે બેઠા હતા. ત્યાં વળી, શ્રી આણંદજીભાઇએ સેન્ડવિચ જેવું કાંઇક ખાવાની ઇચ્છા દર્શાવેલ હતી. મેં કહ્યું કે અહીં એક નાની કેન્ટીન છે જેમાં વેજ-નોનવેજ જેવું બધું હોય છે એટલે આપણે માત્ર ચા લઇએ તો સારું. આટલું કહેતાં જ તેઓશ્રીએ પોતાની હાથમાં રાખેલી એટેચી ખોલી અને ઘરે બનાવેલ ગાંઠિયા, ચેવડો, ફરસીપૂરી વગેરે પાંચ-છ વસ્તુઓ કાઢીને ખવડાવેલ અને કહ્યું કે "મારે તો ટીમના સભ્યો સાથે સપ્તાહ સુધી વિદેશની ટૂરમાં જવાનું થતું હોય એટલે નાસ્તાની આવી વસ્તુઓ સાથેજ રાખું અને ચલાવી લઉં. **આ**

*ક્રોધને જીતવા મૌન જેવું બીજું કોઈ સહાયક નથી.*

**વાતમાં ધર્મ અને સંસ્કૃતિની મહાનતા હતી."**

ટાઉનહોલ ખાતેના કાર્યક્રમ બાદ રાત્રિના જયશંકર સુંદરી હોલમાં મનોરંજન કાર્યક્રમ હતો. તે આનંદપૂર્વક માણ્યો હતો. હકીકતમાં અમારા ગામમાં કે મુંબઇ વિસ્તારના કે.ડી.ઓ.માં મારા મોટાભાઇ કુંવરજીભાઇ સાથે અમારો ધમાલ રાસ ખૂબ વખણાતો હતો. ઢોલક, ગરબા અને દાંડિયા રાસ મારો પ્રિય વિષય છે. સમાજના ઉપરોક્ત મનોરંજન કાર્યક્રમ દરમિયાન આપણા જ સમાજની દીકરી **શ્રીમતી ફાલ્ગુનીએ રજૂ કરેલ વ્રજવાણી રાસ બેનમૂન હતો. આ પ્રકારનો રાસ મેં મારી જિંદગીમાં ક્યારેય જોયો નથી.** આવા ઉચ્ચ કક્ષાના રાસ માટે મારી પાસે કાંઇ શબ્દો નથી. ફાલ્ગુનીબહેન અને તેમની ટીમને ખૂબ ધન્યવાદ.

તા. ૧૪-૪-૨૦૧૨ના તમામ કાર્યક્રમ જેમાં સિનિયર સિટીઝન હોમ, કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ, ટાઉનહોલ ખાતેનો સુવર્ણ જયંતી સમારોહ તેમજ રાત્રિના મનોરંજન કાર્યક્રમો **સફળતાપૂર્વક અને સમયસર કરવા માટે સમાજના કાર્યકરો અને આગેવાનોને પણ ધન્યવાદ.**

*મૂરજીભાઇ એન. શાહ*

● ● ● ● ●

## સુવર્ણ જયંતી નિમિત્તેનો પ્રથમ બેનમૂન કાર્યક્રમ

*બસ એટલી સમજ મને પરવરદિગાર દે*
*સુખ જ્યારે જ્યાં મળે, ત્યાં બધાના વિચાર દે*

ઉપરોક્ત કાવ્ય પંક્તિઓને તદ્દન સાચી ઠેરવનાર એટલે શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદ સમાજના સુવર્ણ જયંતી મહોત્સવ સમારોહનો પ્રથમ કાર્યક્રમ તા. ૧૪-૪-૨૦૧૨ના રોજ ટાઉનહોલ ખાતે ઉજવાયો. ચારેબાજુ ભયોભયો થઇ ગયો. પદ્મશ્રી આણંદજી વીરજી શાહ, શ્રી હરીશ ભિમાણી, શ્રી વિનોદ ગણાત્રા અને શ્રીમતી ફાલ્ગુની હીરેન શાહ આ ચારેયનું ચતુરંગી વ્યક્તિત્વ જાણવા માણવા મળ્યું અને તેથી ખૂબ ખૂબ આનંદ થયો. તે સાથે શ્રી ગુલાબ દેઢિયાની રનીંગ કોમેન્ટરીએ કાર્યક્રમને ખૂબ જ રસપ્રદ બનાવ્યો હતો. **લગભગ ત્રણ કલાક સુધી એકદમ શાંતિપૂર્ણ માહોલમાં કાર્યક્રમ માણીને આનંદ થયો.** સમય ક્યાં પસાર થઇ ગયો, તેની ખબર પણ ના પડી. **સમાજે સાધેલ પ્રગતિનો વિડિયો શો ઘણી બધી વાતો કહી ગયો.** સમાજના સેવાભાવી સ્વપ્નદ્રષ્ટાઓ સમાજને હજુ પણ વધુને વધુ આગળ લઇ જશે અને સમાજને અન્ય સમાજોમાં એક આગવી ઓળખ અપાવશે એમાં જરાય શંકા નથી... હકીકતમાં તેવી છાપ ક્યારની ઉપસેલી છે.

સુવર્ણ જયંતી મહોત્સવની શરૂઆત જ એટલી જોરદાર, શાનદાર રહી કે આખા વર્ષની ઉજવણીનો કાર્યક્રમ આનાથી પણ ભવ્ય રીતે ઉજવાશે એમાં કોઇ શંકા રહી નથી. સમાજના સૌ સભ્યો આ ઉજવણીમાં હર્ષભેર, ઉમંગસહ ભાગ લઇ સમાજના આગેવાનોનો ઉત્સાહ વધારે એજ અંતરની અભ્યર્થના.

બધાજ મહાનુભાવોને અપાયેલ સન્માનપત્ર ખરે જ ખૂબ સુંદર હતાં. 'મંગલ મંદિર'માં આ સન્માનપત્રો પ્રગટ કરવામાં આવશે તો ફરી ફરી વાંચી આનંદ બેવડાવી શકાશે. ફરીને સર્વેને ધન્યવાદ સાથે અભિનંદન.

*ગુલાબચંદ ધારશી રાંભિયા - અમદાવાદ*

● ● ● ● ●

## "સુવર્ણ જયંતી" નિમિત્તે શુભેચ્છા અને 'મંગલ મંદિર' દાર્શનિક દસ્તાવેજ

નમસ્તે. એપ્રિલ ૨૦૧૨માં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ, ૫૦મા સુવર્ણ જયંતી વર્ષમાં અને તેની દબદબાભેર ઉજવણીના કાર્યમાં સંલગ્ન છે ત્યારે મારી નાનકડી શુભેચ્છા અને મુબારકબાદી સ્વીકારશો. સંસ્થાનું મુખપત્ર 'મંગલ મંદિર' આ ૪૦૭મા અંક સાથે ૩૭ વર્ષની એકધારી અવિરત દડમજલ કાપી રહેલ છે. ગત વર્ષોમાં એક એકથી ચડિયાતા વૈવિધ્યસભર વિવિધ વિષયો પરના ૪૦૦ વિશેષ અંકોની તેણે નવાજેશ - સોગાત કરી છે. **આ અંકો તો નજરનું નજરાણું અને સુમધુર સંભારણું બની રહેવા સર્જાયેલા છે. સંસ્થાની પ્રગતિની હરણફાળમાં એ દ્યોતક, સીમાચિહ્ન જેવા છે.**

સિદ્ધિ કે ઉપલબ્ધિ રાતોરાત આવી મળતી નથી. તે માટે વર્ષોની સાધના, અવિરત પરિશ્રમ અને પ્રચંડ સહિયારા પ્રયાસો કરવા પડે છે. એક હાથે તાળી પડી શકતી નથી. કશુંય અર્જિત કરવા માટે સંગઠિત સંઘભાવના, સુયોજિત દૃષ્ટિપૂર્વકનો સંન્નિષ્ઠ પુરુષાર્થ અને જહેમતભર્યો ખંત જરૂરી છે. માનનીય તંત્રીશ્રીની રાહબરીમાં અને તેના વડપણ નીચે અન્યોના અને સવિશેષ તંત્રી મંડળના સહકારથી **સંસ્થાએ માઇલ સ્ટોન જેવી સિદ્ધિ હાંસલ કરી છે.** તેના ફળસ્વરૂપ સામયિકોની સૃષ્ટિમાં 'મંગલ મંદિર'ને દબદબાભર્યો પ્રવેશ - આવકાર સાંપડ્યો છે. દિન પ્રતિદિન તે સમૃદ્ધ, સંગીન અને માતબર થતું જાય છે. **કાર્યકરોની નિષ્ઠા, કુનેહ, જહેમત અને દૂરંદેશી દીર્ઘદૃષ્ટિ વિના એ શક્ય બન્યું ન હોત.**

**'મંગલ મંદિર' કચ્છની આરસી કે દર્પણ બની શક્યું છે, દાર્શનિક દસ્તાવેજ બની શક્યું છે** તેની સુરેખ પારદર્શક તસવીર ઉપસાવી શક્યું છે અને બૃહદ્ કચ્છને વાચક - ભાવક સમક્ષ મૂર્તિમંત રીતે પ્રત્યક્ષ કરી શક્યું છે. તેનું સઘળું શ્રેય તંત્રી મંડળને અને સંઘના સર્વે કાર્યકર્તાઓને છે. કચ્છ દર્શનનો પર્યાય અને વિકલ્પ પૂરો પાડી શકે તેવી તેમાં ગુંજાઇશ અને ક્ષમતા છે. ભાવકને તેના વાંચનથી 'કચ્છ' પોતાને આંગણે પ્રતીત થાય છે. આવો અહેસાસ તેના ૪૦૦ વિશેષ અંકોએ કરાવ્યો છે. **કચ્છની ભાતીગળ છબી કંડારવાનું અને બહુઆયામી તસવીર તાદૃશ કરવાનું યજ્ઞકાર્ય - કેટલેક અંશે ભગીરથ કાર્ય આ અંકોએ કર્યું છે.**

વીતેલા વર્ષોમાં કેટકેટલા વિષયો, પાસાંઓ, મુદ્દાઓને તેણે આલેખ્યા અને ઉપસાવ્યા છે! કચ્છનો બહુલક્ષી ચિતાર - આખો નકશો તેના વૈશિષ્ટ્ય - વિશેષતા સાથે તેમાં શબ્દાંકિત અને ચિત્રિત થયો

*છૂપાઈને કરેલું પાપ જીવનભર કાંટાની જેમ સતત દુઃખ્યા કરે છે.*

છે. કચ્છની ભૂગોળ અને સીમા વિસ્તાર, કચ્છનો ઇતિહાસ - રાય રાણાથી આરંભી લોકશાહી સુધીની મજલ, સિલસિલાબંધ ગાથા તથા કચ્છના સર્વક્ષેત્રીય વ્યક્તિ વિશેષો, મહાનુભાવો, પ્રતિભાસંપન્ન વ્યક્તિ વિભૂતિઓ, પાંગરતી પ્રતિભાઓ, કચ્છનું સમાજ દર્શન, કચ્છની સિદ્ધિઓ અને વિશિષ્ટતાઓ, આર્થિક ચિત્ર, ધર્મ સંસ્કારો, કચ્છનું સંસ્કારધન અને કલાસમૃદ્ધિ, શિક્ષણની તસવીર, ભૌતિક સાધનો અને સમૃદ્ધિ, સાંસ્કૃતિક વિરાસત - વારસો, કચ્છી સંસ્કૃતિ, કચ્છના વ્યવસાય અને હુન્નર ઉદ્યોગો, લોકજીવન - સમાજજીવન, કૃષિ ઉદ્યોગ, કચ્છનાં જોવાલાયક યાદગાર સ્થળો, કચ્છી સાહિત્ય, કચ્છનું મહિલા જગત, રોગ અને ઔષધ ઉપચાર, કચ્છના વિવિધ પ્રશ્નો અને સમસ્યાઓ વગેરે — કેટકેટલા ગણાવવા અને નોંધવા?

તંત્રીશ્રીની કલમ અને નજર કચ્છની ગઈકાલ, આજ અને આવતીકાલનું સુરેખ ચિત્ર સુપેરે કંડારે છે. સર્વગ્રાહી વિગતપૂર્ણ, માહિતીસભર, વિશદ્ ચિત્ર કંડારે છે. આમ, વ્યતીત, વર્તમાન - સાંપ્રત અને અનાગત કચ્છ દૃષ્ટિ સમક્ષ કલમચિત્ર ઊભું કરે છે. શબ્દોમાં અંકિત થતી તે શબ્દ છબી ક્યારેક ચાક્ષુષ્ બની જીવંત બની જતી લાગે છે.

કેટલાક રંગો એ શાબ્દિક તસવીરમાં ખૂટતા મહેસૂસ થાય છે. કચ્છમાં આમ આદમીનું રોજિંદું જીવન અને દિનચર્યા - ગ્રામજીવન, લોકજીવન, લોકસાહિત્ય અને સંગીત નૃત્ય, કૃષિજીવન, સંત સાહિત્ય - ભક્તિ સાહિત્ય, કચ્છમાં આજીવિકાની તકો, કચ્છના તાત્કાલિક ઉકેલ માંગતા પ્રશ્નો - સમસ્યાઓ, શૈક્ષણિક પ્રયોગો, વિજ્ઞાન પ્રવૃત્તિ અને અભ્યાસ - સંશોધન, કચ્છવાસીઓના વિવિધ પ્રશ્નો અને પ્રતિભાવો, લોકકથાઓ, કચ્છની સર્જનાત્મક અને રચનાત્મક પ્રવૃત્તિઓ, કચ્છનું નારીજીવન - મહિલા જગત, કચ્છની નદીઓ - જળાશયો અને જળ સંપત્તિ, લોકોના અનુભવો, યાદગાર પ્રસંગો, કચ્છના ભારતના અન્ય રાજ્યો સાથેના આંતરસંબંધો અને વ્યવહાર, વિદેશ - પરદેશ સાથેના કચ્છના સંબંધો, ઉત્સવો, તહેવારો, ઉજવણી, લોકોત્સવ, ભૂકંપ પછીની અભૂતપૂર્વ ઘટનાઓ - પ્રસંગો, કચ્છની સંસ્કૃતિગાથા, કચ્છનું પશુધન, પંખીસૃષ્ટિ, પર્યાવરણ, વૃક્ષો, કચ્છનાં વીતકો અને વિટંબણાઓ, માનવ જીવન, કચ્છનું રાજકારણ, બૃહદ્ કચ્છનું સર્વલક્ષી સર્વાંગી ચિત્ર વગેરે ભવિષ્યમાં અનુરૂપ તસવીરો અને છબીઓ આ બધામાં રંગ પૂરશે અને શિરમોર બની રહેશે. **જો કે 'મંગલ મંદિર'ના ૪૦૦ અંકોની મંજિલમાં તંત્રી મંડળે કશુંય વણસ્પર્શ્યું રહેવા દીધું નથી.** તંત્રી મંડળે બધું જ સમાવવા સંનિષ્ઠ પ્રયાસો કર્યા જ હશે. આંખ આડા કાન કરી કશુંય નજરઅંદાજ કરવાનો આશય તંત્રી મંડળનો હરગિઝ ન હોઈ શકે. એ પાકી સમજ સાથે કેટલાક સૂચનો કે અંગુલિ નિર્દેશ કરવા પ્રવૃત્ત થયો છું. તંત્રી મંડળની સજાગતા અને સભાનતા ધ્યાનાર્હ અને સરાહનીય છે જ.

શ્રી કચ્છી જૈન સેવા સમાજના ૫૦મા વર્ષમાં - સુવર્ણ જયંતી વર્ષમાં અભિનંદન - શુભેચ્છા અને મુબારકબાદી પાઠવવાના પ્રયોજનથી લખવા ધારેલો આ પત્ર હૃદયોર્મિ ઠાલવવા જતાં ખૂબ લાંબો થઈ ગયો છે. સંવેદનાઓ શબ્દસ્થ કરવા પાછળ 'મંગલ મંદિર'ને સર્વાંગ સુંદર અને સંપૂર્ણ જોવાની એકમાત્ર કામના જ છે. **આવનારી ભાવિ પેઢી માટે 'મંગલ મંદિર' અને શ્રી કચ્છી જૈન સેવા સમાજ યાદગાર સંભારણા રૂપે સ્મૃતિ વારસો, કાર્ય વારસો નિઃશંક મૂકતા જશે.** શુભેચ્છા સાથે વિરમું.

*રાજેન્દ્ર ઉપાધ્યાય, નિવૃત્ત આચાર્ય - અમદાવાદ.*
*ફોન : ૨૬૩૦૫૯૯૫*

● ● ● ● ●

આપના તરફથી તા. ૧૦-૨-૨૦૧૨નો પ્રિન્ટેડ પત્ર — આગોતરુ આમંત્રણ મળેલ છે તે બદલ ખૂબ ખૂબ આભાર.

સર્વપ્રથમ મને બે વ્યક્તિ વિશેષનો આભાર માનવો છે : (૧) શ્રી કાંતિલાલભાઈ સાવલા, (૨) શ્રી અશોકભાઈ મહેતા.

કચ્છથી અમદાવાદ આવ્યા હતા. ગીતામંદિરનો ફોન નંબર લાગતો નહોતો. બીજો નંબર અમારી પાસે નહોતો પણ (૧) શ્રી કાંતિલાલભાઈ સાવલાનો મોબાઈલ નંબર હતો. મેં ફોન કર્યો. મને ટૂંકમાં કહ્યું કે હમણાં હું બહાર છું, તમારૂં નામ અને ગામ કહો. કોઈ પણ સ્થાને જશો તો બંદોબસ્ત થઈ જશે. આવી સકારાત્મક સુચના આપી અને બધી સગવડતા મળી ગઈ. **આ બદલ શ્રી કાંતિલાલભાઈ સાવલાનો આભાર માનીએ છીએ.**

બીજો આભાર માનવાનો શ્રી અશોકભાઈ મહેતાનો. અનાયાસે અમારું પાલડી પહોંચવું અને તેઓનું ઓફિસમાંથી બહાર આવવું. જેમનો પરિચય 'મંગલ મંદિર' વાંચકો કોઈ પણ તુરત મેળવી લે. મેં પણ એ જ રીતે તેમને નામથી બોલાવ્યા, ઓળખાણ આપી. અને તેમણે જાતે સગવડ કરાવી આપી. અમારા દાદા રાયબહાદુર વીરજીભાઈ ડાહ્યાભાઈ અમારી ઓળખ છે. **શ્રી અશોકભાઈનો ખૂબ ખૂબ આભાર.** સમય સંજોગે આ ઓળખ જ બચાવીને રાખી છે, ને રાખશું. બાકી ઇતિહાસ બની ગયો છે.

**મને કચ્છી હોવાનો ગર્વ છે. કચ્છીની કચ્છીયતને સલામ કરું છું.**

કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ ૪૯ વર્ષ પૂરા કરી તા. ૧૪-૪-૨૦૧૨ના ૫૦મા વર્ષમાં પ્રવેશે છે **ત્યારે અમારા પરિવારની અંતરથી શુભેચ્છા પાઠવું છું. આપના સમાજની કાર્યશૈલી, આપનું ટીમવર્ક માટે જેટલું લખો તે ઓછું કહેવાય. ખૂબ પ્રગતિ કરો અને સમાજલક્ષી કાર્યોથી જે સમાજસેવા કરો છો તે વધારતા રહો.**

કચ્છની ચડતી છે. હમણાં અમો પરિવાર સાથે કચ્છમાં ૧૫ દિવસ હતા. ખૂબ વિકાસ થયો છે અને થાય છે.

આપણાં વડવાઓએ પોતપોતાના ગામમાં દેરાસર, ઉપાશ્રય, દવાખાના વગેરે તે વખતની જરૂરિયાત મુજબ પોતાના સુવર્ણકાળમાં ઊભા કર્યા હતા. પણ ૮૦ ટકા જગ્યાઓમાં કોર્પસ ફંડ નથી. તેથી તેવા સ્થાનોની દશા દયામય છે. કેટલીક જગ્યાઓમાં આજના શ્રેષ્ઠીઓએ તે ગામના હોય કે ન હોય પણ જીર્ણોદ્ધાર કરાવ્યા છે.

આપણો કોઈપણ કચ્છી પરિવાર છાપરા અને કામ વગર ન રહે એ માટેના તમારા સમાજના વિકાસ કાર્યો માટે મને આનંદ સાથે ગર્વ છે.

*જયંત એલ. સાવલા - કોલકત્તા*

*સુખ મેળવવું અઘરું છે, કારણકે બીજાને સુખી કરીને જ તે મેળવી શકાય છે.*

# સુવર્ણ જયંતી મહોત્સવ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે તેની કારકિર્દીનાં ૪૯ વર્ષ પૂર્ણ કરીને તા. ૧૪-૪-૨૦૧૨ના રોજ ૫૦મા વર્ષમાં પ્રવેશ કરેલ છે. અમારા આંગણે આજ અણમોલ અનેરો અવસર આવ્યો છે. એટલે તા. ૧૪-૪-૨૦૧૨થી તા. ૧૩-૪-૨૦૧૩ સુધીના સંપૂર્ણ વર્ષને સુવર્ણ જયંતી મહોત્સવ વર્ષ તરીકે ઉજવવા વર્ષભરના વિવિધ કાર્યક્રમોનું આયોજન કરેલ છે, જેની વિગતવાર માહિતી અગાઉ અપાઈ ગઈ છે.

ઉપરોક્ત કાર્યક્રમોના એક ભાગ તરીકે શનિવાર, તા. ૧૪-૪-૨૦૧૨ના રોજ અમદાવાદ ખાતે વિવિધ રૂપના દબદબાભેર કાર્યક્રમોના આયોજનથી શરૂઆત થઈ ચૂકી છે. તેના સંદર્ભમાં કેટલાક રાજકીય - સામાજિક આગેવાનો, સંસ્થાના હોદ્દેદારોશ્રી, સમાજ અગ્રેસરો, હિતેચ્છુઓ, સમાજ પરિવારજનો, સંસ્થાઓ, ઉદ્યોગપતિઓ, સામાજિક કાર્યકરો વગેરે તરફથી શુભેચ્છા સંદેશાઓ પ્રાપ્ત થયા છે. તે સર્વેનો આભાર માનીને વિનમ્રભાવે નોંધ લઈએ છીએ.

અનેક સંસ્થાઓના સફળતાસૂચક અહેવાલો જ્યારે આ સમાજ તેના માસિક મુખપત્ર "મંગલ મંદિર"માં પ્રસિદ્ધ કરતું હોય ત્યારે તે સમાજને પોતાની જ સિદ્ધિ વિશેની વિગત પ્રકાશિત કરવાની હોય ત્યારે કલમ ક્ષોભ અનુભવે તે સ્વાભાવિક બને છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની સિદ્ધિ - પ્રગતિ માત્ર બે-ચાર વ્યક્તિઓના પ્રદાનનું પરિણામ નથી. લગભગ પાંચ દાયકાથી આ સમાજના ઘડતરમાં અનેક વ્યક્તિઓએ નિષ્ઠા અને ભાવનાપૂર્વક રીતે પોતપોતાનું યોગદાન આપ્યું છે. એટલે આ વિકાસયાત્રા માત્ર સમાજની જ ન રહેતાં, તેનાં સર્જન અને ઘડતરમાં ફાળો અને સથવારો આપનાર, સાથ-સહકાર આપનાર સમગ્ર પરિવારજનોની વિકાસયાત્રા બની રહે છે. આ રીતે, આજે સમાજે જે કાંઈ પણ સિધ્ધ કર્યું છે, તે તેની વિકાસયાત્રામાં ફાળો આપનાર સર્વેને આભારી છે.

આજે સમાજ એવા સ્તરે આવ્યો છે કે, દરેક પરિવારજન માને છે કે સમાજ અમારો છે, પોતાનો છે. આ સ્તર ટકાવી રાખવું એ પણ એક જબરદસ્ત કાર્ય છે. સમાજ તેના પ્રિય પરિવારજનોની સાથે પાંચ દાયકા પૂર્ણ કરવાના કિનારે છે ત્યારે તેનાં આનંદના સાથે આત્મપરીક્ષણ અને નિરીક્ષણ કરવાનો પણ તે અવસર બની રહે છે. ભૂતકાળની સમીક્ષા કરીને ભવિષ્યની કેડી કંડારવાનો પણ આ સમય છે. તેમ થાય ત્યારે જ ખરી સફળતા હાંસલ કરી, કહી શકાશે.

કાર્યક્રમો દરમ્યાન અજાણપણે કોઈની માનહાનિ થઈ હોય તો વિશાળ દિલથી ક્ષમા કરશો. એક અન્ય વાત.... કાર્યક્રમોની પ્રશંસાની સાથે સાથે અગર તેની ત્રુટિઓ તરફ નિર્દેશન અથવા યોગ્ય સૂચનો પ્રાપ્ત થશે તો આવકારપાત્ર બનશે.

પ્રાપ્ત થયેલા શુભેચ્છા સંદેશાઓની એક ઝલક અત્રે પ્રસ્તુત છે.....

---

*પ્રતિ, શ્રી અશોકભાઈ મહેતા,*
*મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખશ્રી*
*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ.*

*સ્નેહી શ્રી,*

તા. ૧૪-૪-૨૦૧૨ના રોજ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા યોજાનાર સુવર્ણ જયંતી મહોત્સવ સમારોહની આમંત્રણ પત્રિકા મળી.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ ૫૦મા વર્ષમાં પ્રવેશી રહ્યો છે ત્યારે આ શુભ પ્રસંગે ખૂબ જ આનંદની લાગણી વ્યક્ત કરું છું. તેમજ સંસ્થાના સમાજ ઉત્થાનના કાર્યો થકી સમાજનો વિકાસ કરવામાં મહત્ત્વનું યોગદાન છે.

આ પ્રસંગે કચ્છી જૈન સમાજ તેમજ સંસ્થાના કાર્યકરોને હું મારા અંતઃકરણપૂર્વક શુભેચ્છા પાઠવું છું.

*જયંતી ભાનુશાલી, ધારાસભ્ય - અબડાસા (કચ્છ)*
*પ્રમુખ, કચ્છ જિલ્લા ભારતીય જનતા પાર્ટી*

★

સુવર્ણ જયંતી મહોત્સવ સમારોહના અવસરે આપ સર્વે અધિકારી મંડળ તથા કારોબારી સભ્યોને ખૂબ ખૂબ અભિનંદન.

સુવર્ણ જયંતી વર્ષ ખૂબ જ સારી રીતે પસાર થાય તેમજ બધા જ કાર્યક્રમો સફળતાપૂર્વક પાર પડે એવી શુભેચ્છા.

આ સાથે રૂા. ૧૧,૦૦૧/-નો ચેક મોકલાવું છું.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ ઉત્તરોત્તર પ્રગતિ કરે તથા સમાજ માટે લોકોપયોગી કાર્યો કરે એવી શુભેચ્છા.

*ડો. મણિલાલ ગડા, ડો. મંજુલા ગડા - મુંબઈ*

★

"સૌના હાથ", "સૌનો સાથ", "સૌનો વિકાસ" — ૧૯૬૩થી ૨૦૧૨ની ઐતિહાસિક યાત્રા 'મંગલ મંદિર' પૂર્ણ કરે છે એ સાહિત્ય જગતનું સુવર્ણ પર્વ છે. નવા રૂપ રંગ પૂરાયા છે. એકેક પૃષ્ઠ પર પીરસાતી સામગ્રી, વાચકના ભાવ અને વિચાર જગતને સમૃદ્ધ બનાવે છે. હૃદયપૂર્વક વંદન અને અભિનંદન.

અંકને સૌજન્યદાતા બિરદાવે છે એ પણ ગૌરવપ્રદ ઘટના છે.

"કલ, આજ ઔર કલ"માં જે સપનાંના વિચારબીજ વાવ્યાં

*આમ તો સંતોષ કડવું વૃક્ષ છે, પરંતુ તેનાં ફળ અત્યંત મધુર અને હિતકારી હોય છે.*

છે અને તેને સાકાર કરવા આપની સાતત્યયુક્ત કામગીરી છે તેના માટે શબ્દો તો ટૂંકા જ પડે. આપના આ વડલા નીચે અનેકો લાભાન્વિત થયા છે અને થશે.

લખવામાં તકલીફ પડે છે પણ એમ થયું કે ભાવપુષ્પોની માળાથી આપને સન્માનિત કરીને પરમપિતા ઈશ્વરને પ્રાર્થના કરું કે કચ્છના આબાલવૃધ્ધ સૌ માટે આપે જે સેવાયજ્ઞ આરંભ્યો છે તે પરિપૂર્ણ કરવા સ્વાસ્થ્ય અને સામર્થ્ય અર્પે.

સૌને ભાવપૂર્વક વંદન.

***રમેશ છબીલાલ દવે - સંસ્કારનગર, ભુજ***
***મો. ૯૯૭૮૭ ૧૭૭૦૦***

★

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ તેની કારકિર્દીનાં ૪૯ વર્ષ પૂર્ણ કરી, તા. ૧૪-૪-૨૦૧૨ના રોજ ૫૦મા વર્ષમાં પ્રવેશી રહ્યો છે. સંસ્થાના સુવર્ણ જયંતી વર્ષ નિમિત્તે અમો આપ સૌ પદાધિકારીઓ અને સંપૂર્ણ કચ્છી જૈન સમાજને હાર્દિક શુભેચ્છાઓ પાઠવીએ છીએ.

નાનકડી કૂંપળમાંથી વટવૃક્ષ બનેલી આ સંસ્થા આજે સમાજોપયોગી અનેકવિધ પ્રવૃત્તિઓથી ધમધમે છે, તે બાબત માત્ર અમદાવાદ જ નહીં પરંતુ ભારત અને વિશ્વભરમાં વસતા કચ્છી જૈન સમુદાય માટે ગૌરવાન્વિત કરનાર છે.

આપણી સંસ્થાનો વિકાસ વિરાટ ગતિએ આગળ વધે, ને સમાજની સર્વાંગી પ્રગતિમાં પાયાના પથ્થરનો ભાગ ભજવે એવી મનઃપૂર્વક મહેચ્છા સાથે.

દામજી શામજી બિદડાવાલા - પ્રમુખ, કાંતિલાલ આર. શાહ - ઉપપ્રમુખ, ચંદ્રકાંત રતનશી છેડા - માનદ્ મંત્રી, હીરજી ભારમલ ફુરિયા - માનદ્ મંત્રી

***ધી મુંબઈ ગ્રેઈન ડિલર્સ એસોસિએશન***

★

સુવર્ણ જયંતી સમારોહમાં અમને માનવંતા મહેમાન તરીકે ઉપસ્થિત રહેવાનું આપે જે અમને આમંત્રણ આપેલ તે બદલ આપશ્રીનો ખૂબ ખૂબ આભાર. આપશ્રી જે રીતે સમગ્ર ભારતમાં વસતા કચ્છી જૈન ભાઈઓને ખાસ પ્રસંગે યાદ કરો છો એ કાબિલેદાદ છે. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સામાજિક પ્રવૃત્તિઓ કરે છે તે પ્રશંસનીય છે. તા. ૧૪-૪-૨૦૧૨ના દિવસે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ ૫૦મા વરસમાં પ્રવેશશે તે સંસ્થા શતાબ્દી વરસ અને તેથી પણ આગળ વધીને ઉજવે તેવી અમારી અંતરની અભિલાષા છે.

મારી તબિયત નાદુરસ્ત હોવાને કારણે હું ઉપરોક્ત પ્રોગ્રામમાં હાજર નહીં રહી શકું તે બદલ મને અફસોસ છે. તા. ૧૩ અને તા. ૧૪-૫-૨૦૧૨ના મુંબઈના પ્રોગ્રામમાં ચોક્કસ હાજર રહેશું.

ફરી એક વખત આ પ્રોગ્રામમાં હાજર ન રહેવા બદલ આપની માફી માગું છું અને આ પ્રોગ્રામને સફળતા ઈચ્છું છું.

***મહેન્દ્રભાઈ મોમાયા, ટેક્ષ કન્સલ્ટન્ટ, રાજકોટ.***

★

આપના તરફથી સુવર્ણ જયંતી સમારોહની નિમંત્રણ પત્રિકા મળી. ખૂબ ખૂબ આનંદ થયો.

આપ સહુના નિઃસ્વાર્થ સેવાભાવના ફળ સ્વરૂપે આજે આ શુભ અવસર પ્રાપ્ત થયો છે. આપ સહુની સેવાને બિરદાવી ખૂબ ખૂબ અભિનંદન પાઠવી રહ્યો છું.

મારી નાદુરસ્ત તબિયતના કારણે આ ભવ્ય સમારોહનો આનંદ માણવા ઉપસ્થિત રહી શકતો નથી તે બદલ ખેદ અનુભવું છું. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ નિરંતર પ્રગતિ કરી સેવાનાં નવાં સોપાન પ્રાપ્ત કરે એવી શુભેચ્છા.

***રમેશ એન. વોરા***
***વર્ધમાન ઓટોમોબાઈલ્સ - ભુજ, કચ્છ***

★

જય જિનેન્દ્ર સહ જણાવવાનું કે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ૫૦મા વર્ષમાં મંગળ પ્રવેશ નિમિત્તે અમારી હાર્દિક શુભ કામનાઓ પાઠવીએ છીએ.

આ પ્રસંગે આપે યોજેલ તા. ૧૪-૪-૨૦૧૨ના સર્વે કાર્યક્રમમાં અમોને આમંત્રિત કરીને જે માન અને સન્માન આપે તેમજ આપના સહ કાર્યકરોએ આપેલ છે તે બદલ અમો આપના તેમજ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સદા ઋણી રહીશું. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ આપના નેજા નીચે દિન પ્રતિદિન પ્રગતિ કરતો રહે તેમજ હાલે જે સેવાકીય કાર્ય કરે છે તેનાથી પણ સારાં કાર્ય કરતો રહે તેવી હાર્દિક લાગણી અને શુભ કામનાઓ સહ.

***કરશનભાઈ નારણભાઈ પટેલ***
***લક્ષ્મીનારાયણ ઈન્ડસ્ટ્રીઝ - અમદાવાદ***

★

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ તા. ૧૪-૪-૨૦૧૨ના રોજ કારકિર્દીનાં ૪૯ વર્ષ પૂરાં કરી ૫૦મા વર્ષમાં પ્રવેશી રહ્યો છે. આ સુવર્ણ જયંતી વર્ષ પ્રસંગે યોજેલ સમારંભમાં સહભાગી થવા આપના તરફથી નિમંત્રણ મળેલ છે.

અનિવાર્ય સંજોગોવશાત્ આ સમારંભમાં હું હાજર રહી શકું તેમ ન હોવાથી સમારંભની સફળતા માટે મારી હૃદયપૂર્વક શુભેચ્છા પાઠવું છું.

છેલ્લાં ૪૯ વર્ષથી શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે નિઃસ્વાર્થભાવે સમાજોત્કર્ષનાં કાર્યો કરી રહ્યો છે તેમજ સમાજને ગૌરવ બક્ષે તેવી ઘણી પ્રવૃત્તિઓ કરે છે. તે બદલ હું અંતઃકરણપૂર્વક મારાં અભિનંદન પાઠવું છું.

***શૈલેષ એચ. કંસારા, મેનેજર 'કચ્છમિત્ર', ભુજ - કચ્છ***

★

૫૦મા વર્ષમાં પ્રવેશ પ્રસંગે અનેકાનેક હાર્દિક શુભેચ્છાઓ.

આપના સંચાલન તળે સમાજ ઉન્નતિનાં શિખરો સર કરે તેવી

*મહાપુરુષો જે ઉપકાર કરે છે તેનો બદલો તેઓ કદી માગતા નથી.*

હૃદયપૂર્વકની મનોકામનાઓ.

૫૦મા વર્ષમાં પ્રવેશ પ્રસંગે વિવિધ પ્રોગ્રામો - રસપ્રચૂર કાર્યક્રમો - સુવર્ણ જયંતી સમારોહ ઠાઠમાઠથી ઉજવાય તેવી અંતઃકરણપૂર્વકની શુભ ભાવનાઓ પ્રગટ કરવા સાથે.

*અશોકભાઈ સી. શાહ,*
*પ્રમુખ - શ્રી રૈયા રોડ શ્વેતાંબર જૈન મૂર્તિપૂજક તપગચ્છ સંઘ - રાજકોટ*

★

ભારતભરના કચ્છી સમાજોમાં મુઠ્ઠી ઊંચેરી સંસ્થા શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ તેની યશસ્વી કારકિર્દીનાં ૪૯ વર્ષ પૂર્ણ કરી તા. ૧૪-૪-૨૦૧૨ શનિવારના સંસ્થા માટેના ગૌરવવંતા દિવસે સુવર્ણ જયંતી ૫૦મા વર્ષમાં પ્રવેશી રહેલ છે અને તે પ્રસંગની યાદગીરી માટે સુવર્ણ વર્ષ "સુવર્ણ જયંતી વર્ષ" તરીકે ઉજવવાનું ભવ્ય આયોજન કરેલ છે તે બદલ અભિનંદન.

અમદાવાદ, એ વેપાર ઉદ્યોગ અને માંદગીના પ્રસંગે સારવાર માટેનું મુખ્ય મથક હોઈ, અમદાવાદ સિવાયના બૃહદ ગુજરાત - કચ્છમાં વસતા કે વ્યવસાય કરતાં કચ્છી ભાઈ-બહેનોનો અમદાવાદ સાથે ઘરેલુ સંબંધ છે ત્યારે અમદાવાદ આવતા પ્રવાસીઓ માટે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી, શ્રી કચ્છી જૈન સેવા ભવન - એસ.ટી. સ્ટેન્ડ અને શ્રી કચ્છી વિશ્રામ ગૃહ જેવાં સુવિધાજનક સ્થળો ઊભાં કરી ભારતભરના કચ્છી ગુજરાતી ભવનોમાં મોખરાનું સ્થાન પ્રાપ્ત કર્યું છે.

સોનામા સુગંધની જેમ વયસ્કો માટેનું ગાંધીનગરનું "મંજુલ હરખ ધામ" અને કચ્છની સંસ્કૃતિનાં દર્શન કરાવતું "કચ્છ મ્યુઝિયમ" તૈયાર કરી સમાજની કારકિર્દીમાં એક ઓર યશ કલગીનો ઉમેરો થયો છે.

સમાજના જાગૃત અને સેવાનિષ્ઠ ટ્રસ્ટીઓ, હોદ્દેદારો અને કાર્યકર્તાઓને આજના આ પ્રસંગે ધબકતી સલામ સાથે હાર્દિક અભિનંદન.

અમૃતલાલ ડી. ગાલા - પ્રમુખ, હેમીન અ. ગડા - માનદ્ મંત્રી

*"વાત્સલ્ય" - વાપી*

★

માનવ સેવા અને સમાજસેવામાં ભારતભરના કચ્છી સમાજોમાં મુઠ્ઠી ઊંચેરી સંસ્થા શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ તેની યશસ્વી કારકિર્દીનાં ૪૯ વર્ષ પૂર્ણ કરી તા. ૧૪-૪-૨૦૧૨ શનિવારના સંસ્થા માટે ગૌરવવંતા દિવસે ૫૦મા વર્ષમાં પ્રવેશી રહેલ છે અને તે પ્રસંગને "સુવર્ણ જયંતી વર્ષ" તરીકે ઉજવવાનું ભવ્ય અને દબદબાપૂર્વક વિવિધ કાર્યક્રમોનું આયોજન કરેલ છે તે બદલ હાર્દિક અભિનંદન.

જન્મભૂમિ કચ્છ, પણ કર્મભૂમિ મુંબઈ - અમદાવાદ અને ભારતભરનાં મુખ્ય શહેરોમાં વસવાટ કરતા "કચ્છી માડુ"ને માદરે વતન કચ્છ આવવા-જવાના રેલ-રોડ કે વિમાની પ્રવાસમાં અમદાવાદ મુખ્ય મથક છે. કચ્છથી કે ગુજરાતનાં અન્ય સ્થળોએથી માંદગી પ્રસંગની સારવાર અર્થે આવતા દર્દીઓ અને તેમના આપ્તજનો ઉપરાંત વિવિધ પરીક્ષા પ્રસંગે આવતા વિદ્યાર્થીઓ માટે ખરેખર આશ્રય સ્થાન "વિશ્રામ ગૃહ" અને પ્રવાસી જનતા માટે જૈન સેવા ભવન અને જૈન ભવનના આયોજન બદલ આપ સૌ ધન્યવાદને પાત્ર છો.

માનવ સેવાનો ભેખ લીધેલ આપ સૌ સોનામાં સુગંધ ભળે તેમ સિનિયર સિટીઝનો માટેનું ગાંધીનગર ખાતેનું "મંજુલ હરખ ધામ" અને કચ્છની સંસ્કૃતિના દર્શન કરાવતા 'કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ' તૈયાર કરી સમાજની કારકિર્દીમાં એક ઓર યશ કલગી ઉમેરી છે.

સમાજના નિષ્ઠાવાન, સેવાનિષ્ઠ અને સદા જાગૃત ટ્રસ્ટી સાહેબો, પદાધિકારીઓ અને કાર્યકર્તાઓને આજના આ ગૌરવવંતા પ્રસંગે લાખ લાખ અભિનંદન.

*અમૃતલાલ ડી. ગાલા - વાપી*

★

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ તેની યશસ્વી કારકિર્દીનાં ૪૯ વર્ષ પૂર્ણ કરી તા. ૧૪-૪-૨૦૧૨ને શનિવારના સપરમા દિવસે સુવર્ણ જયંતી "૫૦"મા વર્ષમાં પ્રવેશી રહેલ છે અને આ સંપૂર્ણ વર્ષને સુવર્ણ જયંતી વર્ષ તરીકે ઉજવવાનું નક્કી કરેલ છે જે ખૂબજ આનંદની વાત છે.

પ્રવાસી જનતાની સુવિધા માટે શ્રી કચ્છી જૈન ભવન, શ્રી કચ્છી જૈન સેવા ભવન અને કચ્છ કે બહારગામના કચ્છી વિદ્યાર્થીઓ અને માંદગી પ્રસંગે ઉપચાર માટે અમદાવાદ આવતા દર્દીઓની સુવિધા માટે શ્રી કચ્છી વિશ્રામ ગૃહ જેવાં સુવિધાજનક સ્થળો દ્વારા સમગ્ર કચ્છ અને અમદાવાદ બહારની વ્યક્તિઓ માટે જે આયોજન કરેલ છે તે બેમિસાલ છે. ખરેખર આવી સુવિધા અને ખૂબ જ યોગ્ય સ્થળે આવાં સ્થાનો ઊભાં કરી અમદાવાદ શ્રી કચ્છી જૈન સેવા સમાજ ભારતભરના કચ્છી - ગુજરાતી સમાજોમાં અવ્વલ નંબરના સ્થાને બિરાજે છે.

સોનામાં સુગંધ ભળે તેમ સિનિયર સિટીઝનો માટેનું ગાંધીનગર સ્થિત "મંજુલ હરખ ધામ" અને "કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ" બનાવી સમાજની કારકિર્દીમાં એક ઔર યશ કલગીનો ઉમેરો થયો છે.

આ સમાજના જાગૃત અને સેવાનિષ્ઠ ટ્રસ્ટીઓ, હોદ્દેદારો અને કાર્યકર્તાઓને આજના આ ગૌરવવંતા પ્રસંગે ધબકતી સલામ સાથે અંતરના ઓવારણાં સાથે અભિનંદન.

*અમૃતલાલ ડી. ગાલા, અમરીશ ડી. રાંભિયા - માનદ્ મંત્રીઓ*
*શ્રી દક્ષિણ ગુજરાત કચ્છી વીસા ઓસવાળ જૈન સમાજ - વાપી*

★

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ તેની યશસ્વી કારકિર્દીનાં ૪૯ વર્ષ પૂર્ણ કરી તા. ૧૪-૪-૨૦૧૨ને શનિવારના સપરમા દિવસે સુવર્ણ જયંતી વર્ષ - ૫૦મા યાદગાર વર્ષમાં પ્રવેશી રહેલ છે, જે ખરેખર પ્રશંસાને પાત્ર છે. અને આ યશસ્વી વર્ષને સંપૂર્ણ સુવર્ણ જયંતી વર્ષ તરીકે ઉજવવાના ભવ્ય કાર્યક્રમનું આયોજન

*જેની આંખમાં અમી, તેને દુનિયા ગમી. જેની જીભમાં અમી, તેને દુનિયા નમી.*

કરેલ છે, તે અભિનંદનને પાત્ર છે.

મુંબઈ અને કચ્છ વચ્ચેના રેલ, રોડ કે વિમાની પ્રવાસમાં અમદાવાદ મુખ્ય મથક બની ગયેલ હોઈ પ્રવાસી જનતાની સુવિધા માટે કચ્છી જૈન ભવન - પાલડી, ટ્રેનના પ્રવાસીઓ માટે કચ્છી જૈન સેવા ભવન અને કચ્છથી કે બહારગામથી માંદગી પ્રસંગે આવતા દર્દીઓ અને તેમના પરિવારજનો ઉપરાંત પરીક્ષા પ્રસંગે આવતા વિદ્યાર્થીઓ માટે આશ્રય સ્થાનના આયોજન બદલ આપ સૌ ધન્યવાદને પાત્ર છો.

સોનામાં સુગંધ ભળે તેમ સિનિયર સિટીઝનો માટેનું ગાંધીનગર ખાતેનું 'મંજુલ હરખ ધામ' અને 'કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ' તૈયાર કરી સમાજની કારકિર્દીમાં એક ઓર યશ કલગીનો ઉમેરો થાય છે.

આ સમાજના નિષ્ઠાવાન, સેવાનિષ્ઠ અને જાગૃત ટ્રસ્ટીઓ, હોદ્દેદારો અને કાર્યકર્તાઓને આજના આ ગૌરવવંતા પ્રસંગે ધબકતી સલામ સાથે અંતરભીનાં અભિનંદન.

*અમૃતલાલ ડી. ગાલા, હરીશ એમ. ગાલા - માનદ્ મંત્રીઓ*
*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - વાપી*

★

હૈયે ને હોઠે સમાજ સેવાનો માનવ ધર્મ સમજી આપ જેવા સૌ બાહોશ અને દીર્ઘદષ્ટાઓના પગથારે આજે ૫૦ વરસમાં પ્રસન્ન પ્રવેશ કરી અનેકવિધ કાર્યક્રમોનો રસથાળ પીરસી અન્યો માટે દીવાદાંડીરૂપ કાર્યો કર્યાં છે. વાહ...

સંસ્થા જેમ જેમ મોટી થતી જાય તેમ તેમ તેમાં વિવિધ અનુભવોના નિચોડે પરિપક્વ અને ઠરેલ બનતા હર વાતે સક્ષમ બને છે. ૪૯ વરસો દરમ્યાન દમભર્યા કદમે આજ ખંત, ખુમારી અને ખાંખતથી વાઉ... થઈ જવાય તેવા દિલોજાન સાચા જ કાર્યે વંદનીય બન્યા છો.

સિધ્ધિની દેવીએ સાહસ ધારાએ આપ પર સહસ્ર ધારાએ પ્રેમાભિષેકના પૂર્ણ કળશે અભિષેક કર્યો છે એને મારા સત્તર સલામ.

સમાજના સંકલન, સંવર્ધન અને સંરક્ષક માટે આપની સંસ્થાના કાર્યકરો જાગૃત રહ્યા છે.

એકતાની સાંકળને સ્ટીલહેડ બનાવી બળુકા બાંજલા બેલી બની આપના બાવળાને સલામી આમ હો કર્યા છે. આનું જ નામ કચ્છી માડુજી મોડસાઈ.

ફક્ત વાતો નથી કરી, વાતોના જગતને વાસ્તવિક રૂપ આપી શક્યતામાં આકાશને તાગી ધાર્યા લક્ષની પ્રાપ્તિ કરી છે. ધન્યવાદ.

કણમાંથી કણસલું અને કણસલામાંથી આપે કળશીની કમાઈ કરી તરુમાંથી તાજ, અલ્પમાંથી અસીમ અને ગાગરમાંથી સાગર થઈને ભરતીએ ઉછળ્યાં છો એનો આનંદ સહ રોમાંચ છે!

સમયની માંગે આવાસ યોજનાએ તો વારી જવાય. ગયા મે મહિનામાં સંસ્થાના રૂમમાં રહી વાસ કરતાં આંધરા ઠર્યા. દાનેશ્વરીઓના દાનને લેખે લગાડ્યાં છે. વાદ વગર અમદાવાદમાં આપના હર નેક કાર્યોની કાર્યસિદ્ધિ કર્તવ્યની કેડીએ આ સુવર્ણ અવસરે રાજમાર્ગ બનતા આપની સંસ્થા રાજસિંહાસને આરૂઢ થઈ છે. એ અચલ, અટલ ને અડગ રહો.

આપનું આગવું આમંત્રણ મળ્યું પણ કોઈ લગ્નમાં હાજરી જરૂરી થતાં ગેરહાજર રહેવા બદલ ક્ષમા કરી મારી સંવેદનાઓને સ્વીકારી આભારી કરશોજી.

*લહેરચંદ વેલજી મૈશેરી - મુંબઈ*
*ફોન : ૨૫૯૫૩૬૬૪*

★

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદને તેની સુવર્ણ જયંતી વર્ષ નિમિત્તે સંસ્થાને, તેના કાર્યકર્તાઓને તેમજ પરિવારજનોને ઘણી ઘણી વધાઈ. જે બીજ આપ સૌએ સાથ સહકારથી રોપેલ તે આજે ફૂલી ફલીને વટવૃક્ષ બનીને ઊભું છે. દરેક કચ્છીના હૃદયમાં માનભર્યું સ્થાન પ્રાપ્ત કરેલ છે. અમે ભલે મુંબઈમાં રહીએ છીએ પણ અમારા હૃદયમાં આનંદ છે. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ આજે ૫૦મા વરસમાં પ્રવેશ કરે છે. તેના માટે આપ સર્વેને અમારા પરિવાર વતી ખૂબ ખૂબ શુભેચ્છા અને આપની સંસ્થા હજુ આગળ ને આગળ પ્રગતિ કરે તેવી હાર્દિક શુભેચ્છા.

*ધનબાઈ લખમશી મોતા પરિવાર - મુંબઈ*

★

આપના સમાજના સુવર્ણ જયંતી સમારોહના પ્રથમ કાર્યક્રમની પત્રિકા મળી. આપે મને યાદ કર્યો તેનો ખૂબ ખૂબ આભાર. પચાસ વર્ષનો સુવર્ણ જયંતી ઇતિહાસ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો એ એક અતિ મહત્ત્વનો વર્ષ ગણાય. જ્યારે વીતેલાં વર્ષોમાં આપના સમાજના નેજા હેઠળ થયેલ સામાજિક, ધાર્મિક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, કલા, રહેઠાણ, વૈદ્યકીય, સાહિત્ય ક્ષેત્રે, અતિથિગૃહ અને સંકટના સમયે — પછી એ દુકાળ, અતિવૃષ્ટિ કે ભૂકંપ હોય તેમાં આપના સમાજનો યોગદાનનું વર્ણન કરવા જઈએ તો કોઈ લેખકનો સહારો લઈને પુસ્તક છપાય એટલું લખી શકાય. આ સંસ્થાના આપના જેવા મોભીઓ અને નિષ્ઠાવંત કાર્યકર્તાઓ કે જેઓ ખડેપગે સેવા આપતા હોય છે. આવી ઉચ્ચ સેવા ભાવનાને હું અને કોઈમ્બતુર મહાજન નત મસ્તકે નમસ્કાર કરીએ છીએ અને ભવિષ્યની પ્રગતિમાં આપને આવો જ સાથ સહકાર મળી રહે એવી શુભેચ્છા વ્યક્ત કરીએ છીએ.

તા. ૧૪-૪-૨૦૧૨ના કાર્યક્રમમાં વિશિષ્ટ કચ્છી વ્યક્તિઓના થનાર સન્માનનો ઉલ્લેખ કરીએ તો શ્રી આણંદજીભાઈ મહાન સંગીતકાર છે. બંધુ બેલડીએ હિંદી ફિલ્મ ક્ષેત્રે ખૂબજ પ્રશંસનીય સંગીત પીરસ્યું છે, જે આજે પણ આપણા કાનમાં ગૂંજી રહ્યું છે.

શ્રી અમીનભાઈ સાયાની દર બુધવારની રાત્રે આઠ વાગે સિલોન રેડિયો પર ગીતમાળા રજૂ થતી હતી જે આખું હિંદુસ્તાન એમને સાંભળવા તત્પર રહેતું હતું, એવા મહાન ઉદ્ઘોષક, તેઓ છે.

શ્રી હરીશ ભીમાણીએ - રામાનંદ સાગરના મહાભારતમાં દિલચસ્પ અવાજથી આપણું દિલ જીતી લીધું છે.

*સંતાનોને ધનનો નહીં, સારા સંસ્કારોનો વારસો સોંપો.*

શ્રી વિપુલભાઈ એમના માટે લખીએ એટલું ઓછું છે. વામન કદના વિરાટ માનવી.

શ્રી વિનોદ ગણાત્રા ડોક્યુમેન્ટરી ફિલ્મના સર્જક કચ્છી સમાજનું નામ રોશન કરેલ છે.

શ્રીમતી ફાલ્ગુની આ સમાજના સ્તંભ સમાન ડૉ. ચંદ્રકાંત દેઢિયાની સુપુત્રી અને આંતરરાષ્ટ્રીય કચ્છી લોક કલાકાર.

આવી વિશિષ્ટ વ્યક્તિઓને હું અને કોઈમ્બતુર મહાજન હાર્દિક અભિનંદન પાઠવીએ છીએ.

આ સમારોહની અંદર ઉપસ્થિત રહેવા ભારતભરથી પધારનાર વિશિષ્ટ ક્ષેત્રના સર્વે આગેવાનોનું અમે અભિવાદન કરીએ છીએ અને આજે સિનિયર સિટીઝન હોમ ‘‘મંજુલ હરખ ધામ’’ જે આજના સમયની જરૂરિયાત છે તેની સમાજને આજે ઉપલબ્ધિ થઈ રહી છે. મુરબ્બી શ્રી પોપટલાલભાઈનું અને ‘કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ’ના વિશિષ્ટ સહયોગી શ્રી સતિષ સદાશિવનનું સન્માન થશે. તે બંનેને અંતરથી અભિનંદન પાઠવીએ છીએ.

આવા વિશિષ્ટ આયોજન સમારોહને ખૂબ ખૂબ સફળતા મળે અને સુવર્ણ જયંતી નિમિત્તે આ સમારોહ સુવર્ણ અક્ષરે લખાય એવી અંતરથી પ્રાર્થના કરીએ છીએ. અંતરની ઈચ્છા અને અભિલાષા હોવા છતાં કંઈક એવા જરૂરી કાર્યના લીધે ઉપસ્થિત રહેવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત થતું નથી તે માટે ક્ષમાયાચના!

***કાંતિલાલ જી. વોરા - કોઈમ્બતુર***

★

આપના તરફથી સમાજના સુવર્ણ જયંતી સમારોહનું આમંત્રણ મળ્યું. આ પ્રસંગે સમાજ દ્વારા વિભિન્ન આયોજન કરેલ છે તે જાણીને બહુજ આનંદ થયો.

અમદાવાદ શ્રી કચ્છી જૈન સમાજે પચાસ વર્ષોમાં જે કામગીરી, વિભિન્ન ક્ષેત્રોમાં કરી છે તે પૂરા કચ્છી સમાજ માટે ગૌરવ તથા પ્રેરણા લેવા જેવું ઉદાહરણ છે. જેની જેટલી પણ પ્રશંસા કરીએ તે ઓછી છે. અમદાવાદ શ્રી કચ્છી જૈન સેવા સમાજ દેશાવરોના કચ્છી સમાજ માટે એક આદર્શ પ્રકાશ સ્તંભ છે. આપના સમાજના ટ્રસ્ટીઓ, કાર્યકર્તાઓમાં એકતા, સૂઝબૂઝ અને સેવા આપવાની લગન છે. વિશેષમાં સીમિત સાધનો વડે મોટી યોજનાઓ પૂરી કરવાની દ્રઢતા તથા સાહસ છે, તે અદ્વિતીય છે.

મેડિકલ, શિક્ષા, સગપણ, રહેઠાણ આદિ સમસ્યાઓમાં આપનો સહયોગ ઐતિહાસિક છે. બધા કાર્યકર્તાઓ વધાઈને પાત્ર છે.

શ્રી મધ્યપ્રદેશ કચ્છી વીસા ઓસવાળ જૈન સંઘ તરફથી ખૂબ ખૂબ વધાઈ.

***શામજી દેવજી દેઢિયા - ઇંદોર***
***પૂર્વ અધ્યક્ષ - મ.પ્ર.ક.વી.ઓ.જૈન સંઘ***

★

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ તા. ૧૪-૪-૨૦૧૨ના રોજ કારકિર્દીનાં ૪૯ વર્ષ પૂરાં કરી ૫૦મા વર્ષમાં પ્રવેશી રહ્યો છે. આ સુવર્ણ જયંતી પ્રસંગે યોજેલ સમારંભમાં સહભાગી થવા આપના તરફથી નિમંત્રણ મળેલ છે.

મારાં અંગત કારણોસર હું હાલ પૂના ખાતે હોવાથી આ સમારંભમાં હાજર રહી શકું તેમ નથી. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ છેલ્લાં ૪૯ વર્ષથી નિઃસ્વાર્થભાવે સમાજના ઉત્કર્ષ માટે કામ કરી રહ્યો છે. આ ઉપરાંત સમાજને ગૌરવ અપાવે તેવી અસંખ્ય સેવાકીય પ્રવૃત્તિઓ કરે છે તે માટે ખૂબ ખૂબ અભિનંદનને પાત્ર છે. આ સુવર્ણ જયંતી નિમિત્તે યોજેલ સમારંભને સફળતા માટે મારી શુભેચ્છા આપું છું.

ખરેખર સમાજના તમામ સભ્યો હાજર રહે તેવા પ્રસંગે સમાજના દર્શનનો લાભ લેવો એક સદ્ભાગ્ય હોય છે. આપને તથા સૌ ટ્રસ્ટીગણને, સમાજના દરેક સભ્યને આવો અલભ્ય લાભ આપવા બદલ અભિનંદન આપું છું.

***સુરેશ જી. શાહ***
***ભૂતપૂર્વ મેનેજર, ‘કચ્છમિત્ર’ - ભુજ***

★

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સુવર્ણ જયંતી સમારોહમાં ભાગ લેવા માટેનું નિમંત્રણ મળેલ છે. જેનો સાભાર સ્વીકાર કરું છું.

પણ સખેદ જણાવવાનું કે તે જ દિવસે અમારે ત્યાં પારિવારિક પ્રસંગ હોવાથી હું આ મહત્ત્વના સમારોહમાં ઉપસ્થિત નહીં રહી શકું.

મને સુવર્ણ જયંતી સમારોહમાં નિમંત્રણ આપવા બદલ સમાજનો હું આભારી છું અને સેવા સમાજના આ સુવર્ણ પ્રસંગની સફળતા માટે હાર્દિક શુભકામના પાઠવું છું.

***પ્રવીણચંદ્ર શામજી શાહ (ધરમશી) - સુરત***

★

શ્રી કચ્છી જૈન સેવા સમાજની સુવર્ણ જયંતી સમારોહની આમંત્રણ પત્રિકા મળી. આભાર.

ખૂબ ખૂબ અભિનંદન અને શુભ કામનાઓ.

***દિલીપ કે. મહેતા - કોચીન***

★

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ૫૦ વર્ષની ગોલ્ડન જ્યુબિલીની ઉજવણી તા. ૧૪-૪-૧૨થી પ્રારંભ કરો છો, તેની આમંત્રણ પત્રિકા આપના તરફથી મળી. આપના સમાજના આવા આનંદમય શુભ પ્રસંગે અમદાવાદ શ્રી કચ્છી જૈન સેવા સમાજના સૌ ભાઈઓ સાથે અમને પણ સહભાગી કરી એ દિવસના કાર્યક્રમો માણવા તેમજ આપ સૌ સાથે રહેવા અને મળવાનો જે મોકો પ્રદાન કરેલ છે તે બદલ અમે આપ સૌના આભારી છીએ.

***કેશવજી મુળજી રાંભિયા - સોલાપુર***
***ઉપપ્રમુખ - પશ્ચિમ મહારાષ્ટ્ર એકમ***
***ટ્રસ્ટી - સોલાપુર ગુજરાતી મિત્ર મંડળ***

★

*એકલા એકલા મૂંઝાયા કરવાથી સારું એ છે કે કોઈને તમારું દુઃખ જણાવી દો.*

આપના અમને 'માનવંતા મહેમાન' તરીકે ઉપસ્થિત રહેવાના નિર્ણયની આમંત્રણ પત્રિકા મળી. આભાર.

એ સંદર્ભમાં જણાવવાનું કે આપશ્રીએ અમારી ઉપસ્થિતિને લક્ષમાં લઈ અમારા માટે કોઈ સગવડ આવવા જવાની, રહેવાની કે અન્ય કરી હોય યા કરવાના હો તો તે ન કરવા વિનંતી. અમારા કુટુંબમાં એ જ સમયમાં એક પ્રસંગ ઉજવવાનો છે જ્યાં કુટુંબના વડીલ તરીકે અમારી હાજરી અનિવાર્ય છે. આપના આ ભવ્ય પ્રસંગમાં અને આપના પ્રેમભર્યા આમંત્રણને માન આપી, આવવાનું નક્કી પણ કરેલું પણ હવે એ તદ્દન અશક્ય છે. તેની નોંધ લેશોજી.

તમારા આ ગૌરવભર્યા સમારોહને ગૌરવવંતી સફળતા મળે એવી અંતરની શુભેચ્છા સહ.

*ડૉ. ગિરીશ વીછીવોરા - માટુંગા, મુંબઈ*

★

## પચાસ વર્ષની વિકાસયાત્રા

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો સુવર્ણ જયંતી સમારોહ એટલે પચાસ વર્ષની મંજિલ - વિકાસયાત્રા. પ્રગતિની સીડી ઉપર જવાનું કોઈપણ સંસ્થા માટે મુશ્કેલ હોય છે. અમદાવાદમાં પંચરંગી પ્રજા વસે છે. આપની સંસ્થા વિવિધ વિદ્વાનોની બનેલી છે. આ પચાસ વર્ષમાં હરણફાળે અનેક કાર્યો કરીને સંસ્થાને મજબૂત પાયા પર આપ સૌએ ખડી કરી છે, જે પ્રશંસનીય અને આદર્શ સમાન છે.

હું આપના કાર્યકરોને પણ અભિનંદન સહિત ધન્યવાદ આપું છું. તેમના વિના આ બધી પ્રગતિ શક્ય બનત નહીં.

સંસ્થા હજી પણ ખૂબ ખૂબ પ્રગતિ કરે અને દસે દિગંતે એની કીર્તિ ફેલાય એવી શુભેચ્છા સાથે.

*ડૉ. ઉદય ગડા - મુંબઈ*
*મો. ૯૮૨૦૯ ૩૬૧૭૪*

★

## 'મંગલ ભવન અને મંગલ મંદિર'

આપના દ્વારા પ્રકાશિત થતા 'મંગલ મંદિર'ના અંકો વાંચવાનો લાભ અમારા પરમ હિતેચ્છુ શ્રી ભોગીલાલભાઈ મારફત મળે છે. આપશ્રીના સમાજની સુવર્ણ જયંતી નિમિત્તેના કાર્યક્રમોની વિગત માટે એટલું જ કહેવાનું કે આપ સર્વે આપના સમાજની ઉત્તમ સેવાઓ કરી રહ્યા છો, તે માટે મારા અંતરના અભિનંદન અને સર્વે શુભેચ્છાઓ સ્વીકારશોજી. આપનું ભવન પણ મંદિર જેવું છે. એટલે 'મંગલ મંદિર' અને 'મંગલ ભવન' બંને સમાન અર્થી અને આદર્શરૂપ છે.

*રામશરણજી - અમદાવાદ*

★

આપનું સ્નેહભર્યું સુવર્ણ જયંતી સમારોહનું નિમંત્રણ પ્રાપ્ત થયેલ છે, તે બદલ આપનો આભાર. પરંતુ હું આપના આ સમારોહમાં હાજરી આપી શકીશ નહીં કારણકે મારો આઠ મહિના અગાઉનો બનારસનો કાર્યક્રમ નક્કી થયેલ છે. શ્રી કચ્છી જૈન સમાજ - અમદાવાદ બહુજ સમજણપૂર્વક અને ડહાપણપૂર્વક જનહિતોનાં કાર્ય કર છે. એ જનહિતનાં કાર્યો હજુ વિશાળ પાયા પર કરે એવી શુભેચ્છા પાઠવું છું. શિક્ષણ, આરોગ્ય અને આવાસ જેવા લોકસેવાના પ્રશ્નોને શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સારી રીતે સમજીને તેવાં કાર્યોને આગળ ધપાવે છે એ હકીકત સરાહનીય છે. અમદાવાદ શ્રી કચ્છી જૈન સેવા સમાજ દિવસે ને દિવસે વધારે પ્રગતિ કરે એ જ શુભેચ્છા.

*દામજી માણેક ગડા*

★

હાર્દિક શુભ કામનાઓ સહ જણાવવાનું કે આપશ્રી તરફથી સુવર્ણ જયંતી સમારોહ બાબત નિમંત્રણ પત્રિકા સમયસર પ્રાપ્ત થઈ છે. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ આજે સમાજસેવાના રૂડા વટવૃક્ષ રૂપે સમસ્ત ભારત વર્ષમાં અગ્રેસર રહ્યો છે. જે ૪૯ વર્ષ પૂર્ણ કરી ૫૦મા વર્ષમાં મંગલ પ્રવેશ કરી રહ્યો છે ત્યારે મારા અંતરનાં અભિનંદન. પાયાના સર્વે કાર્યકરો, આ સંસ્થા સાથે જોડાયેલા નામી - અનામી સર્વે પરિવારોને અભિનંદન કે જેમણે સંસ્થાને સમય (તનરૂપી), ધન અને મનરૂપી સંપ, એકતા અને જરૂરી શક્તિ બક્ષી. તે ઉપરાંત તનતોડ મહેનત પણ તેઓએ કરેલ છે તે વિશ્વ સ્તરે નોંધનીય છે.

સર્વે નામી-અનામી કાર્યકરશ્રીઓ, ટ્રસ્ટીમંડળ, સભ્યશ્રીઓની કાર્ય શક્તિમાં વધારો થાય તેવી અંતરાત્માની શુભેચ્છા પાઠવું છું. સામાજિક કાર્યોમાં વ્યસ્ત રહેતાં જરૂરી સમય ન આપી શકવાનો ખેદ છે.

સંસ્થા વધુને વધુ સેવાનાં સોપાન સર કરે તેવી અભિલાષા. સૌને વધુને વધુ અનુગ્રહી, સુખકારી, આરોગ્યમય જીવન, સમય અને શક્તિ પ્રાપ્ત થાઓ તેવી પ્રાર્થના.

*લબ્ધિ મોમાયા - ગાંધીધામ, કચ્છ*

★

સમાજના સુવર્ણ જયંતી મહોત્સવની ઉજવણી કાર્યક્રમમાં સહભાગી થવાનો મોકો મળ્યો. મહોત્સવમાં ફેરવાયેલ આ કાર્યક્રમમાં વ્યવસ્થિત આયોજન, સમય - સંજોગોને અનુકૂળ આયોજન માટે આપને તથા આપના સાથીદારોને અભિનંદન.

કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમનો પ્રારંભ કચ્છીઓને બહારના વતનમાં પણ કચ્છ તરફ આવવાની પ્રેરણા આપતું બળ બનાવેલ છે. કચ્છને ખૂંદ્યા વગર કચ્છની ભાતીગળ સંસ્કૃતિનાં દર્શન અમદાવાદમાં કરાવી, આપે અનુપમ કાર્ય કરેલ છે. આ પ્રવૃત્તિને આપે ભવિષ્યમાં અતિથિ ભવનની જેમ સ્પે. જગ્યા લઈને 'કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ' બનાવવું પડશે.

કચ્છી વ્યક્તિત્વને પ્રકાશમાં લાવી, તેમનામાં રહેલી કુશલતાને

*જીવન ઘણું નાનું છે. કોઈની ધૃણા કરવામાં તમારો સમય નષ્ટ ન કરો.*

બિરદાવવાનો આપ સૌનો અભિગમ અતિ પ્રશંસનીય છે. શ્રી આણંદજીભાઈ, શ્રી હરીશ ભીમાણી, ગણાત્રા સાહેબ વિ. જેવી કચ્છની વિશિષ્ટ વ્યક્તિઓને આપે બિરદાવી.... અભિનંદન.

હરિયાળા સમાજના પાયાના, નિષ્ઠાવાન કાર્યકર ડૉ. પોપટભાઈ ધરોડની સેવાને બિરદાવી સમાજના આવનારા દિવસોમાં નવા નવા યુવાન કાર્યકરોને જન્મ આપવાનો રસ્તો આપે મોકળો બનાવ્યો છે.... ધન્યવાદ.

કોઈપણ શુભ કામ સિધ્ધિના ટોચ પર ત્યારે જ પહોંચે છે જ્યારે તેના પાયામાં શ્રી અશોકભાઈ, શ્રી ચંદ્રકાંતભાઈ, શ્રી હીરજીભાઈ, શ્રી મુળજીભાઈ, શ્રી માવજીભાઈ, શ્રી કાંતિભાઈ સાવલા, શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી મગનભાઈ સંઘવી વગેરે જેવા સંનિષ્ઠ ભેખધારીઓની નિષ્પક્ષ સેવા ધરબાયેલી હોય... સમર્પણ ભાવથી કાર્ય કરતા સૌ સાથીદારો - ટીમને મારા અભિનંદન.

આ પ્રસંગે મને પણ યાદ કર્યો તે માટે હું મારી જાતને ધન્યવાદ આપી ગૌરવ અનુભવી આપનો આભાર માનું છું.

લક્ષ્ય + સમર્પણ + મહેનત = સફળતાના ભાવથી આગળ વધતા સમાજ અને સમાજના સૌ કાર્યકરોને અભિનંદન.

*પ્રભુલાલ કે. સંઘવી - ગાંધીધામ, કચ્છ.*

★

જય જિનેન્દ્ર. તમારું નિમંત્રણ મળ્યું. પણ હું એક જરૂરી કામથી દેશમાં ગયો હતો એટલે પહોંચી શક્યો નહિ. આપનો પ્રોગ્રામ બહુ જ સારો અને સફળ રહ્યો હતો તે સમાચાર સાંભળી આનંદ થયો. સંસ્થા વધુ ને વધુ પ્રગતિ કરે એવી અંતરની શુભેચ્છા.

*હીરાલાલ વી. ઊનડોઠવાલા*

★

આપના તરફથી સેવા સમાજની સુવર્ણ જયંતીની ઉજવણી નિમિત્તે સોનેરી મજબૂત જાડા કાગળ ઉપર સુંદર અક્ષરોથી લખેલ વિગતવાર કાર્યક્રમોની જાણકારી સાથેની નિમંત્રણ પત્રિકા વેળાસર મને મળી છે. આપે આ સુવર્ણ પ્રસંગે મને યાદ કર્યો તે બદલ આપ સૌનો આભાર.

સૌના હાથ, સૌના સાથ, સૌનો વિકાસ — નો આપનો મંત્ર ગમ્યો. એનો સમાજમાં ઉપયોગ થાય તો સમાજનાં વિકટ કાર્યો પણ સફળ થાય તથા સમાજનો દરેક જણ ખુશખુશાલ થાય. આપ સૌ આ મંત્રનો અમલ થાય તે રીતે ખૂબ મહેનત, ખંતથી કામ કરી રહ્યા છો તે માટે આપ સૌને ખૂબ જ અભિનંદન.

આપની આમંત્રણ પત્રિકા વાંચ્યા બાદ મેં આપનો ફોન મારફત સંપર્ક કરેલ, ત્યારે મારી વાત માનનીય મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ શ્રી અશોકભાઈ મહેતા સાથે થઈ. જેમણે અમારી સાથે કચ્છીમાં વાત કરી. જેનો મને ખૂબ જ આનંદ થયો. ત્યારે મને આ કાર્યક્રમમાં પધારવા ખાસ આગ્રહ પણ કરવામાં આવ્યો તે બદલ આભાર. પણ આ સમયે આવી શકીશ નહીં તે માટે ક્ષમા કરશો. તો શ્રી અશોકભાઈ પાકા કચ્છી નીકળ્યા. મને 'મે' માસના મુંબઈના કાર્યક્રમનું આમંત્રણ ફોન પર જ પકડાવી દીધું. એટલું જ નહીં, કલીકટથી ઘણા સભ્યોને તેડી આવવા કહેવામાં આવ્યું. આ છે, આપણા કચ્છીઓની પરોણા પ્રવૃત્તિ. પ્રભુ પાર્શ્વનાથનો હુકમ થશે તો મે માસમાં હાજરી આપવા કોશિશ કરીશ.

આપના બધા પ્રોજેક્ટ ગમ્યા છે. 'મંજુલ હરખ ધામ' તથા 'કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ' વગેરે. આપે જે વિશિષ્ટ કચ્છી વ્યક્તિઓની પસંદગી કરેલ છે તે ઘણી જ યોગ્ય વ્યક્તિઓ છે. તેઓ સૌને મારા તથા મારા કુટુંબીઓ તરફથી જરૂર અભિનંદન આપશો. આપના બધા કાર્યક્રમો સફળ થાય તેવી શુભકામના.

*થોભણ ચાંપશી લોડાયા - કલીકટ*

★

We are grateful and honored by your Invitation for Golden Jubilee Celebration of Kutchi Jain Seva Samaj - Ahmedabad on 14th April, 2012.

Through this communication, we would like to convey you that due to our prior commitment on 14th April, 2012 at Mumbai, we would not be able to make to celebration function at Ahmedabad.

We wish you our heartiest congratulations for the upcoming function and wish all the best to the Seva Samaj in all its future endeavors for times to come.

Warm personal regards.

***Arvind S. Chheda - Sion (E), Mumbai***
***Prince Multiplast Pvt. Ltd.***

★

I thank you very much for your kind invitation for Golden Jubilee celebration of Shree Kutchhi Jain Seva Samaj to be held on 14th April, 2012 in Ahmedabad.

Due to my prior engagements, I will miss the opportunity to grace this occasion.

I wish you & your team a great success for this function.

***CA Hirachand Dand - Andheri (W), Mumbai***

★

I am extremely glad to know about the completion of Golden Jubilee dedicated service to the Society by your esteemed Trust and gladder am I to receive the invitation towards the same.

Your contribution towards the Society is worth

*માનવ જીવનમાં સંપૂર્ણ સુખ તો નથી જ, અનેક સમસ્યાઓ પણ છે.*

admiring. I wish that all the members of the trust continue to offer their valuable commitments towards the Society and Social causes to the Jain Samaj.

I wish to congratulate you all once again for achieveing such a great milestone.

***Jayesh B. Jain - Mumbai***

★

At the outset, thank you for remembering and sending me an invitation to participate in the Golden Jubilee Function of Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad to be held on Saturday, 14th April, 2012.

It gives us a great pleasure to know that Shri Kutchi Jain Seva Samaj - Ahmedabad has reached to such a height in last 49 years since its inception, in serving to the human cause. It indeed is a proud moment for all of us.

At this occasion, you have very aptly decided to honour our "Kutchi Dignitories" who have achieved international fame in their career and made us all 'Kutchis' feel proud about it. Kindly convey my sincere and heartful blessings and congratulations to them all.

How much I wish to be with you all and participate in the said function, my health does not permit me for frequent travel. I, therefore, request you to kindly pardon me.

Kindly convey my whole hearted blessings and best wishes to all the committee members of our Seva Samaj for the grand celebration of the function and wishing you all the best.

***Amrutlal D. Shah - Chennai***

★

I thank you for kind invitation to attend.

I would have loved to attend & join you in celebration but on 14th itself, something urgent has cropped up at Mumbai & I am unable to come to Ahmedabad.

I therefore, take this opportunity to send my greetings to you all and wish the event a grand success.

I have witnessed multiferous activities and Seva Samaj is doing benefitting not only Jain Community but large section of people at large.

Kindly accept my congratulations for excellent work.

***Tushr Dedhia***

★

Indeed it is very pleasant to learn that you are celebrating 50 years of various services rendered to Society. Your contribution along with you team and trustees are remarkable. The events you selected for celebration and more specific to exhibit the Kutch as a whole is real new land mark of dedication to Kutch and that also living 400 km away from Kutch.

I am really sorry that I am not in a position to witness the glorious moments of celebration. Please accept our best wishes for all around success of the celebration.

***Manibhai Thacker***

★

Aapna Suvarna Jayanti Mahotsav ni hardik Subhkamna....

***Tarachand J. Chheda - Bhuj***

★

Congratulations on Golden Jubilee.

***Piyush Vasanji Lakhamshi Shah - Mumbai***

★

Wishing the function every success.

***Kishore Veera - Bangalore***

*સમાજની સુવર્ણ જયંતી મહોત્સવના પ્રસંગ નિમિત્તે તા. ૧૪-૪-૨૦૧૨ના આયોજિત થયેલ કાર્યક્રમ સંબંધિત નીચે મુજબના કેટલાક એસ.એમ.એસ. દ્વારા શુભેચ્છા સંદેશાઓ મળ્યા છે. જેની સાભાર સાથે નોંધ લેવામાં આવી છે.*

૧. શ્રી નવીનભાઈ પટેલ, 'કચ્છ અર્પણ', વડોદરા
૨. શ્રી પ્રવીણભાઈ દંડ, આદિપુર, કચ્છ
૩. શ્રી લહેરચંદભાઈ મૈશેરી, શ્રીધન રોડલાઈન્સ, અમદાવાદ
૪. સી.એ. શ્રી ભાઈલાલભાઈ પટેલ, અમદાવાદ
૫. સી.એ. શ્રી બી.કે. પટેલ, અમદાવાદ
૬. શ્રી હરેશ સી. ધોળકિયા, ભુજ
૭. શ્રી કાંતિસેન શ્રોફ, ભુજ

*કળા એટલે પ્રત્યેક વિચારને, વાણીને, વર્તનને તેના યથાયોગ્ય સ્થાને મૂકવી.*

# 'કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ' – મુલાકાતીઓની નોંધ બોલે છે....

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સુવર્ણ જયંતી વર્ષ નિમિત્તે તા. ૧૪-૪-૨૦૧૨ના કાર્યક્રમ દરમ્યાન શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, અમદાવાદ ખાતે "કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ"નું ઉદ્‌ઘાટન - લોકાર્પણ કરવામાં આવ્યું. ત્યારબાદ મ્યુઝિયમ નિહાળીને મુલાકાતીઓ દ્વારા અપાયેલા અભિપ્રાયોની વિગત અત્રે રજૂ કરી છે.

★ આપના સમાજ દ્વારા નિર્માણ પામેલ 'કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ' શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, અમદાવાદ ખાતે શ્રી કૃષ્ણનગરના શ્રી દામજીભાઈ નીસર (વડાલા) સાથે નિહાળીને અમોને અત્યંત આનંદ થયેલ છે. કચ્છ વિશેની સાધન સામગ્રી જોઈને અમો ખરેખર ભાવવિભોર થઈ ગયા હતા. આપના સમાજને આ માટે ધન્યવાદ આપીએ છીએ અને ઈચ્છીએ છીએ કે આ પ્રકારની કામગીરી હજુ વધારે માત્રામાં આપના સમાજ દ્વારા થાય.

*વિશનજી પુનશી દેઢિયા (લૂણી - મુંબઈ)*

★ શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ ખાતે તાજેતરમાં મારું રોકાણ થયું હતું. તે દરમ્યાન "કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ" જોઈને ખૂબજ આનંદ થયો છે. જે લોકોએ કચ્છ જોયેલ નથી તેમને કચ્છ જોઈ લીધાનો અહેસાસ આ મ્યુઝિયમ જોવાથી જરૂર થશે. આ માટે ખૂબ ખૂબ અભિનંદન.

*દિનેશ જી.*

★ One of the best small & cute museum ever seen. Best, Best, Best.... Thanks for inviting in the occasion.

*– Nayan*

★ બેસ્ટ કલેક્શન, એક્સેલન્ટ. ધ્યાનથી જોવા માટે બે કલાક પણ પૂરા ન થાય. અમારા સર્વે સ્વજનો, પડોશીઓ અને સર્વેને આ કચ્છ મ્યુઝિયમ અમદાવાદ ખાતે જોવા માટે ખાસ ભલામણ કરીશું.

*- સુનીતા*

★ મ્યુઝિયમ સારું બનાવ્યું છે. તેની પાછળ ઘણી મહેનત કરી છે. સાધન સામગ્રીઓ જોતાં કચ્છની સંસ્કૃતિનો ખરેખર ખ્યાલ આવે છે.

*ભવાનજી રવજી નાગડા - અમદાવાદ*

★ મ્યુઝિયમ જોઈને મનમાં ભાસ થયો કે કચ્છમાં આવ્યા છીએ. કચ્છ શું છે તેનો ખ્યાલ અહીંથી મળે છે.

*વલ્લભજી પ્રેમજી સાવલા - વડોદરા. 'જય કચ્છ'*

★ મ્યુઝિયમમાં કચ્છની રહેણીકરણી, સંસ્કૃતિ અને ઇતિહાસ વિશેની સાધન સામગ્રી અને તેની વિગત ખૂબીપૂર્વક રજૂ કરી છે. **રાજકીય ઇતિહાસની જરૂર છે,** તેની માહિતી એકઠી કરીને મૂકવા વિનંતી.

*પારસ બાબરિયા - મુંબઈ*

★ જગ્યા અને સ્રોત પ્રમાણે ખૂબ જ સારું બનાવ્યું છે. ઐતિહાસિક પાત્રો વિશે કશું મૂકાય તો વધું સારું થાય.

*હાર્દિક બાબરિયા*

★ 'અદ્‌ભુત' અવસર. આપણી 'કચ્છી સંસ્કૃતિ' જીવંત થઈ. હિમાલયમાંથી ગંગાજી પ્રગટ્યા તેમ કચ્છી સંસ્કૃતિને અમદાવાદ લાવવાના આ ભગીરથ પ્રયાસને સલામ!

*હરીશ જ. ત્રિવેદી - અમદાવાદ*

★ આ રીતે દર મહિને નવું ગોઠવીને લોકો સમક્ષ રજૂ કરશો, તેવી અપેક્ષા.

*લીના શાહ - અમદાવાદ*

★ 'કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ' એ કચ્છીયતને હુબહૂ રજૂ કરતું આ મ્યુઝિયમ છે. કચ્છી જીવન અને સંસ્કૃતિનું ભવિષ્યની પ્રજાને દર્શન કરાવતું રહેશે. **શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની સેવા, દીર્ઘદૃષ્ટિ, સંગઠન અને ભાઈચારાની ભાવનાને આ મ્યુઝિયમ ચરિતાર્થ કરે છે.** આપનું સેવાક્ષેત્ર વધુને વધુ વિસ્તરે, આપ સૌ દીર્ઘાયુ થાવ એવી પ્રાર્થના. 'મંગલ મંદિર' તેના નામને યથાર્થ કરતું માસિક છે. તંત્રી મંડળને ધન્યવાદ ઘટે છે.

*દેવચંદ ગાલા, ભૂતપૂર્વ નગર સેવક - મુંબઈ*

★ 'કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ' ઘણું જ સુંદર લાગ્યું. રબારી, આહિર વગેરેની રજૂઆત એકદમ અસલ લાગે છે. દાદા-દાદીમાના મોઢે જૂના જમાનાના પૈસા વિશે સાંભળતા હતા, જે અહીં પ્રત્યક્ષ જોઈને આનંદ થયો. **ધોળાવીરાની તસવીરો ગમી.**

*રૂપા શાહ - અમદાવાદ*

★ 'કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ' ખૂબજ સુંદર અને જોવાલાયક છે. રબારી, આહિર વગેરે રજૂઆત એકદમ આબેહૂબ લાગે છે. આ બધું જોઈને આનંદમય થવાય અને કાંઈક જાણવા મળે તેવું છે.

*- દર્શનાબહેન પટવા, હીરેન શાહ*

★ સારી શરૂઆત છે.

*- ભૂપેન છેડા*

★ બહુ સરસ. ધોરડો ફેસ્ટીવલના ફોટાનો સમાવેશ કરશો.

*મહેશ ચૌધરી*

★ Real Kutch Darshan. Very good start.

*Hiren Lodaya (Shah) - Jakhau.*

★ Very good collection. It is glimpse of Old Kutch. Nice work!

*B. G. Malaviya - Ahmedabad.*

★ ખૂબ અજાયબી થઈ. ખરેખર જોવાલાયક છે. કચ્છની સંસ્કૃતિનો વારસો સાચે જ નયનરમ્ય છે. બહુ જ સરસ.

*લક્ષ્મીચંદ વી. ધુલ્લા - અમદાવાદ*

*જો તમારો પગ લપસે તો તમે જાતને સંભાળી શકો પણ જીભ લપસી તો શબ્દો પાછા નહીં આવે.*

# અન્ય સંસ્થાઓના સમાચાર

## "ખિલ મસ્તી-ધિલ મસ્તી"
## મુંબઇનાં કચ્છી બાળ કલાકારોની ટીમ કચ્છના સાંસ્કૃતિક પ્રવાસે.

★

*(ડૉ. વિસનજીભાઈ નાગડા, મુંબઈ તરફથી મળેલ પ્રેસનોટ મુજબ)*

કચ્છ યુવક સંઘનાં સથવારે મુંબઇ રંગમંચના કચ્છી બાળ કલાકારોનો ૬૦ જણનો કાફલો 'કચ્છ દર્શન' કરવા કચ્છના સાંસ્કૃતિક પ્રવાસાર્થે 'સાંભાઇ' કરી ચૂક્યો છે.

રોમન વિઝન (શ્રી ભૂપેન્દ્રભાઇ છેડા) પ્રેરિત, કચ્છ યુવક સંઘ આયોજિત આ સાંસ્કૃતિક જાત્રામાં ૩૫ કચ્છી બાળ કલાકારો અને નૃત્ય દિગ્દર્શિકાઓ એમનાં માવતરોને લઇને ૧૧મી મે, ૨૦૧૨નાં વાગડથી પ્રવેશ કરીને ધોળાવીરા, રવેચી, કાળો ડુંગર, બન્ની, પચ્છમ, છારી ઢંઢ થઇને રાત્રે ભુજ પહોંચશે. ત્યારબાદ મુંદ્રા, માંડવી, અબડાસા, લખપત વગેરેની યાત્રા કરતા આ બાળકો કચ્છી માડુઓને કચ્છી બાળ સંસ્કૃતિની ઝાંખી કરાવતા 'ખિલ મસ્તી-ધિલ મસ્તી' કાર્યક્રમ રજૂ કરશે.

'ખિલ મસ્તી-ધિલ મસ્તી' એટલે કચ્છી લોક સંસ્કૃતિ-બાળ લોક સાહિત્ય આધારિત કચ્છી બાળ ડાયરો-જલસો. બાળગીત, દુહા-છંદ, આખાણી, પિરોલીઉં, કચ્છી બાળ નૃત્યો વગેરેને કચ્છીમાં જ અને માત્ર બાળ કલાકારો દ્વારા જ પ્રસ્તુત કરવામાં આવતો એક બહુરંગી કાર્યક્રમ.

'મીં' (કચ્છી માડુનો વર્ષા પ્રેમ) તથા 'આય વલો અસાંજો વતન' (કચ્છી માડુનો વતન પ્રેમ, માતૃભૂમિ-માતૃભાષા પર ઓળઘોળ થઇ જવાની ભાવના) એ પરાકાષ્ઠાનાં દૃશ્યો સર્જતાં નૃત્યો છે.

'ખિલ મસ્તી-ધિલ મસ્તી'ના કાર્યક્રમો નીચે મુજબ રજૂ કરવામાં આવશે :-

| | | | |
|---|---|---|---|
| ૧૨મી મે | ભુજ | ૧૫મી મે | ડુમરા |
| ૧૩મી મે | બિદડા | ૧૬મી મે | નલિયા |
| ૧૪મી મે | માંડવી | | |

મુંબઈમાં કેન્દ્રીય સાહિત્ય અકાદમીના મંત્રી શ્રી રાવ અને કચ્છી સાહિત્ય અકાદમી (ગાંધીનગર)ના મહામાત્ર શ્રી હર્ષદભાઇ ત્રિવેદી દ્વારા સરાહના પામેલા આ કાર્યક્રમને સમગ્ર કચ્છમાંથી બહોળો આવકાર સાંપડી રહ્યો છે. આ કાર્યક્રમની સાથે સહ પ્રવાસી બનનારાઓમાં સર્વશ્રી ભૂપેન્દ્ર છેડા દંપતી, તારામતી વિશનજી ગાલા દંપતી, કિરીટભાઇ લાપસીયા, પધમભાઇ મંજલવારા, માધવ જોશી 'અશ્ક', અબ્દુલા તુર્ક 'બાવાડો', નારાયણ જોશી 'કારાયલ', ગોરધન પટેલ 'કવિ', વિશ્રામ ગઢવી, છત્રસિંહજી જાડેજા, હરેશ દરજી 'કસભી' જેવા મહાનુભાવોનો સમાવેશ થાય છે.

ઉપરાંત ભુજ-માંડવી જેવાં નગરોમાં વિદ્યાર્થીઓ માટે આ બાળ કલાકારો ખાસ કાર્યક્રમો યોજી સાંસ્કૃતિક આદાન-પ્રદાનનો સેતુ રચશે.

આ સમગ્ર કાર્યક્રમનું આયોજન મુંબઇ બાળ રંગમંચના સર્જક કચ્છી ભાષા-સંસ્કૃતિનાં સ્વપ્નદ્રષ્ટા, સંશોધક યુગલ ડૉ. વિશન નાગડા, નીમુ નાગડા છે. વિસરાતી જતી લોકસંસ્કૃતિ અને પારંપારિક બાળ સાહિત્યનું આ આયોજન કચ્છી ભાષા માટે પ્રાણપૂરક સિદ્ધ થાય એવી શુભેચ્છાઓ ચોતરફથી વરસી રહી છે.

---

## કચ્છ અર્પણ' સમીક્ષા

'કચ્છ અર્પણ' (અંક નં. ૫) માર્ચ, ૨૦૧૨નો અંક હાલ એપ્રિલમાં બહાર પડેલ છે. ઉનાળાના બળબળતા તાપમાં રાહત પહોંચાડતાં માટીનાં મટકાંઓનું કલામય મુખપૃષ્ઠ ધરાવતા અંક સાથે કવિ ડૉ. વિસન નાગડાની બે પંક્તિઓ જાણે ઠંડા ઝરણાંનો આભાસ ઊભો કરી દે છે.

આ અંકમાં 'ભાગલાના ભોગે ખોવાયાં હિંગલાજ માતા' : પાકિસ્તાનના બલુચિસ્તાનમાં શક્તિપીઠ હિંગલાજ માતાની અનોખી સફર કરાવે છે. 'ફોટો સ્ટોરી' - સાથે નવો પ્રયોગ કરાયો છે. જેમાં કચ્છના પહેલા પ્રવાસે નીકળનાર યુવકના અનુભવોનું ચિત્રાંકન કરાયેલ છે. અન્ય વિભાગોમાં કચ્છી ભાષા વિશેની ડૉ. વિસન નાગડાની કોલમ, 'છેલ છબીલી છોગાળી છત્રી'માં ડૉ. ગિરીશ વીછીવોરાની કમાલ તો 'એક વળાંક'માં ડૉ. ગુલાબ દેઢિયા ગામની યાદોને ઢંઢોળે છે. ઉપરાંત કવિ 'તેજ' ની કચ્છી રચના 'ટીટોડી ટહુકા કરે'નો ગુજરાતી અનુવાદ તથા દિલીપભાઇ આચાર્યની વાર્તા 'ભૂકંપ' અંકને સુંદર બનાવે છે. હંમેશની જેમ 'આપણી વિરાસતો'માં પ્રમોદ જેઠી પોતાનો કસબ દાખવે છે. 'અચો મુજે ગોઠ'માં આ વખતે હેરીટેજ વિલેજ 'તેરા'ની સફર લઇ જાય છે. વતનનાં વાવડ, આપણી વેબસાઇટો, વ્યક્તિ વિકાસ પણ ધ્યાનાકર્ષક છે.

'કચ્છ અર્પણ' સામાયિકના પાંચ વર્ષના લવાજમ સાથે કવિ 'તેજ'નું પુસ્તક ભેટ સ્વરૂપે અપાય છે.

ભારતભરમાં પ્રતિનિધિઓના માધ્યમથી લવાજમ લેવાય છે તથા મુલુન્ડ, મુંબઇ અને મોર્ડન બુક સ્ટોલ, ભુજ ખાતે અંકોનું વેચાણ પણ થાય છે. દરેક કચ્છીએ વાંચવા લાયક આ અંકનું લવાજમ છે : રૂા. ૭૫/- (વાર્ષિક), રૂા. ૩૭૫/- (પાંચ વર્ષનાં) વધુ માહિતી માટે સંપર્ક : પ્રકાશક/તંત્રી : નવીન પટેલ, 'કચ્છ અર્પણ' ડી/૧૧૬, વલ્લભ વિહાર કોમ્પલેક્ષ, મહાવીર હોલ નજીક, આજવા રોડ, વડોદરા-૩૯૦ ૦૧૯. ફોન : ૦૨૬૫-૨૫૧૬૪૮૨, મો : ૯૩૭૭૧૨૪૫૮૨

★ 'મંગલ મંદિર'ના ગત અંકમાં 'કચ્છની નવી વૈશ્વિક ઓળખાણ''ના લેખ સાથેની વિગત નીચે મુજબ છે.

મૂળ લેખકનું નામ : શ્રી રાજેશ ભટ્ટ, સૌજન્ય : 'કચ્છ અર્પણ'. (અસલ લેખ અંગ્રેજી)

*નિષ્ફળતા આખરી નથી, સફળતા સ્થાયી નથી.*

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદ

### શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન

દર વર્ષની જેમ આ વર્ષે પણ સ્નેહમિલન પ્રસંગે શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન થશે.

(૧) 'શ્રી શિવલાલભાઈ નાનજીભાઈ પટેલ ખોંભડીવાળા' શ્રેષ્ઠતા પારિતોષિક : ધો. ૧૦ની પરીક્ષામાં સમાજમાં પ્રથમ ત્રણ ક્રમાંક આવેલ વિદ્યાર્થીઓને.

(૨) 'શ્રી હીરજીભાઈ જેઠાભાઈ પટેલ 'સરસ્વતી' કન્યા શ્રેષ્ઠતા પારિતોષિક' ધો. ૧૦, ધો. ૧૨ હાયર સેકન્ડરી સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહમાં પ્રથમ ક્રમાંકે આવનાર વિદ્યાર્થિનીને.

(૩) 'નવનીત' શ્રેષ્ઠતા પારિતોષિક : ધો. ૧૨ હાયર સેકન્ડરી સામાન્ય પ્રવાહમાં સમાજમાં પ્રથમ ત્રણ ક્રમાંકે આવેલા વિદ્યાર્થીઓને

(૪) શ્રીમતી ઝવેરબહેન રંગવાલા શ્રેષ્ઠતા પારિતોષિક ધો. ૧૨ હાયર સેકન્ડરી વિજ્ઞાન પ્રવાહની પરીક્ષામાં સમાજમાં પ્રથમ ત્રણ ક્રમાંકે આવેલા વિદ્યાર્થીઓને.

શ્રી કચ્છી સમાજ-અમદાવાદ હેઠળ આવરાયેલા અમદાવાદ અને ગાંધીનગર આજુબાજુના વિસ્તારોમાં વસતા મૂળ કચ્છના વતની એવા વિદ્યાર્થીઓ કે જેઓ અમદાવાદ અને ગાંધીનગરના વિસ્તારોનાં કેન્દ્રોમાંથી માર્ચ-૨૦૧૨માં ગુજરાત સેકન્ડરી તેમજ હાયર સેકન્ડરી એજ્યુકેશન બોર્ડ દ્વારા લેવાયેલી ઉક્ત ત્રણ પરીક્ષામાં ૭૦% કે તેથી વધુ ગુણાંક મેળવી ઉત્તીર્ણ થયા હોય, તેઓએ નીચેની વિગતો તા. ૧૫મી જૂન, ૨૦૧૨ સુધીમાં મળી જાય તે રીતે આ સરનામે મોકલી આપવા વિનંતી.

**શ્રી કચ્છી સમાજ-અમદાવાદ કાર્યાલય**
૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમ સામે, એલિસબ્રિજ,
પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૬૧૮૪
(સમય : બપોરે ૧૨ થી ૫)

(૧) (અ) વિદ્યાર્થીનું નામ (બ) પિતાનું નામ (ક) દાદાનું નામ (ડ) અટક.
(૨) સરનામું (પીનકોડ તથા ફોન નંબર સાથે)
(૩) જાતિ : સ્ત્રી / પુરુષ
(૪) જન્મતારીખ / ઉંમર
(૫) કચ્છમાં મૂળ ગામ અને તાલુકો
(૬) ઉત્તીર્ણ કરેલી પરીક્ષા
(૭) (અ) મેળવેલ માર્કસ (બ) કુલ માર્કસ અને (ક) ટકા
(૮) (અ) પરીક્ષાના કેન્દ્રના સ્થળનું નામ (બ) ક્રમાંક નંબર (માર્કશીટ ઝેરોક્ષ જોડવી)
(૯) પરીક્ષામાં મેળવેલી વિશિષ્ટતા (માર્કશીટ અને પુરાવાની અધિકૃત ઝેરોક્ષ નકલો જોડવી)
(૧૦) આપને ત્યાં 'કચ્છશ્રુતિ' આવે છે? હા / ના
(૧૧) અન્ય વિગતો (જરૂરી હોય તો)
(૧૨) વાલી તથા વિદ્યાર્થીનું નામ, સહી અને તારીખ

**શ્રી હિમાંશુ ઠક્કર - શૈક્ષણિક સમિતિ (ફોન : ૦૭૯-૨૬૭૫૧૦૦૪)**

## રતનવીર આંખની ઈન્સ્ટિટ્યૂટ - ભોજાય

કચ્છના અંતરિયાળ વિસ્તારોમાં નહિંવત ચક્ષુ આરોગ્ય સેવાને પરિણામે ચિંતાજનક પ્રમાણમાં આંખના રોગીઓની વહારે આવનારા ભોજાય સર્વોદય ટ્રસ્ટે નેત્રરક્ષા અભિયાન અંતર્ગત સંસ્થાના ચક્ષુ વિભાગને વિસ્તારી કચ્છમાં એકમાત્ર પૂર્ણ કદની સુસજ્જ 'રતનવીર આંખની ઈન્સ્ટિટ્યૂટ'નું સમણું તાજેતરમાં સાકાર કર્યું છે. પોણા બે એકરના ઘેરાવામાં ૨૦ હજાર ચો.ફૂટ બાંધકામ સહિતનો રૂપિયા ચારેક કરોડનો પ્રકલ્પ તા. ૧૫ એપ્રિલે કાર્યાન્વિત થયો છે. ત્રણ ઑપરેશન થિયેટરો સહિત ૪૦ રૂમોવાળા માળખામાં ડિલક્ષ રૂમો સહિત ૪૦ પથારીઓની ક્ષમતા રખાઈ છે. માતુશ્રી રતનબહેન લખમશી ઘેલાભાઈ સાવલા પરિવાર - દુર્ગાપુરના સૌજન્ય વડે નિર્માણ પામેલી ઈન્સ્ટિટ્યૂટને નામવર દાની દામજીભાઈ લાલજી એંકરવાલાના અધ્યક્ષપદે આયોજિત ત્રિ-દિવસીય સમારોહમાં અમરચંદભાઈ રામજી ગાલા (નવનીત પરિવાર)ના હાથે લોકાર્પિત કરાયું. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે કે.ઈ.એમ. (મુંબઈ)ના આંખ વિભાગના વડા ડૉ. અર્જુન અહુજા હતા જ્યારે અતિથિઓમાં ડુંગરશી રામજી ગાલા, જાદવજી લાલજી એંકરવાલા, વલ્લભજી ભાણજી ગડા (બાડા), તારાચંદ છેડા, નેમજી કરમશી ગંગર અને સુંદરજી મૂરજી શાહે સ્થાન ગ્રહણ કર્યું હતું.

સંસ્થામાં મુખ્ય દાતા ઉપરાંત એંકરવાલા પરિવાર, નવનીત પરિવાર, આરતી ગ્રૂપ સહિત કચ્છી દાતાઓની દિલેરીને આર્થિક અને મનોવૈજ્ઞાનિક બળ સમાન કહી શકાય.

ઉપરોક્ત માળખામાં ૬૬ ટકા પથારીઓ મોતિયા માટે મફત જ્યારે અન્ય ઑપરેશનો માટે રાહતદરે અને ૩૩ ટકા ડિલક્ષ બેડ ચાર્જેબલ રહેશે. સંકુલને ભવિષ્યમાં ઓપ્થોલોજીના છાત્રો માટેનાં સંશોધનાત્મક કાર્યો સુધી વિસ્તારી શકાય એવી ગુંજાઈશ રખાઈ છે.

## મંગલ મંદિર - પ્રશ્નો અને પ્રત્યુત્તર વિભાગ

*માસ માર્ચ-૨૦૧૨ના અંકના પ્રશ્નોના જવાબ નીચે મુજબ છે.*

૧. 'પીપા પાપ ન કીજિએ તો ધરમ કિયો સો બાર.' (પાના : ૪૨)

૨. માનવ સમૂહમાં રહેતો થયો હતો. સમૂહ જીવન માટે જરૂરી સહકાર, ઉદારતા, ક્ષમા વગેરેના ભાવ કેળવ્યા હતા. (પાના : ૨૮)

૩. સનડાયલ બ્રિજ કેલિફોર્નિયા રાજયમાં આવેલ છે. વર્ષ ૨૦૦૪માં નિર્માણ થયું હતું. ૨૧૪ ફૂટ લાંબો હતો. (પાના : ૬૬)

૪. ભારતીય રૂપિયો, ભારત સિવાય મોઝામ્બિક, ઓસ્ટ્રેલિયા, કેન્યા, બ્રહ્મદેશ, સોમાલીયા, લંકા વગેરે દેશમાં ચલણ તરીકે વપરાયો હતો. (પાના : ૫૧)

૫. દુનિયામાં વધુમાં વધુ કોલસા (૧) મુંદ્રા પોર્ટ પર આયાત કરવામાં આવે છે. (૨) ૨૦૦ મિલિયન ટનનો લક્ષ્યાંક છે. (પાના : ૪૬)

૬. દિલીપભાઈ આશર - શતરંજ. ઓમાનમાં રહે છે. મૂળ વતન માંડવી. (પાના : ૭૧)

*માસ માર્ચ-૨૦૧૨ના અંકના પ્રશ્નોના બધા સાચા જવાબ આપનારની યાદી નીચે મુજબ છે.*

| | | |
|---|---|---|
| ૧. | પ્રતાપ નારાણજી દંડ | - અમદાવાદ |
| ૨. | વર્ષાબહેન રવિલાલ પારેખ | - અમદાવાદ |
| ૩. | શ્રીમતી નયના એ. ગાલા | - અમદાવાદ |
| ૪. | શ્રીમતી મીનાક્ષી આર. પારેખ | - અમદાવાદ |
| ૫. | શ્રીમતી અલકા એ. સંઘવી | - અમદાવાદ |
| ૬. | અમરકુમાર ઉમરશી રાંભિયા | - નડિયાદ |
| ૭. | શ્રીમતી જ્યોતિબહેન લક્ષ્મીચંદ શાહ | - અમદાવાદ |

**<u>નોંધ</u> : આ વિભાગના સંકલનકર્તા સુશ્રી ચંદ્રાબહેન મહેન્દ્રભાઈ શાહની નાદુરસ્ત તબિયતના કારણે માસ એપ્રિલ-૨૦૧૨ના પ્રશ્નો પ્રસિદ્ધ થઈ શક્યા નથી.**

## "મંગલ મંદિર" – પ્રાપ્ત થયેલાં લવાજમ

*એપ્રિલ – ૨૦૧૨ દરમ્યાન નીચે મુજબ લવાજમ પ્રાપ્ત થયેલ છે.*

### રિન્યૂ થયેલ લવાજમો

#### ૧ વર્ષનું લવાજમ

- શ્રીમતી રજનીબહેન પટેલ — અંધેરી (વેસ્ટ), મુંબઈ
- નવીનચંદ્ર એસ. લાલકા — ગદગ (કર્ણાટક)
- હરીશ પદમશી લોડાયા — નાગપુર (મહારાષ્ટ્ર)
- જયંતીલાલ નાગજી મહેતા — ડોંબીવલી (વેસ્ટ), થાણે
- જિતેન્દ્ર ચંદુલાલ મહેતા — સાયન (ઈસ્ટ), મુંબઈ
- શાંતિલાલ ખીમજી સતરા — મુંબઈ
- મેલોન કિડ્સ — થાણા (વેસ્ટ), મહારાષ્ટ્ર
- રાયચંદ શિવજી શાહ — ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ

#### ૩ વર્ષનું લવાજમ

- કલ્યાણજી એલ. શાહ — હૈદ્રાબાદ
- પ્રેમચંદ સી. મહેતા — ગાંધીધામ (કચ્છ)
- વીરેન્દ્ર ગાલા — કાંદિવલી (વેસ્ટ), મુંબઈ

#### ૫ વર્ષનું લવાજમ

- નાગજી હંસરાજ છેડા — મુલુંડ (ઈસ્ટ), મુંબઈ
- કરમશી ખેતશી શાહ — દાદર (ઈસ્ટ), મુંબઈ
- અમૃતલાલ ડી. ગાલા — વાપી
- પન્નાલાલ ખીમજી છેડા — અલ્ટામાઉન્ટ રોડ, મુંબઈ
- મનસુખલાલ સાકરચંદ મહેતા — રાઉરકેલા (ઓરીસ્સા)

#### આજીવન લવાજમ

- ભોગીલાલ રવજી શાહ — સુરત
- અનિલા દિનેશ ભેદા

### નવાં પ્રાપ્ત થયેલ લવાજમો

#### ૧ વર્ષનું લવાજમ

- દિલીપ કુંવરજી સોમેશ્વર — નયા અંજાર (કચ્છ)
- હિતેશ કેશવજી છેડા — ડોંબીવલી (ઈસ્ટ), મુંબઈ
- મૂકેશભાઈ જગતાપ — સેટેલાઈટ, અમદાવાદ
- જયંતીલાલ દેવકરણ સંઘવી — અંબરનાથ (ઈસ્ટ), થાણે
- એમ. કે. મહેશ્વરી — ગાંધીધામ (કચ્છ)
- ડિમ્પલ વિજય ચોટાણી — મુલુંડ (વેસ્ટ), મુંબઈ
- જયંત નાગજી છેડા — સુરત
- આર. બી. શાહ — બેંગ્લોર
- વિનોદ કરમશી મોમાયા — વરાડિયા (અબડાસા, કચ્છ)
- નવીનચંદ્ર સોમચંદ મહેતા — રાપર (કચ્છ)

#### ૩ વર્ષનું લવાજમ

- મગનલાલ લાલજી ગાલા — નવીનાર (મુંદ્રા, કચ્છ)
- મગનલાલ કે. વીરા — દાદર, મુંબઈ
- ભરત પ્રેમજી કારાણી — વિલેપાર્લે (ઈસ્ટ), મુંબઈ

#### ૫ વર્ષનું લવાજમ

- અરવિંદ તુળજાશંકર રાવળ — દહીંસર (ઈસ્ટ), મુંબઈ
- શૈલેષ શાંતિલાલ ગડા — ચીંચપોકલી (ઈસ્ટ), મુંબઈ

#### આજીવન લવાજમ

- પ્રવીણ ચુનીલાલ દોશી — ભુજ, કચ્છ
- વિશનજી નરશી છેડા — સાંગલી (મહારાષ્ટ્ર)

*દુઃખ ન હોય તો સુખનું મહત્ત્વ ન રહે.*

## 'મંગલ મંદિર'ના પૂરા થતાં લમવાજમની વિગત

### એપ્રિલ-૨૦૧૨ દરમ્યાન પૂરાં થઈ ગયેલ લવાજમના ગ્રાહકોની યાદી

| | | |
|---|---|---|
| ૧. | છગનલાલ મેઘજી દેઢિયા | રાજકોટ |
| ૨. | ઉદયભાઈ ભટ્ટ | ભુજ |
| ૩. | જુમખલાલ ચુનીલાલ શાહ | ભુજ |
| ૪. | જિતેન્દ્ર ઠાકરશી શાહ | ભુજ |
| ૫. | સોમચંદ વી. ધરમશી | તલવાણા, કચ્છ |
| ૬. | હરીશચંદ્ર નાનચંદ શાહ | માંડવી, કચ્છ |
| ૭. | પ્રણય મફતલાલ શાહ | વાસણા, અમદાવાદ |
| ૮. | નીતિન વેલજી પાલાણી | સેટેલાઈટ, અમદાવાદ |
| ૯. | વર્ષાબહેન પારેખ | ગાંધીનગર |
| ૧૦. | ડૉ. ઠાકરશી જી. મૈશેરી | આણંદ |
| ૧૧. | રાયચંદ રતનશી નાગડા | ફોર્ટ, મુંબઈ |
| ૧૨. | મણિલાલ આસુભાઈ ગાલા | દાદર, મુંબઈ |
| ૧૩. | વિજય વર્ધમાન ખોના | ગોવંડી, મુંબઈ |
| ૧૪. | નિર્મળાબહેન આર. દંડ | ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ |
| ૧૫. | ભૂપેન્દ્ર જવેરચંદ મોમાયા | મુલુંડ (વેસ્ટ), મુંબઈ |
| ૧૬. | બિપિનભાઈ પી. નાગડા | મુલુંડ (વેસ્ટ), મુંબઈ |
| ૧૭. | મહેન્દ્રકુમાર ચીમનલાલ જોતા | કાંદિવલી (ઈસ્ટ), મુંબઈ |
| ૧૮. | હંસરાજ વી. શાહ | કાંદિવલી (ઈસ્ટ), મુંબઈ |
| ૧૯. | કિશોર વી. શાહ | ડોંબીવલી (વેસ્ટ), મહારાષ્ટ્ર |

### મે-૨૦૧૨ દરમ્યાન પૂરાં થઈ રહેલ લવાજમના ગ્રાહકોની યાદી

| | | |
|---|---|---|
| ૧. | હિતેશ અરજણ પનપાનીયા | ગાભા, જિ. જુનાગઢ |
| ૨. | ભૂપેન્દ્ર એમ. મહેતા | ભુજ, કચ્છ |
| ૩. | સુરેશ ગુલાલચંદ શાહ | ભુજ, કચ્છ |
| ૪. | જયંતીલાલ રામજી | અંજાર, કચ્છ |
| ૫. | ભવ્ય જયસુખલાલ મહેતા | રાપર, કચ્છ |
| ૬. | વૈભવ ઈન્ટરડેકોર | એલિસબ્રિજ, અમદાવાદ |
| ૭. | ચીમનભાઈ એસ. દંડ | અંકલેશ્વર |
| ૮. | વસંત ચુનીલાલ વીરા | પરેલ, મુંબઈ |
| ૯. | શાંતિલાલ જે. શાહ | માટુંગા, મુંબઈ |
| ૧૦. | હેમરાજ ભીમશી ગાલા | અંધેરી (ઈસ્ટ), મુંબઈ |
| ૧૧. | દેવેન્દ્ર વી. ગડા | મુલુંડ (વેસ્ટ), મુંબઈ |
| ૧૨. | ગુણવંતીબહેન એચ. શાહ | મુલુંડ (વેસ્ટ), મુંબઈ |
| ૧૩. | દીપક મગનલાલ ગડા | થાણા (વેસ્ટ), મહારાષ્ટ્ર |
| ૧૪. | ચંદ્રકાંત વી. ભાટે (દેઢિયા) | સતારા, મહારાષ્ટ્ર |
| ૧૫. | મહેન્દ્ર એલ. શાહ | ચેન્નાઈ, તામિલનાડુ |
| ૧૬. | હેમલતાબહેન એચ. શાહ | ચેન્નાઈ, તામિલનાડુ |

## નિર્મળ જીવનની ચાવી

વસ્ત્રમાં રહેલો ડાઘ તમને ગમતો નથી, તમે તરત જ એને ધોઈ કાઢો છો.

શરીર પર રહેલો મેલ તમને ગમતો નથી, તમે તરત જ સ્નાન કરી લો છો.

મકાનમાં થયેલાં કાણાં તમને પસંદ નથી, તમે તરત જ પ્લાસ્ટર કરી દો છો.

બહારની કોઈ પણ ચીજ આપણને ડાઘવાળી ગમતી નથી.

બધું જ ચોખ્ખું જોઈએ એકદમ સફેદ! સ્વચ્છ! સુંદર!

બહારની સ્વચ્છતા માટે આટલી કાળજી લેનારા માણસના આત્માની અંદર કેટલાય ડાઘા રહેલા છે, છતાં તે તરફ નજર પણ કરતો નથી એ કેવું?

માણસનું મન એમ ઈચ્છતું હોય તેમ લાગે છે કે ડાઘ હોય તો વાંધો નહિ, પણ એ ડાઘ બહાર દેખાવા ન જોઈએ, બીજા કોઈને ખબર પડવી ન જોઈએ.

વસ્ત્રના ડાઘ પણ બીજાને ન દેખાય તો માણસ કાઢે નહિ. એનો અર્થ એ થયો કે માણસ સતત બીજાની નજરે સારો - ડાઘમુક્ત રહેવા પ્રયત્ન કરે છે, પોતાની નજરે પોતે ડાઘયુક્ત હોય એનો કોઈ જ વાંધો લાગતો નથી!

શરીર, વસ્ત્ર, મકાન વગેરે બહારનું બધું સાફ સુથરું જોઈએ. આત્મા ગંદો હોય તો ચાલે, કારણકે આત્માને કોઈ જોઈ શકતું નથી ને! કેટલું સારું હોત, જો આત્મા જોઈ શકાતો હોત? મનના વિચારો બહાર દેખી શકાતા હોત?

જરા કલ્પના કરો : આપણા મનના વિચારોની ફોટોગ્રાફી આપણા કપાળમાં અંકિત થઈ જતી હોત તો આપણે શું કરત? જેવો-તેવો ફોટો ચલાવી લેત?

ખરી રીતે જોઈએ તો આપણા વિચારોની ફોટોગ્રાફી સતત થઈ જ રહી છે. કેવળજ્ઞાનની નજરોમાં કશું જ છૂપું નથી, પણ આપણને એનો વિચાર આવતો નથી. પ્રભુ મને સર્વત્ર સર્વકાળે જોઈ રહ્યા છે એવો ભાવ આવે તો કદી આત્મા પર ડાઘ ન લાગવા દે.

ભક્તોનું મન કેમ પવિત્ર રહે છે? આત્મા કેમ ડાઘમુક્ત રહે છે? કારણ કે તેઓ સર્વત્ર પ્રભુને જોતા હોય છે. એમને અંદર-બહાર સર્વત્ર પ્રભુ દેખાતા હોય છે. પ્રભુના દેખતાં કોઈ અકાર્ય શી રીતે થઈ શકે?

"સર્વત્ર પ્રભુ મને જોઈ રહ્યા છે. આ વિચાર નિર્મળ જીવન જીવવાની ચાવી છે."

*સાભાર : જીવન મંજરી*

*પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ*

*જીવનમાં ચડતી-પડતી ન હોય, તડકી-છાંયડી ન હોય તો જિંદગી કંટાળાજનક બની જાય.*

# સાર સમાચાર

૧. મુંબઇ સર્વોદય મંડળના અહેવાલ પ્રમાણે આ વર્ષે કુલ્લે ૧૫ ભાષાઓમાં થઇને ગાંધીજીની આત્મકથાની ત્રણ લાખ ને પચાસ હજાર નકલોનું વેચાણ થયું. વધુ ખુશીની વાત તો એ કે ખરીદનારાઓમાં મોટાભાગના યુવાનો હતા.
*(લોક સ્વરાજ, માર્ચ ૨૦૧૨)*

૨. પરમાણુ સુરક્ષા વિશે મળેલી જાણકારી પ્રમાણે અણુમથકો ધરાવતા દેશોને ક્રમમાં ગોઠવવામાં આવ્યા છે. સુરક્ષા માટે પ્રથમ ક્રમે ઓસ્ટ્રેલિયા છે જ્યારે હિન્દ ૨૫મા ક્રમે છે. એટલે કે જગતના ૨૪ દેશો કરતાં અણુ મથક સુરક્ષામાં આપણે પાછળ છીએ. *(લોક સ્વરાજ, માર્ચ ૨૦૧૨)*

૩. ગયા મહિને 'હંગર એન્ડ માલન્યુટ્રીશન' નો રિપોર્ટ બહાર પડ્યો (જે વાંચીને આપણા વડાસેવક મનમોહન સિંઘજીએ કહ્યું કે મારું માથું શરમથી ઝૂકી જાય છે) તે મુજબ કુપોષિત બાળકોની ૧૦૦માંથી ૯૪ માતાઓએ જણાવ્યું કે તેઓ પોતાનાં બાળકોને કઠોળ કે દાળ જેવો ખોરાક આપી શકતી નથી, માત્ર ઘઉં, ચોખા તથા બાજરી જ આપી શકે છે.
*(લોકસ્વરાજ, માર્ચ ૨૦૧૨)*

૪. બાંધકામની સાઇટો પર શ્રમિકોના ૮૩૮૫૫ બાળકો અભણ છે. અમદાવાદમાં જ ૩૦૬૨૩ રસ્તે રઝળતાં બાળકો મળ્યાં ખુદ સચિવાલયમાં જ ૭૦ બાળકો રઝળતાં મળ્યાં.
*(નયા માર્ગ, તા. ૧-૩-૨૦૧૨)*

૫. તાજેતરમાં જામનગરના કસાઇ સમાજ દ્વારા સમૂહ લગ્નનું આયોજન કરવામાં આવેલું. તેમાં પીર ગોદરશાહ વલીની મઝાર પર હાથ મૂકીને ક્યારેય ગૌવંશની હત્યા ન કરવાના સોગંદ લેવામાં આવ્યા હતા. *(સાધના, તા. ૩-૩-૧૨)*

૬. લંડનથી પ્રકાશિત થતા મેગેઝિન 'પ્રાઇવેટ આઇ'ના નવા અંકમાં કોલમ 'ફની ઓલ્ડ વર્લ્ડ'માં જણાવેલ છે કે પાકિસ્તાન સરકારે ૧૬૯૫ અંગ્રેજી શબ્દોના ઉપયોગ પર પ્રતિબંધ લગાવેલ છે.
*(સાધના, તા. ૩-૩-૧૨)*

૭. મોહમ્મદ સિદ્દીક નામની વ્યક્તિએ આરટીઆઇ કરી તો જવાબમાં જાણવા મળ્યું કે કેન્દ્ર સરકાર મદ્રેસાઓને આધુનિક બનાવવા માટે આઠ કરોડની રકમ ખર્ચે છે અને અગ્રગણ્ય મદ્રેસાઓ એ જાહેર કર્યું કે તેઓ કશી મદદ લેતા નથી પણ લોકોના દાનથી ચલાવે છે! સરકારે સરકારી દાન લેનાર મદ્રેસાઓનાં નામ જાહેર કર્યાં તો મોટાભાગની મદ્રેસાઓ નકલી નીકળી! ઉપરાંત આ નકલી મદ્રેસાઓએ પણ જણાવ્યું કે તેમણે કશી સહાય લીધી જ નથી! *(વિશ્વ હિન્દુ સમાચાર, માર્ચ ૨૦૧૨)*

૮. જગતના સૌથી પ્રાચીન ગ્રંથ ઋગ્વેદનો અંગ્રેજીમાં ચાર ભાગમાં અનુવાદ કરવામાં આવેલ છે. ડો. પ્રસન્ન ચંદ્ર ગૌતમ અને અન્ય સાત વિદ્વાનોની ટીમે તૈયાર કરેલા આ અનુવાદ ગ્રંથોનું નેપાળના શિક્ષણ પ્રધાન દીનાનાથ શર્માએ કાઠમંડુમાં વિમોચન કર્યું છે. *(સાધના, તા. ૧૦-૩-૧૨)*

૯. તા. ૧૩-૨-૨૦૧૨ના સિને અભિનેતા અનુપમ ખેરના પિતાશ્રીનું અવસાન થયું. એ પ્રસંગે યોજવામાં આવેલ પ્રાર્થના સભાને અનુપમે ઉત્સવનું સ્વરૂપ આપ્યું. ગાયિકા નેહાએ જણાવ્યું કે મારા માટે નક્કી કરવું મુશ્કેલ થઇ પડ્યું કે અવાજમાં શોક વ્યક્ત કરવો કે આનંદ. અનુપમનાં પત્ની કિરણ ખેરે સૌ મહેમાનોનું સ્મિત સાથે સ્વાગત કર્યું અને મૃત્યુ એ અનિવાર્ય પણે શોક પ્રસંગ નથી એવો દાખલો બેસાડ્યો.
*(વિવેકપંથી, અંક નં. ૧૨૦)*

૧૦. શિરડી સાંઇબાબા સંસ્થાને જણાવ્યું છે કે જે વ્યક્તિ સંસ્થાનને રૂા. ૧૦ લાખનું દાન આપશે તેને સંસ્થાનના ભક્ત નિવાસમાં એક મહિના માટે મફત રહેવા મળશે. સંસ્થાનમાં વીઆઇપી લોકો માટે આરતીના રૂા. ૫૦૦/-, રાતની આરતીના રૂા. ૩૦૦/- તથા દર્શનના રૂા. ૧૦૦/- નો ચાર્જ રાખવામાં આવેલ છે. *(વિવેકપંથી, અંક નં. ૧૨૦)*

૧૧. બ્રિટનમાં સીટીસ્કેનની મદદથી એક મહિલાના પેટમાંથી છેલ્લાં ૨૫ વર્ષથી પડેલી એક પેન શોધી, ઓપરેશન વડે તે બહાર કાઢવામાં આવી. (આગળ વાંચો) બહાર કાઢી ત્યારે પેન ચાલતી હતી! ***(વિવેકપંથી, અંક નં. ૧૨૦)***

૧૨. ફક્ત ભૂખમરાને કારણે જ દરરોજ ૨૪૦૦૦ માણસો મૃત્યુ પામે છે. *(ભૂમિપુત્ર, તા. ૧૬-૩-૨૦૧૨)*

૧૩. શર્મિલા ટાગોર અને નવાબ પટૌડીની પુત્રી સોહાઅલીએ પોતાના સૌંદર્યના રાઝ ઉપરથી પરદો ઊઠાવતાં જણાવ્યું છે કે તે દરરોજ નિયમિત ૧૦૦ સૂર્ય નમસ્કાર કરે છે જેના કારણે તેની સુંદરતા અને ફિટનેસમાં વધુ નિખાર આવતો જાય છે.
*(સાધના, તા. ૨૪-૩-૨૦૧૨)*

૧૪. ચીનના તાઇવાનથી ૭૬ જણ માત્ર યોગ શીખવા માટે અમદાવાદના શિવાનંદ આશ્રમના સ્વામી અધ્યાત્માનંદજી પાસે આવેલા છે. સ્વામીજીએ પૂછાવેલું કે તમો અહીં તહીં ફરવા માટે કેટલો સમય ફાળવશો? જવાબમાં તે ૭૬ જણે જણાવ્યું છે કે તેઓ માત્ર યોગ શીખવા જ આવે છે તે સિવાય કશું જ અમારે જોવું કે જાણવું નથી. *(સાધના, તા. ૨૪-૩-૨૦૧૨)*

૧૫. શોષિત કર્મચારીઓના પગાર વધારા માટે રચવામાં આવેલી 'યોગક્ષેમ ફાઉન્ડેશન' નામની સંસ્થા દ્વારા કરવામાં આવેલી જાહેર હિતની અરજીના જવાબમાં ગુજરાત સરકાર દ્વારા સોગંદનામુ કરવામાં આવેલ છે જેમાં જણાવેલ છે કે "આવા ૯૩ હજાર કર્મચારીઓને વધારે વેતન આપવા માટે અમારી તિજોરીમાં ભંડોળ નથી"!! ***(દલિત અધિકાર, તા. ૨૦-૩-૨૦૧૨)***

૧૬. થોમસ રાઈટર્સ ફાઉન્ડેશન દ્વારા ગયા વર્ષે કરવામાં આવેલ એક સર્વેમાં જણાવેલ છે કે જગતમાં મહિલાઓ માટે સૌથી ખતરનાક દેશોમાં પ્રથમ નંબરે અફઘાનિસ્તાન, બીજા નંબરે રિપબ્લિક ઓફ કોંગો અને ત્રીજા નંબરે પાકિસ્તાન છે.

***(દિવ્ય ભાસ્કર પૂર્તિ, તા. ૨૫-૩-૨૦૧૨)***

૧૭. મશહૂર જાદુગર કે. લાલ તેર વર્ષ સુધી તેમના જાદુના શોમાં જાનવરોનો ઉપયોગ કરતા. મેનકા ગાંધીના કહેવાથી તેમણે તમામ જાનવરો પ્રાણી સંગ્રહાલયમાં આપી દીધાં. તેમાં એક પાળેલો સિંહ પણ હતો. તેનાથી કે.લાલનો વિયોગ સહન ન થયો. તેણે અન્ન ત્યાગ કર્યો અને દેહ છોડી દીધો.

***(ભૂમિપુત્ર, તા. ૧૬-૩-૨૦૧૨)***

૧૮. અમેરિકાના પ્રમુખ ઓબામા પોતાની પુત્રીના સાવ ટૂંકા સ્કર્ટથી ચિંતિત થઈ ભગવાનને પ્રાર્થના કરે છે કે 'હે પ્રભુ! મારી દીકરીનું સ્કર્ટ લાંબુ કરી દે!' ***(વિવેકપંથી, અંક નં. ૧૧૦)***

૧૯. ભાગવત કથાકાર શ્રી ભૂપેન્દ્ર પંડ્યાએ હાઈકોર્ટમાં પીટીશન કરી છે કે તેમની પત્ની અને પુત્રીએ મળીને તેમની ખોટી સહી કરી વિમાની રકમ હડપ કરી છે. ***(વિવેકપંથી, અંક નં. ૧૧૦)***

૨૦. સોનિયા ગાંધીના જમાઈ રોબર્ટ વઢેરાના પરિવારમાં તેના પિતા, ભાઈ અને બહેન એમ ત્રણ જણનાં અકુદરતી મૃત્યુ થયાં છે. છતાં તે બાબતે કશી તપાસ કરવામાં આવી નથી.

***(સાધના, તા. ૩૧-૩-૨૦૧૨)***

૨૧. કેવળ વીસમી સદીમાં જ આપણા દેશમાં સંસ્કૃત ભાષામાં ૩૦૦ જેટલાં નાટકો લખાયાં છે અને એમાંનાં કેટલાંક સંસ્કૃતમાં ભજવાયા પણ છે. ***(નવનીત સમર્પણ, જુલાઇ ૨૦૧૧)***

૨૨. જ્ઞાનપીઠ પુરસ્કાર વિજેતા ડૉ. સત્યવ્રત શાસ્ત્રીએ સંસ્કૃત ભાષામાં 'રામકીર્તિ મહાકાવ્યમ' નામે થાઈલેન્ડની રામકથાની એક કૃતિની રચના કરી છે જેનો થાઈલેન્ડની થાઈ, અંગ્રેજી, કન્નડ, તામીલ, હિન્દી, અસમિય, મલયાલમ, ફ્રેન્ચ ભાષાઓમાં અનુવાદો થઈ ચૂક્યા છે અને એ કૃતિની ત્રણ આવૃત્તિઓ થાઈલેન્ડમાં પ્રકાશિત થઈ ચૂકી છે.


(હજુ ગુજરાતીમાં અનુવાદ થયો નથી. કોણ કરે?)

***(નવનીત સમર્પણ, જુલાઇ ૨૦૧૧)***

૨૩. સેન્ટ્રલ બ્યુરો ઓફ પોલિસ એન્ડ રીસર્ચ ડેવલપમેન્ટે બહાર પાડેલા આંકડા મુજબ દેશમાં વીઆઈપીઓની સલામતી અર્થે એક વીઆઈપીની પાછળ ત્રણ પોલીસ તૈનાત હોય છે અને સામાન્ય જનતાની રખેવાળી માટે ૭૬૧ વ્યક્તિદીઠ એક પોલિસ હોય છે. ***(સંદેશ, તા. ૩-૪-૨૦૧૨)***

## શબ્દ રમત-૭૦

*સંકલન : સૂરજલાલ મહેતા*



શબ્દ રમત ભરનારનું નામ : ______________________

સરનામું : ______________________

______________________

આપશ્રીના જવાબો શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલવા વિનંતી. (શબ્દ રમતનો જવાબ મોકલવાની અંતિમ તારીખ : ૨૨-૫-૨૦૧૨)

### આડી ચાવીઓ

૧. બીજા ઉપર આધાર રાખતાં સહન કરવું પડે (કહેવત) (૩ + ૨ + ૨ + ૩)
૭. જાડાઈ, વિસ્તાર, પુરાણ કથાકાર (૨)
૧૦. કટાર જેવું બેધારું એક શસ્ત્ર (૩)
૧૧. મોઢાનો ચીકણો પ્રવાહી (૨)
૧૨. સમક્ષ, મોજૂદ (૩)
૧૩. તન તૂટી જાય એવું, ખૂબ (૪)
૧૫. સત્તા, હકૂમત, હક્ક (૪)
૧૭. પરિષદ, મંડળી (૨)
૧૯. રમતનો વારો, પુણ્યાર્થે આપવું (૨)
૨૧. ધારણા, મત, રાજા (૨)
૨૩. અહીં "પ્રેમ" ઊલટાઈ ગયું છે (૨)
૨૫. હોંસ, કોડ, મોજમજા (૨)
૨૬. ગુજરાતનું ગિરિમથક (૪)
૨૭. નાતવરો, જ્ઞાતિભોજન (૫)
૨૮. એક હથિયાર, પાનાવાળું શસ્ત્ર (૨)
૨૯. કૃષ્ણપક્ષ, અંધારિયા (૨)
૩૧. ખંત, ઉત્સાહ (૨)
૩૨. એક લોહીના, લોહીનો સંબંધ (૨)
૩૪. દાનશીલતા, ત્યાગશીલતા (૪)
૩૬. વાર્ષિક આવક-જાવકનો અંદાજ (૫)
૩૮. જુલમ આપનાર, કંટાળો આપનાર (૫)
૪૧. જાડો પ્રવાહી પદાર્થ, ખટપટ (૩)
૪૨. ઈસ્લામ પ્રમાણે બંદગી (૩)
૪૪. પંજાબની એક નદી (૪)
૪૮. દિવસ, એક દિવસની મજૂર (૨)
૪૯. પ્રિયતમ, પતિ (૩)
૫૦. રાત્રે જ દેખી શકતું એક પક્ષી (૩)
૫૨. મરણ પાછળ રોવું - કૂટવું (૨)
૫૩. મોહ, આસક્તિ, સૂર (૨)
૫૪. શુભેચ્છક, હિતચિંતક (૩)
૫૬. અપમાન, માનહાનિ (૪)
૫૯. એક જાતનું બારીક કાપડ (૪)
૬૧. ભારે નુકસાન, ખુવારી (૨)
૬૨. અનાજ, દાણા (૨)
૬૩. નાનું ગામ (૩)
૬૫. સ્વચ્છ લોહી વહેનારી નસ (૩)
૬૭. વિના, સિવાય (૩)
૬૯. પ્રવાહી સાથે ઘૂંટીને બનાવેલો લોંદો (૩)
૭૧. રહેવાનું સ્થળ, દેવસ્થાન (૨)
૭૨. સર્વશ્રેષ્ઠ, સર્વોચ્ચ, વડીલ (૪)
૭૩. જોઈએ તેટલું, ધરાઈને, ખૂબ (૪)
૭૪. જૈનોનો નમસ્કાર મહામંત્ર (૪)

### ઊભી ચાવીઓ

૧. ઢોંગી, દંભી (૩)
૨. અણુ, ધૂળનો કણ (૨)
૩. ઈશ્વરનું યશોગાન (૪)
૪. કાચા શાકભાજીનું કચુંબર (૩)
૫. કઠોળનું ફાડિયું (૨)
૬. રાજાઓનો રાજા, મહારાજા (૫)
૭. નાણાં વાપરવા બદલ મૂળ રકમ ઉપર આપવો પડતો વધારો (૨)
૮. સારું, ઉત્તમ, સુંદર (૩)
૯. આગલા દિવસનું (૨)
૧૨. પરાજય, ફૂલની માળા (૨)
૧૪. કેરીની એક જાત (૪)
૧૬. સ્થિર, હંમેશ માટેનું (૩)
૧૮. ચામડાં ઉપરનો વેરો (૨)
૧૯. દૃષ્ટાંત, ઉદાહરણ, હિસાબ (૩)
૨૦. પુષ્ટ, જાડું (૫)
૨૨. સિપાઈની નાની ટુકડીનો નાયક (૫)
૨૪. પ્રેમ દર્શાવતો પ્રેમીનો પત્ર (૪)
૨૫. સુંદર શણગારેલી યાત્રા (૪)
૩૦. ભાવ, કિંમત (૨)
૩૧. હિસાબ લખવાની વહી (૩)
૩૨. હંમેશાં, કાયમ (૨)
૩૩. ગાવું બજાવવું (૬)
૩૫. શક્તિ, મગદૂર (૩)
૩૭. સૃષ્ટિ, વિશ્વ (૩)
૩૯. અક્કલ, જ્ઞાન, ડહાપણ (૪)
૪૦. ઉત્કૃષ્ટ, ઘણું સારું (૩)
૪૩. યમ, મૃત્યુનો દેવ (૨)
૪૪. સંગીતના સાત સ્વર (૪)
૪૫. સૌથી નાનું, નાની રકમ (૪)
૪૬. એક ધાન્ય, ત્વરા (૨)
૪૭. ડાબું, જમણાનું ઊલટું (૨)
૪૮. રોકવું, અટકાયત (૩)
૫૧. મમતે ચડવું, વાત ઝઘડે ચડવી (૨)
૫૫. અતિ વિકટ સાહસભર્યું કામ (૫)
૫૬. હિતબુદ્ધિ, માણસાઈ (૪)
૫૭. ભાંગેલો સરસામાન (૩)
૫૮. મનનું વલણ, સૂઝ (૨)
૬૦. પુષ્કળ, બેશુમાર (૪)
૬૪. નાનો પર્વત (૩)
૬૬. દહીંમાંથી કરાતું પ્રવાહી (૨)
૬૮. લંબાઈ ભરવાનું માપ, હાથી (૨)
૭૦. ગરીબ, રંક, લાચાર (૨)

*ખુદનો નહિ, પહેલાં બીજાનો વિચાર થાય ત્યાં સ્વર્ગ!*

# જાણવા જેવું

*સંકલન : સૂરજલાલ મહેતા*

૧. ઓસ્ટ્રેલિયા, બેલ્જિયમ, ફિનલેન્ડ, ફ્રાન્સ, જર્મની, આયર્લેન્ડ, ઇટાલી, લક્ઝમબર્ગ, નેધરલેન્ડ, પોર્ટુગલ અને સ્પેઈનમાં તા. ૪-૧-૧૯૯૯નાં રોજથી એકસૂત્ર થવાના હેતુથી ''યુરો'' નામનું ચલણ શરૂ કર્યું હતું.

૨. ઉત્તરાખંડના દ્રોણાગિરી નામના ગામમાં હનુમાનજીની પૂજા થતી નથી કારણકે હનુમાને સંજીવની માટે દ્રોણાગિરી પર્વત ઊપાડ્યો હતો તેથી લોકો નારાજ હતા.

૩. હાલ વિશ્વના સૌથી ઊંચા બિલ્ડિંગ ''બુર્જ દુબઈ''નું તા. ૪-૧-૨૦૧૦ના રોજ ઉદ્‌ઘાટન થયું. એની પાછળ દોઢ અબજ અમેરિકી ડોલરનો ખર્ચ થયો છે. બુર્જની ઊંચાઈ ૮૨૪ મીટર એટલે કે ૨૬૮૪ ફૂટ છે. આ બુર્જ ૧૬૪ માળનો છે. બુર્જનું શિખર ૯૫ કિલોમીટર દૂરથી જોઈ શકાય છે. આ બુર્જમાં ૬૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપવાળી ૫૪ લિફ્ટ આવેલી છે. ''બુર્જ દુબઈ''નું બાંધકામ ૨૦૦૪ની સાલમાં શરૂ કર્યું હતું જે ૨૦૦૯ની સાલમાં પૂર્ણ થયું. આ બુર્જ હવે ''બુર્જ ખલિફા''ના નામથી ઓળખાશે.

૪. ૨૦૦૮-૨૦૦૯ દરમિયાન કુલ ૨૨૩૦ બાળકો ગુમ થયાં હતાં. જેમાં ૯૧૫ છોકરા અને ૧૩૧૬ છોકરીઓ હતી. જેમાંથી ૧૩૨૬ બાળકોનો હજુ સુધી પત્તો લાગ્યો નથી. આની સામે ૨૦૦૪-૨૦૦૫ દરમિયાન કુલ ૧૭૯૩ બાળકો ગુમ થયાં હતાં. જેમાંથી માત્ર ૨૧૪નો જ પત્તો લાગ્યો હતો. પરંતુ ઘણા કિસ્સામાં બાળકો પાછા પોતાના ઘરે આવી જાય છે, પણ તેની જાણ પોલીસને કરવામાં આવતી ન હોય તેવું બને છે.

૫. દુનિયામાં અંદાજે ૭૫૦ લાખ ઘોડા જોવા મળે છે. તમને જાણીને નવાઈ લાગશે કે ઘોડાની જુદી જુદી ત્રણ ચાલ હોય છે. આ ત્રણ ચાલ એટલે એક સાધારણ, બે રેવાલ અને ત્રીજી છતરાલ ચાલ. એમાં રેવાલ ચાલનો ઘોડો ઉત્તમ ગણાય છે.

૬. દેશમાં ૨૦૦૯ સુધી ૨૦ સેન્ટ્રલ યુનિવર્સિટી, ૩૦૦થી વધુ યુનિવર્સિટી અને અંદાજે ૩૦,૦૦૦ કરતાં વધુ કૉલેજો હતી.

૭. સો ટકા સાક્ષરતા (એટલે અક્ષરજ્ઞાન) ૨૦૨૦માં એટલે દાયકા પછી થઈ જશે. ૧૯૪૭ની આઝાદી સમયે આ પ્રમાણ માત્ર ૧૨ ટકા હતું જે વધીને ૨૦૦૯માં ૬૬ ટકા થયું છે.

૮. ૨૦૨૦ સુધીમાં દેશની ૯૩ ટકા વસતિ લઘુ અને મધ્યમ કક્ષાના ઉદ્યોગોમાં વ્યસ્ત હશે તેવી ધારણા છે.

૯. ભારતમાં બે પ્રખ્યાત ગેટ આવેલા છે જેમાં ''ઈન્ડિયા ગેટ'' દિલ્હીમાં આવેલો છે અને તેની ઊંચાઈ ૪૨ મીટરની છે. પ્રથમ વિશ્વયુદ્ધ દરમિયાન શહીદ થયેલા ભારતીય જવાનોની યાદમાં ૧૯૩૧માં તૈયાર કરીને તેના ઉપર શહીદ થનાર જવાનોનાં નામ કોતરવામાં આવ્યાં છે. જ્યારે ''ગેટ વે ઑફ ઈન્ડિયા'' મુંબઈમાં સમુદ્ર કિનારે ૧૯૨૪માં બ્રિટનના રાજા જ્યોર્જ પંચમની ભારતયાત્રાની યાદમાં બનાવાયો હતો. તેની ઊંચાઈ ૨૬ મીટર છે. ભારતને આઝાદી મળ્યા પછી અંતિમ બ્રિટિશ સેના આ દરવાજેથી સમુદ્ર રસ્તે ઇંગ્લેન્ડ ગઈ હતી.

૧૦. આઝાદી બાદનાં થયેલાં યુદ્ધોમાં મોરચા ઉપર શહીદ થયેલા લગભગ ૫૦ હજાર શહીદ સૈનિકોનું એક પણ સ્મારક નથી. ■

## શબ્દ રમત-૬૯નો ઉકેલ

| | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| હા | થ | સિ | લ | ક | | ભ | | મ | યૂ | રા | સ | ન | | બ |
| કે | | દ્ધિ | | પિ | | ર | તા | શ | | ઝ | | મા | | ર |
| મ | તા | | એ | | વિ | ત | | રૂ | ડું | | પ | જ | વ | ણી |
| ર | વ | | ક | પિ | લા | | ધા | | ગ | લ | ત | | હે | |
| સ | દા | | તા | | પ | ત | રા | વ | ળી | | રા | | મ | ય |
| | ન | વ | રો | જ | | લા | | રા | | વ | જી | ર | | શ |
| પ | | સુ | | લ | ચ | ક | | પ | લં | ગ | | મા | ન | ક |
| ત | ક | | કો | ક | મ | | વં | | | વ | રુ | | ગ | મ |
| | જા | લ | | મ | ન | ખા | દે | હ | | સી | | વા | | લ |
| બ | | ક | પા | ળ | | ત | | વ | | લો | ક | સ | ભા | |
| લા | ખ | | ને | | વી | ર | પ | સ | લી | | લ | | દ | શા |
| | ર | | ત | ત્પ | ર | | થ | | મ | યૂ | ર | | ર | |
| પ | ડ | ત | ર | | તા | ર | | વા | ડી | | વ | | વો | ટ |
| સ્તા | | રા | | મો | | બ | ચા | વ | | શ | | હે | | ન |
| વો | | પ | ના | હ | ગી | ર | | ડી | | ગ | ડ | મ | થ | લ |

એપ્રિલ-૨૦૧૨ના અંકમાં છપાયેલ શબ્દ રમત-૬૯ના ઉકેલમાં નીચે મુજબના સભ્યોએ પોતાના ઉકેલ લખીને મોકલાવ્યા છે.

| | | | |
|---|---|---|---|
| ૧. | પ્રતાપ નારાણજી દંડ | - અમદાવાદ | બધા સાચા |
| ૨. | પ્રભાબહેન મહેન્દ્ર શેઠિયા | - વલસાડ | ૧ ભૂલ |
| ૩. | અરવિંદ જે. ભટ્ટ | - અમદાવાદ | ૧ ભૂલ |
| ૪. | ચંદ્રા મહેન્દ્ર શાહ | - અમદાવાદ | ૪ ભૂલ |

★ **કારકિર્દી માર્ગદર્શન :** ધોરણ-૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓને કારકિર્દીલક્ષી માર્ગદર્શન આપવા માટે કચ્છના દરેક તાલુકામાં નિષ્ણાતોને સાથે લઈ જવાની પરંપરા 'કચ્છમિત્ર'એ આ વર્ષે પણ ચાલુ રાખી છે. કચ્છમિત્ર છેલ્લા ચાર વર્ષથી આ પ્રકારનું આયોજન હાથ ધરે છે.

★ **ક્વિન એલિઝાબેથ :** બ્રિટનની ક્વિન એલિઝાબેથ દ્વિતીયની તાજેતરમાં હીરક ઉજવણીમાં હિંદુ સમુદાયની આગેવાની બ્રિટન હિંદુ ફોરમના કચ્છી અધ્યક્ષ માધાપરના અરજણભાઈ કરશનદાસ વેકરિયાએ લઈ લેમ્બેથી પેલેસ ખાતે મુલાકાત કરી હતી.

★ **વીજતંત્રની વિક્રમી આવક :** કચ્છના વીજતંત્રના ઇતિહાસમાં માર્ચ માસમાં વિક્રમી આવક થઈ હતી. વર્ષ ૨૦૦૧ પછી વીજ વપરાશની દૃષ્ટિએ કચ્છમાં મોટાપાયે ઉછાળો આવ્યો છે. ભૂકંપ બાદ ઉદ્યોગ ગૃહોના આગમન બાદ કચ્છના બદલાયેલા ચિત્ર પછી વીજ વપરાશની માંગ સ્વાભાવિક વધી જતાં માસ માર્ચના એક જ મહિનામાં બે અબજની આવક થઈ હતી.



**સંકલન : રજનીકાંત ધરમશી પારેખ**
**દિનેશ આર. મહેતા**

★ **લવાદ કેન્દ્રનો આરંભ :** પરસ્પરના માધ્યમથી વિવાદનો અંત લાવવાની દેશની પ્રાચીન પરંપરાને આધુનિક અને તાલીમબદ્ધ મધ્યસ્થીકારની મદદથી વિવિધ અદાલતોમાં પડતર કેસોનું ભારણ ઘટાડવા ઉપરાંત પક્ષકારોને ઝડપી અને સુખદ નિર્ણય આપી શકાશે તેવો વિશ્વાસ ગુજરાત હાઈકોર્ટના એક ન્યાયાધીશે તાજેતરમાં ભુજ ખાતે ૧૯મા મધ્યસ્થી કેન્દ્રનું લોકાર્પણ કર્યું હતું.

★ **મર્કેન્ટાઇલ બેંક :** રિઝર્વ બેંકની જોગવાઈઓનો ગંભીરતાથી અમલ ન કરી સભાસદોના ભોગે વહીવટ ચલાવવાના આક્ષેપ સાથે તાજેતરમાં એક મહત્ત્વપૂર્ણ પગલાંરૂપે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ ભુજ મર્કેન્ટાઈલ કો.ઓ. બેંક તથા તેની જ ભગિની એવી રાપર સ્થિત કચ્છ મર્કેન્ટાઈલ કો.ઓ. બેંક લિ.ના બોર્ડ ઓફ ડિરેક્ટરને દૂર કરી વહીવટદારની નિમણૂક કરતાં કચ્છભરમાં બંને બેંકોની આર્થિક સ્થિતિ સંદર્ભે ચર્ચા સાથે ચિંતાનું મોજું ફેલાઈ ગયું હતું.

★ **મુંદ્રા તાલુકામાં દારૂની બદી :** મુંદ્રા વિસ્તારમાં હાલે દારૂની ગેરકાયદે બદીના લીધે પરિસ્થિતિ એકદમ રામભરોસે જેવી થઈ છે અને તેનાં પરિણામે તે વિસ્તારમાં લગભગ ૨૩૨ જણ મોતના મુખમાં ધકેલાઈ ગયા છે તેવી રજૂઆત અમદાવાદમાં સમાજસેવા અને જીવદયાનું કામ કરનાર ગીતાબહેન રાંભિયા સ્મૃતિ અહિંસા ટ્રસ્ટના ચેરમેન બચુભાઈ રાંભિયાએ તાજેતરમાં કચ્છ જિલ્લા કલેક્ટરશ્રી સમક્ષ કરી હતી.

★ **સ્વ. દેવરામ વરુના નામે એવૉર્ડ :** સાહિત્ય અને પત્રકારત્વ ક્ષેત્રે ઊભરતા નવોદિતોને પ્રોત્સાહન આપવા માટે તાજેતરમાં ભુજની 'ફોરમ' સંસ્થા દ્વારા સ્વ. દેવરામ વરુના નામે ઍવૉર્ડ આપવાની જાહેરાત થઈ છે. સ્વ. વરુની પત્રકારત્વ ક્ષેત્રની કામગીરીની નોંધ લઈને આ પ્રકારના ઍવૉર્ડ સાથે તેમનું નામ જોડવામાં આવ્યું છે.

★ **મુંદ્રા તાલુકાના ખેડૂતોની મુશ્કેલી :** મુંદ્રામાં અદાણી કંપનીના આગમન બાદ સ્થાનિક રહેવાસીઓ સાથે મનફાવે તેવું વર્તન થાય છે. તાજેતરમાં અદાણી પોર્ટના ગેટ પાસે સેઝના નામે જે જમીન પર અદાણી દ્વારા બાઉન્ડ્રી બનાવવાનું કામ ચાલુ કરવામાં આવ્યું એ જમીન વચ્ચેથી પસાર થતાં અનેક રસ્તાઓ પણ કંપની દ્વારા બંધ કરવામાં આવતાં, સ્થાનિક ખેડૂતોમાં ઉગ્ર રોષ ફેલાતાં તેમજ સ્થાનિક પોલીસ દ્વારા યોગ્ય કાર્યવાહી ન થવાના કારણે ગ્રામજનોએ અદાણી કંપની વિરુદ્ધ આંદોલન છેડવાનું અને મામલતદાર ઓફિસ સામે ધરણાં કરવાનું નક્કી કર્યું છે.

**<u>'મંગલ મંદિર' માટે ખાસ</u>**

★ **પ્રામાણિકતાને સલામ :** *મૂળ માંડવી કચ્છના પણ હાલ અમદાવાદમાં શાકભાજી વેચી પરિવારનું ગુજરાન ચલાવતા ૬૦ વર્ષીય દેવીપૂજક વૃદ્ધાએ અતુલ્ય ભારતની છાપ સાચી છે તેની પ્રતીતિ વિદેશી મહિલાને તેના લાખો રૂપિયા અને ડૉલરનું પર્સ પરત આપીને કરાવી હતી.*

*કંકુબહેન સકરાભાઈ પટ્ટણી લગ્ન પ્રસંગે અમદાવાદથી માંડવી*

*ગયા હતા. સીરવા ગામમાં રસ્તા પરથી એક મોટું લેડીઝ પર્સ મળ્યું. જેમાં ભારતીય ચલણના લાખો રૂપિયા તથા અમેરિકન ડોલરની થપ્પીઓ, પાસપોર્ટ, એરટિકિટ સહિતની સામગ્રીઓ હતી. તેઓ તુરંત જ ઘરે ગયા અને પર્સ કોનું ખોવાયું છે તેની તપાસ આદરી. ત્યારબાદ પર્સમાંથી માંડવીની એક હોટલનું બીલ મળ્યું. તેના આધારે કંકુબહેન તથા એક યુવાન હોટલ પર પહોંચ્યા. અમેરિકન મહિલા ત્યાં જ હતી. મહિલાની આંખો રડી રડીને સૂઝી ગઈ હતી. કંકુબહેને પૂરતી ખાતરી બાદ કિંમતી પર્સ મહિલાને સુપરત કર્યું હતું. તે વિદેશી મહિલા તેમને ભેટી પડી. પ્રવાસી મહિલાએ આ પ્રામાણિકતાને યાદગાર ગણાવી 'ઈન્ક્રેડીબલ ઈન્ડિયા'ની ભાવનાના સ્મરણરૂપે કંકુબહેન સાથે વિડીયોગ્રાફી કરાવી. ત્યારબાદ યાદગીરી રૂપે તેમણે કંકુબહેનને ઈનામ આપવાની ઈચ્છા દર્શાવી. પરંતુ અસલ કચ્છીયત બતાવી તેમણે સ્પષ્ટ ઈન્કાર કર્યો. આખરે લાગણી સામે તેમણે ઝૂકવું પડ્યું. તેમને તથા તેમની સાથે રહેલા યુવાનને યાદગીરી રૂપે થોડી રકમનો સ્વીકાર કર્યો. આ રીતે કંકુબહેને કચ્છી પરંપરાનું શ્રેષ્ઠ ઉદાહરણ આપ્યું અને 'અતુલ્ય ભારત'ની પ્રતીતિ કરાવી. કચ્છની એક ઉમદા છાપ લઈને તે અમેરિકન મહિલા કચ્છથી મુંબઈ તરફ ગયેલ.*

*આજના આ જમાનામાં થોડા નાણાં માટે પણ ઈમાન વેચવા તૈયાર થઈ જતા લોકોને પણ એક ગરીબ વૃદ્ધાએ પ્રામાણિકતાનો સંદેશ આપ્યો હતો અને તે પણ કચ્છી મહિલા! તેમની પ્રામાણિકતાને સલામ!! આ છે કચ્છીયત.*

★ **વ્રજવાણી ધામ પ્રવાસન ક્ષેત્રે :** ૫૫૭ વર્ષ પૂર્વે જે ભૂમિ ઉપર કૃષ્ણ ભકતિમાં લીન થઈ સંગીત અને સૂરની આરાધના કરતાં કરતાં ૧૪૦ આહીરાણીઓએ સતીત્વ સ્વીકાર્યું. ત્યારના ઈતિહાસને ફરી શબ્દો સાથે રજૂ કરી એક જ સ્થળે ઢોલની દાંડી ઉપર જ્યારે વ્રજવાણી (તા. રાપર) સ્થળે તાજેતરમાં રાસ રજૂ થયો હતો. ત્યારે વ્રજવાણીમાં ઊભેલા પાળિયા પણ જાણે ડોલતા થયા હોય તેવો માહોલ સર્જાયો હતો.

ઢોલ, રાસ, ઢોલની દાંડી અને હાથ, પગ, શરીરની થીરકન સાથે સાડા પાંચસો વર્ષથી સંકળાયેલા ઈતિહાસને જીવંત કરવા વ્રજવાણી ગામે રાધાકૃષ્ણ મંદિરના પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ આહીર સમાજ દ્વારા તાજેતરમાં ઉજવાયો હતો. તે પ્રસંગે કાર્યક્રમના પ્રમુખ સ્થાને ઉપસ્થિત રહેલા રાજ્ય મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે વ્રજવાણીની પવિત્ર ભૂમિને ઐતિહાસિક અને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવામાં આવશે. ત્યારબાદ જિલ્લા પંચાયતના પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે વ્રજવાણીનો ઈતિહાસ હવે શ્રાપમાંથી આશીર્વાદરૂપમાં પલટીને આવનારી પેઢીઓને વર્ષો સુધી માર્ગદર્શન આપતો રહેશે. વ્રજવાણી હવે વીરતા અને બલિદાનની ઓળખ બની જશે.

★ **૧૪૦ વિદ્યાર્થીઓએ પીએચ.ડી.ની પરીક્ષા આપી :** ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણવર્મા — એ કોઈ વ્યક્તિ કે પક્ષની દેન નથી પરંતુ કચ્છના વિદ્યાર્થીઓની વિદ્યા મેળવવાની ઝંખનાને ન્યાય દેવાની પ્રક્રિયા છે. તેવા સૂર સાથે રાપરના ધારાસભ્ય શ્રી બાબુભાઈ મેઘજી શાહે કચ્છ જિલ્લાના ૧૪૦ વિદ્યાર્થીઓએ પીએચ.ડી.ની પરીક્ષા આપી એ બદલ આનંદની લાગણી વ્યક્ત કરી હતી.

આટલી મોટી સંખ્યામાં કચ્છના છાત્રો પીએચ.ડી. જેવું ઉચ્ચ શિક્ષણ મેળવીને પરીક્ષા પણ ઘર આંગણે આપી શકે તે કચ્છ જિલ્લાના શિક્ષણ જગતના ઈતિહાસમાં સીમાચિહ્નરૂપ ઘટનાક્રમ ગણાય તેમ તેઓશ્રીએ વધુમાં ઉમેર્યું હતું. ■

# લગ્નોત્સુક ઉમેદવારોની માહિતી

| | | | | |
|---|---|---|---|---|
| | |  |  |  |
| (૧) ઉમેદવારનું નામ | : | **પરાગ** | **હેમીન** | **ભાવિન** |
| (૨) પિતાશ્રીનું નામ | : | દિનેશભાઈ | અમરચંદ | પ્રદીપ |
| (3) માતાશ્રીનું નામ | : | દિવ્યાબહેન | કુસુમ | પ્રીતિ |
| (૪) અટક | : | રાંભિયા | ગડા | સંઘવી |
| (૫) જ્ઞાતિ | : | કચ્છી વીસા ઓસવાળ | કચ્છી વીસા ઓસવાળ | કચ્છી ગુર્જર |
| (૬) સંપ્રદાય | : | દેરાવાસી | દેરાવાસી | દેરાવાસી |
| (૭) મૂળ વતન | : | રામાણિયા | બિદડા | મુંદ્રા |
| (૮) જન્મ તારીખ | : | ૨૧-૧૦-૧૯૮૭ | ૧૭-૧૦-૧૯૮૭ | ૩૦-૦૬-૧૯૮૫ |
| (૯) ઉંમર વર્ષ | : | ૨૪ | ૨૪ | ૨૭ |
| (૧૦) ઊંચાઈ | : | ૫'૧૧" | ૫'૩" | ૫'૫" |
| (૧૧) વજન | : | ૬૩ કિ.ગ્રા. | ૭૦ કિ.ગ્રા. | ૫૦ કિ.ગ્રા. |
| (૧૨) દેખાવ | : | ઘઉંવર્ણો | ઘઉંવર્ણ | ઘઉંવર્ણ |
| (૧૩) અભ્યાસ | : | H.S.C. | H.S.C. | B.Com., MBA |
| (૧૪) નોકરી ધંધો (પોતાનો) | : | VIPમાં મેનેજર | સ્વતંત્ર ધંધો | નોકરી |
| (૧૫) ઉમેદવારની વાર્ષિક આવક | : | ૨,૦૦,૦૦૦/- | — | — |
| (૧૬) નોકરી ધંધો (પિતાજીનો) | : | નોકરી | સ્વતંત્ર ધંધો | સ્વતંત્ર ધંધો |
| (૧૭) સરનામું | : | બી-૨૦, મોનાણી સદન, જવાહરલાલ નહેરુ માર્ગ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦. | ડી-૮, ગૌતમ એપાર્ટમેન્ટ, જી.આઈ.ડી.સી., વાપી. | ચિત્રકુટ એપાર્ટમેન્ટ, ૨૬, વાહનબી રોડ, કિલપૌક, ચેન્નાઈ. |
| (૧૮) ફોન નંબર | : | | | ૨૬૪૨૦૦૧૬ |
| (૧૯) મોબાઈલ નંબર | : | ૯૮૬૯૯ ૦૭૧૨૪ | ૮૦૦૦૬ ૫૬૩૮૯ | ૯૮૮૪૨ ૭૦૮૪૭ |
| (૨૦) ભાઈ – બહેન | : | — | — | ૧ – ૧ |
| (૨૧) કુંડળીમાં માનો છો? | : | શનિ છે. | મંગળ - શનિ લાઈટ | — |

# લગ્નોત્સુક ઉમેદવારોની માહિતી

| | | | | |
|---|---|---|---|---|
| |  |  |  |  |
| (૧) | **હાર્દિક** | **અમર** | **શૈલી** | **ઈશા** |
| (૨) | પ્રભુલાલ | ઉમરશી | શાંતિલાલ | મહેન્દ્ર |
| (૩) | મંજુલાબહેન | લક્ષ્મીબહેન | | જક્ષા |
| (૪) | પુજ | રાંભિયા | રાંભિયા | રાંભિયા |
| (૫) | ગુર્જર જૈન | કચ્છી વીસા ઓસવાળ | કચ્છી વીસા ઓસવાળ | કચ્છી વીસા ઓસવાળ |
| (૬) | સ્થાનકવાસી | સ્થાનકવાસી | | |
| (૭) | અંજાર | સમાઘોઘા | રામાણિયા | રામાણિયા |
| (૮) | ૦૫-૧૨-૧૯૮૨ | ૦૩-૦૪-૧૯૮૧ | ૦૧-૦૮-૧૯૮૮ | ૧૮-૧૦-૧૯૮૬ |
| (૯) | ૨૯ | ૩૧ | ૨૩ | ૨૫ |
| (૧૦) | – | ૫'૬" | ૫'૫" | ૫'૨" |
| (૧૧) | – | ૬૫ કિ.ગ્રા. | ૫૦ કિ.ગ્રા. | ૫૪ કિ.ગ્રા. |
| (૧૨) | સામાન્ય | સામાન્ય | ગોરો | ગોરો |
| (૧૩) | S.S.C. | H.S.C. | Dip. in Home Sc. | M.Com. |
| (૧૪) | મોબાઈલ શોપ | રેડીમેડ ગારમેન્ટ | | HULમાં નોકરી |
| (૧૫) | માસિક ૨૦,૦૦૦/- | માસિક ૧૫,૦૦૦/- | | |
| (૧૬) | એડવોકેટ | નિવૃત્ત | ટ્રાવેલીંગ | સ્વતંત્ર ધંધો |
| (૧૭) | સાધના,<br>નગર ચકલા,<br>ભુજ. | ૨૩, શક્તિપાર્ક સોસાયટી,<br>ઈન્દિરા ગાંધી માર્ગ,<br>નડિયાદ. | ૨૮/બી, રંગસાગર ફ્લેટ,<br>પી.ટી. કોલેજ રોડ,<br>પાલડી,<br>અમદાવાદ. | ૧૬, રઘુનંદન એપાર્ટમેન્ટ,<br>રામનગર,<br>સાબરમતી,<br>અમદાવાદ. |
| (૧૮) | ૨૨૧૧૨૨ | | ૨૬૬૩ ૩૯૬૪ | ૨૭૫૦ ૦૨૪૦ |
| (૧૯) | | ૯૨૨૮૧ ૦૬૧૫૬ | ૯૯૭૯૯ ૩૮૧૬૪ | ૯૮૨૫૫ ૭૮૨૪૦ |
| (૨૦) | ૧ – ૩ | ૨ – ૧ | ૦ – ૨ | ૧ – ૦ |
| (૨૧) | | મંગળ છે. | — | — |

# લગ્નોત્સુક ઉમેદવારોની માહિતી

| | | | |
|---|---|---|---|
| |  |  |  |
| **(૧) ઉમેદવારનું નામ :** | **હેલી** | **રીદ્ધિ** | **વર્ષા** |
| **(૨) પિતાશ્રીનું નામ :** | રાજેન્દ્ર | પ્રદીપ | ઉમરશી |
| **(3) માતાશ્રીનું નામ :** | | પ્રીતિબહેન | લક્ષ્મીબહેન |
| **(૪) અટક :** | દોશી | સંઘવી | રાંભિયા |
| **(૫) જ્ઞાતિ :** | વાગડ બે ચોવીસી | કચ્છી ગુર્જર જૈન | કચ્છી વીસા ઓસવાળ |
| **(૬) સંપ્રદાય :** | સ્થાનકવાસી | | સ્થાનકવાસી |
| **(૭) મૂળ વતન :** | ભુજ | મુંદ્રા | અજરામર |
| **(૮) જન્મ તારીખ :** | ૦૫-૦૩-૧૯૮૫ | ૩૦-૦૮-૧૯૮૪ | ૨૫-૦૬-૧૯૮૪ |
| **(૯) ઉંમર વર્ષ :** | ૨૭ | ૨૮ | ૨૮ |
| **(૧૦) ઊંચાઈ :** | ૫'૬" | ૫'૨" | ૫'૩" |
| **(૧૧) વજન :** | ૭૦ કિ.ગ્રા. | ૫૦ કિ.ગ્રા. | ૫૫ કિ.ગ્રા. |
| **(૧૨) દેખાવ :** | ગોરો | | ઘઉંવર્ણ |
| **(૧૩) અભ્યાસ :** | B.E. (Information Tech.) | C.A., B.Com. | S.S.C. |
| **(૧૪) નોકરી ધંધો (પોતાનો) :** | કોગ્નીઝન્ટ ટેકનો.માં નોકરી | આસિ. મેનેજર - KPMG | |
| **(૧૫) ઉમેદવારની વાર્ષિક આવક :** | | | |
| **(૧૬) નોકરી ધંધો (પિતાજીનો) :** | સિવિલ એન્જિનિયર | | નિવૃત્ત |
| **(૧૭) સરનામું :** | એ-૭, અક્ષત એપાર્ટમેન્ટ,<br>દીવા મેડિકલ સેન્ટર સામે,<br>આંબાવાડી,<br>અમદાવાદ. | ૨૬, બારનાબી રોડ,<br>ચિત્રકુટ એપાર્ટમેન્ટ,<br>કીલપૌક,<br>ચેન્નાઈ-૧૦. | ૨૩, શક્તિપાર્ક સોસાયટી,<br>ઈન્દિરા ગાંધી માર્ગ,<br>વલસાડ-૨.<br>**ડાયવોર્સી છે** |
| **(૧૮) ફોન નંબર :** | | | |
| **(૧૯) મોબાઈલ નંબર :** | ૯૮૨૫૩ ૪૬૧૦૧ | ૯૮૮૪૪ ૩૮૯૫૦ | ૯૨૨૮૧ ૦૬૧૫૬ |
| **(૨૦) ભાઈ – બહેન :** | ૧ – ૧ | ૨ – ૦ | ૩ – ૦ |
| **(૨૧) કુંડળીમાં માનો છો? :** | – | — | ના. |

## દીકરી તારા માટે!

સૌનું માન સાચવવા માટે નયના અમારી સાથે મંદિરમાં તો પ્રવેશી પણ... ભગવાનની સામે યંત્રવત્ હાથ જોડીને ઊભી રહી. સાવ શૂન્ય મનસ્ક... જાણે દર્શન કરવાનું નાટક કરતી હોય...

મેં ધીમે રહીને એને કહ્યું : "નયના, શ્રદ્ધાપૂર્વક ભગવાનને પ્રાર્થના કરીશ તો જરૂરથી ફળ પ્રાપ્ત થશે."

જેમ તેમ ભગવાનને માથું નમાવી એ અમારી સાથે બહાર નીકળી. બહાર નીકળતાં જ ગંભીરતાથી મને કહે, 'અંકલ, મને હવે પ્રભુમાં કોઈ શ્રદ્ધા નથી. મેં જ્યારે એની પાસે સુખ માગ્યું છે ત્યારે ભગવાને મને છેતરી છે. એણે સુખનું મહોરું પહેરાવી મારી પાસે દુઃખ જ મોકલ્યું છે. સોનેરી પરબીડિયામાંથી કાળોત્રી નીકળે એમ હવે પછી મને પ્રાર્થના કરવાનું કહેશો નહિ.'

નયનાની આંખમાંથી ટપકેલા અશ્રુબિંદુઓએ મને સાવ મૂંગો કરી દીધો. નયનાની વાતમાં તથ્ય તો હતું જ. એના જીવનની વ્યથાભરી કથા એટલું તો સાબિત કરે છે કે કુદરતે એને હંમેશાં છેતરવાનો જ દાવ ખેલ્યો છે.

નયના સુખી મા-બાપની એકની એક પુત્રી હતી. ત્રણ ભાઈઓની લાડલી એક નાની બહેન હતી. એસ.એસ.સી.માં એ એંસી ટકા માર્કસ સાથે પાસ થઈ હતી. એના ગણિત-વિજ્ઞાનમાં નવ્વાણું ટકા માર્કસ હતા. એની ઈચ્છા હતી મેડિકલમાં જવાની... ડૉક્ટર બનવાની... પણ એસ.એસ.સી.નું રીઝલ્ટ આવ્યું એ પહેલાં જ એના પિતા હાર્ટ ઍટેકમાં અવસાન પામ્યા. પિતાની અત્યંત લાડલી નયના મહિનાઓ સુધી ડિપ્રેશનમાં રહી અને દસ બાર મહિનાની ટ્રીટમેન્ટ પછી ભાઈઓના સહારે એ આગળ તો ભણી પણ થઈ આર્ટસ ગ્રેજ્યુએટ બી.એ. વીથ સાયકોલોજી!

જોકે જીવનસાથી તરીકે એને મળ્યો હતો મનગમતો યુવાન નીરવ. નીરવ સામાન્ય ઘરનો, પણ ખૂબ સંસ્કારી અને પ્રેમાળ. પણ પરણ્યાને આઠ વર્ષ વીત્યાં તો પણ નયનાનો ખોળો ખાલી રહ્યો. સંવેદનશીલ નયના ઝંખતી હતી એક ખોળાના ખૂંદનારને પણ કુદરતે એને ખૂબ ટટળાવી.

ડૉક્ટર - વૈદની કેટકેટલી દવા ખાધી. કેટકેટલી માનતાઓ રાખી. દેવ એટલા દીવા કર્યા અને પથ્થર એટલા દેવ... આખરે નયનાને માતૃત્વની દીક્ષા મળી. એક રૂપાળી - ગોરી - હૃષ્ટપુષ્ટ દીકરીને જન્મ આપી નયના અઢળક ખુશાલીમાં ખોવાઈ ગઈ પણ એની ખુશાલી પૂરા પંદર મહિના પણ ન ટકી. જ્યારે એની દીકરીની કેટલીક વિચિત્રતાઓને તપાસીને ડૉક્ટરે જાહેર કર્યું કે, એની દીકરી ચેતના મંદબુદ્ધિની છે.

દિવસ-રાત નયના પ્રભુને પ્રશ્ન કરતી હતી, "પ્રભુ આટલાં વરસ મને ટટળાવી... અને આખરે મને છેતરી! હશે, પ્રભુ... તું ભલે મને છેતરી ગયો... પણ હું મારી દીકરીને નહિ છેતરું. તું 'પ્રભુ' છે પણ હું તો 'મા' છું."

નયનાએ ફરી ડૉક્ટરો અને હૉસ્પિટલનાં ચક્કરો કાપવાના શરૂ કર્યા. એક ઊંડી આશા સાથે કે કદાચ એની દીકરી ચેતનાને કોઈ દવા લાગુ પડી જાય!

નયનાને એના પતિ નીરવનો પૂરો સાથ હતો. નીરવને રેડીમેડ કાપડનો બિઝનેસ હતો. ખાધેપીધે સુખી એવી હાલત હતી. માતાપિતા હતાં પણ એ એના નાના ભાઈ સાથે રહેતાં હતાં. રેડીમેઈડ કાપડના બિઝનેસની કમાણીમાંથી નીરવે સારી એવી બચત કરી હતી. નયના અને નીરવનું સ્વપ્ન હતું કે એ બચતમાંથી એક સરસ મજાનું ટેનામેન્ટ ખરીદીશું! પણ નાનકડી ચેતનાને માનસિક ચેતના મળી આવે... કમ સે કમ એટલી તો તૈયાર કરી શકાય કે એ જાતે પોતાની જાતને સાચવી શકે... પૂરા પાંચ વર્ષ પતિ-પત્ની સાચી-ખોટી આશામાં ચેતનાના ઈલાજ માટે ઝઝુમ્યાં. અને એક ટેનામેન્ટનું સ્વપ્ન પણ ખોઈ નાખ્યું... ટેનામેન્ટ માટેની તમામ બચત ખર્ચાઈ ગઈ પણ કુદરતે યારી ન આપી અને આખરે ચેતનાનું દર્દ નાઈલાજ છે એમ સ્વીકારી નીરવ - નયનાએ ભાગ્યના ભરોસે જીવવાનો નિર્ણય કર્યો.

કેટલાક માણસોના જીવનમાં કુદરત ક્રૂર મજાક જ કરતી હોય છે. જીવનના કપરા રાહ પર દોડતો માણસ ઘડી બે ઘડી શ્વાસ લેવા ઊભો રહે ત્યાં તો એના જીવનમાં ફરી વિપત્તિનાં વાદળ વરસી પડે! મહાપરાણે કુદરતી સંજોગો સાથે સમાધાન કરી જીવન જીવવા માટે નીરવ-નયના સ્વસ્થ થયાં, ત્યાં તો કુદરતે નયનાના જીવનને પીંખી નાખ્યું. એક દિવસ નીરવ અકસ્માતનો ભોગ બન્યો.

હૉસ્પિટલના બિછાના પર અર્ધબેભાન અવસ્થામાં નીરવ મૃત્યુની જાણે રાહ જોતો હતો. એ જીવી શકે એમ ન હતો. પણ એની પીડાનો અંત પણ આવતો ન હતો. ન જાણે કેમ એ મરી શકતો ન હતો. આખરે નયના ચેતનાને બાથમાં લઈને એના બિછાના પાસે આવી અને નીરવનો હાથ ચેતનાના શિરે મૂકીને એટલું જ બોલી, "નીરવ તારી ને મારી આ સહિયારી અમાનત છે. હું સાચવીશ." અને નીરવે હંમેશને માટે આંખ મીંચી દીધી.

નયનાને જીવનમાં રસ ન હતો અને છતાંય ચેતનાને માટે એને જીવવાનું હતુ! એણે નીરવને વચન આપ્યું હતું.

નયનાની આર્થિક સ્થિતિ ખરાબ ન હતી. ભાઈઓ એની પડખે હતા પણ એ જાણતી હતી કે નીરવની હુંફ અને સાથ વિના જીવનના કપરા રાહ પર એણે એકલીએ ચાલવાનું હતું. એના જીવનનું ધ્યેય હતું એક માત્ર ચેતના!

નયનાના મોટાભાઈ વ્યવહારકુશળ હતા. એક દિવસ ઘરના ખૂણે બેસાડીને નયનાના મોટાભાઈએ નયનાને કહ્યું : 'નયના, હું તારો મોટો ભાઈ છું. પિતાના સ્થાને છું એમ સમજ. હું મારી રીતે તને વાત કરું એને ખોટા અર્થમાં ન લઈશ.'

"અમે તારી દીકરી ચેતનાને દત્તક લઈશું જેથી ચેતનાની જવાબદારીમાંથી તું મુક્ત થઈ જઈશ. તારી દીકરીની ચિંતા તું છોડી દે. તું પુનઃલગ્ન કરે તો એમાં અમે રાજી છીએ." નયનાની આંખો અશ્રુઓથી વરસી ગઈ. સ્વસ્થ થઈને એણે કહ્યું, 'મોટાભાઈ, સગી

*સંશય મોત છે અને ભરોસો જીવન છે.*

મા થઈને હું મારી દીકરી બીજાને હવાલે કરું? અને આવી અપંગ દીકરીને તો માની સૌથી વધારે જરૂર હોય! એને છોડીને હું પુનઃલગ્ન કરું?'' મોટાભાઈએ એમની વ્યવહારિકતાની ફરી અજમાઈશ કરી. એમણે કહ્યું, 'બહેન, આપણે એવો કોઈ યુવાન શોધીએ કે જે તારા સંતાન સહિત તને અપનાવે.'

નયનાનો જવાબ 'ના' હતો. એનું કહેવું હતું કે કુદરતે જ્યારે એનો સગો બાપ છીનવી લીધો છે ત્યારે મારે ચેતનાના પિતાની જવાબદારી પણ અદા કરવાની છે. હું જો પુનઃલગ્ન કરું તો મારે મારા હૃદયની લાગણીઓમાં બીજા પુરુષને પણ ભાગ આપવો પડે. એક પુરુષ જે મને પરણે એને સાચવવાની... એને સ્નેહ કરવાની પણ મારી જવાબદારી બને. હું મારા હૃદયની લાગણીઓ, સંવેદના મારી દીકરી માટે અનામત રાખીશ. મારે મારી શક્તિ ને ભક્તિ બીજા કોઈને માટે ખર્ચવી નથી. કદાચ હું પુનઃલગ્ન કરું અને એ પુરુષ ચેતનાને હૃદયથી ન સ્વીકારી શકે તો? હું નીરવની આ અમાનત માટે કોઈ જોખમ લેવા માંગતી નથી.'

નયનાના ભાઈ આખરે એમની દબાયેલી ચિંતાને પ્રગટ કર્યા વિના ન રહી શક્યા. એમણે કહ્યું, 'અમારી નજરમાં તારું સ્થાન ખૂબ ઊંચું છે. એટલે જ તને પુનઃલગ્ન માટે સલાહ આપીએ છીએ.'

નયનાનો જવાબ એના માતૃત્વની ચરમસીમાને સ્પર્શતો હતો. એણે કહ્યું, 'મોટાભાઈ, મારે એવા સંતાનની સાચી માતા બનીને જીવવાનું છે કે જેને 'માતા' અને 'પિતા'ને ઓળખવાની સ્થિતિ પણ નથી. પોતાના જીવનની પણ કોઈ પહેચાન નથી. એવા એના અસ્તિત્વનો પણ કોઈ અહેસાસ નથી!

નયનાના જવાબે મોટાભાઈને હંમેશને માટે નિરૂત્તર કરી દીધા.

નયનાએ મંદબુદ્ધિના બાળકોના યોગ્ય ઉછેર માટે તાલીમ મેળવી. મંદબુદ્ધિના બાળકોની શાળામાં ચેતનાને દાખલ કરી. એણે પોતે પણ આવી શાળામાં શિક્ષિકા તરીકે કામગીરી બજાવી.

આજે મંદબુદ્ધિની 'ચેતના' પોતાનું કામ પોતાની રીતે કરે છે. એનામાં કોઈ આક્રમકતા આવી નથી અને એની મમ્મી નયના ટિફીન યોજના ચલાવે છે. એમાં અપંગ વ્યક્તિ આપી શકે એવો સહકાર આપે છે.

માતૃત્વના પાગલપને ચેતનાને સાવ પાગલ બનવા દીધી નહીં. આખરે નયનામાં રહેલી 'માતા' જીતી ગઈ.

આજે પણ 'ચેતના'ની દુનિયામાં એની માતા જ છવાયેલી છે. મંદબુદ્ધિની ચેતના માતાને વંદન કરતાં તો શીખી છે. ભલે એ સ્પષ્ટ બોલી શકતી નથી પણ અબુધ પશુ-પંખીની જેમ વહાલનો અનુભવ તો કરી શકે છે અને મૂંગાં મૂંગાં પણ પશુ-પંખી વહાલને વધાવતાં હોય છે, એમ ચેતના પણ મૂંગી રહીને માને જ્યારે ગળે વળગે છે ત્યારે કદાચ એનું અબુધ હૈયું માની ભાષામાં કહેતું હશે : ''મા તુજને વંદન!''

*સાભાર : "સુવિચાર"*

# સમાજ દર્પણ

## સરનામા ફેરફાર

- **શ્રી જગદીશભાઈ શાંતિલાલ ત્રેવડિયા**
  ૪૦૧, શિખાવલિ એપાર્ટમેન્ટ,
  મહાવીર ટાવરની બાજુમાં,
  હોટલ હેરિટેજની બાજુમાં, પાલડી,
  અમદાવાદ-૩૮૦ ૦૦૬.
  ફોન : (ઘર) (૦૭૯) ૨૬૬૫૦૩૮૫
  મો. ૯૩૭૪૯૯૧૧૦૨, ૯૪૨૬૧૪૧૬૭૮
- **શ્રી અરુણકુમાર એસ. જૈન**
  ફ્લેટ નં.-૧૦૧, સ્વામિનારાયણ પાર્ક-૧,
  જી.ડી. શાહ કૉલેજની પાછળ,
  વાસણા, અમદાવાદ-૩૮૦ ૦૦૭.
  મો. ૯૮૭૯૮ ૯૬૪૩૩

## ફોન નંબર ફેરફાર

- **ધનલક્ષ્મીબહેન હરિલાલ દોશી**
  ફોન : (ઘર) ૦૭૯-૨૬૬૦૧૫૨૭
  મો. ૯૪૨૯૩ ૫૬૨૭૦

## શરણાઈ

- **શનિવાર, તા. ૭-૪-૨૦૧૨**
  **ચિ. હીરેન**
  **હંસરાજભાઈ સતરા (હાલાપુર) અમદાવાદના સુપુત્ર**
  **ચિ. નયના**
  **હેમલતાબહેન અને ઈન્દ્રવદન પટેલ - મુંબઈનાં સુપુત્રી**

## પુત્ર જન્મ

- **તા. ૨-૧૧-૨૦૧૧**
  **જેનીશ દેવાંગ મણિકાંતભાઈ દંડ (પરજાઉ) (જન્મ : લંડન)**
  **માતુશ્રી : દર્શિકાબહેન દેવાંગ દંડ**
  (પરિવાર દ્વારા માહિતી તાજેતરમાં આપવામાં આવી છે.)
  અભિનંદન!

## પુત્રી જન્મ

- **તા. ૧૪-૧૨-૨૦૧૦**
  **દિયા પ્રીતેશ ગુલાબભાઈ દંડ (પરજાઉ) (જન્મ : મુંબઈ)**
  **માતુશ્રી : લક્ષ્મીબહેન પ્રીતેશ દંડ**
  (પરિવાર દ્વારા માહિતી તાજેતરમાં આપવામાં આવી છે.)
  અભિનંદન!

## વિદેશ પ્રયાણ



આઈ ગેટ પટની લિ.માં સોફ્ટવેર એન્જિનિયર તરીકે કાર્યરત **શ્રી હર્ષેશ અરવિંદ ધારશીભાઈ શાહ (ભુજપુર) અમદાવાદ** કંપનીના પ્રોજેક્ટ લીડર તરીકે તા. ૭-૪-૨૦૧૨ના યુ.એસ.એ. પ્રસ્થાન કરેલ છે.

## મહાન માણસ

અબ્રાહમ લિંકન. અમેરિકાના પ્રમુખ.

એક હોટલમાં ચા પીવા ગયેલા. એ વખતે એ અમેરિકામાં પ્રમુખ બન્યા ન હતા.

હોટલમાં એક હબસી નોકર. તેણે આ ગોરાની (અબ્રાહમ લિંકન) ખાતરબરદાસ્ત કરી. બહાર નીકળતાં લિંકને તેને બક્ષિસ આપી માથા પરથી હેટ ઉતારી તેનો આભાર માન્યો.

પેલો હબસી તો ખુશ ખુશ થઈ ગયો. તેણે તરત જ કહ્યું : "સાહેબ, તમે કોઈ મહાન માણસ લાગો છો."

લિંકને જવાબ આપ્યો : 'અરે, હું તો સાવ સામાન્ય માણસ છું.'

"તો તમે મહાન થશો જ."

"અરે વાહ! તેં મારું ભવિષ્ય શી રીતે ભાખ્યું?"

સાહેબ, આ હોટલમાં હું અઢાર વર્ષથી નોકરી કરું છું : દરેકને સરસ સેવા આપું છું.... પણ બદલામાં "નીગર", "કાળિયા", "બગર" "ઢેમ" જેવા શબ્દો જ સાંભળવા મળ્યા છે. આજે તમે પહેલા છો, જેમણે મારી સાથે સારી રીતે વાત કરી હોય અને આભાર માન્યો હોય....!

એમ કહીને વૃદ્ધ હબસી મહાન લિંકનને લળી લળીને નમી રહ્યો.

*સાભાર : 'જીવન સુરભિ'*

*પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ)*

# સાભાર સ્વીકાર

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદને અલગ અલગ ખાતામાં પ્રાપ્ત થયેલ દાનની વિગત (એપ્રિલ-૨૦૧૨)*

સર્વ દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર.

## શ્રી જલારામ અન્નક્ષેત્ર

- શ્રી દેવચંદભાઈ ગાલા - બિદડા ૧,૦૦૦
- શ્રી માણેકજીભાઈ જેઠાભાઈ દંડ - અમદાવાદ ૧,૦૦૦
- શ્રીમતી લતાબહેન કિશોરભાઈ લાલકા - અમદાવાદ ૧,૦૦૧
- શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ ખાતે જલારામ અન્નક્ષેત્રની દાનની પેટી ૧,૦૦૯

## વૈયાવૃત્ત્ય વિભાગ

- શ્રી રમેશભાઈ ભવાનજી શાહ - લોનાવલા ૧,૦૦૦
- શ્રી ચંપકલાલ ચંદુલાલ ચોક્સી - અમદાવાદ ૧,૦૦૦
- શ્રી પ્રવીણભાઈ ચુનીલાલ દોશી - ભુજ ૧૧૦૦
- શ્રી આંબાવાડી શ્વે.મૂ.પૂ. સંઘ - અમદાવાદ ૫૦,૦૦૦
- શ્રી સિદ્ધક્ષેત્ર વર્ધમાન તપ આયંબિલ ખાતા - પાલિતાણા ૨,૦૦,૦૦૦

## કેળવણી સહાય વિભાગ

- શ્રી માવજીભાઈ શિવજી નંદુ - મુંબઈ ૧૨૫૦

# વયસ્ક સમિતિ

## સંગીત સંધ્યા - કાર્યક્રમનું આયોજન

સમિતિ તરફથી સંગીત સંધ્યાનો એક કાર્યક્રમ યોજવામાં આવેલ છે. સૌ વડીલોએ કાર્યક્રમ શરૂ થવાના દસ મિનિટ પહેલાં પોતાનું સ્થાન ગ્રહણ કરવા વિનંતી છે.

- *તારીખ અને સમય : શુક્રવાર, તા. ૧૮-૫-૨૦૧૨ બપોરે ૩.૩૦ વાગે*
- *સ્થળ : શ્રી કચ્છી જૈન ભવન, પાલડી.*

કાર્યક્રમ બાદ સમૂહ ભોજન લઈશું.

★

શનિવાર, તા. ૯મી જૂન, ૨૦૧૨ના ટાઉનહોલ ખાતે યોજવામાં આવનાર ''વિસરાતા સૂર'' કાર્યક્રમની માહિતી ઉપરોક્ત કાર્યક્રમ દરમ્યાન આપવામાં આવશે.

*કન્વીનર : રજનીકાંત પારેખ*

**જ્યોત તે જ્યોત જગાતે ચલો... દાનની ગંગા બહાતે ચલો...**

**શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, અમદાવાદ મધ્યે**

## શ્રી જલારામ અન્નક્ષેત્ર

★ ★ ★

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ, શાહીબાગ, અમદાવાદ ખાતે ''શ્રી જલારામ અન્નક્ષેત્ર'' યોજના અમલમાં છે. આ યોજનાના મુખ્ય હેતુ અનુસાર તબીબી સારવાર અર્થે શ્રી કચ્છી વિશ્રામ ગૃહ, શાહીબાગમાં કચ્છથી પધારતા જરૂરિયાતમંદ દર્દીઓ તથા તેમની સંભાળ અર્થે સાથે રહેનાર સગા-સંબંધીઓને માટે વિના મૂલ્યે દરરોજ નાસ્તો તેમજ બંને સમય ભોજનની નિઃશુલ્ક વ્યવસ્થા કરવામાં આવી છે.

આ યોજનાની 'મંગલ મંદિર'માં વારંવાર અપીલના કારણે તેમજ શ્રી બંસીલાલ મગનલાલ ગડા (નાના ભાડિયા - મુંબઈ)ના સહયોગથી નીચે પ્રમાણે રકમ જાહેર થઈ છે.

**શ્રી કેશવજીભાઈ મૂળજીભાઈ રાંભિયા રૂા. ૧,૦૮,૦૦૦/-**
**(નાના ભાડિયા) સોલાપુર**

*દાતાશ્રીનો ખૂબ ખૂબ આભાર.*

દાતાશ્રીઓને ખાસ અપીલ કરવામાં આવે છે કે તેઓ પણ આ યોજનામાં રસ દાખવીને ''ફૂલ નહીં તો ફૂલની પાંખડી'' રૂપે શક્ય દાનની રકમ મોકલાવી આપે, જેથી આ સેવાકીય પ્રવૃત્તિ નિરંતર ચાલુ રહી શકે.

**''વહેતું ધન માનવ ધર્મ સમાન છે.''**

**પ્રતાપ નારાણજી દંડ**
**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

# ગૃહ ઉદ્યોગ સમિતિ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની ગૃહ ઉદ્યોગ સમિતિએ સીઝનલ અથાણાં (કટકી કેરી, છૂંદો, ખાટી કેરી, ગોળ કેરી અને કેરી - ગુંદા) બનાવવાનું નક્કી કરેલ છે. જેઓને આ અથાણાં જોઈતાં હોય તેઓએ પોતાનો ઓર્ડર શ્રી કચ્છી જૈન ભવન - પાલડીમાં ચાલતા ગૃહ ઉદ્યોગના સ્ટોલ પર (મો. ૭૬૦૦૮ ૩૨૨૮૧) વહેલી તકે બુક કરાવી લેવા વિનંતી. અથાણાં ૫૦૦ ગ્રામ અને ૧ કિલોગ્રામની બરણીના પેકિંગમાં વાજબી ભાવે (નફા - નુકસાન વિના) વિતરણ કરવામાં આવશે.

જેઓ અગાઉથી બુક કરાવશે તેઓને પ્રમાણમાં સસ્તા ભાવે આ અથાણાં મળી શકશે.

*કન્વીનર : રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૭)*

# તબીબી સેવા સમિતિ

## સ્કીન - સૌંદર્યલક્ષી અને હોમિયોપેથિક નિદાન કેમ્પનું આયોજન

સમાજના સુવર્ણ જયંતી વર્ષ નિમિત્તે મેડિકલ સેન્ટર દ્વારા સ્કીન - સૌંદર્યલક્ષી અને હોમિયોપેથિક નિદાન કેમ્પનું આયોજન તા. ૨૦-૫-૨૦૧૨ના સ્થાને **તા. ૧૭-૬-૨૦૧૨ના રોજ સવારે ૯.૦૦ વાગ્યાથી કરવામાં આવ્યું છે.**

**તે સમયે ૧૫ વર્ષ સુધીના બાળકોના સ્વાસ્થ્ય સંબંધિત એક અન્ય નિદાન (સ્કીનીંગ) કેમ્પનું પણ આયોજન છે.**

ઉપરોક્ત નિદાન કેમ્પ નિઃશુલ્ક છે. કોઈપણ વ્યક્તિ અને બાળક તેનો લાભ લઈ શકશે.

★

## તબીબી નિદાન કેમ્પોનું સફળતાપૂર્વક આયોજન

તા. ૨૨-૪-૨૦૧૨ના રોજ આંખના મોતિયાનો તેમજ આયુર્વેદિકનો — એ રીતે બે નિદાન કેમ્પ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા સંચાલિત મેડિકલ સેન્ટરમાં નિઃશુલ્ક ધોરણે યોજાયેલ હતા.

તેમાં આંખ વિભાગમાં નિષ્ણાત ડૉ. દેવલભાઈ શાહ, ડૉ. જિજ્ઞેશભાઈ શાહ તથા ડૉ. લીનાબહેન કોઠારીએ સેવાઓ આપી હતી. કુલ ૬૪ દર્દીઓએ આંખ વિભાગમાં લાભ લીધેલ હતો. યોગ્ય નિદાન બાદ ૨૨ વ્યક્તિઓએ મોતિયાના ઑપરેશન માટે રજિસ્ટ્રેશન કરાવેલ હતું. જેમાં ૬થી ૭ દર્દીઓ બંને આંખમાં મોતિયાવાળા છે. આ બધાં ઑપરેશન ખૂબ જ કન્સેશનલ ચાર્જથી કરી આપવામાં આવશે.

આયુર્વેદ વિભાગમાં ડૉ. અમિત ભટ્ટ તથા ડૉ. સોનલબહેન શાહે સેવાઓ આપી હતી. જેમાં ૬૧ દર્દીઓએ લાભ લીધેલ હતો. આયુર્વેદ વિભાગમાં ૭ દિવસની દવા પણ ફ્રીમાં આપવામાં આવી હતી.

મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ શ્રી અશોકભાઈ મહેતા, મેડિકલ કન્વીનર શ્રી કાંતિભાઈ સાવલા તથા ડૉ. ચંદ્રકાંતભાઈ દેઢિયા, શ્રી અશ્વિનભાઈ સાવલા, શ્રી કે.ડી. શાહ અને શ્રી દિનેશભાઈ મહેતાએ બંને કેમ્પના ડૉક્ટરોને મોમેન્ટો આપી તેમનું સન્માન કર્યું હતું.

બંને કેમ્પ જાહેર પ્રજાના સેવાર્થે આયોજિત કરવામાં આવ્યા હતા જેને સારો પ્રતિસાદ સાંપડ્યો હતો. ઉપસ્થિત દર્દીઓએ આ પ્રકારની સેવાને બિરદાવીને સમાજને તેમજ સ્ટાફ વર્ગને અભિનંદન આપ્યાં હતાં.

## તબીબી કેમ્પ ડોનેશન

**શ્રીમતી મનીષાબહેન અને ડો. સુશીલ શાહ (પુનડી - કચ્છ) મુંબઈ** તરફથી ચાલુ વર્ષે આયોજિત થયેલ વિવિધ તબીબી કેમ્પ પેટે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા સંચાલિત તબીબી સારવાર કેન્દ્રને રૂા. ૧૦,૦૦૦/- ભેટ મળેલ છે.

જેનો સાભાર સ્વીકાર કરવામાં આવે છે.

*કન્વીનર : કાંતિલાલ સાવલા*

# બાળ કલ્યાણ સમિતિ

## કાંકરિયા કિડસ સિટીની મુલાકાત

સમાજના સુવર્ણ જયંતી વર્ષ નિમિત્તે સમિતિ તરફથી સમાજ પરિવારજનોના ૬થી ૧૪ વર્ષ સુધીનાં બાળકો માટે ઉપરોક્ત મુલાકાતનું આયોજન કરવામાં આવેલ છે. બાળકો એકલા અથવા પોતાના વાલીને સાથે રાખીને આ મુલાકાતનો લાભ લઇ શકાશે.

આ માટે બાળક દીઠ રૂા. ૧૦૦ તથા વાલી સાથે આવે તો વધારાના રૂા. ૧૫૦ ભરવાના રહેશે.

**તા. ૫-૬-૨૦૧૨ ના રોજ સવારના ૮.૩૦ કલાકે** બાળકોએ ધરણીધર દહેરાસર પાસે આવવાનું રહેશે. ત્યાંથી કાંકરિયા લઇ જવાનો બંદોબસ્ત કરવામાં આવશે.

લાભ લેવા ઇચ્છુક બાળકો તથા વાલીઓએ ઉપર પ્રમાણેની રકમ ભરીને નામ તથા ફોન નંબર પાલડી ભવન ઉપર **તા. ૧૦-૫-૨૦૧૨ થી ૩૦-૫-૨૦૧૨ સુધીમાં** નોંધાવી જવા વિનંતી.

કાંકરિયાથી પરત આવતાં ભોજનની વ્યવસ્થા પાલડી ભવન ઉપર કરવામાં આવેલ છે ત્યારબાદ લગભગ ૧.૩૦ વાગ્યાની આસપાસ છૂટા પડવાનું રહેશે. એકલાં આવેલ બાળકોને પાલડી ભવન ઉપરથી પાછા લઇ જવાના રહેશે.

આશા છે કે સભ્ય પરિવારોનાં બાળકો મોટા પ્રમાણમાં આ મુલાકાતનો લાભ લેશે.

*કન્વીનર : બાળ કલ્યાણ સમિતિ*

# યુવા વિકાસ સમિતિ

## (૧) ચેસ વર્કશોપ
**(૮ વર્ષથી ઉપરની વ્યક્તિ માટે)**

સમિતિ દ્વારા ચેસ વર્કશોપનું નીચે મુજબ આયોજન કરવામાં આવેલ છે.

- *તારીખ : ૭-૫-૧૨થી ૧૨-૫-૨૦૧૨*
- *સમય : સવારે ૯ થી ૧૨.૦૦*
- *સ્થળ : શ્રી કચ્છી જૈન ભવન, પાલડી, અમદાવાદ.*

## (૨) ચેસ હરીફાઈ - ૨૦૧૨
**(૮ વર્ષથી ઉપરની વ્યક્તિ માટે)**

સમિતિ દ્વારા ચેસ હરીફાઈનું નીચે મુજબ આયોજન કરવામાં આવેલ છે.

- *તારીખ : રવિવાર, તા. ૧૩-૫-૨૦૧૨*
- *સમય : સવારે ૯.૦૦ કલાકે*
- *સ્થળ : શ્રી કચ્છી જૈન ભવન, પાલડી, અમદાવાદ.*

## (૩) નોટબુક ફૂલસ્કેપ ચોપડા વિતરણ-૨૦૧૨

- *તારીખ : ૨ અને ૩ જૂન, ૨૦૧૨*
- *સમય : સવારે ૧૦.૦૦થી ૬.૦૦*
- *સ્થળ : શ્રી કચ્છી જૈન ભવન, પાલડી.*

***અરજી માટેની છેલ્લી તારીખ ૨૦-૫-૨૦૧૨ છે.***

ઉપરોક્ત ક્રમાંક (૧) થી (૩) માટેની વિગતવાર માહિતી ગત અંકમાં પ્રકાશિત થયેલ છે. જે જોઈ લેવા વિનંતી.

## (૪) બુક બેંક યોજના

### અક્ષર દાન - મહાદાન

ગત વર્ષની જેમ આ વર્ષે પણ બુક બેંક યોજનાનું આયોજન કરવામાં આવેલ છે. આપની પાસે રહેલાં શૈક્ષણિક પુસ્તકોનો સદુપયોગ થાય તેવા ઉમદા હેતુથી આ યોજના ચાલુ કરવામાં આવેલ છે. આપ આપના બાળકનાં શૈક્ષણિક પુસ્તકો, શૈક્ષણિક વર્ષાંતે અમારી પાસે જમા કરાવો અને આપને જોઈતાં નવાં શૈક્ષણિક વર્ષનાં પુસ્તકો મેળવો. આ માટે ફોન નંબર ૨૬૫૮૧૫૦૧ પર સવારે ૧૦થી ૬ દરમ્યાન વિગતો લખાવવાની રહેશે અથવા રૂબરૂ પહોંચાડવાની રહેશે.

વિદ્યાર્થીનું નામ, હાલનું ધોરણ તથા ત્યાર પછીના ધોરણ, ભાષા, માધ્યમ, બોર્ડનું નામ અને ટેલિફોન નંબરની વિગત આપવાની રહેશે.

ઉપરોક્ત માહિતી દ્વારા આપની પાસેથી કયાં ધોરણના કયાં પુસ્તકો અમોને પ્રાપ્ત થવાનાં છે અને આપને કયા ધોરણનાં પુસ્તકો જોઈશે તેની જાણ સમયસર કરવી જરૂરી છે. જેથી તે અંગે યોગ્ય વ્યવસ્થા થઈ શકે.

આ બાબતે વધારે માહિતી માટે શ્રી વિમેશભાઈ શાહ (૯૮૭૯૧ ૧૦૪૬૭ • રાત્રે ૮ થી સવારે ૮)નો સંપર્ક કરવો.

*કન્વીનર, યુવા વિકાસ સમિતિ*

## યુવા વિકાસ સમિતિ યોજે છે.... કેરીયર વર્કશોપ

### *નોકરીની શોધ / શરૂઆત ક્યાંથી અને કેવી રીતે કરશો?*

ગ્રેજ્યુએશન / પોસ્ટ ગ્રેજ્યુએશન, વોકેશનલ કોર્સ કરતાં કરતાં કાયમ મૂંઝવતો પ્રશ્ન એટલે નોકરીની શોધ / શરૂઆત ક્યારે, ક્યાંથી અને કેવી રીતે કરવી?

વહેલી તકે સારી નોકરી પ્રાપ્ત કરી મા-બાપને મદદરૂપ થઈ જીવનમાં સ્થિર થવું એ પ્રત્યેક યુવક - યુવતીની ઈચ્છા હોય તે સ્વાભાવિક છે.

સરકારી નોકરી અથવા કોઈ સારા કોર્પોરેટ હાઉસ કે પછી નાના - મધ્યમ ઉદ્યોગ ધંધાવાળી કંપની - પેઢીમાં જોડાવા સંબંધી પ્રશ્નોમાં માર્ગદર્શન આપવા માટે કેરીયર વર્કશોપનું આયોજન કરવામાં આવેલ છે.

☞ કયા ક્ષેત્રમાં નોકરીની કેવી તક રહેલ છે?

☞ નોકરીદાતાઓ કેવી અપેક્ષા રાખે છે?

☞ નોકરી વિશેની માહિતી ક્યાંથી મેળવવી તથા ભરતી પ્રક્રિયા વિશેની જાણકારી.

☞ બાયોડેટા / ઈન્ટરવ્યૂ દ્વારા પોતાની કાબેલિયત બનાવીને નોકરીદાતાને પોતાની તરફેણમાં નિર્ણય લેવા કેવી રીતે પ્રભાવિત કરવા વગેરે.

ઉપરોક્ત વિવિધ મુદ્દાઓની વિસ્તૃત માહિતી અને માર્ગદર્શન ઓડિયો વિઝ્યુઅલ પ્રેઝન્ટેશન, ગેમ્સ, મૉક ટેસ્ટ, મેનેજમેન્ટ એક્સરસાઈઝ વગેરે દ્વારા મેળવવા વિના વિલંબે આજે જ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે રૂા. ૫૦/- ભરીને આપનું નામ નોંધાવશો. (ફોન : ૨૬૫૮૧૫૦૧)

### કાર્યક્રમની વિગત

*રવિવાર, તા. ૩-૬-૨૦૧૨*

| | |
|---|---|
| ૯.૩૦ થી ૧૦.૦૦ | : આગમન - નોંધણી |
| ૧૦.૦૦ થી ૧૦.૪૫ | : સરકારી નોકરી વિશે માર્ગદર્શન |
| ૧૧.૦૦ થી ૧૧.૪૫ | : કોર્પોરેટ હાઉસ વિશે માર્ગદર્શન |
| ૧૨.૦૦ થી ૧૨.૪૫ | : લઘુ / મધ્યમ ઉદ્યોગ ધંધામાં નોકરી વિશે માર્ગદર્શન |
| ૧.૦૦ થી ૨.૦૦ | : લંચ |
| ૨.૦૦ થી ૩.૧૫ | : બાયોડેટા / ઈન્ટરવ્યૂ / ગ્રૂપ ચર્ચા |
| ૩.૩૦ થી ૪.૩૦ | : મૉક ટેસ્ટ, પ્રેક્ટિકલ ડેમો |
| ૪.૩૦ થી ૫.૦૦ | : પ્રશ્નોત્તરી |

*કન્વીનર : નવીન લાલકા, યુવા વિકાસ સમિતિ*

*મુશ્કેલ કાર્ય પણ ખંત અને ધીરજથી જ પાર પડે.*

# સુવર્ણ જયંતી વર્ષ

## ચક્ષુદાન-મહાદાન

*આંખમાં કંઈ પડે તો ખરાબ,*
*આંખ ક્યાંક લડે તો ખરાબ,*
*આંખ જાય તો પણ ખરાબ,*
*આંખ આવે તો પણ ખરાબ,*
*આંખ મિંચાય તો પણ ખરાબ*

*ચક્ષુદાન કરવા જો*
*આંખ ન ઊઘડે તો પણ ખરાબ*
*આંખ ઊઘડે ને પગ ન ઊપડે તો પણ ખરાબ*

સુવર્ણ જયંતી વર્ષની ઉજવણી ત્યારે જ સાર્થક ગણાય જ્યારે શ્રી કચ્છી જૈન સેવા સમાજના દરેક સભ્ય કમ સે કમ ચક્ષુદાન કરવાની ઇચ્છા જાહેર કરે.

**(આજીવન રક્તદાન, મૃત્યુ પછી ચક્ષુદાન)**

**MAKE EYE DONATION... YOUR FAMILY TRADITION**

***કન્વીનર : કમલેશભાઇ બાબુભાઇ શાહ,***
***ચક્ષુદાન - દેહદાન - રક્તદાન સમિતિ***

## દેહદાતા



**શ્રી રસિકલાલ મણિલાલ શાહ**
(સ્વ.તા. ૧૨-૩-૨૦૧૨)

શ્રી રસિકલાલ મણિલાલ શાહ ઉ.વ. આશરે ૭૨ તેઓશ્રી તા. ૧૨-૩-૨૦૧૨ના રોજ સ્વર્ગવાસી થયા હતા. તેઓએ ચક્ષુદાન-દેહદાનનું મહત્ત્વ સમજીને ચક્ષુદાન તથા દેહદાન કરવાની તેમની ઇચ્છા અગાઉથી જણાવીને સમિતિ દ્વારા ફોર્મ ભરેલ હતાં અને તે મુજબ તેમણે દેહદાન કર્યું હતું.

સલામ છે તેમના ઊંચા વિચારોને, માનવતાને અને તેમના હૃદયમાં રહેલી કરુણાને. મેડિકલ કોલેજના વિદ્યાર્થીઓ આ પ્રકારના મૃતદેહ પર અભ્યાસ અને રીસર્ચ કરી અવનવા રોગોના ઉપાય-ઉપચાર દ્વારા સમાજની સાચા અર્થમાં સેવા કરશે. આ રીતે દેહદાન પણ ‘અમર’ બની જાય છે. ધન્ય છે આવી ઉચ્ચ વિચારવાળી વ્યક્તિઓને!

★

## રક્તદાન

ચાલો સુવર્ણ જયંતી વર્ષ દરમ્યાન લોહીની નદીઓ વહાવીએ... પણ રક્તદાન કરીને....

નજીકના ભવિષ્યમાં રક્તદાન કરવા તત્પર રહેજો... તારીખ પછીથી જણાવવામાં આવશે.....

**(૧) જેમણે ક્યારેય રક્તદાન નથી કર્યું :**

મનમાંથી ડર કાઢી નાખો કારણ ‘ડર કે આગે જીત હૈ’

એકવાર રક્તદાન કર્યા પછી માનવ જિંદગીઓ બચવાથી જે આનંદની લાગણીઓ ઉદ્ભવે છે તેને શબ્દોમાં વર્ણવી શકાય તેમ નથી.

**(૨) જેમણે રક્તદાન કરવાની તૈયારી બતાવી પણ સંજોગવશાત કરી નથી શક્યા.**

જેમકે હીમોગ્લોબીન ઓછું હોય તો લોહતત્ત્વયુક્ત ખોરાક – લીલા પાંદડાંવાળાં શાકભાજી, જેવાં કે પાલક, મેથીની ભાજી... વગેરે તેમજ ઘઉં, દાળ જેવા કઠોળ, સૂકોમેવો, ગોળ, ખજૂર... વગેરે લેવાનું શરૂ કરી દો.

**(૩) જેમણે એકવાર રક્તદાન કરેલું છે :**

એમને બીજું કંઇ કહેવાનું રહેતું જ નથી તેઓ વારંવાર રક્તદાન કરતા રહે છે મને એટલું જ કહેવાનું તેઓ બીજી વ્યક્તિને રક્તદાન કરવાની પ્રેરણા આપતા રહે.

***કન્વીનર : કમલેશભાઇ બાબુભાઇ શાહ***
***ચક્ષુદાન - દેહદાન - રક્તદાન સમિતિ***

## વૈયાવૃત્ત્ય સમિતિ

વૈયાવૃત્ત્ય ખાતામાં નીચે પ્રમાણે દાનની રકમ મળેલ છે.

| | | |
|---|---|---|
| રૂા. | ૨,૦૦,૦૦૦/- | શ્રી સિદ્ધક્ષેત્ર વર્ધમાન તથા આયંબિલ ખાતું - પાલિતાણા |
| રૂા. | ૫૦,૦૦૦/- | શ્રી આંબાવાડી મૂર્તિપૂજક સંઘ આંબાવાડી માણેકબાગ, અમદાવાદ. |

ઉપર મુજબ દાન આપનાર સંસ્થાઓનો ખૂબ ખૂબ આભાર.

***કન્વીનર - પદમશી સી. ડાઘા***

**નાપાસ ભલે થાઓ, નાસીપાસ ન થાઓ.**
**પડછાયાથી ક્યારેય ગભરાશો નહિ.**
**પડછાયો પડે એનો અર્થ એક જ કે**
**તમારી આસપાસ ક્યાંક પ્રકાશ છે...**

*નાના લોકો સાથે સદ્વ્યવહારથી જ મોટો માણસ પોતાની ઉદારતા પ્રગટ કરે છે.*

## શિક્ષણ તથા ઇતર ડેવલપમેન્ટ સમિતિ

### ૧૮થી ૨૫ વર્ષના યુવાવર્ગ માટે 'જીવન કૌશલ્ય' – ખાસ વર્કશોપ

*તારીખ : ૨૦-૫-૨૦૧૨*

*સમય : બપોરના ૧૨થી ૬.૩૦*

*સ્થળ : શ્રી કચ્છી જૈન ભવન, પાલડી.*

*વિષય : જીવન કૌશલ્ય વર્કશોપ (૧૮થી ૨૪ વર્ષના યુવાવર્ગ માટે)*

*વક્તા : શ્રી નંદક પંડ્યા દ્વારા ઓડિયો - વિઝ્યુઅલ પ્રેઝન્ટેશન*

જીવન કૌશલ્યની વ્યાખ્યામાં – એવી આવડત કે જે જીવનભર જરૂરી અને ઉપયોગી છે. આ કૌશલ્યમાં વિચારવું, કામ કરવું અને અનુભવવું જેવી આવડતોનો સમાવેશ થાય છે.

૧. Head (મસ્તક)
૨. Heart (હૃદય)
૩. Hand (હાથ)
૪. Health (સ્વાસ્થ્ય)

આ '4H'ના કૌશલ્ય દ્વારા આપણે સૌ

★ નિર્ણય શક્તિ
★ 'સ્વ' અંગેનો હકારાત્મક અભિગમ.
★ અન્ય વ્યક્તિઓ સાથે આત્મીયતા અને પ્રેમપૂર્વક વ્યવહાર.
★ વિવિધ સંબંધોમાં કટિબદ્ધતા અને બિનશરતી પ્રેમ.
★ સતત બદલાતી દુનિયામાં કાર્યક્ષમતાપૂર્વક બધી જ પરિસ્થિતિઓમાં આનંદનું સર્જન.
★ જીવનને અર્થપૂર્ણ અને સંતોષકારક રીતે જીવવાની કળા મેળવી શકીએ.

રવિવાર, તા. ૨૦-૫-૨૦૧૨ના રોજ શ્રી કચ્છી જૈન ભવન, પાલડી ખાતે સમાજના સભ્ય પરિવારના ૧૮થી ૨૪ વર્ષના યુવાવર્ગ માટે ખાસ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે. વધુ વિગત તથા રજિસ્ટ્રેશન માટે ૨૬૫૮૧૫૦૧ પર સંપર્ક કરવો. રજિસ્ટ્રેશન ફી સમાજના સભ્યના પરિવારજન માટે ફક્ત રૂા. ૨૦/- તથા અન્ય સૌ માટે રૂા. ૫૦/-

### વૈષ્ણવજન શિબિરનું સફળતાપૂર્વક આયોજન થયું

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ૧૭થી વધુ વયની વ્યક્તિઓ માટે તા. ૧-૪-૨૦૧૨ શિક્ષણ તથા ઇતર ડેવલપમેન્ટ સમિતિ દ્વારા "વૈષ્ણવજન" ઉપર એક કાર્ય-શિબિરનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં સાઈકોલોજિસ્ટ શ્રી નંદક પંડ્યા દ્વારા 'વૈષ્ણવજન' એટલે એક વ્યક્તિ બીજી વ્યક્તિ પર ઉપકાર કરે છતાં તેનું અભિમાન ન કરે તેવા ઉદ્દેશ સાથેની શિબિરનું સફળતાપૂર્વક આયોજન થયું હતું. જેની પાસે કંઈ ઓછું હોય, તેને પોતાની પાસેથી કંઈક આપે અને તેવી વ્યક્તિનું દુઃખ સમજે એવી સુંદર પરિભાષા ઓડિયો - વીડિયો દ્વારા સમજાવવામાં આવી હતી. તે ઉપરાંત સમાજની સદ્ભાવનાથી નિઃસ્વાર્થ સેવા કરવાનું કાર્ય સુંદર અને સરળ ભાષામાં સમજાવવામાં આવ્યું હતું. શિબિરમાં ૨૪ વ્યક્તિઓએ ઉત્સાહપૂર્વક લાભ લીધેલ હતો. ઉપસ્થિત સભ્યોએ પોતાના જીવનને આસાન કરવા અર્થે નવી પરિભાષા પ્રાપ્ત કર્યાનો અહેસાસ કર્યો હતો.

*કન્વીનર : હીરેન કે. શાહ*

## અંતરનો ઉજાસ

**અન્યની ભાવનાઓ પ્રત્યેની સંવેદનશીલ સભાનતા એ શિષ્ટાચાર છે.** *- એમિલી પોસ્ટ*

શિષ્ટાચાર મૂળભૂત રીતે માનવીય વર્તન અને ચિંતન - મનનનું પ્રગટીકરણ છે.

કેટલાક લોકો કદીયે કોઈપણ સ્થિતિમાં ક્રોધે ભરાતા નથી. બલકે, તેમનું નૈતિક સામર્થ્ય નવી ઊંચાઇએ પહોંચે છે.

એકવાર અબ્રાહમ લિંકન એક સભાને સંબોધી રહ્યા હતા. એ સભામાં શહેરી વિસ્તારના પ્રતિષ્ઠિત નાગરિકો લિંકનનું એ પહેલું જ રાજકીય પ્રવચન હોવાથી તેમને ગુણગ્રાહકતાથી અને ધ્યાનમગ્નતાથી સાંભળી રહ્યા હતા.

અચાનક જ લિંકનનો જૂનો પ્રશંસક અને મિત્ર પોતાના નાનકડા ગામમાંથી તેમને મળવા આવી પહોંચ્યો. શ્રોતાઓની વચ્ચેથી માર્ગ કરતાં મંચ પાસે પહોંચી તેણે પોતાનો હાથ લંબાવ્યો અને વક્તાના રાજકીય વ્યાખ્યાનને ડૂબાડે તેવી બૂમ પાડી.

'કેમ છે વ્હાલા, એબી?' 'ઓહ, સરસ!' લિંકને પોતાનું વ્યાખ્યાન અટકાવી મંચ પરથી તેની સાથે હાથ મેળવતાં કહ્યું : 'તમે કેમ છો, જિમી કાકા!'

પછી તેઓ સ્નેહાળ ગ્રામવાસીને મંચ પર લાવ્યા અને જિલ્લાના સૌથી ગૌરવાન્વિત નેતાઓમાંના બેની વચ્ચે પોતાની ખુરશી પર તેને બેસાડ્યો અને પોતાનું અટકેલું વ્યાખ્યાન ફરી શરૂ કર્યું.

જિમી કાકાને વ્યાખ્યાનો અને સભાઓ વિશે કશી જ ગતાગમ નહોતી, તેમના માટે તો જે કંઇ ચાલી રહ્યું હતું, તે બધું જ કંઇક વિચિત્ર અને બેચેન બનાવનારું હતું. તેઓ વધારે અકળામણ અનુભવવા લાગ્યા અને છેવટે તેઓ ઊભા થઇ ગયા. લિંકન પાસે ગયા અને પૂછ્યું, 'ઓહ એબી! દિલગીર છું. હું તને પૂછવાનું ભૂલી ગયો, મેરી અને સંતાનો કેમ છે?'

'તે બધા જ મજામાં છે, જિમી કાકા!' લિંકને અસ્વસ્થ થયા વિના કહ્યું : 'આભાર તમારો!'

પછી લિંકન તેમના પ્રત્યે મલકાયા અને પોતાના અવાજમાં અને શબ્દોમાં વધુ માનવીય અપીલ સાથે પોતાનું વ્યાખ્યાન ચાલુ રાખ્યું.

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ પ્રવૃત્તિઓ

- **નવનીત મેડિકલ સેન્ટર તથા શ્રીમતી પ્રભાબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર – પાલડી**
  અહીં મેડિકલની ૨૮ બ્રાંચો કાર્યરત છે. દર અઠવાડિયે એમ.ડી. કક્ષાના ૬૦થી પણ વધુ ડોક્ટરો વિઝિટ લે છે. પેથોલોજી લેબોરેટરી, ડિજીટલ એક્સ-રે, સોનોગ્રાફી, ઈ.સી.જી., ટી.એમ.ટી. વગેરે પરિક્ષણ વિભાગો છે. ફિઝિયોથેરાપી, આયુર્વેદ, હોમિયોપેથ વગેરે શાખાઓ પણ કાર્યરત છે. દર વર્ષે એક લાખથી વધુ લોકો તેનો લાભ લે છે. આ સેન્ટરના કારણે મેડિકલ સારવારના વિભાગમાં જનતાના લગભગ રૂા. બે કરોડનો બચાવ થાય છે. કચ્છી જૈન સેવા સમાજના સભ્યોને અંદાજિત રૂા. ૫ લાખ જેટલો વધારાનો ફાયદો રહે છે.
- **શ્રી પ્રેમજી જેઠાભાઈ છેડા (લાયજાવાલા) સાંસ્કૃતિક કેન્દ્ર – પાલડી**
  સમાજના સભ્યો તથા અન્ય લોકો વર્ષભર અહીં અનેક પ્રસંગો યોજે છે.
- **માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન (કોડાય - સુપ્રિમવાલા) શ્રી કચ્છી જૈન ભવન - પાલડી**
  સમાજની અનેક પ્રવૃત્તિઓનું કેન્દ્ર છે. અહીંથી સમાજની વિવિધ પ્રવૃત્તિઓનું સંચાલન કરવામાં આવે છે.
- **માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન - ગીતા મંદિર**
  આ એક આધુનિક અતિથિભવન છે. ૧૦ રૂમ તથા ડોરમેટરીની વ્યવસ્થા છે. દર વર્ષે ૧૦,૦૦૦ અતિથિઓ લાભ લે છે.
- **ગુજરાત ખનિજ વિકાસ નિગમ પ્રાયોજિત શ્રી કચ્છી વિશ્રામગૃહ - શાહીબાગ :** અહીં આધુનિક પ્રકારના એ.સી. / નોન એ.સી.ની સગવડવાળા ૬૩ રૂમો છે. દર વર્ષે ૨૪,૦૦૦ અતિથિઓ લાભ લે છે. અહીં સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબો માટે અલાયદા રૂમો પણ છે.
- **કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ :** શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ ખાતે કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ તા. ૧૪-૪-૨૦૧૨ના રોજથી જાહેર જનતા માટે ખુલ્લું મૂકવામાં આવેલ છે.
- **જલારામ અન્નક્ષેત્ર :** કચ્છથી અમદાવાદ સારવાર અર્થે શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ ખાતે પધારતા જરૂરિયાતવાળા દર્દીઓને રહેવાની સગવડ કન્સેશનલ દરથી તેમજ દર્દી અને તેમની સાથે ત્યાં રહેનારને ચા-નાસ્તો તેમજ બંને સમયે જમવાનું નિઃશુલ્ક આપવામાં આવે છે.
- **નવનીત ભવન :** સમાજના નબળા વર્ગ માટે ૪૦ ફ્લેટની આવાસ યોજનાનું બાંધકામ પૂર્ણ કરેલ છે અને જે તે લાભાર્થીઓને સુપરત કરેલ છે.
- **શ્રીમતી લક્ષ્મીબહેન માવજી ધારશી કુરિયા તથા શ્રીમતી સુશીલાબહેન બાબુભાઈ નાગડા બાલસમૃદ્ધિ યોજના**
  સમાજમાં જન્મતા દરેક બાળકને રૂા. ૧૦,૦૦૦/-નો ચેક આપવામાં આવે છે કે જેની વ્યાજ સાથેની રકમ તેને લગભગ ૧૮ વર્ષની ઉંમરે મળે છે. દર વર્ષે લગભગ ૨૫ બાળકોને આ યોજનાનો લાભ મળે છે.
- **શ્રી બિપિનચંદ્ર કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) કેળવણી સહાય ફંડ :** દર વર્ષે સમાજના જરૂરિયાત મુજબ બાળકોને કેળવણી સહાય આપવામાં આવે છે. લગભગ રૂા. ૭ લાખથી વધુ રકમ સહાય પાછળ ખર્ચાય છે.
- **શ્રી કુંવરજી દેવજી સાવલા યુવા વિકાસ પ્રવૃત્તિ**
  યુવા વિકાસને લગતી વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવે છે અને તેને અનુરૂપ કાર્યક્રમોનું આયોજન થાય છે.
- **શ્રીમતી લીલાબહેન નવીનભાઈ વેરશી હરિયા મહિલા ઉત્કર્ષ કેન્દ્ર**
  મહિલાઓના સર્વાંગી વિકાસ માટે પ્રવૃત્તિઓ કરવામાં આવે છે.
- **શેઠશ્રી છગનલાલ સાકરચંદ શાહ મેડિકલ રિલીફ યોજના**
  સમાજના જરૂરિયાતમંદ લોકોને આ યોજના હેઠળ મેડિકલ સહાય આપવામાં આવે છે.
- **તપોમૂર્તિ લક્ષ્મીબહેન છગનલાલ નરશી દેઢિયા તબીબી સહાય યોજના (શ્રી કચ્છી વિશ્રામ ગૃહ)**
  કચ્છથી અમદાવાદ સુશ્રુષા અર્થે આવનાર દર્દીઓને આ યોજના હેઠળ મેડિકલ સહાય કરવામાં આવે છે.
- **શ્રી ધારશી કરમશી કુરિયા (મેરાઉવાલા) વૈયાવચ્ચ ફંડ :** સાધુ-સાધ્વીજીની વૈયાવચ્ચ કરવામાં આવે છે. મેડિકલ સેન્ટરમાં પરિક્ષણ કરાવ્યા બાદ જરૂરિયાત મુજબની પૂરેપૂરી દવાઓ આપી, તેનો પણ લાભ લેવામાં આવે છે.
- **શ્રીમતી લક્ષ્મીબહેન માવજી ધારશી કુરિયા (મેરાઉવાલા) સાધર્મિક સહાય ફંડ**
  સમાજના જરૂરિયાતવાળા કુટુંબોને ગોપનીય સાધર્મિક સહાય આપવામાં આવે છે.
- **માતુશ્રી પાનબાઈ ધારશી કુરિયા (મેરાઉ - અમદાવાદ), માતુશ્રી વાલબાઈ વાલજી નાગડા (ચાંગડાઈ - મુંબઈ), શ્રીમતી લક્ષ્મીબહેન માવજી ધારશી કુરિયા (મેરાઉ - અમદાવાદ) તથા શ્રીમતી સુશીલાબહેન બાબુભાઈ નાગડા (ચાંગડાઈ - મુંબઈ) કાયમી સ્વામિવાત્સલ્ય યોજના**
  સમાજના વાર્ષિક સ્નેહમિલન પ્રસંગે સ્વામિવાત્સલ્ય જમણ આ યોજના હેઠળ કરવામાં આવે છે.
- **મંગલ મંદિર :** છેલ્લા ૩૭ વર્ષથી દર મહિને નિયમિતપણે પ્રસારિત થતું સમાજનું મુખપત્ર, સમાજની વિવિધ પ્રવૃત્તિઓના સમાચાર સમાજના દરેક સભ્ય દ્વારા ઘરેઘરે, ભારતભરમાં તેમજ વેબસાઈટ દ્વારા વિદેશમાં પણ વંચાય છે.

*પ્રભુ પર પ્રેમ હોય તેણે કદી શ્રીમંતના દાસ થવું નહિ.*

## ઊડતી નજરે....

### માર્ચ-૨૦૧૨ દરમ્યાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાઓનો લાભ લેનાર વ્યક્તિઓ

| ક્રમ | | સેવાઓ | લાભ લેનાર વ્યક્તિઓ |
|---|---|---|---|
| ૧. | | શ્રી નવનીત મેડિકલ સેન્ટર તથા<br>શ્રીમતી પ્રભાવતીબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર, પાલડી, અમદાવાદ. | |
| | (અ) | કુલ લાભ લેનાર વ્યક્તિઓ ............ | **૬,૬૫૫** |
| | | કે જેમાંથી – | |
| | (બ) | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વ્યક્તિઓ ............ **૪૫૭** | |
| | (ક) | સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબો ............ **૧૦૩** | |
| | (ખ) | મોતિયા - આંખનાં ઑપરેશન ............ **૨૩** | |
| | (ગ) | સોનોગ્રાફી ............ **૭૬૨** | |
| | (ઘ) | ટી.એમ.ટી. ............ **૧૯** | |
| | (ચ) | બોડી ચેક-અપ ............ **૪૧૬** | |
| | (છ) | અન્ય ............ **૪,૮૭૫** | |
| ૨. | | જી.એમ.ડી.સી. પ્રાયોજિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, અમદાવાદ<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ............ **૨,૩૬૫**<br>શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગની કેન્ટીનમાં લાભ લેનાર અન્ય વ્યક્તિઓ ... **૪,૩૦૧**<br>શ્રી જલારામ અન્નક્ષેત્રમાં લાભ લેનાર વ્યક્તિઓ ............ **૨,૫૦૧** | **૯,૧૬૭** |
| ૩. | | માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) અતિથિ ભવન,<br>પાલડી, અમદાવાદ<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ............ **૮૭૩**<br>શ્રી કચ્છી જૈન ભવન - પાલડીની કેન્ટીનમાં કુલ લાભ લેનાર વ્યક્તિઓ ......... **૩,૦૩૬** | **૩,૯૦૯** |
| ૪. | | માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન,<br>ગીતા મંદિર, અમદાવાદ<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ............ **૭૧૯** | **૭૧૯** |
| | | માર્ચ - ૨૦૧૨ દરમ્યાન વિવિધ પ્રકારની સેવાઓનો લાભ લેનાર કુલ વ્યક્તિ ............ | **૨૦,૪૫૦** |

## ધર્મ એટલે શું?

જગત પરિવર્તનશીલ છે. સમયના પ્રવાહની સાથે લોકોનાં જીવન, રૂઢિ, ભાષા વગેરે બદલાય છે, ભૂગોળ બદલાય છે... અરે ખગોળ પણ બદલાય છે... **આ બધાની વચ્ચે ન બદલાય એવી એક વસ્તુ છે અને તે છે ધર્મ.** ધર્મ એટલે પદાર્થનો વસ્તુનો સ્વભાવ, દરેક પદાર્થનો સહજ ગુણ અર્થાત્ કુદરતના કાનૂન... એ તો સનાતન જ હોય.

ધર્મ એટલે કર્તવ્ય, આચારસંહિતા, જીવનના માર્ગદર્શક સિદ્ધાંતો. આજથી પાંચ હજાર વર્ષ પહેલાં, અઢી હજાર વર્ષ પહેલાં કે બસો-પાંચસો વર્ષ પહેલાં અહિંસા, સત્ય, પ્રેમ, નમ્રતા જેવાં જીવન મૂલ્યોની જેટલી મહત્તા કે સત્યતા હતી એટલી જ આજે છે અને બે-પાંચ હજાર વર્ષ પછી પણ એ રહેશે. **સત્ય હંમેશાં સત્ય જ રહે છે.** પ્રેમ કે કરુણા ભૂતકાળમાં જેટલા શાતાદાયક હતા એટલા જ આજે છે. સંયમની જરૂર હંમેશાં રહેવાની. ધર્મ આજે પણ પ્રસ્તુત છે કારણ કે ધર્મ શાશ્વત છે.

*ગુલાબચંદ ધારશી રાંભિયા*

*પોતે જેવા છે તેને માટે માણસો હંમેશાં સંજોગોને જવાબદાર ગણે છે.*